# કર્મવાદનાં રહસ્યો

- ચંદ્રહાસ ત્રિવેદી

# કર્મવાદનાં રહસ્યો

ચંદ્રહાસ ત્રિવેદી

: મુખ્ય વિક્રેતા :
ગૂર્જર એજન્સી
રતનપોળનાકા, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

**KARMAVADNA RAHASYO**

***by Chandrahas Trivedi***

●

**કર્મવાદનાં રહસ્યો**

© લેખક : ચંદ્રહાસ ત્રિવેદી

●

સાતમી આવૃત્તિ : ૨૦૧૩

પૃષ્ઠ સંખ્યા : ૧૭૬

●

કિંમત રૂ. ૧૧૦-૦૦

●

: **પ્રકાશક** :

**ચંદ્રહાસ ત્રિવેદી**

'સુહાસ', ૬૪, જૈનનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : ૨૬૬૨૦૬૧૦

●

: **વિક્રેતા** :

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

રતનપોળ નાકા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૨૧૪૪૬૬૩

**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૨૧૩૯૨૫૩

**નવભારત સાહિત્ય મંદિર**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

ફોન : ૨૨૦૧૭૨૧૩

●

: **મુદ્રક** :

**ચંદ્રિકા પ્રિન્ટરી**

મિરજાપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# અર્પણ

મારાં ધર્મપત્ની શ્રીમતી સુમિત્રા ત્રિવેદીને
જેમણે
મારા આત્માના હિતની ચિંતા કરીને
મને જૈન ધર્મનો પરિચય કરાવ્યો

– ચંદ્રહાસ ત્રિવેદી

## શ્રી ચંદ્રહાસ ત્રિવેદીનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

(સ્વરૂપલક્ષી)

| | | |
|---|---|---|
| નવલકથા : | ૧. પાછે પગલે | ૧૯૯૩ |
| | ૨. સીમાની પેલે પાર | ૨૦૦૧ |
| | ૩. બદલાતા રંગ | ૨૦૦૪ |
| | ૪. રાજરમત | ૨૦૦૯ |
| | ૫. પરલોકવાસીની પ્રીત | ૨૦૧૦ |
| વિનોદ વ્યંગ : | ૧. તરંગોની ભીતરમાં | ૧૯૯૪ |
| | ૨. અષ્ટમ્ પષ્ટમ્ | ૨૦૦૦ |
| | ૩. અવળી સવળી વાતો | ૨૦૦૩ |
| ટૂંકી વાર્તા : | ૧. પળનાં પલાખાં | ૨૦૦૨ |
| આત્મકથા : | ૧. સ્મૃતિની સાથે સાથે | ૧૯૯૯ |
| રેખાચિત્રો : | ૧. વાટે ને ઘાટે | ૨૦૦૨ |
| નિબંધ : | ૧. જીવતરને જીવી જાણીએ | ૨૦૦૦ |
| સંશોધન : | ૧. મૃત્યુ વિજયને પંથે | ૧૯૯૬ |
| | ૨. તનાવ : સમસ્યા અને સમાધાન | ૨૦૦૦ |
| | ૩. મૃત્યુ : સમસ્યા અને સમાધાન | ૨૦૦૮ |
| જૈન ધર્મ : | ૧. મહાવીરની સાધનાનો મર્મ | ૧૯૯૪ |
| | ૨. કર્મવાદનાં રહસ્યો | ૧૯૯૪ |
| | ૩. જૈન આચાર મીમાંસા | ૧૯૯૫ |
| | ૪. જૈન ધર્મનું હાર્દ | ૧૯૯૬ |
| | ૫. કર્મસાર | ૨૦૧૧ |
| બૌદ્ધ ધર્મ : | ૧. બૌદ્ધ ધર્મ : સિદ્ધાંત અને સાધના | ૨૦૦૪ |
| ગીતા ચિંતન : | ૧. ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે (ગીતાનું રહસ્ય ઉદ્‌ઘાટન) | ૨૦૦૫ |
| | ૨. ગીતાની ભગવત્તા | ૨૦૦૬ |
| | ૩. ગીતાજ્ઞાનસાર | ૨૦૦૯ |
| કથા ચિંતન : | ૧. બિંબ પ્રતિબિંબ | ૧૯૯૨ |
| (પર્સનલ એસેસ) | ૨. ઘટનાને ઘાટે | ૧૯૯૬ |
| | ૩. પારકી ભૂમિ પર ઘર | ૧૯૯૯ |
| | ૪. અલ્પનો વિસ્તાર | ૨૦૦૧ |
| | ૫. પણ હું મઝામાં છું | ૨૦૦૩ |
| | ૬. અંતિમ વળાંક | ૨૦૦૭ |

પ્રાસ્તાવિક

# સંદેહ અને સમાધાન

માનવીનું જીવન જ્યારે સરળતાથી ચાલ્યું જતું હોય છે બધે પોતાનું ધાર્યું થતું હોય છે ત્યારે સંસારની વિષમતા વિશે તેના મનમાં કોઈ પ્રશ્નો ઊઠતા હોતા નથી; પણ જ્યારે પુરુષાર્થ કર્યા છતાંય તેનું ધાર્યા પ્રમાણે ફળ મળે નહીં, બધેથી પાછા પડવાનું થાય, વિના વાંકે સહન કરવું પડે ત્યારે મનમાં પ્રશ્ન ઊઠે છે; આમ મારી સાથે જ કેમ થાય છે? કુદરત મારા ઉપર જ કેમ રૂઠી છે? આ સંસારમાં શું કંઈ ન્યાય જેવું જ નથી? જીવનમાં જ્યારે વિપરીત સંજોગો આવી મળે છે ત્યારે માણસ હતાશ થઈ જાય છે, ભાંગી પડે છે અને વિદ્રોહી બની જાય છે.

સમજવાની વાત એ છે કે સંસારમાં કશું અકારણ બનતું નથી. આપણાં કરેલાં જ આપણી સામે આવે છે પણ આપણને તેની ખબર હોતી નથી તેથી જ્યારે કંઈ સહન કરવાનું થાય છે ત્યારે માણસ અન્યનો દોષ કાઢે છે. માણસ સાથે જે ઘટિત થાય છે તે આકસ્મિક નથી હોતું. દરેકની પાછળ કાર્યકારણની શ્રૃંખલા હોય છે. સામાન્ય રીતે માણસ આ જન્મના કાર્યને નજર સમક્ષ રાખીને પરિણામને મૂલવે છે તેથી પરિણામ સાથે તેનો મેળ મળતો નથી. વાસ્તવિકતામાં આજે આપણે જે છીએ, જે ભોગવીએ છીએ તેની પાછળ આ જન્મનાં તેમજ આગળના કેટલાય જન્મોનાં આપણાં કર્મ પડેલાં હોય છે.

એકવાર માણસને એ સમજાઈ જાય કે તે આજે જે ભોગવે છે તેને માટે તેનાં પોતાનાં જ કર્મ જવાબદાર છે તો પછી માણસના આખા જીવનનું પરિવર્તન થઈ જાય છે. એક વાર જો માણસના મનમાં એ વાત ઠસી જાય કે આજે હું જે કંઈ કરું છું તે આજે નહીં તો કાલે, આ જન્મમાં નહીં તો બીજા જન્મે સામે આવવાનું જ છે અને તેનું ફળ ભોગવવું જ પડશે તો તે સમજી વિચારીને કર્મ કરતો થઈ જાય અને થયેલ દુષ્કર્મોનું નિવારણ કરવા તત્પર થઈ જાય.

આમ જોઈએ તો કર્મસત્તા ઘણી પ્રબળ છે પણ તેની સામે આપણી ચૈતન્યસત્તા છે - જે તેનાથી બળવત્તર છે. આપણું ઘણું ખરું જીવન

કર્મસત્તા (પ્રારબ્ધ) અને ચૈતન્યસત્તા (પુરુષાર્થ) એ બે વચ્ચેના સંઘર્ષમાં જ વીતે છે. આ સંઘર્ષમાં જો આપણે વિજયી થવું હોય તો આપણે કર્મવ્યવસ્થાને સમજવી પડે. તેને સમજ્યા વિના તેનો પરાભવ ન થઈ શકે. આ સમજવા માટે કર્મના સિદ્ધાંતનો અભ્યાસ આવશ્યક બની જાય છે. કર્મની વાત ઘણા બધા ધર્મો એ કરી છે. પણ જૈન ધર્મે જે વૈજ્ઞાનિક રીતે કરી છે અને જે વિગતે કરી છે તેવી અન્ય ક્યાંય જોવા મળતી નથી. તેથી મેં જૈન ધર્મના કર્મસિદ્ધાંતને આગળ કરીને વિષયની ચર્ચા કરી છે.

કર્મસત્તા પ્રબળ છે તેનો આપણા ઉપર ઘણો પ્રભાવ છે પણ કરેલાં કર્મ હંમેશાં ભોગવવાં જ પડે એવું નથી. તેમાં ફેરફાર કરી શકાય છે. તેને થાપ આપીને તેનાથી બચી પણ શકાય છે. જિંદગી આવી મળી છે એટલે કર્મ કર્યા વિના તો ચાલવાનું નથી તો પછી કેવી રીતે કર્મ કરવાં, ક્યાં કર્મ કરવાં અને કયાં ન કરવાં, કર્મ કરતી વખતે મનોભાવો કેવા રાખવા એ બધી ચર્ચા આ પુસ્તકમાં સરળ ભાષામાં વિગતે કરવામાં આવી છે. વળી આ સંસારમાં બીજી પણ સત્તાઓ છે જેની પાસે કર્મસત્તા અને આપણી ચૈતન્યસત્તા પણ પાંગળી બની જાય છે તે વાતનું નિરૂપણ મેં આ પુસ્તકમાં કરેલ છે. જીવનને તેના પૂર્ણ પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે તે ઉપયોગી થઈ પડે તેવું છે.

આ પુસ્તકમાં પ્રથમ પંદર પ્રકરણોમાં મેં કર્મના સિદ્ધાંતની વિગતે ચર્ચા કરી છે અને પછીનાં પંદર પ્રકરણોમાં કથાનુયોગની સહાયથી કર્મની વાત સમજાવી છે જે સામાન્ય માણસોને પણ સમજાય તેવી છે.

સ્વસ્થ જીવનને નજરમાં રાખીને તેમજ સકલ કર્મથી મુક્ત શાશ્વત સુખની અવસ્થાને લક્ષ્યમાં રાખીને મેં કર્મવાદનાં રહસ્યોનું નિરૂપણ કરેલ છે. બહુજન સમાજ તરફથી મારા આ પુસ્તકને સારો આવકાર મળતો રહે છે. પરિણામે આજે તેની સાતમી આવૃત્તિ થઈ રહી છે. મારું લખાણ કયાંક કોઈને કામ આવે છે અને જીવન માટે તેમાંથી માર્ગદર્શન મળી રહે છે. તેનો મને ઘણો આનંદ છે. જે ધર્મમાંથી મને કર્મનો સાંગોપાંગ સિદ્ધાંત મળ્યો તે જૈન ધર્મનો અને તેને વિશદ રીતે રજૂ કરનાર ગુરુભગવંતોના ઋણનો સ્વીકાર કર્યા વિના મારાથી રહી શકાય નહીં.

– ચંદ્રહાસ ત્રિવેદી


તા. ૧૫-૦૧-૨૦૧૩

'સુહાસ' ૬૪, જૈનનગર

અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : ૨૬૬૨૦૬૧૦

# લેખકનો પરિચય



ઈ. સ. ૧૯૩૦માં કપડવંજમાં જન્મ. અર્થશાસ્ત્ર અને રાજકારણના વિષયો સાથે માસ્ટર ડિગ્રી લઈને અમદાવાદ અને મુંબઈની કૉલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું. લગભગ પાંચ વર્ષ સુધી દિલ્હીમાં ઑલ ઈન્ડિયા રેડિયો ઉપરથી સમાચાર આપ્યા અને બે વર્ષ સુધી મુંબઈ રેડિયો સ્ટેશન ઉપરથી પરદેશમાં વસતાં ભારતીય ભાઈ-બહેનો માટે સમાચાર આપતા રહ્યા. જીવનના ઉત્તર કાળમાં પચીસ વર્ષ સુધી મૂળ બ્રિટિશ કંપની ગૅનન ડંકર્લિ ઍન્ડ કંપનીમાં રિજિયોનલ મૅનેજરના ઉચ્ચ પદ ઉપર રહ્યા અને ત્યાંથી નિવૃત્ત થયા.

જીવ-જગત અને ઈશ્વર વિશે જાણવાની અદમ્ય ઝંખનાને કારણે વિધ વિધ ધર્મોનો અભ્યાસ કરતા રહેલા અને જેવા નિવૃત્ત થયા કે તુરત જ સાહિત્યસર્જન તરફ વળ્યા. સાહિત્ય તરફની સદાયની અભિરુચિ તેથી સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું ઠીક ઠીક પરિશીલન કર્યું. જીવનનાં સાઠ વર્ષ પછી લખવા માંડ્યું. છતાંય આજ સુધીમાં તેમનાં ત્રીસ ઉપર પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. તેમણે ધર્મ ઉપર તો લખ્યું જ, પણ સાહિત્યનાં વિધ વિધ સ્વરૂપોને સ્પર્શીને પણ ઘણું લખ્યું છે. તેમણે નવલકથાઓ લખી, આત્મકથા લખી, ટૂંકી વાર્તાઓ લખી અને હાસ્યવિષયક પુસ્તકો પણ લખ્યાં. 'તનાવ' જેવા મનોવૈજ્ઞાનિક વિષય ઉપર લખ્યું તો 'મૃત્યુ' જેવા ગહન વિષય ઉપર પણ લખ્યું. 'કર્મવાદનાં રહસ્યો' નામનું તેમનું પુસ્તક ઘણું વખાણાયું અને તેની છ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ.

છેલ્લાં પંદર-વીસ વર્ષથી તેઓ ગુજરાત સમાચારની 'અગમ નિગમ'ની પૂર્તિના 'ધર્મલોક'માં ચિંતનાત્મક લેખો **'વિમર્શ'** શીર્ષક હેઠળ લખે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી માનવતાલક્ષી સાહિત્ય માટેનું પારિતોષિક તેમના **'પારકી ભૂમિ પર ઘર'** પુસ્તક માટે આપવામાં આવેલ છે. હ્યુમન સોસાયટી ઑફ ઈન્ડિયા તરફથી તેમને તેમની સત્ત્વશીલ નવલકથા **'સીમાની પેલે પાર'** માટે કનૈયાલાલ માણેકલાલ મુનશી ઍવૉર્ડ આપવામાં આવેલ છે. મૌલિક ચિંતનના પથ ઉપર આજે પણ તેમની કલમ આગળ વધી રહી છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આત્મા-પરમાત્મા-કર્મ | ૧ |
| ૨. | કર્મનું અસ્તિત્વ | ૮ |
| ૩. | પ્રબળ કર્મસત્તા | ૧૨ |
| ૪. | સૌથી ભિન્ન અને વિશિષ્ટ સિદ્ધાંત | ૧૫ |
| ૫. | કર્મબંધનું કમ્પ્યુટર | ૨૧ |
| ૬. | કર્મના ઉદયનો સમય અને સ્વરૂપ | ૨૭ |
| ૭. | મૃત્યુ અને જન્મની ગહન વાતો | ૩૨ |
| ૮. | કર્મબંધનાં કારણો | ૩૭ |
| ૯. | કર્મબંધની પરંપરા | ૪૭ |
| ૧૦. | પરિવર્તન અને વિસર્જન | ૫૨ |
| ૧૧. | નિમિત્તોનો પ્રભાવ | ૫૮ |
| ૧૨. | કર્મ ભોગવવાની કળા | ૬૩ |
| ૧૩. | પુરુષાર્થની પ્રધાનતા | ૬૮ |
| ૧૪. | કર્મથી વિભિન્ન સત્તાઓનું અસ્તિત્વ | ૭૫ |
| ૧૫. | સ્વસ્થ જીવન પ્રતિ | ૮૧ |
| | **કથાનુયોગ** | |
| ૧૬. | વસૂલાત (કર્મનાં લેખાં-જોખાં) | ૮૭ |
| ૧૭. | વિચિત્ર દેહાકૃતિ અને કારમી વેદના (નામકર્મ અને અશાતા વેદનીય) | ૯૪ |
| ૧૮. | બહાર આદર, ઘરે અનાદર (કર્મની કુંડળી) | ૯૯ |
| ૧૯. | વીણ ખાધે, વીણ ભોગવે (ભવોની પરંપરા) | ૧૦૩ |
| ૨૦. | ગમો-અણગમો (ભવાંતરના સંસ્કારો) | ૧૧૧ |
| ૨૧. | તુલાનો શનિ પણ શૂન્ય (કર્મનો વિપાક) | ૧૧૬ |
| ૨૨. | આસક્તિ ત્યાં ઉત્પત્તિ (આયુષ્ય કર્મ) | ૧૨૦ |
| ૨૩. | પાપનું પુણ્યમાં પરિવર્તન (કર્મનું સંક્રમણ) | ૧૨૪ |
| ૨૪. | સંપન્ન દરિદ્રી (ભોગાંતરાય - ઉપભોગાંતરાય) | ૧૨૮ |
| ૨૫. | વહાલાંનો વિયોગ (અંતરાય કર્મ અને અનુબંધ) | ૧૩૩ |
| ૨૬. | ધ્યાનની બદલાતી ધારા (કર્મની વિદારણા) | ૧૩૮ |
| ૨૭. | સુવર્ણ પુરુષ? (કર્મનો ઉદયકાળ) | ૧૪૪ |
| ૨૮. | આંતરિક પુરુષાર્થ (વછૂટતાં કર્મો) | ૧૪૯ |
| ૨૯. | વિચક્ષણ સુકાની (કર્મના ભોગવટાની કળા) | ૧૫૪ |
| ૩૦. | મા પ્રમાદિ નિશાત્યયે (નિમિત્તની પ્રબળતા) | ૧૫૮ |
| | શબ્દ-સમજ | ૧૬૬ |

# ૧. આત્મા-પરમાત્મા અને કર્મ

આ વિશ્વની રચના સમજવા માટે આપણી પાસે બે માર્ગો છે. એક છે પ્રત્યક્ષ જ્ઞાનનો અને બીજો છે અનુમાનનો. મનુષ્યની પાસે મન છે તેથી વસ્તુને જાણવાની તેની ક્ષમતા સૃષ્ટિના અન્ય જીવો કરતાં વધારે છે. મનુષ્યની ઈન્દ્રિયોનો પણ વધારે વિકાસ થયેલો હોય છે તેથી તે શબ્દથી, સ્પર્શથી, રૂપથી, રસથી અને ગંધથી જ્ઞાન પ્રાપ્ત કરે છે. વ્યવહારમાં તેને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. (પણ વાસ્તવિકતામાં તે પરોક્ષ છે કારણ કે તેમાં ઈન્દ્રિયો અને મનની સહાય લેવામાં આવે છે.) અધ્યાત્મમાં જે જ્ઞાન સ્વયં પર્યાપ્ત હોય તેને પ્રત્યક્ષ કહે છે. ઈન્દ્રિયોથી જે જ્ઞાન થાય છે તેનું ક્ષેત્ર ઘણું મર્યાદિત તો છે પણ તેની અવધિ (સીમા) ઘણી વધારે છે. તેનો વિસ્તાર ઘણો મોટો છે. જે જ્ઞાન ઈન્દ્રિયો કે મનની સહાય વિના સ્વયં પ્રકાશી ઊઠે તેને અધ્યાત્મના ક્ષેત્રમાં પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. કેવળજ્ઞાન તે આ પ્રકારનું જ્ઞાન છે. **જ્ઞાન એ આત્માનો ગુણ છે** અને આત્મા ઉપરથી કર્મનાં બધાં આવરણો દૂર થતાં જ્ઞાનનો જે અનુભવ થાય છે તે પ્રત્યક્ષ છે.

આત્મા-પરમાત્મા અને કર્મ એ સૂક્ષ્મ છે - અતિસૂક્ષ્મ છે તેથી તે વિશેનું જ્ઞાન ઈન્દ્રિયોથી મેળવી શકાતું નથી. આ વિષયોને જાણવા માટે અનુમાનનો જ સહારો લેવો પડે છે. જગતના મોટા ભાગના ધર્મોએ પરમાત્માનો સ્વીકાર કર્યો છે તે અનુમાનને આધારે જ કર્યો છે. આમ જોઈએ તો પરમાત્માને કોણે જોયો? પણ વિશ્વની સંરચના સમજવા માટે ધર્મોએ પરમાત્માની ધારણા કરી અને પછી જે ગણિત માંડ્યું તેનાથી પરમાત્માની ધારણાની પુષ્ટિ થઈ. નિશાળે જતાં બાળકો પણ ગણિતના અઘરા દાખલા ગણતી વેળાએ એક રકમ ધારીને દાખલો ગણે છે અને પછી પોતાનો તાળો મેળવી લે છે. જગતના ઘણા બધા ધર્મોએ

આમ પરમાત્માની ધારણા કરીને જ વિશ્વની રચનાનો, વિશ્વની વ્યવસ્થાનો પોતાનો દાખલો ગણ્યો છે.- તાળો મેળવ્યો છે.

આત્મા અને કર્મ પણ અતિ સૂક્ષ્મ છે-ઇન્દ્રિયાતીત છે. તેથી જો તેને સમજવાં હોય તો પણ અનુમાનથી જ આગળ વધવું પડે. જગતમાં જન્મ, જરા અને મૃત્યુનું જે ચક્ર ચાલે છે અને તે ચક્ર દરમ્યાન આપણને જીવોની બુદ્ધિ, સમૃદ્ધિ, લબ્ધિ, ક્ષમતા ઈત્યિાદિની જે તરતમતા દેખાય છે તેનો કર્મનું અનુમાન કર્યા વગર મેળ બેસે નહી. કર્મનું અસ્તિત્વ હોય તો તેનો કરનાર અને ભોગવનાર કોઈ હોવો જોઈએ. તેથી આત્માના અસ્તિત્વનો પણ સ્વીકાર કરવો રહ્યો. જો આપણે આત્માનો સ્વીકાર કરીએ તો પછી પરમાત્માની કે પરમ તત્ત્વની વિચારણા આગળ આવીને ઊભી જ રહે. કેટલાક ધર્મોએ પરમાત્માનો વ્યકિતવિશેષ તરીકે સ્વીકાર કર્યો. તેમણે પરમાત્માની પ્રાપ્તિને સાધ્ય ગણ્યું. જે ધર્મોએ પરમાત્માનો વ્યકિતવિશેષ તરીકે સ્વીકાર ન કર્યો તેમણે પરમ તત્ત્વની - પરમાત્મતત્ત્વની ધારણા કરી છે. તેમણે પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિને - પરમાત્મપદને સાધ્ય ગણ્યું.

જીવ માત્રને સુખ-દુઃખનો જે અનુભવ થાય છે તે અનુભવ કરનાર કોણ? વેદનાથી કણસતો માણસ જયારે કહે કે - હે ભગવાન, હવે મને આમાંથી છોડાવ - ત્યારે એમાં બોલાતો ‘મને’ કોણ? અને મને કહેનાર કોણ? જો આપણે મનને માથે એ જવાબદારી નાખીશું તો પછી મન અને આત્મા વચ્ચે ઝાઝો ફરક નહીં રહે. જે ચિંતકોએ મનને અભ્યંતર ઈન્દ્રિય જ ગણી, તેમણે તેની ઉપર રહેલી સત્તાને આત્મા કહ્યો. જે લોકો મનને જ સર્વ ગણી વિરમી ગયા તે લોકો ઝાઝું આગળ ન વધી શકયા. મનુષ્ય, પશુ, પક્ષી એ બધાંય ઈન્દ્રિયો સાબૂત અને સક્ષમ હોવા છતાંય મૃત્યુ પામી શકે છે તેથી અનુમાન થાય છે કે ઈન્દ્રિયોની પાછળ જે જોનાર હતો, સાંભળનાર હતો, અનુભવ કરનાર હતો તે ચાલ્યો જતાં મૃત્યુ થયું. આ જે-તે વિષયોની અનુભૂતિ કરનારને આપણે જીવ તરીકે ઓળખીએ કે આત્મા કહીએ તો એમાં ઝાઝો ફેર નથી. આમ,

શરીર-ઈન્દ્રિયો ઈત્યાદિની પાછળ ચેતનાનો જે ધબકાર વર્તાય છે તેને વિશિષ્ટ તત્ત્વના આવિર્ભાવ તરીકે ગણવો રહ્યો. આ વિશિષ્ટ તત્ત્વ તે આત્મતત્ત્વ. તેને પછી પરમાત્માના અંશ તરીકે ગણો કે સ્વતંત્ર ગણો એ જુદી વાત છે.

જે ધર્મોએ આત્માનો સ્વીકાર કર્યો તે બધા ધર્મોને આસ્તિક દર્શનો તરીકે સામાન્ય રીતે ઓળખવામાં આવે છે અને જે ધર્મોએ આત્માનો કે પરમાત્માનો સ્વીકાર ન કર્યો તેને નાસ્તિક દર્શનો ગણવામાં આવે છે. વેદાંત, બૌદ્ધ, જૈન જેવાં ભારતીય દર્શનોએ ચૈતન્યનો સ્વીકાર કર્યો છે અને તેને આત્મતત્ત્વ કે પરમાત્મતત્ત્વ તરીકે ઓળખ્યું છે. પાશ્ચાત્ય ધર્મોએ આત્મતત્ત્વ ઉપર સ્વતંત્ર રીતે ઝાઝો વિચાર કર્યો હોય તેમ લાગતું નથી પણ તેમણે સર્વશક્તિમાન ચૈતન્યને પરમાત્મા તરીકે વધારે સ્થાપ્યો છે. અરે, પ્રાચીન કાળના ચાર્વાક અને વર્તમાનકાળના નિત્સે જેવા નાસ્તિકોએ ચેતના વ્યાપારનો - ચૈતન્યનો સ્વીકાર કર્યો છે. સૌની વચ્ચે જે મતભેદ પડે છે તે ચૈતન્યના સ્વરૂપ અંગેનો.

આસ્તિકોએ તેને શાશ્વત ગણ્યું જ્યારે નાસ્તિકોએ તેને અનિત્ય ગણ્યું. બૌદ્ધોએ ચૈતન્ય તત્ત્વને શાશ્વત ન ગણ્યું પણ સંસ્કાર દ્વારા ચાલુ રહેતી પરંપરાને - સંતતિધારાને તો નિત્ય ગણી. જૈનોએ આત્મ તત્ત્વને નિત્યાનિત્ય ગણ્યું. જેમણે આત્માને-જીવને પરમાત્માનો અંશ ગણ્યો તેમને માટે તો અનિત્યતાનો તો પ્રશ્ન રહેતો જ નથી, કારણ કે તેમણે પરમાત્માને શાશ્વત-નિત્ય આદિ અને અંતરહિત સર્વશક્તિમાન ગણ્યો છે. આત્મતત્ત્વ તેની અંતર્ગત આવી ગયું.

આમ, સૌએ આત્મતત્ત્વનો એક કે બીજી પ્રકારે અથવા એક કે બીજા સ્વરૂપે સ્વીકાર તો કર્યો છે. કોઈએ શ્રદ્ધાથી સ્વીકાર કર્યો છે તો કોઈએ અનુમાનથી સ્વીકાર કર્યો. એ જ રીત પરમાત્મતત્ત્વનો પણ જે સ્વીકાર થયેલો છે તેમાં અનુમાનની પ્રબળતા રહેલી છે કારણકે તે પણ ઈન્દ્રિય પ્રત્યક્ષ નથી. હવે જે ધર્મોએ - દર્શનોએ આત્માની નિત્યતા સ્વીકારી, સાતત્ય સ્વીકાર્યું તેમણે દેહના મૃત્યુ પછી જીવનું વિવિધ યોનિઓમાં

આવાગમન સ્વાભાવિક રીતે જ સ્વીકારવું રહ્યું અને સંસારમાં સૌ જીવો વચ્ચે બુદ્ધિનું, શક્તિનું, લબ્ધિનું, સમૃદ્ધિનું જે વત્તા-ઓછાપણું જોવા મળે છે - જે તરતમતા છે તેમે કર્માધીન ગણી. આમ, કર્મવાદ અસ્તિત્વમાં આવ્યો.

આત્મા, પરમાત્મા અને કર્મ એ ત્રણેય અનુમાનથી જ સિદ્ધ થાય છે કારણ કે તે ઈન્દ્રિયોનો વિષય નથી. જે ઈન્દ્રિયાતીત છે તેને જાણવા માટે અનુભૂતિ જોઈએ. આપણે વ્યવહારમાં માનવું અને જાણવું એ બે શબ્દોનો બહુ સરળતાથી ઉપયોગ કરીએ છીએ અને એકને બદલે બીજા શબ્દને સરળતાથી વિના સંકોચે વાપરીએ છીએ. જ્યારે વાસ્તવિકતામાં એ બંને શબ્દોના ભાવાર્થમાં ઘણો તફાવત હોય છે. અમેરિકા, રશિયા, જાપાન વગેરે દેશો જાતે જોયા વગર પણ કોઈ માહિતીના આધારે કહે કે હું જે - તે દેશ વિશે જાણું છું; પણ વાસ્તવિકતામાં તે માણસ, તે દેશોને જાણતો નથી પણ તે દેશ વિશે જે કંઈ વાંચ્યું છે - સાંભળ્યું છે તેને માને છે. માહિતીથી માની શકાય, અનુમાનને આધારે માની શકાય પણ જાણવા માટે અનુભૂતિ જોઈએ.

વાસ્તવિકતામાં આપણે આત્માને જાણતા નથી, આપણે પરમાત્માને જાણતા નથી, આપણે કર્મને પણ જાણતા નથી પણ અનુમાનથી આ બધાને આપણે માનીએ છીએ. બહુ જ સ્થૂળ ઉદાહરણ લઈએ તો આપણે આપણા વડદાદાને પ્રત્યક્ષ જોયા નથી પણ આપણી ઉત્પત્તિ જ એ વાતનો સબળ પુરાવો છે કે આપણા દાદાઓનું અસ્તિત્વ હતું. એક વાર આપણે **'માનવું'** અને **'જાણવું'** એ બાબત સ્પષ્ટ થઈ જઈએ પછી **અનુમાન** અને **અનુભૂતિ** વચ્ચેનો તફાવત સમજાઈ જશે.

આત્માની અનુભૂતિ સાધ્ય છે. એ જ્ઞાનનો વિષય નથી. જેમ દીવા વડે દીવાને જાણી શકાય, સૂર્ય વડે જ સૂર્યને જોઈ શકાય તેમ આત્માના પ્રકાશમાં આત્મા જોઈ શકાય. આત્માને જાણવા અન્ય કોઈ સાધન કામમાં ન આવે. આ અવસ્થાને આત્મજ્ઞાનની અવસ્થા કહે છે. પરમાત્માનું દર્શન કહે છે. આ અવસ્થા અતિ શુદ્ધ અવસ્થા છે. જીવ

જ્યારે કર્મ રહિત અવસ્થાને પ્રાપ્ત કરે ત્યારે જ આ શક્ય બને. તે અવસ્થાને કેવળજ્ઞાન કહે છે. કેવળજ્ઞાન અવસ્થામાં જ આત્મા આત્માને જોઈ શકે છે. જોનાર આત્મા, જોવાનો વિષય આત્મા અને જોવાનું સાધન પણ આત્મા. ત્યાં સાધ્ય-સાધક અને સાધન ત્રણેય એકાકાર થઈ જાય છે. આ અવસ્થા કેવળજ્ઞાનની અવસ્થા છે. એમાં આત્મા કર્મ ને જોઈ શકે અને પરમાત્મ પદ પ્રાપ્ત કરેલ પરમાત્માને પણ જોઈ શકે. આપણી પાસે ઈન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે જે સાધનો છે તેની ક્ષમતા જ નથી કે તે આત્માને જોઈ શકે કે જાણી શકે. આપણે યોગ્ય સાધનોના અભાવમાં યથાયોગ્ય ક્ષમતાના અભાવમાં, આત્મા-પરમાત્મા અને કર્મને અનુમાનથી જ માનવાં રહ્યાં. આટલી વાત સમજી જઈએ તો આપણે નિરર્થક શંકા કુશંકામાં ન ફસાઈએ.

**જીવ પહેલો કે કર્મ પહેલું**

કર્મની સાથે બીજી જે વાત સામાન્ય રીતે આપણા મનમાં ઊઠે તેવી છે કે કર્મ પહેલું કે આત્મા પહેલો? જો જીવ પહેલાં હતો તો વિશુદ્ધ એવા આત્માને, એવાં કર્મ કેમ વળગ્યાં? કર્મના અભાવમાં આત્માને વળી પ્રવૃત્તિ કરવાનું શું કારણ મળ્યું કે તેનાથી કર્મ ઉત્પન્ન થઈને તેને ચોંટી ગયાં કે તેની સાથે ઓતપ્રોત થઈ ગયાં ? જો પ્રથમ કર્મનું અસ્તિત્વ માનીએ તો સ્વાભાવિક રીતે વિચાર આવે કે જીવ વિના - આત્મા વિના કર્મને કોણે પેદા કર્યાં? અને ઉત્પન્ન થયાં તો આત્માને વળગ્યાં શી રીતે? જો જીવને પહેલો ગણીએ તો એ જ પ્રશ્ન વળી આવે કે જીવને કોણે ઉત્પન્ન કર્યો અને શા માટે ઉત્પન્ન કર્યો? વળી ઉત્પન્ન થયેલા શુદ્ધ આત્માને કર્મ વળગી શકે તો પછી ધર્મ-ધ્યાન, દેવ-દર્શન, જપ-તપ વગેરે કરવાનું પ્રયોજન શું? બધી ધર્મક્રિયાઓ કે અનુષ્ઠાન કરી શુદ્ધ થયેલા આત્માને ફરીથી જો કર્મ લાગવાનાં જ હોય, તેને મલિન કરવાનાં હોય તો વિશુદ્ધિ પ્રાપ્ત કરવાની મહેનત કોણ કરે? શા માટે કરે? આમ આપણે ગોળ ને ગોળ ફર્યા કરવાના પણ વાતનો છેડો ક્યાંય નહિ મળવાનો.

આમ, આ પહેલી - કોયડો આત્માને કે કર્મને પ્રથમ માનવાથી નિપટતો નથી. પ્રથમ ઈંડું કે પ્રથમ કૂકડી ? પ્રથમ સ્ત્રી કે પ્રથમ પુરુષ? રાત્રિ પહેલી કે દિવસ પહેલો ? આ બધા પ્રશ્નોમાં પહેલું આ અને બીજું તે - એમ કહી શકાય તેમ હોતું જ નથી. જ્ઞાનીઓ કહે છે કે જિંદગી આખી વિચાર કર્યા કરો, ગમે એટલી શોધખોળ કરો પણ તેનો સંતોષકારક ઉત્તર નથી જ મળવાનો. માટે આપણા માટે તો એટલી હકીકત પૂરતી સમજો કે સંસારમાં આપણું ધાર્યું કંઈ થતું નથી. આપણને પસંદ ન હોય એવી વાતો આપણા જીવનમાં આવી પડે છે. આપણે હંમેશાં સફળ થઈ શકતા નથી. એક રીતે પગલે પગલે આપણને પ્રતીતિ થયા કરે છે કે આપણે અસહાય છીએ. આપણી ઇચ્છા ન હોય છતાંય આપણે મરવું પડે છે અને આપણને વગર પૂછે આપણો જન્મ થઈ જાય છે. આ બધું દશાવે છે કે આપણે ક્યાંક પરાધીન છીએ, બંધાયેલા છીએ.

બીજી બાજુ એ પણ છે કે જીવનમાં અશાંતિ અસુખ અને સમસ્યાઓ હોવા છતાંય પુરુષાર્થથી આપણે કેટલાય પ્રશ્નોનું નિરાકરણ પણ કરી શકીએ છીએ, પરિસ્થિતિમાં ફેરફાર કરી શકીએ છીએ - તેથી એમ પણ કહી શકાય કે આપણે તદ્દન અસહાય નથી. આપણે ક્યાંક સ્વતંત્ર પણ છીએ.

મૂળ વાત છે કે આપણે ક્યાંક પરાધીન છીએ અને છતાંય ક્યાંક સ્વતંત્ર છીએ અને સ્વાધીન થઈ શકીએ તેમ છીએ. જો આટલી વાત સમજાઈ જાય અને તેનો સ્વીકાર થઈ જાય તો પછી પહેલાં જીવ કે કર્મ - એ વાતનો ઉકેલ ન મળે તો પણ આપણું કામ ચાલી જશે. જેમ સુર્વણ અને માટી ભૂગર્ભમાં સાથે જ પડેલાં મળે છે એમ જીવ અને કર્મ સાથે જ રહેલાં મળે છે. માટીને દૂર કરી ભઠ્ઠીમાં તપાવીને આપણે શુદ્ધ સુવર્ણ મેળવી શકીએ છીએ તેમ આપણે આત્માને કર્મની ઉપાધિથી - કર્મના મળથી અલગ કરી કર્મરહિત અવસ્થા પ્રાપ્ત કરી શકીએ છીએ અને તે જ કરવા જેવો પુરુષાર્થ છે.

આત્માની કર્મરહિત અવસ્થા શૂન્ય નથી. કોઈ રખે માને કે ત્યાં કંઈ રહેતું નથી. આત્માની શુદ્ધ અવસ્થા એ જ પરમાત્મદશા અને ત્યાં અનંત આનંદ ચિરંતન છે. આત્મા કર્મથી બંધાયેલો છે એવું પણ આત્માને ભાન ન થાય એ આત્માની બહિરાત્મ દશા. પોતે કર્મથી બંધાયેલો છે અને તેણે મુક્ત થવાનું છે એમ સમજાઈ જાય અને તે માટે પ્રયાસ કરે તે આત્માની અંતરાત્મ દશા અને તે જ્યારે કર્મથી સર્વથા મુક્ત થઈ જાય તે આત્માની પરમાત્મ દશા. આ છે કર્મનો મર્મ. આ છે કર્મનું રહસ્ય.

-----

## ૨. કર્મનું અસ્તિત્વ

જગતના લગભગ બધા જ ધર્મોએ કર્મની મહત્તા સ્વીકારી છે. સંસારમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે જે અસમાનતા દેખાય છે તેને કેવી રીતે વાજબી ગણવી એ મહાપ્રશ્ન છે. પૂર્વકર્મનું અસ્તિત્વ સ્વીકાર્યા સિવાય, સંસારમાં પ્રવર્તતી અસમાનતા સમજાવવાનું લગભગ અશક્ય છે. તેથી સર્વ ધર્મોએ એક કે બીજે પ્રકારે કર્મનું પ્રભુત્વ સ્વીકાર્યું. આમ, અસમાનતાનું કારણ શોધતાં શોધતાં સૌને કર્મ કે પૂર્વકર્મનો સહારો લેવો પડ્યો.

કોઈ એક બાળક ધનવાનને ત્યાં જન્મે છે અને અનાયાસે જન્મતાંની સાથે જ કરોડોની સંપત્તિનો માલિક બની જાય છે. જ્યારે બીજું કોઈ બાળક ગંદી-અંધારી કોટડીમાં જન્મે છે જેને માટે સામાન્ય અન્ન કે વસ્ત્ર મેળવવાં પણ મુશ્કેલ હોય છે. કોઈ જન્મતાંની સાથે ખોડખાંપણવાળું હોય છે તો કોઈને ગમે તેમ અથડાવા-કુટાવા છતાંય કંઈ થતું નથી. કોઈને ભણવા માટે નિશાળે જવાનાંય ઠેકાણાં હોતાં નથી તો વળી બીજા કોઈ માટે જીવનમાં આગળ વધવાની તકો સહજ પ્રાપ્ત હોય છે. કેટલાક માણસ ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી આગળ વધે છે તો બીજી બાજુ કેટલાક મળેલા ભાગ્યને-તકોને ગુમાવીને છેવટે રસ્તે રખડતા ભિખારી થઈ જાય છે. કોઈ દેખાવે સુંદર-સોહામણું હોય છે તો કોઈની સામે જોવાનું પણ મન થાય નહીં તેવું કદરૂપું હોય છે. કોઈ પોતે દેખાવમાં સાવ સામાન્ય હોય પણ તેને રૂપાળી પત્ની મળે તો બીજી બાજુ કોઈ સ્વરૂપવાન સ્ત્રીને સાવ સામાન્ય પતિની પત્ની થઈ સંસાર માંડવો પડે છે. કોઈને સુશીલ સ્વભાવની પત્ની મળે છે તો કોઈ મહાન માણસને કર્કશા સ્વભાવની પત્ની મળે છે. કોઈનો પડયો બોલ ઝીલાય તો કોઈ પગમાં પડે તો પણ

ન ખમાય. જન્મજાત અસમાનતા-રંગની, રૂપની, સંપત્તિની, બુદ્ધિની, સંજોગોની, સ્વભાવની, વ્યકિતત્વની - માટે કોને જવાબદાર ગણીશું ?

જો ભગવાન જ આપણને જન્મ આપતો હોય તો વ્યક્તિ વ્યક્તિ વચ્ચે આવો વહેરો-આંતરો કેમ રાખે? જો ભગવાન જ વહાલા-દવલાં કરતો હોય તો પછી માણસ કયાં જઈને ન્યાય માગે? અને આમ ભેદભાવ રાખનારને ભગવાન કહેવાય પણ ખરો? સંસારમાં બે પ્રકારે અસમાનતા જોવા મળે છે. એક છે જન્મજાત અસમાનતા. દેખીતી રીતે વિના વાંકે કે વિના કારણે જન્મ લેનાર શિશુઓ વચ્ચે દેખાવની, સંજોગોની, સંપત્તિની, શરીરરચનાની ઈત્યાદિ જે ભિન્નતા રહે છે તે માટે પૂર્વકર્મ સિવાય આપણે બીજા કોઈ ને જવાબદાર ન ગણી શકીએ. બીજા પ્રકારની અસમાનતા પણ સંસારમાં પ્રવર્તે છે. એક જ પ્રકારનો પુરુષાર્થ બે જાણ કરે પણ વધારે સફળ થાય તો બીજાનો પુરુષાર્થ નિષ્ફળ જાય કે તેને ખાસ સફળતા મળે નહીં. એક જાણને સહેજમાં કીર્તિ મળે તો બીજાને કેટલીય લાયકાત હોવા છતાંય કોઈ જાણે પણ નહીં. એક જાણ કોઈનું કંઈ કામ ન કરે છતાંય બધા તેનો પડ્યો બોલ ઝીલી લે જયારે બીજો તન તોડીને સૌનાં કામ કરતો હોય છતાંય તેની વિનંતીનેય કોઈ ગણકારે નહીં. કોઈને અનેક સુખ-સગવડો વચ્ચે પણ અશાંતિ હોય તો વળી કોઈ સૂકો રોટલા ખાઈને, પાસે આવેલી નદીનું પાણી પીને કિનારે આવેલા ઝાડ નીચે નિરાંતે ઊંઘતો હોય. કોઈને પથરા ખાય તો પણ પચી જાય તો કોઈને માંડ ઘેંશ પચતી હોય અને પાણી જેવી છાશ ઉપર જીવવું પડે છે. કોઈ અગાશીમાંથી પડે તો પણ તેનો વાળ વાંકો ન થાય તો કોઈને સહેજે ઠોકર વાગે, હાડકું ભાંગે અને છ મહિનાનો ખાટલો થાય. કોઈની સ્મૃતિ એટલી તેજ હોય કે એક વાર વાંચેલું તેને યાદ રહી જાય છે તો કોઈને રાત-દિવસ કેટલુંય ગોખે ત્યારે થોડું યાદ રહે. કોઈની પાસે સુખ-સંપત્તિની રેલમછેલ થતી હોય પણ ભોગવાય નહીં ત્યારે બીજા કોઈ પાસે ભોગવવાની તાકાત હોય પણ વસ્તુનો અભાવ હોય. કોઈને એવું હોય કે ભોગવે ઘણું બધું પણ તે તેનો માલિક

ન હોય, ત્યારે બીજો માલિક હોય પણ તેનાથી ભોગવાય નહીં. આ બધી વિષમતાના મૂળમાં પણ કર્મ રહેલાં છે.

વિષમતા અને તરતમતાથી ભરેલો આ સંસાર કર્મને માન્યા સિવાય સમજી શકાય નહીં. જેમ રોગને જાણ્યા વિના તેનો ઉપચાર ન થઈ શકે તેમ કર્મને સમજયા સિવાય તેની ચુંગાલમાંથી છૂટી શકાય નહીં. કર્મને હઠાવ્યા વિના ઈષ્ટની પ્રાપ્તિ થઈ શકે નહીં. સાંસારિક સામગ્રી અને સફળતા મેળવવી હોય તો પણ કર્મને સમજીને તેને યથાયોગ્ય રીતે ગોઠવવાં પડે. કર્મ એ શ્રદ્ધાનો વિષય નથી. કર્મનું તો વિજ્ઞાન છે. એમાં બધું તર્કબદ્ધ અને કડીબદ્ધ છે. જેમ વિજ્ઞાનને પોતાના સિદ્ધાંતો છે તેમ કર્મને પણ પોતાનો સિદ્ધાંત છે અને તે અનુરૂપ આપોઆપ કર્મ કાર્યાન્વિત થાય છે. કર્મના સિદ્ધાંતમાં ક્યાંય અપવાદને સ્થાન નથી. આપણે કર્મને શ્રદ્ધાનો વિષય ગણીને બાજુએ મૂકી શકીએ તેમ નથી અને જો તેમ કરીશું તો સરવાળે આપણે જ સહન કરવું પડશે.

હાલ જેનેટિક એન્જિનિયરિંગ નામની વિજ્ઞાનની શાખાએ જન્મજાત તરતમતા અંગે ઘણું સંશોધન કર્યું છે અને તેમાંથી જે તારણો કાઢ્યાં તે કર્મસિદ્ધાંતને વધુ પુષ્ટ કરે એવાં છે. જેનેટિક વિજ્ઞાન એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યું કે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની બધી તરતમતાનો આધાર જિન ઉપર છે. જિન આપણી શરીરરચનાનો અંતિમ ઘટક છે. વિજ્ઞાન તેને મૂળ ઘટક ગણે છે. આ જિનમાં સંસ્કારસૂત્રો રહેલાં છે અને તેને આધારે વ્યકિત વ્યકિત વચ્ચે તરતમતા રહે છે. માણસનો દેખાવ, સ્વભાવ, બુદ્ધિ, ભાવિ રોગો, શરીરરચના એમ ઘણાબધાનો આધાર આ સંસ્કારસૂત્રો ઉપર રહેલો હોય છે. જિનનું નિર્માણ માતા-પિતાના બીજમાંથી થાય છે અને પ્રત્યેક જિનમાં કમ્પ્યૂટરની જેમ ઘણા સૂક્ષ્મ સંસ્કાર આદેશો હોય છે - જેને ક્રોમોસોમ કહે છે. આમ, જેનેટિક વિજ્ઞાન તો કર્મના સિદ્ધાંતની વધારે નજીક આવી ગયું છે.

પ્રશ્ન એ છે કે પ્રત્યેક જિનમાં - તેના ગુણસૂત્રોમાં -સંસ્કારસૂત્રોમાં ભિન્નતા કેમ? આ ભિન્નતા માટે જો મા-બાપનું બીજ કારણભૂત હોય

તો એક જ માતા-પિતાનાં બે બાળકો વચ્ચે કેમ ભિન્નતા રહે છે? અરે, ઘણી વાર તો એક જ માતા-પિતાનાં સંતાનો વચ્ચે ગુણમાં-દોષમાં, દેખાવમાં આસમાન-જમીનનો તફાવત રહે છે. આ તફાવતનું જેટલું મહત્ત્વ છે એના કરતાંય એ વાતનું વધારે મહત્ત્વ છે કે અમુક સંતાનને જેનેટિક વારસામાં બધું સારું સારું મળ્યું અને બીજા સંતાનને બધું ખરાબ મળ્યું અને ત્રીજાને માતા-પિતાના જેનેટિક વારસામાં મિશ્ર દેખાવ અને સંસ્કારો મળ્યા. પરિણામે પ્રત્યેક સંતાનને સંસારમાં જે સહન કરવું પડશે કે લાભ મળશે તેમાં પણ તરતમતા રહેવાની. આ તરતમતા માટે કોણ જવાબદાર?

જેનેટિક વિજ્ઞાન પાસે તેનો ફક્ત ઉત્તર છે કો-ઈન્સીડન્સ. આ તરતમતાને આકસ્મિક ગણાવ્યા સિવાય તેમને છૂટકો નથી. પણ આ આકસ્મિક વાતમાં અમુક સંતાનને સહન કરવું પડ્યું અને અમુક સંતાનને લાભ થઈ ગયો તેનું શું? તો પછી ત્યાં ન્યાય ક્યાં રહ્યો? કાર્ય-કારણનો નિયમ આ જગ્યાએ ખોટકાઈ જ ગયો ને?

કર્મવિજ્ઞાન પાસે આ તરતમતા માટે ઉત્તરો છે. એને માટે કશું આમ આકસ્મિક નથી. જિનનીય પાછળ કર્મ જાય છે અને અમુક સંતાન ઉપર આ પ્રકારના જિનનો જ પ્રભાવ કેમ પડ્યો તે વાત કહી જાય છે. જિનના ઘટકની પાછળ પૂર્વજન્મના સંસ્કારો રહેલા છે અને તેને લીધે એક જ માતા-પિતાના બીજમાંથી ઉત્પન્ન થતાં સંતાનોમાં પણ ભિન્નતા અને તરતમતા રહે છે. આમ, કર્મવિજ્ઞાન જેનેટિક વિજ્ઞાનથી આગળ છે એટલું જ નહિ પણ જયારે આપણે તેનો અભ્યાસ કરીએ ત્યારે લાગ્યા વિના નથી રહેતું કે કર્મવિજ્ઞાન ઘણું આગળ છે. વિજ્ઞાનની બધી શાખાઓમાં સૌથી મહત્ત્વની શાખા કર્મવિજ્ઞાનની છે. જે કર્મ ઉપર આપણી ચઢતી-પડતી, મુક્તિ-બંધન, સુખ-દુઃખ, શાંતિ-અશાંતિનો આધાર છે એ કર્મને સમજ્યા વિના આપણને સુખ-સમૃદ્ધિનો માર્ગ ન મળે. જો જીવનમાં કંઈ મેળવવું જ હોય, મળેલા મનુષ્યજીવનને સાર્થક કરી લેવું હોય તો કર્મસિદ્ધાંતને સમજીને આગળ વધવું રહ્યું.

-----

## ૩. પ્રબળ કર્મસત્તા

કર્મ એક પ્રબળ સત્તા છે અને દરેક જીવ-મનુષ્ય આ કર્મસત્તાને આધીન રહીને જીવે છે. કર્મનો નચાવ્યો તે નાચે છે, કૂદે છે, રડે છે, હસે છે, જન્મે છે અને મરે છે. કર્મની પ્રબળ સત્તા સામે કોઈ વિરલાઓ જ માથું ઊંચકી શકે છે અને તેને હંફાવી શકે છે. પણ તેમ કરતા પહેલાં કર્મસત્તાની શક્તિ કયાં છે, કેટલે સુધી છે તે સમજી લેવું ખૂબ જરૂરી છે. કર્મસત્તાની અનર્ગળ શક્તિને લીધે ઘણા લોકોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે આખો સંસાર કર્મને આધીન છે અને તેની સત્તામાં મીનમેખ મારી શકાય નહીં. જો આમ જ સ્વીકારી લેવામાં આવે તો પછી માણસે કંઈ કરવાપણું રહેતું નથી. કર્મ જેમ દોરે તેમ દોરાવાનું અને નચાવે તેમ નાચવાનું. આવા લોકોએ કર્મસત્તાને એટલી હદ સુધી સાર્વભૌમતત્વ આપ્યું કે તે જાણે ઈશ્વરની બરોબરીની બની ગઈ.

બીજી બાજુ કેટલાય તત્ત્વચિંતકો જેમનાથી કર્મસત્તાનું આ સાર્વભૌમત્વ સાંખી ન શકાયું કે તે એટલું વાજબી ન લાગ્યું, તેમણે એની ઉપર ભગવાનને મૂકી દીધો. તેમણે એ તો કબૂલ્યું કે કર્મ એ ખૂબ પ્રબળ સત્તા છે, પણ ભગવાનને તેમણે તેનાથી ઉપર મૂક્યો. ભગવાન કર્મસત્તા ઉપર પોતાનો વટહુકમ બહાર પાડીને કર્મના ચુકાદાઓમાં ફેરફાર કરી શકે. કોઈની સજા મુલતવી રાખી શકે તો કોઈની સજામાં ઘટાડો કરી શકે અને ઠીક લાગે તો કોઈને સજામાંથી માફી પણ આપી દે. આમ, ઈશ્વરને વચ્ચે લાવવાથી એવી એક પરિસ્થિતિ ઊભી થઈ કે જેના માટે ઈશ્વરને પણ દોષિત ગણાવી શકાય. જો ઈશ્વર આમ મનમાની કરી અપવાદો કરે તો પછી તેનું ઐશ્વર્ય ઝાંખુ પડી જાય. ભગવાન પોતાને ભજનારાઓને બચાવી લે અને તેની અવગણના કરનારાઓને દંડે કે તેમની સાર-સંભાળ ન લે તો પછી ઈશ્વરમાં અને માણસમાં શું ફેર રહ્યો? માણસોને પણ

ખુશામત ગમે અને ઈશ્વરને પણ તે ગમે. પછી ભલેને ઈશ્વરની ખુશામતને ભક્તિ જેવા સારા શબ્દથી ઓળખવામાં આવે. જેમ કોઈ રાજકારણી પોતાના પક્ષના માણસોને કે સ્વજનોને ન્યાલ (માલામાલ) કરી દે અને વિરોધીઓને હેઠા પાડે-રખડતા કરી મૂકે તેમ ભગવાન પણ કરતો થઈ જાય તો તેનું ભગવદ્‌પણું કયાં રહ્યું? આમ તો ઈશ્વરને જ અન્યાય થઈ બેસે એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ જાય.

તો પછી શું આપણે કર્મસત્તાને જ સર્વ કંઈ માનવી રહી? તેને જ સર્વોપરી ગણી તેને નમી પડવાનું રહ્યું? હા, આપણે એક વાત તો સ્વીકારવી જ રહી કે કર્મસત્તા મહાબળવાન છે – એ વાત ખરી પણ તે પરમ ન્યાયી છે. કોઈના તરફ તે પક્ષપાત કે દ્વેષ રાખતી નથી. કર્મ સત્તા પાસે વગ-વસીલો ચાલતો નથી. રાય કે રંક હોય સૌ કર્મસત્તા પાસે સરખા છે. ત્યાં કોઈની શેહ-શરમ પહોંચતી નથી. તો પછી કર્મસત્તાને આધીન થઈ જીવવામાં શું વાંધો? આપણે કર્મસત્તા સામે લડાઈ શા માટે?

કર્મ સાથે આપણે લડાઈ છે તેનું કારણ એ નથી કે તે અન્યાયી છે. કર્મ આપણને આત્મિક સુખથી - સાચા સુખથી વંચિત કરે છે. તે માટે આપણે કર્મસત્તા સામે લડાઈ માંડવાની છે. કર્મની હાજરીમાં આપણો સ્વભાવ પ્રગટ થતો નથી. આપણી આત્મિક સંપત્તિનો આવિર્ભાવ થતો નથી. તેથી જ્ઞાનીઓ કર્મસત્તાને ફગાવી દઈને નિજ સ્વરૂપમાં આવી જવાની સલાહ આપે છે અને તેનો માર્ગ બતાવે છે. આપણને જ્યાં સુધી આપણે માનેલાં સુખસગવડ મળે છે ત્યાં સુધી આપણને કર્મસત્તા ખટકતી નથી. પણ જેવી પ્રતિકૂળતાઓ સામે આવે છે કે આપણને કર્મસત્તા ખટકે છે. આમ જોઈએ તો કર્મસત્તાએ આપણને આપેલાં સુખો પણ સરવાળે નુકસાનકારક છે. કારણ કે તે આપાત ભદ્ર પણ પરિણામે વિરૂપ છે. તેનો સ્વાદ મીઠો છે પણ તેની અસર માઠી છે. જે જ્ઞાનીઓએ કર્મનું સ્વરૂપ જાણ્યું અને ઓળખ્યું તેમણે એ વાત કરી કે કર્મમાત્ર દુઃખદાયક છે. માટે તેની ચુંગાલમાંથી આપણે નીકળી જવું જોઈએ. ગમે તેવો સારો રાજા હોય તો પણ આપણે તેના પગ નીચે તો ખરા જ ને! તે વીફરે કે તેને કંઈ વાંકું

પડે ત્યારે આપણી ખાનાખરાબી થયા વિના રહે નહીં.

માટે ધર્મપુરુષોએ ઘોષણા કરી કે કર્મ સત્તાની સરહદો ઓળંગીને પોતાના પ્રદેશમાં આવી જાવ. પોતાની સત્તામાં જ આવી જાવ. છતાંય જો તે શક્ય ન હોય તો એવાં સદ્કાર્યો કરો. એવા સદ્ભાવો રાખો કે કર્મસત્તાને તમારા ઉપર રૂઠવાનો વખત જ ન આવે. એવું નીતિપૂર્ણ જીવન જીવો કે કર્મસત્તા તમારાથી ખુશ થઈ જાય અને છેવટે તેને મનાવીને-સમજાવીને તેની સંમતિથી તેની સરહદો પાર કરી જાવ. **સર્વં આત્મવશં સુખં; સર્વં પરવશં દુઃખ** - આ વાત તો મનુસ્મૃતિએ પણ કરી છે. જ્યાં આપણે સ્વાધીન છીએ ત્યાં સુખ; જ્યાં આપણે પરાધીન છીએ ત્યાં દુઃખ જ છે. આમ, મૂળ વાત તો કર્મસત્તામાંથી નીકળી સ્વસત્તા - આત્મસત્તામાં આવવાની વાત છે પણ તે પહેલાં આપણે ઘણો લાંબો અને વિકટ માર્ગ કાપવાનો છે. આ વિકટ માર્ગે પ્રયાણ કરતા પહેલાં આપણે સમજી લઈએ કે આપણા દુઃખનું કારણ શું છે? તેને કેવી રીતે દૂર કરી શકાય? દુઃખને તાત્કાલિક દૂર ન કરી શકાય તો કેવી રીતે તેને વેઠી લેવાય કે જેથી તેની પરંપરા ન સર્જાય. સુખ આવે તો તેને પણ કેવી રીતે ભોગવાય કે તે હાથમાંથી છટકી ન જાય અને તેનો ભોગવટો પણ ઉત્તરોત્તર સુખ અને શાંતિનું કારણ બને અને છેવટે પરમસુખની નિષ્પત્તિ થાય. કર્મશાસ્ત્ર-કર્મવિજ્ઞાન કે કર્મસિદ્ધાંતને સમજ્યા વિના આ માર્ગ મળવો મુશ્કેલ છે. અને તેથી જ તો કર્મવાદના અભ્યાસનું મહત્ત્વ છે.

કર્મસત્તા બળવાન છે - પ્રબળ છે પણ જો આપણે તેની સામે કળથી કામ લઈએ તો તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનું એટલું મુશ્કેલ નથી. એક વાર કર્મવ્યવસ્થાનાં રહસ્યો સમજી લઈએ તો કર્મના ગઢમાં ક્યાં ક્યાં નબળી જગ્યાઓ છે તેનો આપણને ખ્યાલ આવી જાય અને પછી ત્યાં ગાબડાં પાડી કર્મના ગઢમાં પગપેસારો થઈ શકે. એક વાર કર્મનો ગઢ તૂટ્યો અને ચૈતન્ય સત્તાનો તેમાં પ્રવેશ થયો પછી કર્મના ગઢને પડતાં વાર નહીં લાગે.

-----

# ૪. સૌથી ભિન્ન અને વિશિષ્ટ કર્મસિદ્ધાંત

આમ તો સૌએ પોતપોતાની રીતે કર્મસિદ્ધાંતની વાત કરી છે. પણ તેનું અણીશુદ્ધ સ્વરૂપ જૈન ધર્મના અપવાદ સિવાય ક્યાંય જોવા મળતું નથી. આમ જોઈએ તો કરણી એવી ભરણી, વાવીએ એવું લણીએ અને એવાં ચલણી વાક્યો લગભગ દરેક ધર્મમાં મળી આવે છે. પણ તેથી સૌનો કર્મસિદ્ધાંત સરખો નથી. કર્મનું મહત્ત્વ, તેનું અસ્તિત્વ સૌ સ્વીકારે છે. પણ તેની વ્યવસ્થા બહુ ઓછા સમજે છે. કર્મની વ્યવસ્થા બહુ જટિલ છે એ વાત ખરી પણ કર્મના સિદ્ધાંતના પ્રતિપાદનમાં ભલભલા વિચારકો પણ થાપ ખાઈ ગયા છે. એનું મુખ્ય કારણ છે કર્મનું યથા તથા સ્વરૂપ સમજવામાં થયેલી ભૂલ. જ્યાં મૂળમાં જ ખામી હોય ત્યાં તેનો પરિપાક કેવો આવે?

મોટા ભાગના વિચારકોએ કર્મને અદૃષ્ટ શક્તિ ગણી છે; જેથી તેઓ કર્મવ્યવસ્થાને પૂર્ણ રીતે તર્કબદ્ધ કરી શક્યા નથી. બીજી બાજુ જે ચિંતકો કર્મને એક પદાર્થ ગણીને આગળ વધ્યા તે કર્મવ્યવસ્થાને સાંગોપાંગ સમજાવી શક્યા છે. અને આપણે અહીં એ સિદ્ધાંતને આશ્રયે કર્મસિદ્ધાંતનું વિવરણ કરવું છે.

કર્મ એ પણ એક પદાર્થ કે દ્રવ્યની નિષ્પત્તિ છે જેને પુદ્‌ગલાસ્તિકાય કહેવામાં આવે છે. આ દ્રવ્ય એટલું તો સૂક્ષ્મ છે કે જેને આપણે મોટાં દૂરબીનોની મદદથી પણ જોઈ શકીએ તેમ નથી; પણ તેની અસર તો અવશ્ય અનુભવી શકીએ છીએ. વસ્તુ જોવામાં ન આવે તેથી તેનું અસ્તિત્વ નથી તેમ તો ન જ કહેવાય. વસ્તુના વર્તનથી તેની પ્રતીતિ થઈ શકે છે. સમગ્ર આકાશ આ દ્રવ્યના અતિસૂક્ષ્મ પરમાણુઓથી વ્યાપ્ત છે – ભરાયેલું છે. આમ તો આકાશ કેટલાય પ્રકારના સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ પરમાણુઓથી વ્યાપ્ત છે. પણ એમાંય અમુક પ્રકારના

પરમાણુઓમાં કર્મ તરીકે પરિણમવાની ક્ષમતા છે. આ વિશિષ્ટ પ્રકારના પરમાણુઓનો જે સમૂહ-જથ્થો આકાશમાં પ્રવર્તે છે તેને કાર્મણવર્ગણાને નામે ઓળખવામાં આવે છે. કર્મ બનવાની ક્ષમતાવાળા આ પરમાણુઓ આમ તો પોતાની મેળે જીવને કંઈ કરી શકતા નથી. જેમ કે અણુ-પરમાણુમાં અનંત શક્તિ છે પણ જ્યાં સુધી તેનો સ્ફોટ કરવામાં ન આવે ત્યાં સુધી અણુશક્તિ પેદા થતી નથી. તે પ્રમાણે કર્મ બનવાની ક્ષમતાવાળા આ સૂક્ષ્મ પરમાણુઓ આપોઆપ તો કંઈ જ કરતા નથી. આકાશમાં ફક્ત તેનું અસ્તિત્વ બની રહે છે. પણ જીવ પોતાના રાગ-દ્વેષના ભાવોથી જે સ્પંદન કરે છે તેની લીધે જડ એવા આ પરમાણુઓ ચૈતન્ય એવા જીવ તરફ ખેંચાઈ આવે છે અને તેની સાથે ઓતપ્રોત થઈ જાય છે. આમ, ઓતપ્રોત થવાની સાથે નિર્જીવ-જડ એવા પરમાણુઓનો જાણે વિસ્ફોટ થાય છે અને તેમાંથી કર્મની નિષ્પત્તિ થાય છે. આમ, એક બાજુ જીવ-ચૈતન્ય છે અને બીજી બાજુ કર્મ બનવાની ક્ષમતાવાળા પરમાણુઓ જે અજીવ-જડ છે અને તે બંને પોતાના સ્વભાવમાં રહે છે. પણ રાગ-દ્વેષને કારણે જેવો તેમનો યોગ થાય છે કે તુરત જ જાણે તેમનું રૂપાંતર થઈ જાય છે અને નવા સ્વરૂપે તે અસ્તિત્વમાં આવે છે.

અહીં એક વાતનો ઉલ્લેખ કરી લઈએ કે જીવ પોતાના શુદ્ધ સ્વરૂપમાં હોય તો આ કર્મરજ તેને લાગી શકતી નથી. ઘણા દાર્શનિકો એમ કહે છે કે આત્મા તો વિશુદ્ધ છે; અને કર્મ જેવો પદાર્થ તેને કલુષિત કરી શકે નહીં. આપણે અહીં એટલી વાત સાથે સંમત છીએ કે આત્માનું મૂળ સ્વરૂપ શુદ્ધ અને બુદ્ધ છે પણ તે અનાદિ કાળથી કર્મના સંસર્ગથી ખરડાયેલો છે અને પુરુષાર્થ કરીને તેણે શુદ્ધ બનવાનું છે. જો જીવ કર્મથી રગદોળાયેલો-કલુષિત થયેલો જ ન હોત તો તે આ સંસારમાં પણ ન હોત અને કૃતકૃત્ય થઈ પોતાના અસ્તિત્વમાં જ હોત. જીવ સંસારમાં રખડે છે અને સુખ-દુઃખ ભોગવે છે તેનું એ જ કારણ છે કે તે કર્મોથી ખરડાયેલો છે - કર્મ સાથે ઓતપ્રોત થઈ ગયો છે જેથી તેનું મૂળ સ્વરૂપ પ્રગટી શકતું નથી.

કર્મનું અસ્તિત્વ સતત બની રહે છે તેનું મૂળ કારણ કષાયો - ક્રોધ,

માન(અભિમાન), માયા(કપટ) અને લોભ છે. જીવ હંમેશાં આ કષાયોથી ધબકતો રહે છે. પરિણામે તે ચંચળ બને છે. આ ચંચળતાને કારણે તે યોગોમાં એટલે મન, વચન અને કાયાના યોગોમાં પ્રવૃત્ત થાય છે. બ્રહ્માંડમાં વ્યાપ્ત કર્મના પરમાણુઓને પોતાના પ્રતિ ખેંચનાર પ્રેરક બળ છે કષાયો; પણ તે ખેંચાઈ આવે છે આ ત્રણ યોગો દ્વારા. જો જીવ કષાયોથી આંદોલિત ન થતો હોત, કષાયોના પ્રભાવથી પર હોત તો તે ફક્ત સહજ યોગને આવશ્યક કર્મ-પરમાણુઓથી વધારે કર્મ-પરમાણુઓ ગ્રહણ ન કરત. બાકી સામાન્ય રીતે જીવ પ્રત્યેક સમયે-પળે થોકબંધ કર્મ-પરમાણુઓ ગ્રહણ કરે છે. યોગોનો વ્યાપ જેટલો મોટો તેટલા વધારે પ્રમાણમાં કર્મ-પરમાણુઓ જીવ તરફ ખેંચાઈ આવવાના અને જીવ તે ગ્રહણ કરવાનો, પણ આ કર્મ-પરમાણુઓ જીવ સાથે સજ્જડ રીતે ચોંટી જાય છે, કષાયોની ભીનાશ અને ચીકાશને કારણે. આમ, આપણે જ આપણાં કર્મોના સર્જક છીએ. યોગ દ્વારા કર્મના પરમાણુઓ ગ્રહણ કરીએ છીએ અને કષાયો દ્વારા આત્મસાત્ કરી દઈએ છીએ. કષાયો જનિત ચંચળતા કર્મ-પરમાણુઓના ગ્રહણનું દેખીતું કારણ છે પણ મૂળ પ્રેરકબળ કષાયો છે. જીવમાં જે રુચિ પડેલી છે, જીવનું જે વલણ છે, અભિગમ છે તે વળી કષાયોનું ઉગમસ્થાન છે. જો રુચિ સમ્યગ્ હોય તો ભાવોના ઉછાળા ઓછા અને જો રુચિ વિવેક વગરની હોય, મિથ્યા ભાવોમાં રાચનારી હોય, આત્મહિતના ભાન વગરની હોય તો કષાય જનિત ભાવોના ઉછાળા વધારે. ભાવના એક નાના કંપનથી પણ થોકબંધ કર્મ-પરમાણુઓ જીવ ગ્રહણ કરી લે છે તો પછી જીવ જ્યાં મિથ્યા ભાવથી વાસિત હોય ત્યાં તો ભાવના ઉછાળાઓને કંઈ સીમા જ હોતી નથી. ભાવોના અને એમાંય કષાય જનિત ભાવોના આટલા ઉછાળા હોય ત્યાં કર્મ-પરમાણુઓના ગ્રહણને પણ ક્યાંથી સીમા રહે?

જો જીવમાં પરિણામદર્શિની બુદ્ધિનું પ્રભુત્વ હોય, શ્રેય અને પ્રેયનો વિવેક હોય, શું મેળવવા જેવું છે અને શું છોડવા જેવું છે તે બાબત સ્પષ્ટ હોય તો તેના ભાવો સંયમમાં રહે છે અને પરિણામે તેની સકળ પ્રવૃત્તિઓ

મર્યાદામાં આવી જાય છે. જીવની પોતાની ભાવજગત પ્રતિની જાગરૂકતા, પ્રવૃત્તિ ઉપરનો સંયમ અને મન-વચન-કાયાના યોગોની અલ્પતા - આ બધાંનો કર્મના પરમાણુઓના ગ્રહણ ઉપર ઘણો પ્રભાવ પડે છે. સુરુચિ, કષાયથી અલ્પ રંજિત ભાવો, અલ્પ યોગો, વિવેકબુદ્ધિ અને પૂર્ણ જાગરુકતાવાળો જીવ બહુ ઓછા પ્રમાણમાં કર્મ બાંધે છે. અને જે બાંધે છે તે પણ મોટે ભાગે સુખદ હોય છે.

જો પારિભાષિક શબ્દોમાં કહીએ તો કર્મબંધના મુખ્ય હેતુઓ **મિથ્યાત્વ, અવિરતી, કષાય, યોગ** અને **પ્રમત્ત** અવસ્થા છે.

વળી જૈન ધર્મે ફક્ત પ્રવૃત્તિને કે કાર્યને કર્મબંધનું કારણ નથી માન્યું. આપણે કોઈ કાર્ય ન કરીએ પણ બીજા પાસે તે કરાવીએ તો પણ કર્મનો બંધ પડે જ. જેમ કોઈની હત્યા આપણે ન કરીએ પણ કોઈની પાસે કરાવીએ તો પણ કાયદો આપણને જવા ન દે તેવું કર્મની બાબતમાં છે. બંધની આ વાત આટલેથી અટકતી નથી. અરે, કોઈ કંઈ કરતું હોય તેમાં સૂર પુરાવીએ, તેની પ્રશંસા કરીએ તો પણ આપણા ઉપર કર્મનો બંધ પડે. આમ, કર્મ કે ક્રિયાનું કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણેય કર્મબંધનાં કારણો છે. માટે જ્ઞાની પુરુષોએ ખોટું કરવાથી, કરાવવાથી કે તેની અનુમોદના કરવાથી પણ દૂર રહેવા જણાવ્યું છે. જૈન ધર્મની આ વાત પણ વિશિષ્ટ છે.

કર્મવાદને યથાર્થ રીતે સમજવા માટે આપણે ઈશ્વરના સ્વરૂપ વિશે પણ વિચાર કરવો રહ્યો. જો આ બાબત આપણે સ્પષ્ટ ન હોઈએ તોપણ કર્મને સમજવામાં આપણે ભૂલ કરી બેસીએ કે ક્યાંક ભળતી ભ્રામક માન્યતાઓમાં ફસાઈ જઈએ. આ કારણથી પણ ઘણા લોકોની કર્મવાદમાંથી શ્રદ્ધા ઊઠી જાય છે.

જૈન કર્મવાદ અન્ય કર્મસિદ્ધાંતોથી અલગ પડી જાય છે અને પરિપૂર્ણ લાગે છે તેનું કારણ ભગવાન વિશેના તેના સ્પષ્ટ ખ્યાલો, તેની યથાર્થતા અને ક્ષમતા વિષેની પૂર્ણ સમજણ. જૈન દર્શને ભગવાનનો સ્વીકાર કર્યો છે. પણ તે વિશ્વના સર્જક તરીકે નહીં. જૈનમતે ભગવાન દર્શક છે. તે

સંસારમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે. જૈનમત પ્રમાણે આ સંસારનું શાસન કરનાર, સંચાલન કરનાર, સૃષ્ટિને બનાવનાર અને તેનો નાશ કરનાર કોઈ સત્તાનું અસ્તિત્વ નથી. દરેક જીવમાં-આત્મામાં ભગવાન બનવાની ક્ષમતા રહેલી છે. જેમને આપણે ભગવાન તરીકે માનીએ છીએ તેઓ પણ એક સમયે આપણા જેવા જ હતા પણ પ્રચંડ પુરુષાર્થ કરી, કર્મોનો વિચ્છેદ કરી તેઓ મુક્ત થઈ ગયા અને તે માટેનો માર્ગ બતાવતા ગયા. વળી, આ માર્ગ ઉપર તેઓ પોતે ચાલ્યા હતા તેથી આપણને પણ એ માર્ગ ઉપર ચાલવામાં વધારે વિશ્વાસ રહે છે. જૈનો ભગવાનનું પૂજન-અર્ચન-વંદન ઈત્યાદિ કરે છે પણ તે એટલા માટે નહીં કે ભગવાન કંઈ કૃપા કરી સંકટમાંથી તારી લેશે. ભગવાને તરવાનો-બચવાનો માર્ગ બતાવ્યો છે માટે તેના બહુમાન તરીકે તેની ભક્તિ કરવાની છે. જેથી આપણને તે માર્ગ ઉપર ચાલવાનું બળ મળી રહે અને તેની સતત સ્મૃતિ રહે.

આમ, જૈનદર્શન, અન્ય ધર્મો કરતાં ભગવાનના સ્વરૂપ વિશે તદ્દન જુદું પડી જાય છે અને તેથી પણ તેનો કર્મવાદ બધા કરતાં જુદો અને તર્કબદ્ધ રહે છે. અન્ય ધર્મોએ ભગવાનને, ગમે તેમ કરી શકવા સમર્થ, ગમે તે ન કરવા માટે પણ સમર્થ અને ગમે તો કોઈ અન્ય રીતે કરવા પણ સમર્થ ગણ્યો છે તેથી તેને કર્મસત્તાની ઉપર મૂકવો પડે છે. આવા ભગવાનની કૃપા થાય તો કર્મની સત્તામાં તે હસ્તક્ષેપ કરી શકે અને કર્મે ફટકારેલી સજામાં વધારો-ઘટાડો કરી શકે અને તે માફ પણ કરી શકે. જૈનદર્શનને આવા પ્રકારનો કોઈ ભગવાન સ્વીકાર્ય નથી અને તેથી કર્મવાદના તેના ચિંતનમાં ક્યાંય નબળી કડી રહેતી નથી. મજાની વાત તો એ છે કે જૈનદર્શને ભગવાન અને કર્મ બંનેને સાથે રાખ્યા છતાંય તેમની વચ્ચે ક્યાંય પરસ્પર વિરોધ રહેતો નથી; ઊલટાનું તેનું ચિંતન પરસ્પરને પુષ્ટ કરે છે. ભગવાનનું સ્વરૂપ અને કર્મની વ્યવસ્થા આ બંનેને યથાર્થ રીતે સમજવાથી સુખ-શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ વધારે સ્પષ્ટ અને સુરેખ થઈ જાય છે. આમ, મૂળથી જ જૈન દર્શનનો કર્મસિદ્ધાંત અલગ પડી જાય છે. અને ત્યાં જ એનું બળ છે. આ કારણથી તો જૈન

કર્મવાદની નિષ્પત્તિ પરિપૂર્ણ બની રહે છે.

આ જગત-વિશ્વ-સંસાર અનાદિ અને અનંત છે. તેની કોઈ આદિ નથી, તેનો કોઈ અંત નથી. તેનું સંચાલન કરનાર કોઈ વિશિષ્ટ વ્યક્તિ કે ઈશ્વર નથી. છતાંય કર્મના અસ્તિત્વથી આ સંસાર ચાલ્યા કરે છે અને ચાલશે. કર્મની વ્યવસ્થા સ્વયંસંચાલિત છે. કર્મની નોંધણી રાખનાર કોઈ ચિત્રગુપ્ત ઉપર બેઠો નથી અને કર્મના ચોપડા ઉકેલીને ન્યાય કરનાર કોઈ ધર્મરાજા પણ ઉપર બેઠા નથી. ચિત્રગુપ્તનો ચોપડો આપણી અંદર જ લખાય છે અને તેનો ન્યાય પણ આપણી અંદર જ થાય છે. હા, સરળતાથી સમજાવવા માટે આવી વાતો કરવામાં આવી છે એમ માની શકાય પણ તેમના શારીરિક અસ્તિત્વનો સ્વીકાર થઈ શકે તેમ નથી. જીવ-આત્મા પોતાના પુરુષાર્થથી કર્મની ચુંગાલમાંથી બહાર નીકળી જઈ શકે છે અને પોતાના સત્-ચિદ્ અને આનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે.

જીવ મુક્ત નથી. તેણે મુક્ત થવાનું છે. કર્મથી મુક્ત થતાં જ જીવ મુક્ત થઈ જાય છે અને તેનું શુદ્ધ-બુદ્ધ સ્વરૂપ પ્રગટે છે. સંસારના હાર્દમાં કર્મ રહેલું છે અને મોક્ષના હાર્દમાં કર્મનો સદંતર અભાવ રહેલો છે. કર્મમાત્ર દુઃખ છે અને કર્મ વિહીન અવસ્થા કેવળ સુખ-આનંદ છે. તેમાં જ સ્વરૂપ રમણતા છે.

સુખ મેળવવા, શાશ્વત સુખ પામવા આપણે કર્મનો સિદ્ધાંત સમજવો રહ્યો. કર્મની વ્યવસ્થા સમજીને જ આપણે તેનાથી બચી શકીએ. શત્રુની તાકાત સમજીએ તો જ તેનો મુકાબલો થઈ શકે. ધર્મો કહે છે માટે આપણે સદ્કર્મો કરવાં એટલી વાત નથી. ધર્મો આમ કેમ કહે છે તે સમજીએ. કારણ કે તેની પાછળ સબળ કારણો છે - વિજ્ઞાન છે. આલોકમાં અને પરલોકમાં સુખી થવા માટે પણ આપણે કર્મને સમજવાં પડશે.

આમ, આપણે અહીં જે કર્મસિદ્ધાંતને આધારે કર્મની વ્યવસ્થાનો વિચાર કરી રહ્યા છીએ તે જગતમાં સૌથી ભિન્ન છે અને વિશિષ્ટ છે. વળી તે સંપૂર્ણ વૈજ્ઞાનિક પણ ઠરે છે.

-----

## ૫. કર્મબંધનું કમ્પ્યૂટર

કર્મની વ્યવસ્થા ખૂબ ગહન અને સચોટ છે. એમાં કયાંય અપવાદ નથી. કર્મની નોંધણી આપણી બહાર થતી નથી અને તેના ભોગવટા માટે કોઈના હુકમની રાહ જોવાતી નથી હોતી. કર્મની સમગ્ર વ્યવસ્થા સ્વયંસંચાલિત છે. તેને કોઈ મોટા કમ્પ્યૂટરની રચના સાથે સરખાવી શકાય. કમ્પ્યૂટર તેને આપેલા કમાન્ડ-આદેશો પ્રમાણે ચોકસાઈથી કામ કર્યા કરે છે તેમ કર્મની બાબતમાં પણ છે. કમ્પ્યૂટર નિર્જીવ છે તેથી તેને પ્રથમ આપણે ડેટા-વિગતો આપવી પડે છે પછી તે વિગતો અનુસાર પોતાનું કાર્ય કર્યા કરે છે. લગભગ તેવી જ વ્યવસ્થા આપણી અંદર ગોઠવાયેલી છે. આપણી ચેતનામાં પળે પળે રાગ-દ્વેષના ભાવો જે ઉછાળા મારે છે અને તેના પ્રેર્યા આપણે મન, વચન અને કાયાની પ્રવૃતિ કરીએ છીએ. આ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને લીધે આપણી અંદર પ્રત્યેક પળે ડેટા ફીડ થતો રહે છે- વિગતો ઊતરતી રહે છે જેની આપોઆપ નોંધ થતી જાય છે. આ નોંધ જયાં થઈ જાય છે તેને કર્મદેહ કે કાર્મણ શરીર તરીકે ઓળખવામાં આવે છે.

કાર્મણદેહ અતિ-અતિ સૂક્ષ્મ પરમાણુઓનો બનેલો હોય છે અને ભવોભવ તે જીવની સાથે જાય છે - રહે છે. આ કાર્મણ શરીર, જીવ સાથે ઓતપ્રોત થઈને રહેલું હોય છે અને તેમાં જ કર્મની વિગતો નોંધાય છે અને તેમાંથી આવતા આદેશો મુજબ જીવ પોતાની ગતિ-વિધિ કરે છે. આ આદેશોનું પાલન કરતાં-કરતાં વળી પાછો જીવ જે ભાવો સેવે છે, જે ક્રિયા-પ્રતિક્રિયા કરે છે તેનાથી વળી કર્મદિહમાં નવો ડેટા-નવી વિગતો ફીડ થાય છે અને આમ ને આમ કર્મનું ચક્ર નિરંતર ભવોભવ ચાલ્યા કરે છે. જ્યારે ચૈતન્ય જાગી ઊઠે છે અને કર્મશરીરમાં સંગ્રહીત થયેલી બધી માહિતી કાઢી નાખે છે - ખાલી થઇ જાય છે પછી જ

જીવ જન્મ-મરણના ફેરામાંથી મુકત થઈ જાય છે. ત્યાર પછી તે કૃતકૃત્ય થઈ જાય છે અને તેને કંઈ મેળવવાપણું રહેતું નથી. ત્યાર પછી તો પોતાના અસ્તિત્વમાં વિરમે છે જે પરમ આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે. આ અવસ્થાને તત્ત્વવેતાઓ સદ્-ચિદ્ અને આનંદની અવસ્થા કહે છે.

આપણી વૃતિઓ, પ્રવૃતિઓ, આપણી રુચિ અને આંતરિક વલણ એ બધાંને કારણે બ્રહ્માંડમાં વ્યાપ્ત કર્મ-પરમાણુઓ ખેંચાઈને આપણા જીવ સાથે ઓતપ્રોત થઈ જાય છે જેને કર્મબંધ કહેવામાં આવે છે. કર્મનો બંધ થવામાં પ્રવૃત્તિ કરતાં વૃત્તિ-ભાવ વધારે મહત્ત્વનો ભાગ ભજવે છે. મન-વચન અને કાયાની પ્રવૃત્તિને યોગ કહે છે જેને કારણે કર્મ બનવાની ક્ષમતાવાળા પરમાણુઓ જીવ પોતાની તરફ ખેંચી લે છે અને ભાવની તીવ્રતા પ્રમાણે તેને આત્મસાત્ કરી દે છે.

જે વૃત્તિઓને કારણે જીવ પ્રવૃત્તિ કરે છે તે વૃત્તિઓને કષાયો અને નોકષાયોના નામથી ઓળખવામાં આવે છે. કષાયો અને નોકષાયો જીવનું ભાવજગત છે. ક્રોધ, અભિમાન, માયા-કપટ, લોભ-મોહ એ મૂળ ભાવો છે અને તેના સહાયક ભાવો છે હાસ્ય, રતિ-ગમો, અરતિ-અણગમો, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ અને ઉભયનો વેદ એટલે નપુંસક વેદ. આ બધા મૂળ ભાવો અને ઉત્તર ભાવોને કારણે આપણામાં વિચાર આવે છે અને તે પ્રમાણે આપણે ક્રિયા કે પ્રતિક્રિયા કરીએ છીએ જે મન-વચન અને કાયા દ્વારા થાય છે. મન-વચન અને કાયાની પ્રવૃત્તિને યોગ કહેવામાં આવે છે. આ યોગને કારણે કર્મ બનવાની યોગ્યતાવાળા પરમાણુઓ જીવ પોતાની તરફ ખેંચીને પોતાની સાથે ભેળવી દે છે. પણ કેટલા વેગથી અને રસથી કેટલા પ્રમાણમાં જીવે આ કર્મ-પરમાણુઓ ગ્રહણ કર્યા તેના આધારે કર્મના વિવિધ બંધો પડે છે અને તેની વ્યવસ્થા ગોઠવાય છે.

આપણી અંદર પ્રવર્તમાન કર્મદેહનું કમ્પ્યૂટર એટલું તો સંપૂર્ણ અને કાર્યદક્ષ છે કે જેવો જીવને કર્મનો બંધ પડ્યો કે તુરત જ તેનું વિભાગીકરણ થઈ જાય છે કે આ કર્મ કેવા પ્રકારનું છે અને તે કેવું

પરિણામ આપશે. આને **પ્રકૃતિબંધ** કહે છે જેને આઠ પ્રકારનો ગણવામાં આવે છે. કેટલાંક કર્મો જીવની જ્ઞાનદશાને આવરી લે છે તો કેટલાંક તેની દર્શનશક્તિને આવરે છે. કેટલાંક કર્મ જીવને મોહાંધ બનાવી ભ્રમમાં નાખનાર હોય છે જેને પરિણામે જીવને જે ઈષ્ટ છે તે અનિષ્ટ લાગે; અને જે અનિષ્ટ છે તે ઈષ્ટ લાગે. આ પ્રકારના કર્મથી જીવ ભ્રામક માન્યતા સેવે છે. વળી, આ પ્રકારનું બીજું જોડિયું કર્મ છે, જે જીવને યથાયોગ્ય પ્રવૃત્તિ કરવા દેતું નથી. તેની અસર હેઠળ જીવ કરવા યોગ્ય નથી કરતો. ઘણી વાર તેની માન્યતા સાચી હોય, વાત સાચી કરતો હોય પણ તે પ્રમાણે આચરણ ન કરી શકે. આ પ્રકારનું કર્મ મનુષ્યની કાર્યશકિતને રોકે અથવા તો વિપરીત આચરણ કરાવે. અમુક પ્રકારનાં કર્મોથી મનુષ્યને સુખ-શાંતિનો અનુભવ થાય છે તો વળી અમુક પ્રકારનાં કર્મોના પ્રભાવ હેઠળ જીવને અશાંતિ, દુઃખ અને વેદનાનો અનુભવ થાય છે. જીવ પોતાના જ કર્મના બંધથી હવે પછી તેનો જન્મ કઈ ગતિમાં થશે તે નક્કી કરે છે અને તે ગતિમાં આયુષ્યના કેટલા પરમાણુઓનો જથ્થો ભોગવશે તે પણ નક્કી કરી નાખે છે. હવે પછીના ભવમાં જીવ, પશુ, દેવ કે નારકીનું આયુષ્ય ભોગવશે તે વાત પણ જીવનાં કર્મોથી જ નક્કી થાય છે.

આમ, જીવની ગતિ તેના પોતાના કર્મને આધીન છે એટલું જ નહીં પણ તેનો દેખાવ કેવો હશે, તે સુંદર, સોહામણો દેહ ધારણ કરશે કે કદરૂપો-બેડોળ દેહ ધારણ કરશે તેનો આધાર પણ પોતાનાં કર્મ ઉપર રહે છે. જીવને યથા-તથા ભવમાં ઇન્દ્રિયો સાંગોપાંગ મળશે કે ખોડખાંપણવાળી મળશે, તે બુદ્ધિશાળી થશે કે ઠોઠ-ગમાર રહેશે, તેનો કેવો પ્રભાવ પડશે, કીર્તિ કે અપકીર્તિ મળશે આ બધાંને આધાર જીવે પોતે બાંધેલાં કર્મોને આધીન છે. અરે, તે ઉચ્ચ કુળમાં જન્મશે કે નીચ કુળમાં જન્મશે, જન્મની સાથે તેને સારા અને અનુકૂળ સંજોગો મળશે કે પ્રતિકૂળ વાતાવરણ મળશે એ બધાનો આધાર પણ જીવે પોતે બાંધેલાં કર્મો ઉપર છે.

એક વિશિષ્ટ પ્રકારનું કર્મ પણ જીવ બાંધે છે જે તેના જીવનમાં અંતરાયો ઊભા કરે છે. કેટલોય પુરુષાર્થ કરવા છતાંય ખાસ કંઈ મળે નહિ, તો વળી કોઈને સહેજમાં સુખનાં સાધનો-સગવડો-સંપત્તિ મળે પણ તેનાથી મળતું સુખ તેનાથી ભોગવાય નહીં. ભર્યાભંડારો હોય પણ તે ભોગવવા જેટલી તબિયત જ સારી ન હોય, ભાતભાતનાં ભોજન ઘરમાં થતાં હોય પણ પોતાને તો રોટલા અને ઘેંશ જ પચે. તો વળી કેટલાક જીવોને એવું કર્મ હોય છે કે ભોગવે બધું પણ માલિકી પોતાની નહીં. અદ્યતન બંગલો, વાડી ઇત્યાદિની સંભાળ રાખનાર મૅનેજર હોય, નોકરચાકર હોય, શેઠ ન ભોગવે એટલું તે ભોગવે પણ કોઈ વસ્તુનો માલિક નહિ. શેઠ વીફરે તો ઘડીના છઠ્ઠા ભાગમાં કાઢી મૂકે. આવું પણ કર્મ હોય છે. સુંદર-સુશીલ પત્ની મેળવવી તે પણ કર્મને આધીન છે તો એવી પત્નીને ભોગવવી, તે માટેની શક્તિ હોવી, સંજોગો હોવા તે પણ કર્મને આધીન છે. ઘણી વાર એવું બને કે બધી મોટી વાતે જીવ સુખી હોય પણ નાની નાની વાતે તે દુઃખી રહ્યા કરે અને મન અશાંત રહ્યા કરે કે જીવ જાણે બળ્યા કરે. તો બીજી બાજુ કેટલાક માણસોએ એવું કર્મ બાંધ્યુ હોય છે કે સુખ-સંપત્તિનાં સાધનો પાસે ન હોય, આમ જોઈએ તો અગવડોનો કે ઉપાધિઓનો પાર ન હોય પણ તેને કોઠે શાંતિ હોય, ટાઢક હોય. આ બધી કર્મની લીલા છે.

સંપત્તિની છોળો ઊડતી હોય પણ કોઈને આપવા માટે હાથ લાંબો થાય જ નહિ અને વળી કદી એવી ઇચ્છા થાય તો કોઈ લેનાર પણ ન મળે. તો બીજી બાજુ એવું પણ કર્મ છે કે આપનાર આપવા તૈયાર છે પણ એવા સંજોગો ઓચિંતા ઉપસ્થિત થાય કે લેનાર જઈ શકે નહિ કે આપનારને એવું કંઈ કામ આવી પડે કે તેને બહાર જવું પડે. કોઈ ઠેર ઠેર હાથ લંબાવીને માગ્યા કરે પણ બધેથી લંબાવેલો હાથ ખાલી ને ખાલી પાછો ફરે અને મળે તો માંડ ઓછું-અદકું મળે. તો વળી કોઈકે માગ્યું નથી અને ધનના કે વસ્તુના ઢગલા થઈ જાય. માન્યામાં નહીં આવે. પણ આ બધું કર્મને આધીન છે. ગત જન્મોમાં આપણે ક્યાંક

એવાં કર્મો બાંધ્યાં છે કે જે ઉદયમાં આવતાં આપણે તે યથા-તથા ભોગવ્યા વિના છૂટકો નથી.

ઘણી વાર એમ સાંભળવામાં આવે છે કે નાનું બાળક કોઈ મોટા અસાધ્ય રોગનો ભોગ બન્યું હોય છે. કોઈ સારો માણસ આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાતો હોય તો કોઈ અનાચારી, લુચ્ચો માણસ લહેર કરતો હોય છે. આવું જોઈને કે સાંભળીને આપણને પ્રશ્ન થાય કે આમ કેમ બને? આવી વાતથી ઘણી વાર માણસોને કર્મ ઉપરથી શ્રદ્ધા ઊઠી જાય છે. પણ એક સામાન્ય ગેરસમજને કારણે આપણે આ સંજોગોને મૂલવવામાં ભૂલ કરી બેસીએ છીએ. આપણે આવા સમયે મનુષ્યના વર્તમાનને જોઈને વિચાર કરીએ છીએ તેથી આ ભૂલ થાય છે. વર્તમાન જીવનના પડદા પાછળ હજારો-લાખો જન્મોના ઈતિહાસ પડ્યો છે. જે આપણી નજર બહાર રહે છે. આ જન્મો દરમિયાન જીવે કેટલાંય કર્મો બાંધ્યાં હોય છે તે અત્યારે ઉદયમાં આવ્યાં હોય છે. કર્મની વ્યવસ્થા ન સમજવાને કારણે, તેના નિયમોથી અજાણ હોવાને કારણે, માણસો આ જન્મનાં કે આ કાળનાં કર્મોને નજરમાં રાખીને અભિપ્રાય આપે છે કે તારણ કાઢે છે ત્યારે તે મૂંઝાય છે અને તેને કર્મ સાથે ખાસ મેળ બેસતો હોય તેમ લાગતું નથી. આપણે એક વાત બરોબર સમજી લઈએ કે કર્મ એ મહાસત્તા છે જેના કાળની સીમાઓ હજારો અને લાખો જન્મો સુધી ફેલાયેલી છે.

આમ આપણે જે પ્રકારના કર્મબંધોની વાત કરી તેને **પ્રકૃતિ-બંધ**ના શબ્દથી ઓળખવામાં આવે છે અને તેનું વિભાગીકરણ કરી બતાવનાર પારિભાષિક શબ્દો છે : (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર અને (૮) અંતરાય.

જીવ કેવા પ્રકારે કર્મ ભોગવશે તે પ્રકૃતિબંધથી નક્કી થાય છે. અને તેને માટે જીવનાં મન, વચન અને કાયાના યોગો વધારે જવાબદાર હોય છે. વળી, આગળ આપણે ચર્ચા કરી ગયા હતા કે કર્મબંધ વખતે જીવ

કર્મના પરમાણુઓ - સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ રજને ગ્રહણ કરે છે. જીવ જેટલા જથ્થામાં આ અતિ સૂક્ષ્મ રજ ગ્રહણ કરે છે તેને શાસ્ત્રીય ભાષામાં **પ્રદેશબંધ** કહે છે. પ્રકૃતિબંધની જેમ જ આ પ્રદેશબંધનો આધાર પણ મોટે ભાગે જીવના પોતાનાં મન-વચન અને કાયાના યોગો ઉપર રહેલો હોય છે. પણ આ કર્મ જીવની સાથે કેટલો સમય રહેશે તેની મુદતનો આધાર જીવના કર્મબંધ સમયના જે-તે ભવો સાથે સંકળાયેલો હોય છે. વળી, સૌથી મહત્ત્વની વાત છે કે જીવ બાંધેલા કર્મને કેટલી તીક્ષ્ણતાથી કે તીવ્રતાથી ભોગવશે? તે પણ મુખ્યત્વે જીવની કર્મબંધ સમયની વૃત્તિઓ, રુચિ, અરુચિ ઈત્યાદિ ઉપર અવલંબે છે. જેટલા તીવ્ર રસથી જીવનો ભાવ કે દુર્ભાવ હોય કે સદ્ભાવ હોય એટલી તીવ્રતાથી કે તીક્ષ્ણતાથી જીવને કર્મ ઉદયમાં આવે ત્યારે ભોગવવું પડે છે. કર્મ જીવની સાથે કેટલી મુદત-સમય સુધી રહેશે તેને **સ્થિતિબંધ** કહે છે અને જીવ કેટલી તીવ્રતાથી કર્મ ભોગવશે તે બંધને **રસબંધ** કહે છે. આમ, **કર્મના પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને રસબંધ એમ ચાર પ્રકારે બંધ** છે અને આ સમગ્ર વ્યવસ્થા બંધ પડતાંની સાથે કર્મ-કમ્પ્યૂટરમાં આપોઆપ થઈ જાય છે અને તે કાર્યરત બની જાય છે.

-----

## ૬. કર્મના ઉદયનો સમય અને સ્વરૂપ

કર્મ-વ્યવસ્થા બહુ ગહન છે, પણ છે પરિપૂર્ણ. જો આપણે તેનાથી અજાણ હોઈએ તો તે જટિલ લાગ્યા વિના રહે નહીં. જ્યારે વ્યવહાર-જગત સાથે કર્મના સિદ્ધાંતનો મેળ ન લાગે ત્યારે ઘણી વાર લોકોને કર્મની ન્યાયપરાયણતા વિશે શંકા થાય છે અને તેને પરિણામે કર્મના સિદ્ધાંતમાંથી શ્રદ્ધા ઊઠી જાય છે. તેમાં દોષ કર્મની વ્યવસ્થાનો નથી પણ દોષ છે કર્મ-સિદ્ધાંતની અપૂર્ણ જાણકારીનો.

ઘણી વાર આપણે ધર્મીને ત્યાં ધાડ પડતી જોઈએ અને તેનાં દુઃખનો પાર ન હોય. કોઈ બાળક જન્મથી જ અપંગ કે ખોડખાંપણવાળું જોવામાં આવે કે કોઈને ભરયુવાનીમાં મહારોગનો ભોગ થતો જોઈએ કે કોઈ કિશોરકન્યાને વૈધવ્ય ભોગવતી જોઈએ ત્યારે આપણું હૃદય કકળી ઊઠે છે. જે લોકો ઈશ્વરને સર્વ કંઈ ગણે છે તેવા લોકોની પણ ઘણી વાર ઈશ્વરમાંથી શ્રદ્ધા ડગી જાય છે અથવા તો - ભગવાનની ગતિનો પાર કોણ પામી શકે! - એવી અસહાય પરિસ્થિતિને આધીન થઈને મૂંઝાઈ જાય છે. એમાંય વળી જ્યારે દુરાચારી, અનીતિમાન, લુચ્ચા, લફંગાઓ અને ક્રૂર, ઘાતકી માણસોનો દુનિયામાં જયજયકાર વર્તાય છે ત્યારે તો લોકોને કર્મ-વ્યવસ્થાની તટસ્થતા કે ન્યાયબુદ્ધિ ઉપરથી વિશ્વાસ હઠી જાય છે.

આપણે મૂળમાંથી જ વાતને અવળી પકડી હોય છે તેનું આ પરિણામ છે. જો લોકો તત્ત્વના ઊંડાણમાં જાય અને કર્મનો સિદ્ધાંત સમજે તો આમ બને નહીં; ઊલટાનો તેમનો કર્મ-સિદ્ધાંત ઉપરનો વિશ્વાસ વધી જાય અને પરિણામે તેઓ સારું અને ઉમદા જીવન જીવતા થઈ જાય.

કર્મના સિદ્ધાંત અંગે આપણે સૌ પહેલાં એ જાણી લેવાની જરૂર છે

કે **બાંધેલાં કર્મો**, સારાં હોય કે નરસાં હોય, **અમુક અપવાદ સિવાય જવલ્લેજ તેના તે ભવમાં ઉદયમાં આવે છે** અને તેની અસર દેખાડે છે. કર્મની મુદત લાખો અને કરોડો વર્ષની હોય છે. અને તે ક્યારે ઉદયમાં આવશે તે આપણે જાણી શકતા નથી. વળી, આજે જે કર્મો બાંધ્યાં હોય તે બધાં એક સાથે અમુક સમય પછી ઉદયમાં આવે તેમ પણ નથી કારણ કે દરેક **કર્મને ઉદયમાં આવવા માટે જુદા જુદા સંજોગોની અપેક્ષા** રહે છે. જોકે એનો એવો અર્થ નથી કે બધું અનિશ્ચિત છે. કર્મમાં બધું ધારાધોરણ પ્રમાણે થાય છે પણ તે સંપૂર્ણપણે જાણવા માટે આપણી ક્ષમતાને મર્યાદા છે. મહાજ્ઞાની કે સંત-મહાત્માઓ કદાચ તેનો ઈશારો પામી શકે. આમ જોઈએ તો આઠેય પ્રકારનાં કર્મોનો ઉદય હંમેશાં આપણામાં પ્રવર્તમાન હોય છે; પણ **જે કર્મો ઉદયમાં હોય છે તે બધાંય એક જન્મમાં કે એક સાથે બાંધેલાં હોતાં નથી.** કેટલાંક કર્મોને ઉદયમાં આવતાં ભવોના ભવ નીકળી જાય છે અને કેટલાંક થોડાં વર્ષોમાં જ તેની અસર દેખાડે છે. એની પાછળ ચોક્કસ ગણિત છે. જેની ચર્ચા અત્રે અસ્થાને છે.

કર્મ કેવા રસથી, કેવી તીવ્રતાથી, કયા ભાવથી બાંધ્યું છે એના ઉપર તેની ઉદયમાં આવવાની અવધિનો આધાર છે. સામાન્ય રીતે આજે બાંધેલાં કર્મને ઉદયમાં આવવા માટે ઓછામાં ઓછાં સેંકડો વર્ષો લાગે (જૂજ અપવાદ સિવાય) જ્યારે વધારેમાં વધારે કાળ તો લાખો વર્ષ સુધી લંબાઈ શકે છે. કર્મને ભોગવવાની તીવ્રતામાં પણ ઘણી તરતમતા રહેલી હોય છે. કર્મનો બંધ જેવો પડે કે તુરત જ કર્મની કમ્પ્યૂટર વ્યવસ્થામાં યથાયોગ્ય વિભાગીકરણ થઈ જાય છે અને કયું કર્મ ક્યારે ઉદયમાં આવશે, તે વખતે તેનું જોસ કેટલું હશે, તેનો પરિપાક કેવો હશે, તેનું વેદન કેવું અને કેટલું હશે તે બધું નક્કી થઈ જાય છે. દરેક જીવ સાથે જ રહેલા કર્મશરીરમાં આ બધી વિગતો અને આદેશો નોંધાઈ જાય છે.

જેના ઉપર આજનું વિજ્ઞાન ગર્વ લઈ શકે છે તે શોધ છે જિનની-

આનુવંશિક સંસ્કારો ધરાવતા બીજ ઘટકની. માણસનો દેખાવ, સ્વભાવ, રોગ, ચાતુરી ઈત્યાદિ કેટલીય બાબતોનો આધાર આ જિન ઉપર રહે છે. પણ આ જિનની રચના કોને આધારે થાય છે અને એક જ મા-બાપનાં અનેક સંતાનોમાં અમુક જ સંતાન ઉપર સારી અસર વર્તાય છે અને અમુક ઉપર નરસી અસર વર્તાય છે તેના માટે કયાં પરિબળો જવાબદાર છે તે વાત હજી જેનેટિક એન્જિનિયરિંગ સ્પષ્ટ કરી શકતું નથી. છતાંય જેનેટિક એન્જિનિયરિંગની વિજ્ઞાન શાખાનો વિકાસ કર્મવ્યવસ્થાની દિશામાં છે. એક જિનમાં લાખો સૂક્ષ્મ આદેશો પડેલા હોય છે તે વાત તો વિજ્ઞાને માન્ય રાખી છે. આ વિગતોના આધારે મનુષ્યના ગુણસૂત્રો અને સંસ્કારસૂત્રોની રચના થાય છે. તો પછી કર્મશરીરમાં કાર્માણદેહમાં કરોડો આદેશો સંગ્રહાયેલા પડયા હોય છે એ વાત માનવામાં કંઈ વાંધો આવે ખરો?

જૈન ગ્રંથોમાં દ્રવ્ય-પદાર્થ અને તેની શક્તિ વિષે જે વિચાર કરવામાં આવ્યો છે તેને વિજ્ઞાનના અદ્યતન શોધોથી પુષ્ટિ મળી છે. હજારો વર્ષ પહેલાં જૈન તત્ત્વવેત્તાઓએ એ વાત કરેલી કે પદાર્થમાં અનર્ગળ શક્તિ છે જે આજે અણુશસ્ત્રોનો આવિર્ભાવ થતાં પુરવાર થયું. જીવ વિચાર અંગે જૈન આગમોએ જે સૂક્ષ્મ વિચાર કર્યો છે તેનો અંશ પામીને આજનું વિજ્ઞાન હવે વાઈરસ યુદ્ધોની વાતો કરવા લાગ્યું છે. આમ, જેનેટિક એન્જિનિયરિંગ કર્મની સ્વયંસંચાલિત વ્યવસ્થાના ટેકામાં ઊભું રહે છે.

વળી એ પણ સમજવા જેવી વાત છે કે આજે જે કર્મો બાંધ્યાં તે અમુક વર્ષો પછી એક સાથે જ ઉદયમાં આવે તેમ પણ નહીં. આઠે પ્રકૃતિનાં કર્મો આપણે ક્ષણે ક્ષણે ભોગવીએ છીએ અને પ્રતિપળ આયુષ્ય સિવાયનાં સાત કર્મો બાંધીએ છીએ. કોઈ એક જ પ્રકૃતિનાં કર્મનો ઉદય પ્રવર્તતો હોય એવું પણ ન બને. કર્મોની પ્રકૃતિનું વિભાગીકરણ સમજાણની સગવડ માટે વધારે છે પણ કર્મના બંધમાં કે ઉદયમાં આઠેય પ્રકારનાં કર્મોની ક્રમબદ્ધતા હોતી નથી. એક સાથે આઠેય

પ્રકારનાં કર્મો ઉદયમાં આવવા આગળ આવે છે. આ આઠેય પ્રકારનાં કર્મો જુદી જુદી તીવ્રતાથી અને રસથી બંધાયાં હોય છે, તેથી તેના ભોગવટામાં પણ તરતમતા રહે છે. કોઈ કર્મનું વેદન વધારે હોય તો કોઈ કર્મના વેદનની માત્રા ઓછી હોય.

આઠેય પ્રકૃતિનાં કર્મોનો ઉદય ગંગાના વિશાળ પટની જેમ એક સાથે નજરે પડે છે. પણ આ વિશાળ પટનું સ્વરૂપ પ્રાપ્ત કરતાં પહેલાં ગંગામાં અનેક નાનાંમોટાં ઝરણાંઓ ભળી ગયાં હોય છે; તેવી રીતે જે કર્મો ઉદયમાં આવે છે તેમાં કોઈ હજારો વર્ષ પહેલાં બંધાયું હોય તો કોઈ સેંકડો વર્ષ પહેલાં. વળી કોઈ કર્મ તીવ્ર રસથી બંધાયેલું હોય છે તો કોઈ સામાન્ય હળવા ભાવથી બંધાયેલું હોય છે અને તેથી બધાં કર્મોના વેદનમાં પણ તરતમતા-વત્તાઓછાપણું રહે છે. વળી આઠેય પ્રકારનાં કર્મોનો ઉદય એક સાથે પ્રવર્તતો હોય છે તેથી જે કર્મનું વેદન તીવ્ર અને વધારે તેની જ પ્રધાનતા રહે અને અલ્પ વેદનવાળાં કર્મો ગૌણ બનીને પાછળ પડી જાય કે પ્રધાનકર્મની અસરમાં તણાઈ જાય. મોટા માણસની હાજરીમાં નાના માણસની હાજરીની નોંધ ન લેવાય કે તેનો ભાવ ન પુછાય પણ તેથી કંઈ નાના માણસની હાજરીનો અભાવ થઈ જતો નથી. આ ઉપરથી એક વાત સમજી લેવા જેવી છે કે તીવ્ર પુણ્યકર્મોનો ઉદય પ્રવર્તતો હોય તો સામાન્ય પાપકર્મોનો ઉદય તેની સાથે ઘસડાઈ જાય અને તેની ખાસ અસર ન વર્તાય. એવું જ પાપકર્મના તીવ્ર ઉદયમાં પણ બને કે સામાન્ય પુણ્યકર્મની અસર ખાસ ન વર્તાય.

કર્મની બાબતમાં જે મહત્ત્વની ગેરસમજો છે એમાં એક છે કર્મના ઉદયમાં આવવાના કાળની-સમયમર્યાદાની જેને વિષે આપણે ચર્ચા કરી. એવી જ બીજી મોટી ગેરસમજ કર્મના બંધ અને ઉદયના સ્વરૂપ વિશે છે. **જીવે જે સ્વરૂપે કર્મો બાંધ્યા હોય છે તેજ સ્વરૂપે કર્મો ભાગ્યે જ ઉદયમાં આવે છે.** કારણ કે કર્મના બંધ ઉપર વર્તમાનનાં સતત બંધાતા અને ભોગવાતાં કર્મોનાં પ્રભાવ પડે છે જેને પરિણામે અગાઉ બંધાયેલાં કર્મોમાં સતત ફેરફાર થયા કરે છે. અમુક અપવાદ જેવા કે

ખૂબ તીવ્ર રસથી બાંધેલાં ગાઢ કર્મ અને ઉદયાવલિકામાં પ્રવેશેલાં કર્મ સિવાય, બાકી બધાં કર્મોમાં ફેરફારનો અવકાશ છે.

આ ફેરફાર બન્ને દિશામાં થઈ શકે છે. સુખ-શાંતિ આપનારાં કર્મો ધીમે ધીમે દુઃખ અને અશાંતિ આપનારાં કર્મો બની જાય. એ જ રીતે અશાંતિ આપવા નિર્માણ થયેલું કર્મ, શાન્તિ આપનાર કર્મ સાથે ભળી જાય અને પોતાની અસર ગુમાવી બેસે. એવી જ રીતે કર્મને કારણે આપણે તીવ્ર વેદના-શારીરિક કે માનસિક-ભોગવવાની હોય તે ઉદયમાં આવે ત્યારે અલ્પ વેદના આપનારું પણ નીવડે. જે કર્મની અલ્પ અસર થવાની હોય તેની ઉદયકાળે ખૂબ વધારે અને પ્રગાઢ અસર પણ પ્રવર્તે.

**કર્મ જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધી સત્તામાં રહેલું કહેવાય છે** અને એવાં કર્મો ઉપર સારા શુભ ભાવો, સારાં કાર્યો, શુદ્ધ ભાવથી કરાતો ધર્મ, જ્ઞાનની આરાધના, એક ચિત્તથી કરાતું ધ્યાન, દેવદર્શન, દયા, દાન, અનુકંપા, જપ-તપ સૌની અસર પડે છે. તેથી તો દરેક ધર્મમાં વિવિધ અનુષ્ઠાનોનું આયોજન ધર્મપુરુષોએ કર્યું છે. પણ એમાં ભાવ બહુ મહત્ત્વનો છે એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. જ્યારે સામાન્ય આચાર-વિચાર કે ધર્મનાં અનુષ્ઠાનોમાં ભાવની ખામી દેખાય છે. ભાવમાં તાકાત છે એટલી ક્રિયામાં નથી. આજે જે ધર્મક્રિયાઓ થાય છે તે મોટે ભાગે ભાવશૂન્ય કે અલ્પભાવથી થાય છે તેથી તેનો લાભ ઘણો ઓછો મળે છે. **બાંધેલાં કર્મોમાં પરિવર્તન લાવવા માટે ધ્યાન ખૂબ અસરકારક છે પણ તે ધર્મધ્યાન હોવું જોઈએ, નહીં કે અત્યારનાં પ્રચલિત ભૌતિક ધ્યાનો.**

આમ, કર્મ વિષે પ્રવર્તતી આ બે મોટી **ગેરસમજો દૂર થઈ જાય તો પછી કર્મની વ્યવસ્થામાં કંઈ ગરબડ નહીં લાગે અને પુરુષાર્થ કરવા માટે આપણને યોગ્ય દિશા મળી રહેશે.**

-----

# ૭. મૃત્યુ અને જન્મની ગહન વાતો

સંસારમાં એક મોટી ગેરસમજ મૃત્યુ બાબતે પ્રવર્તે છે. લોકોને ઘણીય વાર આપણે એમ બોલતાં સાંભળીએ છીએ કે છઠ્ઠની સાતમ થવાની નથી. જાણે મૃત્યુની ઘડી અને પળ નિશ્ચિત હોય. એમાંય જ્યારે જૈનો આવી વાત કરે છે ત્યારે વધારે નવાઈ લાગે છે. અન્ય ધર્મીઓ કદાચ આવી વાત કરે કે માન્યતા ધરાવે તે તો કંઈક સમજી શકાય તેવું છે પણ તે વાજબી વાત નથી. જગતમાં એવી બે જ તત્ત્વધારાઓ છે કે જેણે વિશ્વના કર્તા, ભર્તા અને સંહર્તા તરીકે કોઈ પ્રકારે ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકાર્યું નથી. જે ધર્મોએ ઈશ્વરના આવા અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે તેમને માટે તો વાત સરળ થઈ જાય છે. કારણ કે જશનો કે અપજશનો ટોપલો ઈશ્વરને હવાલે કરી દેવાય. વળી ઈશ્વરે આમ કેમ કર્યું તેનો પણ કંઈ ઊત્તર આપવાની જરૂર રહેતી નથી. તેઓ સરળતાથી કહી દેશે : ઈશ્વરની ગતિ ગહન છે. પામર જીવ તેનો પાર ન પામી શકે. **વાસ્તવિકતામાં મૃત્યુનાં વાર, તારીખ કે ઘડીપળ નિશ્ચિત નથી હોતાં પણ મૃત્યુ વિષેની આવી ભૂલભરેલી માન્યતાઓને કારણે ઘણીવાર લોકો મૃત્યુને નોંતરી બેસે છે.**

યાત્રાએ જનારા ઘણા લોકો એમ જ માને છે કે ભગવાનના દર્શને જઈએ છીએ એટલે ભગવાન જ આપણી રક્ષા કરશે. આ માન્યતાને લીધે ઘણી વાર બેફામ રીતે વાહનો હંકારવામાં આવે છે અને વેળા-કવેળાનો ખ્યાલ રાખ્યા વગર લોકો યાત્રા માટે નીકળી પડે છે. સૌ જાણે છે કે યાત્રાએ જતાં કે પાછા વળતાં પણ ઘણા અકસ્માતો થયેલા છે અને માણસો તેમાં મરેલા છે. મૃત્યુ વિષેની ખોટી માન્યતાને લીધે એવી જ બીજી એક બેપરવાઈ માણસના આહાર-વિહારમાં જોવામાં આવે છે. સ્વાસ્થ્યનાં બધાં નીતિ-નિયમોને કોરાણે મૂકીને લોકો મિથ્યા

આહાર-વિહાર અને વ્યસનો કરે છે અને કહેતા ફરે છે કે જે પળે મૃત્યુ લખાયું હશે તેને કોણ મિથ્યા કરી શકનાર છે? વળી આવા લોકો તેમની વાતના સમર્થનમાં કેટલાક દાખલાઓ આપે છે - જેમાં અમુક લોકો ખાવા-પીવામાં બેદરકાર હોવા છતાંય લાંબુ જીવ્યા હોય. આ દાખલાઓ ખરેખર તો અપવાદ જેવા હોય છે અને તેની પાછળ પણ સબળ કારણો હોય છે. દરેક માણસની શારીરિક સંરચના અલગ હોય છે. દરેકની ચયાપચયની ક્ષમતા જુદી જુદી હોય છે. કોઈ કેટલીય સિગારેટો પીએ કે દારૂનું વ્યસન કરે પણ તેને કેન્સર ન થાય અને લાંબું જીવે તો તેની પાછળ બીજાં પરિબળો રહેલાં હોય છે. પણ તેનો દાખલો લઈને આપણે વ્યસનો કરતા ફરીએ તો મૃત્યુ વહેલાં વહેલાં આપણાં બારણાં ખટખટાવે એમાં નવાઈ નહીં. આમ, મૃત્યુ વિષેની ભૂલભરેલી માન્યતાઓને કારણે કેટલાંક મૃત્યુ અકાળે થાય છે કે જે નિવારી શકાયાં હોત.

કર્મની જે વ્યવસ્થા છે તેમાં મૃત્યુ વિષે જે વાત કરવામાં આવી છે તે ખૂબ વૈજ્ઞાનિક છે. કર્મના બંધ વિષે આગળ ઉપર ચર્ચા કરતાં આપણે જોઈ ગયા કે **કર્મનો બંધ ચાર પ્રકારે પડે છે. સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ.** મૃત્યુ વિષે સમજવા માટે પ્રદેશબંધ ઉપર વધારે વિચાર કરવો રહ્યો. બ્રહ્માંડ કર્મના પરમાણુઓ અને જો વૈજ્ઞાનિક રીતે કહીએ તો કર્મ બનવાની ક્ષમતાવાળી અતિસૂક્ષ્મ પરમાણુ રજથી વ્યાપ્ત છે. જીવ પોતાના કષાયો-રાગ-દ્વેષને લીધે આ પરમાણુઓને પોતાની તરફ ખેંચી લઈને પોતાની સાથે ઓતપ્રોત કરી દે છે. જ્યાં સુધી જીવ આ કર્મરજને ગ્રહણ કરતો નથી ત્યાં સુધી વાસ્તવિકતામાં કર્મ બનતાં નથી. **જીવ રાગ-દ્વેષ આદિ ભાવો અને તેનાં પ્રેરિત મન, વચન અને કાયાના યોગોને કારણે જેટલા જથ્થામાં-પ્રમાણમાં આ કર્મરજ ગ્રહણ કરે છે તેને પ્રદેશબંધ તરીકે ઓળખવામાં આવે છે.**

જીવ જ્યારે પોતાનું આયુષ્ય બાંધે છે ત્યારે તે હવે પછી કઈ ગતિમાં

જશે એટલે કે મનુષ્ય થશે, દેવ થશે, પશુ-પક્ષી થશે કે નારકીમાં જશે તે નક્કી થઈ જાય છે. વળી જે તે ગતિમાં તે કેટલું રહેશે તેનો **આધાર ગ્રહણ કરેલા કર્મ-પરમાણુઓના જથ્થા ઉપર રહેલો** હોય છે. જીવ સાથે જડાઈ ગયેલા આ પરમાણુઓ જ્યાં સુધી ભોગવાઈને કે કોઈ આકસ્મિક કારણથી ખરી ન પડે ત્યાં સુધી માણસનું મૃત્યુ થતું નથી. જો કોઈ જીવ, મિથ્યા આહાર-વિહાર-વ્યસનો-અકસ્માત-ભય-શોક ઈત્યાદિ કારણોને લઈને આયુષ્યના પરમાણુઓ જલદીથી ભોગવી નાખે-ખપાવી દે તો તેનું મૃત્યુ થાય. જે જીવ સ્વાસ્થ્ય ઈત્યાદિના નિયમો પાળી સાચવીને રહે છે તેનો આયુષ્યના કર્મ-પરમાણુઓનો જથ્થો વપરાતાં વાર લાગે છે અને તેથી તે લાંબુ જીવે છે. પ્લેન તૂટે કે કોઈ અકસ્માત થાય ત્યારે તેના પ્રવાસીઓના આયુષ્યના પરમાણુઓ આઘાત-પ્રત્યાઘાતથી એક સાથે ભોગવાઈને પૂરા થઈ જાય છે માટે બધા મરી જાય છે; નહીં કે બધાંનાં મૃત્યુનાં ઘડીપળ નક્કી હતાં. જે કોઈ અપવાદરૂપે બચી જાય છે તેનું કારણ એ છે કે તેના આયુષ્યના પરમાણુઓ એટલા સજ્જડ તેમજ ગાઢ હતા કે અકસ્માતનો આઘાત-પ્રત્યાઘાત તે જીરવી શક્યા અને જીવથી છૂટા ન પડી શક્યા. આવા પ્રસંગો વધારે અપવાદરૂપ છે નિયમરૂપ નથી. **જે અપવાદ છે તેને આધારે આપણે જીવનનું આયોજન કરીએ તો મોટે ભાગે નિષ્ફળ જઈએ.** એ જ રીતે દારૂના કે ડ્રગ્સના વ્યસનમાં ફસાયેલા માણસ સત્વરે પોતે બાંધેલા આયુષ્યના પરમાણઓ ભોગવી નાખે છે પરિણામે તે વહેલો મરે છે.

જો આયુષ્યને નિશ્ચિત જ કહેવું હોય તો એ રીતે કહી શકાય કે જે જથ્થામાં જીવે આયુષ્યના પરમાણુઓ ગ્રહણ કરેલા છે તે જથ્થો નિશ્ચિત છે પણ તે કેટલા કાળમાં ભોગવી લેશે કે વેડફી નાખશે કે અકસ્માતથી ખલાસ થઈ જશે તે કાળ નક્કી નથી હોતો. જેમ કોઈ માણસે પોતાના પુત્રો માટે ચાર કરોડ રૂપિયા મૂક્યા છે. તેના ચારેય પુત્રોને ભાગે કરોડ-કરોડ રૂપિયા આવે છે. હવે આ ચારેય પુત્રો

પોતપોતાના ભાગમાં આવેલા કરોડ રૂપિયા કેવી ઝડપે વાપરે છે તેના ઉપર પોતાનો ભાગ કેટલો સમય પહોંચશે તેનો આધાર રહે છે. લગભગ આવી જ વાત આયુષ્યના પરમાણુઓના જથ્થાના સંગ્રહની છે. જે જલદીથી વાપરે કે જેનો જથ્થો-સ્ટોક જલદીથી વપરાઈ જાય કે તૂટીને ખરી પડે તે વહેલો મરી જાય. માટે તો આવાં મૃત્યુઓને અકાળ મૃત્યુ કહે છે. કાથીની એક દોરડીને છેડે એક ચિનગારી ચાંપીએ અને લટકાવી રાખીએ તો તે આખો દિવસ ચાલે છે પણ જો દોરડીને ભેગી કરી દઈએ તો ચારે બાજુ ચિનગારી લાગશે અને બે-પાંચ મિનિટમાં દોરડી બળી જાય છે એના જેવી વાત આયુષ્યની છે.

**જગતમાં જૈન ધર્મ સિવાય કોઈએ પણ કર્મના પ્રદેશબંધ અંગેનો વિચાર કર્યો નથી. તેથી અન્ય કોઈ તત્ત્વધારામાં અકાળે થનારા મૃત્યુ વિશે કોઈ તર્કબદ્ધ ગળે ઊતરે એવું સમાધાન મળતું નથી.** એકલા જૈન આર્ષદ્દષ્ટાઓએ જ કર્મના ચાર પ્રકારના બંધો અને એમાંય પ્રદેશબંધની વાત કરી છે જે બધી જ રીતે મૃત્યુ તો શું દરેક પ્રસંગ ઉપસ્થિત થવાનાં કારણોને કર્મના સંદર્ભમાં યથાયોગ્ય રીતે મૂલવી શકે છે.

**મૃત્યુ જેવી જ બીજી એક ગહન વાત છે જન્મની.** તેની કસોટીએ પણ જૈન કર્મસિદ્ધાંત સિવાય બીજો કોઈ કર્મસિદ્ધાંત ચડી શકે તેમ નથી. જન્મનાર બાળકનો કે જીવનો દેખાવ કેવો છે, તેનાં રૂપ-રંગ કેવાં છે, તેની ઊંચાઈ ઈત્યાદિ કેવાં થશે અને તે ક્યાં જન્મે છે તેના ઉપર તેના સમસ્ત ભાવિ જીવનનો આધાર હોય છે. દુનિયામાં જન્મ લેનાર દરેક બાળકના સંજોગો જુદા હોય છે તેના રૂપ-રંગ, અંગોપાંગ, ઊંચાઈ-નીચાઈ, હાડકાંનું માળખું, આંખ, કાન, નાક બધાંમાં ક્યાંય મળતાપણું હોતું નથી. અરે, એક જ માતા-પિતાનાં સંતાનો વચ્ચે પણ સારો એવો તફાવત હોય છે. જો ભગવાનને સૌના જન્મ માટે જવાબદાર ગણીએ તો પછી ભગવાનની કરુણા વિષે આપણને શંકા થયા વિના રહે નહીં. જો ભગવાન કોઈને રૂપાળો બનાવે અને કોઈને

કદરૂપો બનાવે, કોઈને દોમ-દોમ સાહેબી વચ્ચે જન્માવે અને બીજાને ગંધાતી ગલીઓમાં જન્મ આપે તો પછી ભગવાનમાં ભગવત્તા ક્યાં રહી? ઈશ્વરપણું ક્યાં રહ્યું? **કર્મની વ્યવસ્થામાં ઈશ્વરનો કે ગમે તેનો આવો હસ્તક્ષેપ ચાલી શકે તો તેમાં સિદ્ધાંત જેવું શું રહ્યું?**

કર્મના સિદ્ધાંત પ્રમાણે તો જીવ માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે ત્યાર પછી તે પોતે જ પોતાનાં આંગોપાંગ, રૂપ-રંગ, દેહની રચના, હાડકાંનું માળખું ઈત્યાદિ તૈયાર કરે છે. અને તે સંરચના માટે તે જે પરમાણુઓ માતાના ઉદરમાં ગ્રહણ કરે છે તે તેનાં પોતાનાં કર્મોને આધીન હોય છે. હવે આમાં ઈશ્વરનો કે કોઈનોય દોષ કાઢવાનો અવકાશ રહેતો નથી. **આપણે જેવા જન્મ્યા તેમાં આપણાં પોતાના કર્મોએ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય છે.** આપણે કોઈ ભવમાં કોઈનાં અંગો કે ઉપાંગો છેદ્યાં હોય તો આપણે અપૂર્ણ અંગોપાંગવાળા જન્મીએ કે પાછળથી ગુમાવી પણ બેસીએ. આપણે કોઈ જીવની દેહાકૃતિની અવહેલના કરી, તેનો ઉપહાસ કરી, તે જીવને પારાવાર દુઃખ આપ્યું હોય તો આપણે પણ એવા જ થઈએ. આ રીતે આપણે જેવું કરીએ છીએ તે પામીએ છીએ.

સંસારમાં સામાન્ય રીતે એમ કહેવાય છે કે મનાય છે કે માના ગર્ભમાં જીવ ત્રણ માસ પછી પ્રવેશ કરે છે – તે વાતનો એટલો જ અર્થ છે કે ત્રણ માસ પછી ગર્ભના હલનચલનથી આપણને તેનું અસ્તિત્વ સ્પષ્ટ વર્તાય છે. જો જીવ માતાના ઉદરમાં ત્રણ માસ સુધી આવતો જ ન હોય તો ગર્ભનો વિકાસ જ ન થાય. નિર્જીવ વસ્તુનો વિકાસ સંભવતો નથી. સજીવનો જ વિકાસ થાય એ વાત તો વિજ્ઞાન પણ સ્વીકારે છે.

આમ, જન્મ અને મરણ વિશેના કેટલાક પ્રચલિત ખ્યાલો ક્યાં અને કેવી રીતે ખોટા છે અને તેને કોઈ વૈજ્ઞાનિક આધાર નથી તે વાત ઉપર આપણે વિચાર કર્યો.

-----

# ૮. કર્મબંધનાં કારણો

કર્મની વ્યવસ્થા - કર્મવિજ્ઞાનનો અભ્યાસ એટલા માટે કરવાનો છે કે આપણે તેનાથી બચી શકીએ. જેને આપણે ઓળખી લઈએ છીએ તેનાથી બચવું સરળ છે. આપણે કર્મ કેવી રીતે બંધાય છે અને તેનું આઠ પ્રકારની પ્રકૃતિઓમાં કેવી રીતે વિભાગીકરણ થઈ જાય છે તે વાત જોઈ ગયા. આમ તો કર્મ માત્ર દુઃખદાયક છે. પણ એ તો તાત્ત્વિક વાત થઈ જેની આપણે આગળ ઉપર ચર્ચા કરીશું. પણ તે પહેલાં આપણે સમજી લઈએ કે કર્મ બે પ્રકારે ઓળખાય છે. શુભ અને અશુભ. જેનું પરિણામ આપણને ગમે છે. રુચિકર લાગે છે તેને શુભ કર્મો ગણવામાં આવે છે. જેનું પરિણામ આપણને દુઃખદાયક લાગે, જે કર્મ ભોગવતાં આપણને વેદના થાય, ચિત્તમાં સંકલેશ થાય એ બધાં અશુભ કર્મો કહેવાય છે. હવે શુભ કર્મ કયાં કારણોને લીધે બંધાય છે અને અશુભ કર્મ કયાં કારણોને લીધે બંધાય છે એ વાત આપણને બરોબર સમજાઈ જાય તો પછી આપણી પ્રવૃત્તિ શુભ કર્મ તરફની રહે અને આપણે અશુભ કર્મથી નિવૃત્ત થતા જઈએ. **કર્મમાં પ્રવૃત્તિ કરતાંય વૃત્તિ વધારે મહત્ત્વની છે.** પ્રવૃત્તિ કરવી કે ન કરવી તે તો હજુય આપણા હાથમાં છે પણ વૃત્તિને કેળવવાનું ઘણું અઘરું છે. કર્મના બંધમાં પ્રેરકબળ વૃત્તિ છે તેથી આમ જોઈએ તો કર્મ માટે વૃત્તિ અને ભાવજગતને વધારે જવાબદાર ગણવાં પડે. જો આ વાત આપણે બરોબર સમજતા થઈ જઈએ તો કાળક્રમે આપણી પ્રવૃત્તિ તો શુભ તરફની રહે જ પણ આપણી વૃત્તિ પણ શુભ થતી જાય.

આમ જોઈએ તો વૃત્તિ અને પ્રવૃત્તિ બન્ને પરસ્પર સંલગ્ન છે. એક લોકોક્તિ છે કે અજ્ઞાન જેવું કોઈ પાપ નથી. તેની પાછળનું રહસ્ય એ જ છે કે જે વાત આપણે જાણતા ન હોઈએ, સમજતા ન હોઈએ

તેનાથી બચવું મુશ્કેલ છે. તેથી પ્રથમ તો આપણે એ વાત વિચારી લઈએ કે ક્યાં કારણોથી કર્મો બંધાય છે? શુભ કર્મ અને અશુભ કર્મ બંને માટે ક્યાં પરિબળો જવાબદાર છે? જે કર્મ બંધાઈ ચૂક્યાં છે તેને માટે શું થઈ શકે તે વાત આગળ ઉપર વિચારીશું પણ પહેલાં તો જાગ્યા ત્યાંથી સવાર ગણીને આગળ વધીએ.

આપણે આગળ ઉપર આઠ પ્રકારનાં કર્મોની વાત કરી હતી તો તે આઠેય પ્રકૃતિનાં કર્મોનું જીવ કેવી રીતે ઉપાર્જન કરે છે તે વિશે ચર્ચા કરીએ.

મનુષ્યને અજ્ઞાન જેટલું કોઈ કષ્ટ નથી. અજ્ઞાન જેવો કોઈ અંતરાય નથી. માણસ જ્ઞાન મેળવવા પ્રવૃત્ત થાય નહીં અને થાય તો પણ તેને જ્ઞાન કોઠે ચડે નહીં - આવું કર્મ હોય છે. જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનનાં સાધનો ઇત્યાદિની ઉપેક્ષા કરનાર, તેની નિંદા કરનાર, તેનો નાશ કરનાર, તેનો દુરુપયોગ કરનાર જીવ, **જ્ઞાનાવરણીય** - જ્ઞાનને અવરોધનાર કર્મ બાંધે છે. જેટલા રસથી કે ઉત્સાહથી આવી અવહેલના કરી હોય એ પ્રમાણે આ કર્મનો બંધ પડે છે. કોઈ ભણતું હોય તેને વિક્ષેપ પાડીએ, કોઈને ભણવા ન દઈએ તો પણ આ કર્મ બંધાય છે. જ્ઞાન આપતાં પુસ્તકો વગેરેને અશુચિ ભરેલી જગાઓએ નાખીએ કે ત્યાં બેસીને વાંચીએ તો પણ આ બંધ પડે છે. ટૂંકમાં જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનનાં સાધનોની વિરાધના ન કરવી. જે આવી વિરાધના કરે છે તે પરભવમાં જ્ઞાનથી વંચિત રહે છે. તેમને જ્ઞાન કોઠે ચડતું નથી. તેઓ શૂન્ય મનવાળા - જડ અને વિવેકરહિત થાય છે. આથી ઊલટું જ્ઞાનીના વિનયથી, જ્ઞાનના બહુમાનથી, જ્ઞાનનાં સાધનો તરફના આદરથી, અન્ય જીવોને જ્ઞાનપ્રાપ્તિમાં સહાય કરવાથી જ્ઞાનનો ઉઘાડ થાય તેવું કર્મ બંધાય છે.

જૈન તત્ત્વજ્ઞોએ જ્ઞાન અને દર્શન બંનેને જુદાં પાડ્યાં છે. **જ્ઞાન એટલે વિશેષ બોધ અને દર્શન એટલે સામાન્ય બોધ.** નિદ્રાને પણ દર્શન સાથે સંબંધ છે. દર્શનશક્તિને અવરોધનાર કર્મને **દર્શનાવરણીય** કર્મ કહે છે. જે દર્શન, દર્શની અને દર્શનનાં સાધનોની વિરાધના કરે છે

તે દર્શનાવરણીય કર્મ બાંધે છે. તેનાથી દર્શનશક્તિનો વિકાસ ઓછો થાય.

જે કર્મ આપણને એકદમ સ્પર્શતું લાગે છે - તે કર્મ છે **વેદનીય કર્મ.** વેદન બે પ્રકારે ગણવામાં આવે છે. જેનું સંવેદન આપણને ગમે તે શાતા વેદનીય અને જેનું સંવેદન આપણને ન ગમે તે અશાતા વેદનીય કર્મ કહેવાય છે. વાસ્તવિકતામાં સંવેદન બે પ્રકારનાં છે. અનુકૂળ સંવેદન અને પ્રતિકૂળ સંવેદન. આપણી સમગ્ર પ્રવૃત્તિઓ અનુકૂળ સંવેદન માટેની સાધનસામગ્રી મેળવવા માટેની હોય છે. પ્રતિકૂળ સંવેદન આપનાર વ્યક્તિ વિશેષ, વાતાવરણ કે એવી સામગ્રીથી આપણે હંમેશાં દૂર રહેવા જીવનભર પુરુષાર્થ કરીએ છીએ. પાંચેય ઇન્દ્રિયો અને મનને ગમે તે અનુકૂળ સંવેદન. ઇન્દ્રિયો અને મનને જે ન ગમે તે પ્રતિકૂળ સંવેદન. અનુકૂળ સંવેદન શુભ કર્મનું પરિણામ છે. પ્રતિકૂળ સંવેદન અશુભ કર્મનું ફળ છે. સાનુકૂળ સંવેદનપ્રાપ્તિ માટેનો સોનેરી નિયમ એ છે કે અન્ય જીવોને શાંતિ અને સુખ આપશો તો તમને સુખ-શાંતિ મળશે. જેવું આપશો તેવું મળશે. સુપાત્રે દાન, અનુકંપા દાન એ શાતા વેદનીય કર્મબંધનું કારણ છે. જે પરનિંદામાં રાચે છે, ખોટાં કાર્યો કરીને, ખોટું બોલીને બીજાને પીડા આપે છે; કૃપણ છે, ધર્મની વિમુખ છે તેને અશાંતિ આપનાર અશાતા વેદનીય કર્મનો બંધ પડે છે. તેથી અન્યને દુઃખ થાય એવાં કર્મોથી દૂર રહેવું અને અન્યને સુખ થાય એ કર્મમાં પ્રવૃત્ત રહેવું. અનુકૂળ-રુચિકર સંવેદન આપનાર કર્મો છેઃ વડીલોની ભક્તિ-આદરમાન, ક્ષમાશીલ સ્વભાવ અને એવી પ્રવૃત્તિ, કરુણાસભર વ્યવહાર, અહિંસા, વ્રતોનું પાલન, સંયમનું વહન, દાન અને ધર્માચરણ. જે માણસોએ પોતાના કષાયો ક્રોધ, અભિમાન, માયા-કપટ, લોભ-મોહ અને અન્ય નવ સહયોગી ભાવો ઉપર વિજય મેળવ્યો હોય છે કે સંયમ કેળવ્યો હોય છે તે મોટે ભાગે સાનુકૂળ-રુચિકર સંવેદન થાય એવાં કર્મો બાંધે છે.

ઉપર જાણાવેલ આ ભાવોથી વિપરીત ભાવો અને પ્રવૃત્તિઓનું સેવન

કરનાર વ્યક્તિ તેને પ્રતિકૂળ વેદન થાય એવાં જ કર્મો ખડકે છે. આ વાતોને ખ્યાલમાં રાખી આપણા આચાર-વિચાર ગોઠવીએ તો ભાવિની કેટલીય અશાંતિ અને પ્રતિકૂળ સંવેદનોથી બચી જઈએ. જો કે અહીં એ વાતનો ઉલ્લેખ કરવો અનિવાર્ય છે કે સાનુકૂળ વેદન-શાતાવેદનીય કર્મના ભોગવટા વખતે જે સાવધ નથી રહેતો અને છકી જાય છે તે જીતેલી બાજી હારી જાય છે, કારણ કે રુચિકર સંવેદન એ છે તો સાંસારિક સુખ; જેનો ભોગવટો ઘણુખરું માણસને પાપપ્રવૃત્તિમાં વધારે જોડે છે.

હવે આપણે જે કર્મનો વિચાર કરવાનો છે તેને **મોહનીય કર્મ**ને નામે ઓળખવામાં આવે છે. તત્ત્વવેત્તાઓએ તેને સૌથી વધારે ઘાતક કર્મ ગણ્યું છે કારણ કે જેનું મૂળથી જ વાંકું તેનું પછી બધુંય વાંકું. દારૂ પીધેલ વ્યક્તિને જેમ વસ્તુનું યથાર્થ ભાન થતું નથી વળી તેના હલનચલનમાં સંતુલન હોતું નથી તેમ મોહનીય કર્મથી જકડાયેલા વ્યક્તિને જીવન વિષેનો સાચો ખ્યાલ આવતો નથી. જો ભૂલેચૂકે તેને યથાર્થ દર્શન થઈ જાય તો પણ તેનો આચાર યથાર્થ રહેતો નથી. જેણે પ્રગતિ કરવી છે, સાચું સુખ મેળવવું છે તેણે માણસને મત્ત પ્રમત્ત બનાવનાર આ કર્મથી બચવું જોઈએ. આ કર્મના બે વિભાગો પાડવામાં આવે છેઃ **દર્શન મોહનીય** - જે કર્મ જીવની માન્યતા ઉપર અસર કરનારું છે અને **ચારિત્ર મોહનીય** - જે જીવના વર્તન આચરણને અસર કરનાર છે. દર્શન મોહનીયના પ્રતાપે આત્માને ભ્રમ થાય છે. તે સત્યને અસત્ય તરીકે જુએ છે અને અસત્યને સત્ય તરીકે જુએ છે. તેને બધું વિપરીત ભાસે છે. જ્યારે ચારિત્ર મોહનીય કર્મને કારણે માણસને જે સત્ય લાગ્યું હોય તે મુજબ તે આચરણ કરી શકતો નથી. આત્માના ગુણોનો સૌથી વધારે ઘાત કરનાર કર્મ ન બંધાય અથવા ઓછું બંધાય માટે જીવે સતત જાગૃતિ રાખવાની છે. આ કર્મ કષાયોના એટલે ક્રોધ અભિમાન કપટ લોભ મોહ અને જેને સહાયક કષાયો એટલે કે નોકષાયો તરીકે ઓળખવામાં આવે છે તે હાસ્ય રતિ(ગમો), અરતિ(અણગમો), ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નંપુસક વેદ - આ

બધાના સેવનથી બંધાય છે. જેટલો રસ રેડીને કષાયો અને સહાયક કષાયોનું સેવન કર્યું હોય એટલું આ કર્મ ગાઢ બંધાય. તીવ્ર કષાયોથી કર્મનો બંધ પણ સજ્જડ પડે એટલું જ નહીં પણ તેનો ભોગવટો પણ વધારે કરવો પડે. આ કર્મથી બચવા માટે માણસે કષાયોનો ત્યાગ કરવાનો છે અને જો તે સર્વથા ન થઈ શકે તો છેવટે તેની માત્રા અને તીવ્રતા ઘટાડતા જવાની છે. સતત વિષયોમાં ક્ષુબ્ધ રહેતા મનને વિષયોમાંથી પાછું વાળી વિષયોનો વૈરાગ્ય કેળવવાનો છે. આત્માના ગુણોનો અનુરાગ રાખવાનો છે. જે માણસો ઉન્માર્ગની પ્રરૂપણા કરે છે, લોકોને અવળે માર્ગે ચઢાવે છે તે ગાઢ દર્શન મોહનીય કર્મ બાંધે છે. જે જ્ઞાન લોકોનું આત્મિક દૃષ્ટિએ અહિત કરનાર છે એવા મિથ્યાજ્ઞાનને પોષવાથી, તેના વિકાસમાં ફાળો આપવાથી પણ આ કર્મ બંધાય છે. દેવમંદિરની–ધર્મસ્થાનોની સંપત્તિની ચોરી કરનાર, નાશ કરનાર પણ આ પ્રકારનું કર્મ બાંધે છે. ઈષ્ટ વસ્તુઓનો વિયોગ થતાં કે અનિષ્ટ વસ્તુઓનો સંયોગ થતાં જે માણસ કલ્પાંત કરે છે – ઝૂરે છે તે ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે. ચારિત્રનું પાલન કરનાર, ચારિત્રનું બહુમાન કરનાર અને તેને પોષનાર ચારિત્ર મોહનીય કર્મનું ખંડન કરે છે. આ મોહનીય કર્મના બંને પ્રકારો ઘણા સૂક્ષ્મ અને સહજ છે. માટે તે તરફ ઘણાનું ધ્યાન જતું નથી અને ધ્યાન જાય તો પણ માણસો તેનું મહત્ત્વ આંકતા નથી. પણ **કર્મવ્યવસ્થામાં દુશ્મન દળના સેનાપતિ જેવું આ કર્મ છે. તેનાથી જે બચી જાય તેને જ સાચું સુખ અને શાંતિ મળે છે.** આ કર્મથી જે બચી જાય છે તેનો આલોક અને પરલોક બંને સુધરી જાય છે અને પછી જીવ પ્રગતિનાં સોપાનો ઝપાટાબંધ ચડવા માંડે છે. જો જાગ્રત હોઈએ, સાવધ હોઈએ તો આ ઘાતક અને માદક કર્મને નાથવાનું એટલું મુશ્કેલ પણ નથી. પણ પ્રશ્ન છે જાગરૂકતાનો અને અભ્યંતર પુરુષાર્થનો.

કર્મમાં બીજું એક મહત્ત્વનું કર્મ છે. જે **આયુષ્ય કર્મ**ના નામથી ઓળખવામાં આવે છે. આ કર્મના બંધથી નક્કી થાય છે કે હવે મૃત્યુ

પછી જીવ કઈ ગતિમાં જશે અને ત્યાં કેટલું આયુષ્ય ભોગવશે? સંસારમાં ચાર ગતિ ગણાય છે. મનુષ્ય, તિર્યંચ એટલે પશુ-પક્ષી ઈત્યાદિની ગતિ, દેવગતિ અને નરકની ગતિ. દેવલોક ભોગભૂમિ છે. જ્યારે નરક ઘોર દુઃખ ભોગવવાની જગ્યા છે. જે ગતિનું કર્મ બાંધ્યું હોય તે ગતિમાં જીવને બીજા ભવમાં જવું પડે છે. આમ આ કર્મ આપણા માટે ઘણું મહત્ત્વનું બની રહે છે. **આ એક જ કર્મ એવું કર્મ છે કે જીવનમાં એક વાર તેનો બંધ પડે. બીજાં સાતે પ્રકારનાં કર્મોનો બંધ સતત પડતો રહે છે.**

જે લોકો ખૂબ લોભી અને પાપી હોય, અન્ય જીવોને ભયંકર દુઃખ આપતા હોય છે, ધન-સંપત્તિનો અતિપરિગ્રહ કરતા હોય છે. મહારાગી, મહાભોગી, મહાપાપી હોય છે તેઓ નરકગામી બને છે. જે લોકો કૂડકપટમાં રાચતા હોય અને તે રીતે અન્ય જીવોને છેતરતા હોય, છળ-પ્રપંચ કરતા હોય, અતિદંભી હોય, અતિસ્વાર્થી હોય, દગો -ફટકો કરતા હોય તે લોકો મોટે ભાગે તિર્યંચની એટલે કે પશુ-પક્ષી અને તેથીય નીચલા સ્તરના જીવોની યોનિમાં જાય છે અને તેને અનુરૂપ આયુષ્ય બાંધે છે. જે લોકો સરળ અને મૃદુ સ્વભાવના હોય, સંતોષી હોય, સંપત્તિની પાછળ દોડનારા ન હોય, પ્રામાણિકતાથી જીવનારા હોય, કોઈના દુઃખે દુઃખી થનારા હોય, દયાળુ હોય તેઓ મનુષ્ય ભવનું આયુષ્ય બાંધે છે. જે લોકો ધર્મિષ્ઠ હોય, નીતિમત્તાવાળા હોય, સંયમિત જીવન જીવનારા હોય, વ્રત-જપ ઈત્યાદિ ધર્મક્રિયાઓમાં રત રહેનાર હોય, ભાવથી દેવ-ગુરુની ભક્તિ કરનારા હોય, સૌના સુખની ઈચ્છા રાખનારા હોય અને તે માટે પ્રવૃત્તિશીલ હોય, પરગજુ હોય તેઓ મૃત્યુ પછી મોટે ભાગે દેવલોકમાં જાય છે.

મનુષ્ય સારું રૂપ, રંગ, સુસ્વર, દેહાકૃતિ, અંગોપાંગ, યશ, સૌભાગ્ય ઈત્યાદિ માટે ઝંખે છે અને તે ન મળ્યાં હોય તો તેને જીવનમાં ઘણું સહન કરવું પડે છે. આ બધી વસ્તુઓ જન્મજાત મળે છે. તે એક વાર જેવી મળી પછી તેમાં ફેરફાર થઈ શકતો નથી. તેમાં સુધારો કરવાનું તો

અશક્ય છે, પણ બગાડો થઈ શકે. હવે પછીના ભવમાં આ બધી પ્રકૃતિઓ આપણને મળે તેવી ઈચ્છા હોય તો આ કર્મની જાણકારી મેળવી યથાયોગ્ય પ્રવૃત્તિ આ ભવમાં કરી લેવાની હોય છે. આ કર્મને **નામકર્મ** તરીકે ઓળખવામાં આવે છે. તે મોટે ભાગે દેહાકૃતિ, તે યશ-અપયશ, પ્રભાવ ઈત્યાદિને સર્જનારું હોય છે. જો બધું સારું મળે તો તેને શુભનામ કર્મ કહેવામાં આવે છે. જો આ બધું અણગમતું, ઊણું, હીણું કે ઊતરતું મળે તો તેને અશુભ નામકર્મ તરીકે ઓળખવામાં આવે છે. આપણે અશુભ નામકર્મથી બચવું હોય તો આપણાથી કોઈ પણ જીવનો ઘાત-ઉપઘાત ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ, કોઈને પણ કુદરતી રીતે મળેલાં રૂપ-રંગ, ખોડ-ખાંપણ, કર્કશ અવાજ, દુર્ભાગ્ય ઈત્યાદિની ઠઠ્ઠા-મશ્કરી કરી તેવા નામે તેને બોલાવી, તેની અવહેલના કરી તેને દુઃખ ન પહોંચાડવું જોઈએ. કોઈના અપયશમાં રાચવું ન જોઈએ, કોઈના સૌભાગ્યની ઈર્ષ્યા ન કરવી જોઈએ. સારા કુળમાં જન્મેલા હોવાને કારણે કદાચ આપણે અન્ય જીવોનો ઘાત-ઉપઘાત ખાસ કરતા ન પણ હોઈએ; પણ અન્ય જીવોની ઠઠ્ઠા-મશ્કરી અને અવહેલના તો સામાન્ય રીતે કરી નાખીએ છીએ. આપણે જો જાગ્રત હોઈએ અને હૃદયના ભાવો કૂણા હોય તો સહેજમાં આપણે આ અશુભ નામકર્મમાંથી બચી જઈએ. તમે જોશો કે લોકો વિના કારણે વાત-વાતમાં અશુભ નામકર્મનાં પોટલાં બાંધે છે. આમ, તેનાથી બચવું સહેલું છે પણ લોકો સૌથી વધારે આ અશુભ નામકર્મનો ભોગ બની ભાવિ જન્મોમાં મળનાર શરીરનાં અંગો-ઉપાંગો, દેહાકૃતિ, યશ, સૌભાગ્ય ઈત્યાદિને બગાડી મૂકે છે. શુભ નામકર્મ બાંધવામાં નિર્મળ ભાવોનું મહત્ત્વ છે. સરળ સ્વભાવવાળા, નિષ્કપટ, નિરાભિમાની, નમ્રતાવાળા સ્વાધ્યાયમાં એટલે આત્માનાં શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં રત, આત્મોન્નતિના વિચારો કરનારા, તે પ્રમાણે આચાર પાળવા ઉત્સુક રહેનારા, નીતિમત્તાવાળું જીવન જીવનારા મોટે ભાગે શુભ નામકર્મ બાંધે છે. તેની સામે ગર્વિષ્ઠ, કપટી, નિષ્ઠુર અને ઘાતકી પરિણામવાળા જીવો અશુભ નામકર્મ બાંધે છે.

મનુષ્ય જન્મમાં જીવ જે કુળમાં અને ગોત્રમાં જન્મે છે તે પણ ખૂબ મહત્ત્વનું બની રહે છે. કુળ એટલે સંસ્કારો અને સંજોગો જે જન્મની સાથે બાળકને મળી જાય છે અને બાળકના ભાવિ જીવન ઉપર તેનો ઘણો પ્રભાવ પડે છે. કોઈને પણ નીચ કુળનો કહીને ધુત્કારવાથી, તેને નીચ ગણી તેની હાડછેડ કરવાથી, કોઈને કુળને કારણે અપમાનિત કરવાથી, પોતાના કુળનો, જ્ઞાતિનો, ગોત્રનો ગર્વ કરવાથી માણસ નીચ ગોત્રનું કર્મ બાંધે છે.

નીચ ગોત્રનો બંધ પડે તો જીવને બીજા ભવોમાં હલકા કુળોમાં અને નીચી ગણાતી જાતિઓમાં જન્મ મળે છે અને જીવનભર તે તેને પરિણામે સહન કરે છે. વિનય, નમ્રતા, નિરાભિમાન એવી વૃત્તિઓવાળો જીવ ઉચ્ચ ગોત્રમાં જન્મે છે. જ્ઞાનનો પ્રસાર કરનાર, દેવ-ગુરુનું બહુમાન કરનાર પણ ઉચ્ચ ગોત્રનો અધિકારી બને છે. ઉચ્ચ કે નીચ ગોત્ર એટલે કુળનો પ્રભાવ તો જીવને જન્મતાની સાથે જ વર્તાવા માંડે છે.

છેલ્લે આપણને સૌથી વધારે જેની પીડા લાગે છે તે કર્મ છે **અંતરાય કર્મ.** વસ્તુ મળે નહીં અને મળે તો ભોગવાય નહીં તે લાભાંતરાય અને ભોગાંતરાય. આપવાની ઇચ્છા હોય પણ અપાય નહીં તે દાનાંતરાય. વસ્તુની જાણકારી હોય પણ ઉત્સાહનો અભાવ રહે અને માણસ ઉદ્યમ જ ન કરે તેને વીર્યાંતરાય કહે છે. (અહીં વીર્ય શબ્દ શારીરિક વીર્યના ભાવમાં નથી વપરાતો.) આપણી માલિકીની વસ્તુ હોય, બંગલા, વાડી, વજીફા વાહન ઇત્યાદિ સામે પડ્યાં હોય પણ વાપરવાના હોશકોશ ન હોય તેને ઉપભોગાંતરાય કહે છે. પળે પળે આપણા જીવનમાં આવા અંતરાયો ઉપસ્થિત થાય છે. કેટલાક અંતરાયો તો થોડાક પુરુષાર્થથી ખસી જનારા હોય છે પણ કેટલાક તો ખસતા જ નથી અને આપણને પરેશાન કરી મૂકે છે. આવા અંતરાયોથી આપણે ખૂબ પરેશાન થઈ જઈએ છીએ. લોકોને દોષ દેતા ફરીએ છીએ. પણ મૂળ વાત એ છે કે ગત જન્મોમાં આપણે કેટલાક જીવોના જીવનમાં

અંતરાયો પાડ્યા છે તેનું પરિણામ આપણે ભોગવીએ છીએ. કોઈને સુખશાંતિ ન લેવા દઈએ, સુખે ખાવા-પીવા ન દઈએ, કોઈને કોઈ કંઈ આપતું હોય તેમાં આડી જીભ નાખીને અટકાવીએ, કોઈના અંતરાયમાં રાચીએ પછી આપણા જીવનમાં અંતરાયો પડે તેમાં નવાઈ શી? ભર્યાં ભાણાં ખવાય નહીં, સુંદર પત્ની ભોગવાય નહીં, દોમ-દોમ સાહેબી ઘરે હોય પણ પથારીમાં પડીને રાબ પીવાની હોય - આ બધા પ્રકારના અંતરાયો માટે વાસ્તવિકતામાં આપણે જ જવાબદાર છીએ. અંતરાયમાં તો સીધું-સાદું ગણિત છે અને હિસાબ ચોખ્ખો છે. જે અંતરાય તમને ખપતો નથી, તે અન્યના જીવનમાં ન પાડો તો આગળના ભવોમાં તમને અંતરાય નહીં નડે. આ કર્મથી બચવાનો સચોટ માર્ગ છે કે આપણને જે ન ગમે તે અન્યને માટે ન કરવું, ન કરાવવું અને કોઈ કરતું હોય તેને ટેકો ન આપવો કે તેની પ્રશંસા ન કરવી. સૂક્ષ્મ રીતે જોઈએ તો હિંસા, જૂઠ, ચોરી, કપટ આદિનાં કાર્યો અન્યના જીવનમાં ઘણા અંતરાયો પાડે છે. માટે એવા ભાવોથી સજાગ રહેવું. અન્ય જીવોને પડેલા અંતરાયો દૂર કરવાથી, તેમના તરફ સહાનુભૂતિ રાખવાથી, એવા કોમળ ભાવો રાખનાર અંતરાય કર્મથી બચી જાય છે. એટલું જ નહીં પણ તેના હવે પછીના ભવોમાં તેને અંતરાયો પડતા નથી. જો ઝીણવટથી વિચારીએ તો ઘણા અંતરાયો વિષે આપણે સભાન થઈ જઈએ. નોકર-ચાકર કે આશ્રિત પશુ-પક્ષીની ઊંઘમાં વિક્ષેપ પાડવો, તેને કસમયે ઉઠાડવા એ પણ અંતરાય છે. તેઓ મોડા ખાવા બેઠા હોય ત્યારે વચ્ચે ઉઠાડવા તે પણ ભોજનનો અંતરાય છે. મોઢામાં ઘાસનો કોળિયો લેતા પશુને ડફણાં મારી કોળિયો ન લેવા દેવો કે લીધેલો કોળિયો ગળે ન ઊતરવા દેવો એ પણ અંતરાય છે. આપણા હાથ નીચે કામ કરતા કર્મચારીને મોડો છોડવો, તેને ખરા કામ વખતે છુટ્ટી ન આપવી આવા તો અસંખ્ય અતંરાયો આપણે હાલતાં ચાલતાં અન્યના જીવનમાં પાડીએ છીએ. જો આપણે અંતરાય કર્મની ગંભીરતા સમજ્યા હોઈએ તો ભાવિનાં ઘણાં અનિષ્ટોમાંથી સરળતાથી આપણે ઊગરી જઈએ.

**આ આઠેય પ્રકારનાં કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય મોહનીય અને અંતરાય કર્મને ઘાતી કહેવામાં આવે છે કારણ કે તે આત્માના ગુણોનો ઘાત કરે છે.** મનુષ્ય જન્મ પામીને પુરુષાર્થ કરવા જેવો હોય તો તે આ કર્મો ન બંધાય અને બંધાય તો તીવ્ર રસથી ન બંધાય તે માટે કરવાનો છે. એક વખત આ ચાર મહાશત્રુનો ઘાત થાય કે એ કર્મ નબળાં પડે તો બાકીનાં ચાર કર્મોને દબાવવાનું મુશ્કેલ નથી. માણસે ખરેખર ચેતતા રહેવાનુ છે. આ ઘાતી કર્મોથી જેને લીધે માણસ ભવભ્રમણમાં અટવાયા કરે છે અને આલોક તેમજ પરલોક બન્નેને બગાડીને ઉત્તરોત્તર પતનને માર્ગે જતો જાય છે.

**કર્મનો બંધ પ્રવૃત્તિ કરવાથી, પ્રવૃત્તિ કરાવવાથી કે પ્રવૃત્તિને ઉત્તેજન આપવાથી એમ ત્રણેય રીતે પડે છે**

જે મહત્ત્વની વાત યાદ રાખવા જેવી છે તે એ છે કે કર્મબંધ સમયે જેટલો રસ વધારે અને તીવ્ર એટલું એ કર્મ તીવ્ર અને ગાઢ. જો કર્મબંધ સમયે રસ ઓછો તો કર્મનો બંધ ઢીલો અને શિથિલ. શિથિલ કર્મબંધને સરળતાથી તોડાય. ગાઢ કર્મબંધને તોડવો મુશ્કેલ હોય છે અને તે માટે પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. તેથી પુણ્યકર્મમાં ખૂબ રસ રેડો અને પાપકર્મમાં રસ ઓછો રાખો. કર્મબંધ સમયે જે જાગતો નથી તેની સ્થિતિ લૂંટાઈ ગયા પછી જાગીને બૂમો પાડનારા જેવી થાય છે. કર્મનો બંધ પડી ચૂક્યો પછી તો તે કર્મ કોઈ પણ પ્રકારે ભોગવે જ છૂટકો. હસીને ભોગવો કે રડીને ભોગવો. ભોગવ્યા વિના કર્મને ખંખેરી નાખવાનો માર્ગ છે ખરો પણ તેને અપવાદ માર્ગ ગણવો સારો. એ માર્ગ વિરલાઓનો છે; તેની આશામાં કર્મબંધ સમયે બેપરવાઈ ન રખાય. કર્મસત્તા કોઈને છોડતી નથી અને તેની પાસે કોઈની લાગવગ ચાલતી નથી. કર્મ કોઈની શેહ શરમ રાખતું નથી. આપણે અહીં વાત કરી છે કર્મના બંધ સમયની, પણ જે કર્મો બંધાઈ ચૂક્યાં છે તેનું શું કરવું તે માટેનો વિચાર આગળ ઉપર કરીશું. પણ તે પહેલાં કર્મબંધ અંગેની બીજી મહત્ત્વની વાત વિચારી લેવી પડશે.

-----

# ૯. કર્મબંધની પરંપરા

આપણે કર્મના બંધની વાત કરી પણ જૈન તત્ત્વજ્ઞોએ અનુબંધની વાત કરીને તો કમાલ કરી નાખી છે. બીજા કોઈના કર્મસિદ્ધાંતમાં અનુબંધની વાત જોવા મળશે નહીં અને કદાચ કોઈએ પરોક્ષ રીતે તેનો ઉલ્લેખ કર્યો હશે તો તે ખૂબ સ્થૂળ સ્વરૂપે હશે. કર્મની વ્યવસ્થામાં કર્મના બંધનું મહત્ત્વ છે પણ તેથીય વધારે તેની સાથે પડતા અનુબંધનુ મહત્ત્વ વધારે છે. કોઈ પણ કર્મ કર્યા પછી તેના અંગે આપણે જે વિચાર કરીએ છીએ, જે ભાવો સેવીએ છીએ તેનાથી કર્મનો અનુબંધ પડે છે. બંદૂક ફોડ્યા પછી પાછળ તેનો ધક્કો લાગે છે તેમ કર્મ કર્યા પછી તેનો પણ આપણને ધક્કો લાગે છે. જેને પરિણામે આપણે કરેલા કર્મનો પસ્તાવો કરીએ અને દુ:ખ પણ થાય. કોઈ વખત કર્મ કર્યા પછી આનંદ થાય, તૃપ્તિ થાય અને આપણે તેની પ્રશસાં કરતા રહીએ છીએ. કર્મ કર્યા પછી આપણમાં જે ભાવો જાગે છે તેનાથી કરેલાં કર્મો ઉપર બીજો બંધ પડે છે જેને અનુબંધ કહેવામાં આવે છે. આપણી કોઈ ક્રિયા કે કર્મ કોરું નથી હોતું. તેની પાછળ આપણા સારા કે નરસા ભાવની ભીનાશ ભળેલી જ હોય છે જે અનુબંધનું કારણ છે.

આપણે કોઈ પ્રવૃત્તિ કરી એટલે કર્મનો બંધ તો પડવાનો જ અને એ કર્મ ઉદયમાં આવે ત્યારે તેની અસર પણ વર્તાવાની. જો ધર્મની, પરમાથર્ની, પરોપકારની, ઈત્યાદિ સારી પ્રવૃત્તિ કરી હશે તો પુણ્યકર્મનો બંધ પડવાનો અને જો હિંસાની, છળની, કપટની, ચોરીની કે એવી કોઈ પ્રવૃત્તિ કરી હશે તો પાપનો કર્મબંધ પડવાનો. પુણ્યકર્મનો બંધ પડ્યો હશે તો તેના ઉદય કાળે સારી સાધન- સામગ્રી મળવાની અને બધી વાતે અનુકૂળતા રહેવાની. અને પાપકર્મનો બંધ પડ્યો હશે તો તેના ઉદયકાળે બધા સંજોગો પ્રતિકૂળ રહેવાના. પણ પુણ્ય કે પાપકર્મના ઉદય

વખતે જે અનુકૂળતા કે પ્રતિકૂળતા રહેશે તે વખતે જીવનું વલણ કેવું રહેશે. જીવ તેનો શું પ્રતિભાવ આપશે, કેવી પ્રતિક્રિયા કરશે એને આધારે કર્મનો અનુબંધ પડે છે.

કર્મવાદમાં અનુબંધ બહુ જ મહત્ત્વનો છે કારણ કે તે પરંપરા સર્જી શકે છે, કે તોડી શકે છે. પુણ્ય ભોગવતી વખતે જો માણસ સાવધ ન હોય તો એટલો છકી જાય અને અભિમાનમાં આવી પ્રવૃત્તિઓ કરતો રહે કે તેમાંથી પાપની પરંપરા સર્જાય. પાપકર્મ ભોગવતી વખતે માણસ બધી પ્રતિકૂળતા વચ્ચે સમતા ધારણ કરે, ધર્મની પ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહે, પોતાના ભાવોને ન બગાડે તો તે પુણ્યની પરંપરા સર્જે છે. અનુબંધથી પરંપરા ઊભી થાય છે. તેથી કેટલાક દાર્શનિકો તો કર્મના બંધ કરતા અનુબંધને વધારે મહત્ત્વનો ગણે છે. કર્મ તો તેનું ફળ એક વાર દેખાડીને વિફલ થઈ જાય પણ અનુબંધથી પરંપરા ચાલે. તે જો સારી હોય તો જીવને ઊંચે અને ઊંચે લઈ જાય અને ખરાબ હોય તો જીવનું ઉત્તરોત્તર પતન થતું જાય. કદાચ કર્મ તો થઈ ગયું કે કરવું પડ્યું પણ અનુબંધ તો આપણા હાથમાં છે. અનુબંધ વખતે ચેતી જઈએ તો મહાદુઃખમાંથી ઉગારો થઈ જાય

આ અનુબંધની વાત નજરમાં રાખી તેનું **ચાર પ્રકારે** વિભાગીકરણ કરવામાં આવ્યું છે **પુણ્યાનુબંધી પુણ્ય, પાપાનુ-બંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ** અને **પાપાનુબંધી પાપ.**

પુણ્ય ભોગવતી વખતે જે સાનુકૂળ સામગ્રી મળી હોય તેનો ભોગવટો કરતી વખતે માણસ અન્ય જીવોને દુઃખ આપતો રહે અન્ય જીવોનો ઘાત કરે, ધર્મથી વિમુખ થઈ જાય અને ફક્ત સ્વાર્થમાં જ રચ્યોપચ્યો રહે તો અવશ્ય માનવું કે આ પાપાનુબંધી પુણ્ય. પુણ્ય ભોગવાય છે અને પાપ બંધાય છે. અહીં પરંપરા પાપની ચાલે છે

પુણ્યના ભોગવટા સમયે મળેલી તકોનો માણસ સદઉપયોગ કરી લે, દેવ-ગુરુ-ધર્મ તેને ગમે, તેમના વચનમાં તેને શ્રદ્ધા રહે અને પરોપકારના પરમાર્થનાં કાર્યો માણસ કરતો દેખાય તો સમજવું કે તે પુણ્યાનુબંધી

પુણ્ય ભોગવે છે. તે પુણ્ય ભોગવે છે અને વળી પાછું પુણ્યનું જ ભાતું બાંધે છે.

પાપકર્મોનો ભોગવટો હોય એટલે સંજોગો વિપરીત હોય ગરીબાઈ હોય, અપમાન થતા હોય, અપકીર્તિના યોગો હોય, સગાંઓનો સાથ ન હોય આવુ ઘણું બધું ભોગવવું પડતું હોય પણ તે સમયે જીવ સમતા ધારણ કરી પાપકર્મોના ઉદય ભોગવી લેતો હોય, ધર્મથી સદાચારથી વિચલિત ન થતો હોય, સંકટ વેઠીને પણ સદ્કાર્યમાં પ્રવૃત્ત રહેતો હોય, દુરાચારોથી દૂર રહેતો હોય તો અવશ્ય માની શકાય કે તે ભોગવે છે પાપ પણ તેની આવતી કાલ ઉજ્જવળ છે. તે પાપ ભોગવતો જાય છે પણ બાંધે છે પુણ્ય; તેથી તે પાપના ચકકરમાંથી છૂટી જવાનો અને પુણ્યશાળીઓની પંગતમાં બેસી જવાનો .

છેલ્લે રહે છે પાપાનુબંધી પાપ; જે આપણે ચારેય બાજુ જોઈએ છીએ. લાખો-કરોડો લોકો ગરીબાઈમાં રિબાય છે, ખાવાનાં-પીવાનાં-રહેવાનાં ઠેકાણાં નથી હોતાં વળી ઘરમાં પ્રવૃતિઓ પણ પાપની એટલે કે ચોરી લબાડી ઈત્યાદિની જ હોય. આજીવિકા પણ પાપપ્રવૃતિથી જ ચાલતી હોય છે. આ લોકો ભોગવે છે પાપ અને બાંધે છે પણ પાપ. પાપની પરંપરા તેમને ભરખી જાય છે. તેમને ઊગરવાનો કોઈ આરો નથી.

આ ચારેય અનુબંધો વિષે આપણે જે ચર્ચા કરી છે તે તેને આધીન થવા માટે નહીં. અનુબંધનું વિજ્ઞાન સમજીને હવે પછી પાપનો અનુબંધ તો ન જ પડે એટલા સજાગ થઈ જવું જોઈએ. ભલે કદાચ પગ પાપમાં હોય પણ મન-ભાવ તો પુણ્યનો-શુભનો જ હૈયામાં રહે. કર્મવાદની જાણકારીનો આટલો પણ લાભ ન લઈએ તો આપણું બધું જ્ઞાન ફોગટ છે. પશુ-પક્ષી વગેરેની વાત બાજુએ રાખીએ પણ આપણે તો મનુષ્યભવ પામીને, મન, બુદ્ધિ ઈત્યાદિ મેળવી શક્યા છીએ તો ગમે તેવા પાપકર્મનો ઉદય હોય, ગમે તેવું દુઃખ હોય પણ મનના ભાવોને તો નહીં જ બગાડીએ એવો કૃત નિશ્ચય કરીને બેસી જઈએ તો આપણો

પાપનો અનુબંધ અવશ્ય તૂટવાનો. શારીરિક, માનસિક અને ભાવાત્મક ત્રણેય પ્રકારે પુરુષાર્થ કરવાની તક મનુષ્ય-ભવમાં આપણા હાથમાં છે. તે તક સરી જાય તે પહેલાં જાગી જઈએ.

આ છે અનુબંધની મહત્તા. કર્મ તો નિત્ય પ્રત્યેક પળે બંધાતાં જ રહે છે પણ આપણે એટલું કરીએ કે તેનો અનુબંધ તો પુણ્યનો જ પડે. આ કામ સરળ નથી પણ જીવ જો જાગી જાય તો તેના માટે સંસારમાં કંઈ અશક્ય પણ નથી. **કર્મના બંધનો આધાર મોટે ભાગે મન-વચન અને કાયાના યોગ અને પ્રવૃત્તિ ઉપર રહે છે જ્યારે અનુબંધનો આધાર મનુષ્યના ભાવજગત સાથે છે.** આ ભાવજગત જીવની રુચિ અને અરુચિનું જગત છે. જીવના સંસ્કારોનું જગત છે. જો ભાવ સારો હોય તો પુણ્યનો અનુબંધ પડે. પ્રવૃત્તિ ગમે એટલી સારી હોય કે સારી દેખાતી હોય પણ ભાવ અશુભ હોય તો પાપનો જ અનુબંધ પડે. જે સમકિતી હોય તેને નિયમા પુણ્યનો જ અનુબંધ પડે.

સંજોગોવશાત્ પાપની-અધર્મની કે અનિષ્ટ પ્રવૃત્તિ કરવી પડે પણ તે કરતી વખતે જીવના મનમાં તેનો ડંખ રહે, પસ્તાવો રહે, હૃદય કકળી ઊઠતું હોય તો કર્મનો બંધ પાપનો પડવા છતાંય અનુબંધ પુણ્યનો પડવાનો. બીજી બાજુ ગમે તેવી સારી પ્રવૃતિ કરતા હોઈએ કે લોકોને એમ લાગતું હોય, સંસારમાં એની પ્રશંસા થતી હોય પણ અંતઃકરણના ભાવ અશુભ કે અશુદ્ધ હોય તો છેવટે અનુબંધ તો પાપનો જ પડીને રહેવાનો.

જગત આખાને છેતરી શકાય પણ કર્મસત્તાને કોઈ છેતરી શકતું નથી. અનુબંધને સંબંધ ભાવજગત સાથે છે અને અંતરના ભાવો માપવા માટે કોઈ થરમૉમિટર કે બૅરોમિટર શોધાયું નથી. અંતરના ભાવો તો આપણે જ જાણીએ. આપણને તો અવશ્ય ખબર હોય છે કે આપણે ક્યાં ઊભા છીએ! અંદરથી શુભ ભાવમાં રમીએ છીએ કે અશુભ ભાવમાં? જેનું દિલ કરુણા, પરોપકાર, અહિંસા, સત્ય, પ્રામાણિકતા, પરમાર્થ ઇત્યાદિ ભાવોથી ભરાયેલું હોય તેનો કર્મનો બંધ ગમે તે પડે પણ અનુબંધ

પુણ્યનો જ હોય. એમાંય જો ભાવો શુદ્ધ કે વિશુદ્ધ હોય તો અનુબંધ એટલો શક્તિશાળી પડે કે જીવને ઝપાટાબંધ પરમ સુખ અને પરમ ઐશ્વર્યમાં પહોંચાડીને જ વિરમે.

આ છે અનુબંધનાં રહસ્યો જેના વિષે અન્ય કર્મ-સિદ્ધાંતો આટલા ઊંડે ઊતર્યા નથી અને આ વિષયમાં મોટે ભાગે મૌન સેવે છે.

જૈન દર્શનમાં સમ્યગ્ દર્શનનું જે મહત્વ છે તેનાં અનંક કારણો છે પણ એમાં એક પ્રબળ કારણ છે પુણ્યનો અનુબંધ. સમ્યગ્ દર્શન જેને પ્રાપ્ત થયું હોય તેને કદાચ પાપનો બંધ હોય પણ અનુબંધ તો પુણ્યનો. આમ તેની પરંપરા પુણ્યની જે શુભમાં રાખીને છેવટે શુદ્ધમાં લઈ જઈ મુક્તિપથ ઉપર છોડી દે.

આમ, કર્મના બંધ અને અનુબંધ વિષે જો આપણી જાણકારી હોય તો આપણે સાવધ થઈ જઈએ અને આપણે આપણી પ્રગતિનો માર્ગ ચાતરી લઈ શકીએ. આપણી પ્રગતિ, ઉન્નતિ આપણા જ હાથમાં છે પણ તે માટે આપણે પોતે પુરુષાર્થ કરવાનો છે. જો કોઈ માર્ગ બતાવનાર ભગવાનના પગ પકડીને બેસી જાય અને જો તે ચાલે જ નહીં તો તે બચી ન શકે. ભગવાને બતાવેલા માર્ગે ચાલવાનું છે આપણે. ભગવાને માર્ગ બતાવ્યો એટલું જ નહીં પણ અઢી હજાર વર્ષ પહેલાં આપણી સમક્ષ તેના ઉપર ચાલી બતાવ્યું. છતાંય આપણે બેસી જ રહીએ તો તેમાં ભગવાન પણ શું કરે?

-----

# ૧૦ પરિવર્તન અને વિસર્જન

આપણે કર્મના બંધ અને અનુબંધની વાત જોઈ ગયા, અને તેમાંથી કેવી રીતે બચી શકાય કે અનુકૂળ બંધ પડે તે માટે કેવો પુરુષાર્થ કરવો પડે એ વાત વિચારી જોઈ. પણ જે કર્મ બંધાઈ ચૂક્યાં છે તેનું શું? જે જીવો કર્મબંધ વખતે ચેતી જાય છે તે અર્ધી બાજી જીતી જાય છે. પણ જે થઈ ચૂક્યું છે તેનું શું? જે કર્મ બાંધ્યાં છે, જીવ સાથે ઓતપ્રોત થઈ ચૂક્યાં છે તે તો ગમે ત્યારે ઉદયમાં આવવાનાં. કર્મ એક એવો લેણદાર છે કે જે કોઈની શેહ-શરમ રાખતો નથી. વળી, ગમે ત્યારે આવીને ઊભો રહે અને પોતાનું લેણું વસૂલ કરીને જ રહે. આપણે અગાઉ એક વાતની નોંધ લીધી છે કે કર્મ જે સ્વરૂપે બાંધ્યાં હોય છે તે જ સ્વરૂપે ભાગ્યે જ ઉદયમાં આવે છે, કારણ કે **કર્મ બંધાઈ ગયા પછી પણ આપણા ભાવોમાં જે પરિવર્તન આવે છે, આપણાં વાણી-વર્તનમાં જે ફેરફારો થાય છે તે બધાંની બાંધેલાં કર્મો ઉપર અસર પડે છે અને તેમાં ફેરફાર થઈ જાય છે.** પૂર્વજન્મમાં બાંધેલાં કર્મો ઉપર અત્યારના ભાવોની અસર પડે છે અને તેને લીધે પૂર્વ કર્મની સ્થિતિ-મુદત અને રસ-તીવ્રતામાં વધારો-ઘટાડો થયા કરે છે.

આમ જોઈએ તો કર્મનો ભોગવટા કાળ અને તેના અનુભવની તીવ્રતા કર્મબંધ સમયે નિર્ણીત થયેલી હોય છે. પણ સદ્‌ભાવ, સદાચાર, સદવૃત્તિ ઈત્યાદિના પ્રવર્તનથી તેમાં ન્યૂનતા કે વધારો પણ થઈ શકે છે. આ ફેરફાર સારા માટે પણ હોઈ શકે અને નરસા માટે પણ હોઈ શકે. જો જીવનો પુરુષાર્થ સમ્યગ્ હોય અને ભાવો શુભ કે શુદ્ધ થતા હોય તો બાંધેલાં કર્મોમાં સારા માટે ફેરફારો થાય. જો પુરુષાર્થ ઊલટો હોય અને વૃત્તિઓ કલુષિત થતી ગઈ હોય તો કર્મોમાં જે પરિવર્તન થાય તે પ્રતિકૂળ રહે. કોઈ પણ કર્મનો બંધ પડે છે ત્યારે તે મોટે ભાગે શિથિલ હોય છે,

પણ કરેલા કર્મની પ્રશંસા કરી રાજી થઈ આપણે એમાં જે રસ રેડીએ છીએ તે કર્મના બંધને ગાઢ-સખત કરી દે છે. કર્મની વ્યવસ્થામાં એક એવો નિયમ છે કે અમુક અપવાદો સિવાય પુરુષાર્થ કરી એમાં ફેરફાર કરી શકાય. સંસારમાં પણ આપણે જોઈએ છીએ કે જ્યાં સુધી કોર્ટમાં ચુકાદો ન આવ્યો હોય ત્યાં સુધી અસીલ અને વકીલ પોતાનો કેસ મજબૂત કરી શકે અને સામાનો કેસ ઢીલો પાડી શકે.

કર્મમાં ફેરફાર ન થઈ શકે એવા એક બે અપવાદો છે. એક તો જે કર્મ ખૂબ ગાઢ રીતે બંધાયેલું હોય - જેને **નિકાચીત** કહેવાય છે. એમાં ફેરફાર ન થઈ શકે. બીજું જે કર્મ ઉદયમાં આવવા માટે ગોઠવાઈ ચૂક્યું છે અને હવેની પળોમાં ઉદયમાં આવવાનું છે તેમાં ફેરફાર ન થઈ શકે. પણ આ બંને બાબતો આપણા જ્ઞાનની સીમાની બહારની છે. તેથી આપણે તો બધાં અશુભ કર્મોમાં ફેરફાર કરવા પુરુષાર્થ કરવો જ રહ્યો. **આ પુરુષાર્થ વૃત્તિ અને પ્રવૃત્તિ બંનેના પરિવર્તનથી કરવાનો હોય છે.** કર્મની કાનૂન વ્યવસ્થામાં પ્રવૃત્તિ કરતાં વૃત્તિ વધારે મહત્ત્વની બની રહે છે. ડૉક્ટર દરદી ઉપર છરી ચલાવે પણ તેનો આશય સારો છે માટે તે શુભ કર્મ બાંધે અને કસાઈ પશુ ઉપર છરી ચલાવે તે અશુભ કર્મ બાંધે કારણ કે તેનો આશય ખરાબ છે. મા બાળકને મારે પણ પણ તેની પાછળ બાળકના હિતની ચિંતા હોય છે તેથી તેને અશુભ કર્મનો બંધ ન પડે. આવાં તો અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે. **કર્મમાં ફેરફાર કરવા માટેનું પ્રબળ સાધન મન-વચન અને કાયાનો યોગ અને અંતઃકરણની નિર્મળતા છે.** આ નિર્મળતા અને શુભ ભાવોમાં પણ ઘણી તરતમતા રહે છે. જેટલી નિર્મળતા વધારે એટલું એમાં વધારે બળ.

**બાંધેલાં કર્મોમાં ફેરફાર કરવા માટે જે પ્રક્રિયા થાય છે. તેને માટેનો શાસ્ત્રીય શબ્દ કરણ છેઃ**

**કરણ આઠ છે.** બંધ જેમાં કર્મનો બંધ પડે. નિદ્ધત્તિકરણ જેનાથી કર્મનો બંધ ગાઢ પડે. નિકાચનામાં કર્મ આત્મા સાથે એટલાં ઓતપ્રોત

થઈ જાય કે જે ભોગવ્યા વિના છૂટે જ નહીં. અપવર્તનામાં કર્મના ભોગવટાને ટૂંકાવી શકાય. તો ઉદ્‌વર્તનામાં કર્મને લંબાવી શકાય. સંક્રમણમાં એક પ્રકૃતિનાં કર્મના હવાલા પાડી શકાય. જેમ કે શાતા અને અશાતા. ઉદીરણામાં જે કર્મનો વિપાકને વાર હોય તેને આગળ લાવીને સમય પહેલાં ભોગવી શકાય. ઉપશમમાં કર્મના ઉદયનું તત્પૂરતા શમન કરી શકાય.

આ પ્રક્રિયા આઠ પ્રકારે થાય છે જેથી આઠ કરણમાં તેનું વિભાગીકરણ કરવામાં આવે છે. પણ મૂળ વાત છે અંતર્જગતના શુભ અને દઢ ભાવો તેમજ મન-વચન અને કાયાના શુભ યોગોની. આ પ્રક્રિયાથી બાંધેલાં કર્મો વધારે ગાઢ પણ થઈ શકે અને શિથિલ પણ થઈ શકે. કર્મ જેટલી તીવ્રતાથી અને જેટલા લાંબા સમય માટે ભોગવવાનું હોય તેમાં આ પ્રક્રિયાથી ઘટાડો પણ થઈ શકે. એ જ રીતે કર્મો ભોગવવાના કાળ અને તીવ્રતામાં વધારો પણ થઈ જાય. ઘણી વાર પ્રતિકૂળ વેદનારૂપે જેનો પરિપાક થવાનો હોય તે અનુકૂળ વેદનામાં પરિણમે અને એથી ઊલટું પણ બની જાય.

કર્મ ટૂંકા કાળમાં ભોગવાઈ જાય એ વાત કરી તો તે બાબત સ્પષ્ટતા કરી લઈએ કે કર્મબંધ વખતે બંધાયેલાં કર્મ-પરમાણુઓનો જથ્થો તો એટલો ને એટલો જ રહે છે પણ તેનો ભોગવટો જલદીથી થઈ જાય છે. જે કર્મ ભવિષ્યમાં ઉદયમાં આવવાનું હોય તેને વહેલું ઉદયમાં લાવીને ભોગવી શકાય કે ખંખેરી નાખી શકાય. કર્મના ઉદયનું ઉપશમન પણ થઈ શકે. આ બધી પ્રક્રિયાઓ જ્ઞાનીઓ સિવાય કોઈ જોઈ-જાણી ન શકે પણ આપણે તો શુભ વૃત્તિ, શુભ ભાવો અને શુભ પ્રવૃત્તિઓ કરતા જવાની કારણ કે તે કરણની પ્રક્રિયા તો આપણને ખબર પડે કે ન પડે પણ સતત થતી જ રહે છે જેથી તેનાં અનુકૂળ પરિણામોનો લાભ આપણને મળતો જ રહે. ટૂંકમાં સત્સંગ કરો, સદ્‌વિચારોનું સેવન કરો, સદાચારમાં સ્થિર થાઓ એટલે અશુભ કર્મોનું બળ આપોઆપ તૂટવા લાગશે અને શુભ કર્મો બળવત્તર બનતાં જશે.

જીવ માત્ર જે કંઈ સુખદુઃખ અનુભવે છે, જે કંઈ મેળવે છે કે ગુમાવે છે તે કર્મના ઉદયને આભારી છે. પ્રત્યેક પળે આઠેય પ્રકારનાં કર્મોનો ઉદય પ્રવર્તતો જ હોય છે અને તેને પરિણામે આપણા જીવનમાં તો શું પણ દિવસમાંય અનેક ચઢાવ-ઉતરાવ આવ્યા કરે છે. તો આપણે એ વાત બરાબર સમજી લઈએ કે બાંધેલાં કર્મોનો ઉદય કેવી રીતે થાય છે અને તે સમયે આપણે શું કરવું જોઈએ? અગાઉ આપણે જોઈ ગયા કે કર્મનો જ્યારે બંધ પડે છે ત્યારે તે ક્યારે ઉદયમાં આવશે તે નક્કી થઈ જાય છે પણ ત્યાર પછી આપણી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને લીધે તેના ઉદયકાળમાં ફેરફારો થતા રહે છે પણ બાંધેલું કર્મ ઉદયમાં તો આવવાનું જ.

કર્મને ઉદયમાં આવવાની બે રીતો છેઃ એક તો કર્મબંધ સમયે જે મુદત નક્કી થઈ હોય તે વખતે તે ઉદયમાં આવે. ઝાડ ઉપર આવેલું ફળ, ઝાડ ઉપર જ પાકીને નીચે ગરી પડે. તેમ કર્મ પણ તેનો વિપાક થતાં ઉદયમાં આવીને તેની અસરો દેખાડવા માંડે છે જેને **વિપાકોદય** કહે છે. કર્મ ભોગવાઈ જાય એટલે જીવથી છૂટું પડી જાય. આપણે સૌથી પહેલાં એ વાત કરી હતી કે કર્મ એ પણ પદાર્થ છે અને તેના પરમાણુઓ કષાયો અને મન-વચન તેમજ કાયાના યોગોને લીધે જીવ સાથે ચોંટી ગયા હોય છે. સારું કે ખરાબ કર્મ ઉદયમાં આવીને ભોગવાઈ જાય એટલે સ્વાભાવિક રીતે આ કર્મ-પરમાણુઓ ખરી પડે. ત્યાર પછી તે પરમાણુઓની જીવ ઉપર કોઈ અસર પડતી નથી - રહેતી નથી.

કર્મને ઉદયમાં આવવાની બીજી રીત છે કે કર્મના પરમાણુઓ આત્મા ઉપરથી ખરી પડે પણ તેની સારી કે માઠી અસર વર્તાય નહીં. આમ, જે કર્મ-પરમાણુઓ અસર આપ્યા વિના એક કે બીજા કારણે ખરી પડે છે તેને **પ્રદેશોદય** કહે છે. કર્મની વ્યવસ્થાની આ એક ગહન વાત છે જેને અન્ય કર્મસિદ્ધાંતો સમજાવી શકયા નથી. એવાં કેટલાંય કર્મ જીવે બાંધેલાં હોય છે કે જેની મુદત પાકી ગઈ હોય પણ ઉદયમાં આવીને તેમને પોતાનો પ્રભાવ બતાવવાનો અવકાશ મળતો ન હોય. જેમ મુદત

બહાર ગયેલું લેણું ફોગટ થાય છે તેવું આ કર્મોની બાબતમાં પણ બને છે.

કેટલીક વાર બંધાયેલાં કર્મના પરમાણુઓને પોતાની વિરોધી પ્રકૃતિમાં પણ બેસવું પડે છે – ભળવું પડે છે જ્યાં તેનો કોઈ ખાસ પ્રભાવ નથી પડતો. દુશ્મનના ઘરમાં બેઠેલો શક્તિશાળી માણસ પણ અસહાય બની જાય છે તેવું આવા કર્મની બાબતમાં બને છે. તે સમયે એ કર્મનું કંઈ ચાલે નહીં. જેવો વિરોધી પ્રકૃતિના કર્મનો ઉદય પૂરો થાય એટલે તે **કર્મ સ્વપ્રકૃતિના સ્વરૂપે ઉદયમાં આવે.** જ્યાં તે થોડોક પ્રભાવ માંડ બતાવે ત્યાં તેને ખરી પડવાનો સમય થઈ જાય.

ઘણી વાર તો એવું પણ બને કે વિરોધી પ્રકૃતિના કર્મનો ઉદય પ્રવર્તતો ન હોય પણ સ્થાન જ એવું હોય કે સંજોગો જ એવા હોય કે જ્યાં તે પોતાના સ્વરૂપે ઉદયમાં આવી શકે નહીં. આમ, સ્વરૂપોદયને યોગ્ય ભૂમિકા ન મળતાં કર્મ **પરપ્રકૃતિરૂપે ઉદયમાં આવીને નિર્જરે** એટલે કે ખરી પડે.

આમ, એવાં કેટલાંય કર્મો જીવે બાંધેલાં હોય છે કે તે જ્યારે ઉદયમાં આવે ત્યારે તેની સારી–માઠી અસરો ખાસ ન વર્તાય. જેમ મોટા માણસના આગમન સમયે નાના માણસની હાજરી ન વર્તાય તેના જેવી આ વાત છે. જો કોઈ ભારે કર્મનો ઉદય પ્રવર્તતો હોય અને તે સમયે કોઈ લઘુ કર્મ ઉદયમાં આવે તો ભારે કર્મની અસરોના પ્રવાહમાં લઘુ કર્મની અસર તણાઈ જાય. આમ, કર્મ ઉદયમાં આવ્યું પણ તે ખાસ કંઈ કરી શક્યું નહીં. સામાન્ય દાખલો લઈએ તો રોજ શરીરમાં કંઈ તકલીફ થતી હોય પણ મોટો રોગ આવે ત્યારે નાના રોગની તકલીફ ન વર્તાય; જેમ મોટી આફત આવે ત્યારે નાની તકલીફો ન વર્તાય.

કર્મ જ્યારે વિપાકમાં આવીને ઉદયમાં આવે છે ત્યારે તેની અસર ખાસ વર્તાય છે પણ જો કોઈ રીતે પ્રદેશોદયથી કર્મના પરમાણુઓને ખેરવી નાખીએ તો તેની અસરોથી બચી જવાય. આ વાત સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. જે વસ્તુનો સાથ હતો તે ચાલી ગઈ પછી તેની અસર

ક્યાંથી રહે? કર્મનો પ્રદેશોદય સ્વાભાવિક રીતે પણ થાય અને જાણીબૂઝીને પણ કરી શકાય.

બીજી બાજુ એવું પણ બને છે કે શક્તિશાળી મહાપુરુષો જ્યારે બધાં કર્મોનો હિસાબ ચૂકવવા બેઠા હોય ત્યારે ઉઘરાણી કરવા જે કર્મો ન આવ્યાં હોય તેમને પણ સામેથી બોલાવીને, આગળ ખેંચી લાવીને ભોગવી લે છે. પછી ભલેને વિપાકથી તે કર્મ ભોગવવાં પડે. તેને ઉદ્દીરણા કહે છે. આવા જીવો બધી અનુકૂળતા હોય ત્યારે પુરુષાર્થ કરીને કર્મને આગળ ધસડી લાવે અને તેનો વિપાક વેઠી લે. સારા દિવસો હોય ત્યારે આવેલી આફતો સહી લેવાય પણ કપરા કાળમાં આવતી મુશ્કેલીઓ જીવલેણ લાગે છે. આમ, અધ્યાત્મ ક્ષેત્રના વીરલાઓ સામેથી કર્મને બોલાવીને તેનો હિસાબ ચૂકતે કરી દેવાનું પસંદ કરે છે.

આ બધું કેવી રીતે થઈ શકે તેની વાતો ઘણી ગહન છે અને આ પુસ્તકમાં વ્યાપની બહાર છે તેથી આપણે અહીં તેને છોડી દઈએ.

-----

# ૧૧. નિમિત્તોનો પ્રભાવ

ઉદયમાં આવતા પહેલા કર્મોમાં કેવી રીતે ફેરફાર થઈ શકે છે અને કર્મ કયા પ્રકારે ઉદયમાં આવી શકે છે તે ઉપર આપણે વિચાર કર્યો. બાંધેલાં કર્મોમાં ફેરફાર કરી શકાય, વિપાકોદયથી કર્મ ભોગવાય, પ્રદેશોદયથી પણ કર્મનો ઉદય થઈ શકે. ઈત્યાદિ બાબતોની આપણે ચર્ચા કરી. સામે ચાલીને કર્મને ખેંચી લાવીને મહાપુરુષો કેવી રીતે કર્મો ભોગવી લે અને કેટલાક જીવો અનુકૂળતા જોઈ અશુભ કર્મોને ભોગવી લેવાનું પસંદ કરે એ બધી વાતોને પણ આપણે સ્પર્શ કર્યો. એમાં વૃત્તિઓ નિર્મળ કરવાની બાબતમાં અને સારી પ્રવૃત્તિ કરવાની બાબતમાં આપણે સરળતાથી પુરુષાર્થ કરી શકીએ છીએ.

બાકી કર્મના સ્વરૂપોદયને અયોગ્ય સ્થાનની વાત અને પરપ્રકૃતિ કર્મના ઉદયમાં આવવાની બાબત આપણે ઝાઝું કરી શકીએ તેમ નથી. સામેથી ચાલીને અશુભ કર્મોને ખેંચી લોવીને તેનો ઉદય વેઠવાની વાત પણ ઘણેભાગે આપણી તાકાત બહારની છે. છતાંય ધર્મપુરુષોએ થોડેક અંશે આ વાતને આપણાં ધાર્મિક અનુષ્ઠાનોમાં વણી લીધી છે જેથી આપણને તેનું થોડુંક ફળ તો મળ્યા જ કરે. તપશ્ચર્યાના આપણા બધા પ્રકારો આ પ્રક્રિયાના એક ભાગ જેવા જ છે. આ ઉપરાંત કર્મના દુઃસહ્ય ભોગવટામાંથી બચવાના બીજા માર્ગો છે. જેનો આપણે સહારો લઈને કેટલેક અંશે બચી જઈ શકીએ. અજાણતાં આપણે ઘણી વાર આમ કરીએ છીએ ખરા; પણ તેની પાછળના સિદ્ધાંતની આપણને જો જાણકારી હોય તો તેનો પૂરો લાભ લઈ શકાય.

પુણ્યકર્મનો ઉદય તો આપણને ગમે છે તેથી બહુ ઓછા માણસો તેમાંથી બચવાનો વિચાર કરે છે પણ પાપકર્મના ઉદયથી બચવા તો સૌ તત્પર થઈ જાય છે કારણ કે તે વેદના આપે છે - દુઃખ આપે છે.

કર્મના બંધ, ઉદય, વિપાક ઈત્યાદિની વ્યવસ્થા જ એવી છે કે મોટે ભાગે નિમિત્ત વિના કર્મ ઉદયમાં આવી શકતું નથી. એમાં ક્યાંક અપવાદ દેખાય છે. પણ વાસ્તવિકતામાં તે પણ અપવાદ નથી. કોઈ પ્રબળ કર્મ હોય અને તેને ઉદયમાં આવવાનો સમય થઈ ગયો હોય તો તેને ઉદયમાં લાવવા યથાયોગ્ય નિમિત્તની સહાય લેવાય છે. માટે આપણે જો એમ કહીએ કે નિમિત્ત વિના કર્મ ઉદયમાં આવતું નથી – તો તેમાં ખાસ કંઈ વાંધો નહીં આવે. **કર્મ પાંચ પ્રકારનાં નિમિત્તોને લઈને ઉદયમાં આવે છે. આ નિમિત્તો છે : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ.** જો આપણે આ પાંચની રમત ધારી રમી શકીએ તો આપણે કર્મને થાપ આપી એક વખત છટકી જઈ શકીએ અને પછી તો અણીચૂક્યો સો વર્ષ જીવે એમ મળેલા સમયનો સદુપયોગ કરી ઘણું કરી શકાય. બાકી કર્મો પોતાની મેળે ઉદયમાં આવતાં હોય છે ત્યારે તે યથાયોગ્ય નિમિત્તોનો આધાર લેતાં જ હોય છે.

આપણાં કેટલાંય મહાભયંકર કર્મો મનુષ્યભવમાં ઉદયમાં આવી શકતાં નથી કારણ કે મનુષ્યભવનું નિમિત્ત ભયંકર કર્મોને ભોગવવા માટે અનુકૂળ નથી. જો ખૂબ સુખ ભોગવવાનું હોય તો તે માટે દેવલોકમાં જવું પડે. દેવલોક સિવાય અતિસુખ ભોગવી શકાય નહીં. ખૂબ દુઃખ ભોગવવા માટે નરકમાં જવું પડે. ભયંકર યાતના નરક સિવાય કયાંય છે નહીં. અમુક પ્રકારનાં કષ્ટો વેઠવા માટે પશુ-પક્ષી અને અલ્પવિકસિત જીવયોનિઓમાં જવું પડે. **ભવ પ્રબળ નિમિત્ત છે.** જ્યાં સુધી યથાયોગ્ય ભવ ન મળે ત્યાં સુધી અમુક કર્મો સત્તામાં પડ્યાં રહે એટલે કે તે સ્ટૉકમાં રહે, પણ ઉદયમાં ન આવી શકે.

આપણે જોઈ ગયા કે જીવ ભવમાં એક જ વાર આયુષ્ય બાંધી શકે છે અને તે બંધાઈ ગયા પછી તેમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. આ વાત ન જાણવાને લીધે અને ન સમજવાને લીધે ઘણી વાર માણસો મનુષ્યભવમાં મદ-મસ્ત થઈને મહાલે છે અને ઘોર હિંસા આદરે છે. જેનાં પરિણામ તેમને ભોગવવાં જ પડવાનાં છે. ભવનું નિમિત્ત ન મળે

તો કર્મ બાજુમાં બેઠું રહે પણ તેથી તે કંઈ ખસી જતું નથી. એ તો બારણા બહાર અડ્ડો જમાવીને બેઠેલા લેણદાર જેવું છે – જેવા તમે હાથમાં આવ્યા કે તુરત જ તે વ્યાજ સાથે પોતાનું લેણું વસૂલ કરી જ લેવાનું. આજે ભવનું નિમિત્ત આપણા માટે સાનુકૂળ છે તો આપણે તેનો લાભ લઈ પ્રબળ પુણ્યકર્મો બાંધી લઈએ અને ગાઢ પાપકર્મોથી બચી જઈએ.

હવે આપણે બીજાં નિમિત્તોની વાત કરીએ કે જેના ઉપર વત્તેઓછે અંશે આપણો કાબૂ છે. આપણે તેનો સહારો લઈને દુઃખદાયક કર્મના વિપાકને આઘો-પાછો કે ઓછો કરી નાખીએ. આ કામ ઘણી વાર આપણે અજાણતાં પણ કરી લઈએ છીએ. માથું દુઃખે અને તાવ આવે એટલે કંઈ દવા લઈને કે ઔષધનો ઉપચાર કરતાં તાવ ઊતરી જાય અને દુખાવો ઓછો થઈ જાય. **આ દ્રવ્યનું નિમિત્ત છે.** દ્રવ્યના નિમિત્તે કર્મના દુઃખદાયક વિપાકની અસર આપણે ઓછી કરી શક્યા. મુંબઈ જેવી ભેજવાળી હવામાં દમ જેવો વ્યાધિ વકરતો હોય તો સ્થળનો ફેરફાર કરી સૂકી હવાવાળા પ્રદેશમાં ચાલ્યા જવાથી કર્મનો ઉદય એટલો પીડાકારક ન રહે. ખૂબ ગરમી સહન કરવાની હતી પણ આપણે કોઈ ગિરિમથક-હીલસ્ટેશને જતા રહ્યા. ગરમી ભોગવવામાંથી છટકી ગયા. આગળ ઉપર જેની ચર્ચા કરી ગયા તે ભાષામાં કહીએ તો વ્યાધિના પરિપાકરૂપે કર્મ વેદનાથી ભોગવવાનું હતું તે કર્મ વિપાકથી ન ભોગવ્યું પણ દ્રવ્ય કે **ક્ષેત્રનું નિમિત્ત** લઈને પ્રદેશોદયથી ભોગવાયું. આ સામાન્ય જેવી લાગતી બાબતોમાં પણ રહસ્ય રહેલું છે.

તીર્થક્ષેત્રમાં ગયા અને તેના પ્રભાવથી ધર્મની પ્રવૃત્તિમાં વધારો થયો એ પણ ક્ષેત્રનું નિમિત્ત છે. કલબમાં ગયા અને જુગાર રમવા બેસી ગયા. જીવનમાં ડગલે અને પગલે આપણે દ્રવ્ય અને ક્ષેત્રનાં નિમિત્તો લઈને કર્મોના ભોગવટામાં ફેરફાર કરતા જ રહીએ છીએ.

કાળના ઉપર આપણો એટલો અંકુશ નથી હોતો છતાંય તેની વાત કરી લઈએ. કારણ કે પવન જેવો પવન પણ યોગ્ય રીતે સઢ ખોલી

નાખ્યા હોય છે તો હોડીની સહાયમાં આવી જાય છે. કાળને નાથી ન શકાય પણ તેને સાનુકૂળ રાખીને તેની શક્તિનો લાભ તો લઈ શકાય. **કાળ પણ પ્રબળ નિમિત્ત છે.** અમુક રોગો રાત્રે જ વધારે વકરે છે. ચૌદશ-અમાસ માંદા માણસ માટે ભારે રહે છે. હવામાન ઉપર કાળનો પ્રભાવ રહે છે. ચોમાસામાં અનેક જીવ-જંતુઓની ઉત્પત્તિ થાય છે. ધર્મક્રિયાઓ કરવા ઉપર પણ કાળનો પ્રભાવ પડે છે. ચોમાસામાં ધર્મની પ્રવૃત્તિઓ વધારે થાય છે. સવારે દેવ-દર્શન, પૂજા, ધ્યાન ઈત્યાદિ સારી રીતે થઈ શકે છે. વળી જો આપણે સેંકડો અને હજારો વર્ષના કાળની વાત કરી લઈએ તો પણ કાળનો પ્રભાવ વર્તી શકાય છે. પાંચસો વર્ષ પહેલાં આપણી પાસે સુખ-સગવડનાં જે સાધનો ન હતાં તે આજે સુલભ છે. તેનાથી આપણું જીવન કેટલું બદલાઈ ગયું! સામૂહિક હિંસાનાં સાધનો, ટી.વી., ફોન, રૉકેટો, આધુનિક યંત્રો એ બધો કાળનો પ્રભાવ છે. શહેરીકરણ અને તેનાં દૂષણો - અકસ્માતો, ભેળસેળ, અપહરણો, બળાત્કારો એ બધાં કાળના પ્રવાહમાં તણાઈને આવેલાં છે. સંયુક્ત કુટુંબની વ્યવસ્થા, ગ્રામ સંસ્કૃતિ એ બધા ઘસાતા કાળના અવશેષો છે. ઘસાતા કાળને જો આપણે ન સ્વીકારીએ તો દુઃખી થઈ જઈએ. કાળ ઉપર આપણો કાબૂ નથી એ વાત સમજીને આપણે જીવન તરફનો અભિગમ બદલતા રહેવો પડશે. **કાળનો પ્રવાહ ધસમસતો આવી રહ્યો છે. ત્યારે તેમાં તણાઈ ન જઈએ તેનો ખ્યાલ રાખી ક્યાંક બચવું પડશે તો ક્યાંક બદલાયેલા કાળની શક્તિનો ઉપયોગ પણ કરી લેવો જોઈએ.**

હવે જે બાકી નિમિત્ત કારણ છે તે **ભાવનું** છે. જે બહુ સૂક્ષ્મ છે. ભાવને કર્મના બંધ સાથે સૌથી વધારે સંબંધ છે તો કર્મના ભોગવટામાં પણ ભાવનું ખૂબ મહત્વ છે. **ભાવ** બદલવા માટે પ્રબળ પુરુષાર્થ જોઈએ છે. સારાં કે માઠાં કર્મો ઉદયમાં આવે ત્યારે તેની અસરો કે સુખ-દુઃખનો આધાર આપણા ભાવ ઉપર પણ રહે છે. નરસિંહ મહેતાને પત્નીના મૃત્યુથી વિયોગનું દુઃખ ન થયું તેમાં કારણરૂપ ભાવ છે - તેનો

ભક્તિભાવ. મીરાંને રાણાજીએ મોકલેલ ઝેરનો પ્યાલો અસર ન કરી શકયો એનું નિમિત્ત કારણ છે મીરાંનો ભક્તિભાવ. જેનામાં વૈરાગ્યનો ભાવ છે તેને વસ્તુઓનો-રેડિયો, ટીવી, ફર્નિચર, ગાડી, વાડી ઈત્યાદિનો અભાવ એટલો સતાવી ન શકે. જેનું ચિત્ત જપ-તપ, ધ્યાનમાં છે તેને આવી પડેલી શારીરિક વેદનાઓ કે ભૌતિક ઉપાધિઓ એટલું દુઃખ ન દઈ શકે. જો આપણે શુદ્ધ ભાવમાં, આત્મિક ભાવમાં રમણ કરતા હોઈએ તો આવેલા કર્મની શું તાકાત છે કે તે આપણને પીડી શકે?

કર્મના ઉદયમાં પ્રવર્તતાં નિમિત્તોની આ વાત ઘણી સૂક્ષ્મ છે પણ ત્યાં આપણા પુરુષાર્થને અવકાશ છે માટે તેનું મહત્ત્વ છે. બહુ ઓછા લોકો આ દિશામાં સતર્ક પુરુષાર્થ કરે છે. અજાણતાં આપણે નિમિત્તોથી ખસી જઈને બચી જઈએ છીએ પણ એ વાત તો જુદી થઈ ગઈ. આપણે કર્મના વિપાકોદય અને પ્રદેશોદયની વાતો ઉપર વિચાર કર્યો; કર્મના ઉદય માટેનાં આવશ્યક નિમિત્તોની ચર્ચા કરી અને કર્મની અસરોમાંથી કેવી રીતે બચી શકાય તે વાત પણ વિચારી લીધી. એક વાર કર્મને પાછું ઠેલ્યું પછી તો આગે આગે ગોરખ જાગે જેવી વાત છે કારણ કે કર્મને ફરીથી પોતાનો પ્રભાવ બતાવવા યોગ્ય નિમિત્તો જોઈએ. જો ભવનું નિમિત્ત અનુકૂળ ન હોય તો પાપકર્મ ખસીને બાજુમાં ચાલ્યું જાય અને દરમિયાન જીવે જો મનુષ્યજન્મનો દાન-ધર્મ-તપ-શીલ રાખવામાં ઉપયોગ કર્યો હોય, પોતાના ભાવો શુભ અને શુદ્ધ થઈ ગયા હોય તો બાંધેલાં પાપકર્મોમાં ઘણા ફેરફારો થઈ ગયા હોય છે.

આપણે પાપકર્મનો દાખલો વધારે લઈએ છીએ કારણ કે માણસને તેની અસરોથી તેના ભોગવટાથી બચવું હોય છે. પણ પાપકર્મ બાબત જે પ્રક્રિયા થઈ શકે છે તે પુણ્યકર્મ માટે પણ થઈ શકે છે તે તો સમજી જ લેવાનું છે. અવળો પુરુષાર્થ થાય તો પુણ્યકર્મ નબળું પડે અને સવળો પુરુષાર્થ થાય તો પુણ્યકર્મ પ્રબળ બને. આપણે સતત એ પુરુષાર્થ કરતા રહેવાનો છે કે પાપકર્મો હળવાં થઈ જાય અને પુણ્યકર્મ પ્રબળ બની જાય.

## ૧૨. કર્મ ભોગવવાની કળા

ભલે આપણે નિમિત્તોથી ખસી જઈ કર્મ સાથે થોડી સંતાકૂકડી રમી લઈએ પણ કરેલાં તમામ કર્મોથી બચવું મુશકેલ છે. એક તો બધી વાર આપણે નિમિત્તોથી બચી શકતા નથી અને બીજું આપણી પાસે એટલાં બધાં કર્મોનો સ્ટૉક-સંગ્રહ છે કે તે બધાંને થાપ આપવાનું અશક્ય છે માટે કર્મ તો ઉદયમાં આવવાનાં જ અને તેનો પ્રભાવ દેખાડવાનાં. વળી, એવા પ્રકારનાં કેટલાંક કર્મો છે. તેમાં ફેરફાર કરવાનું પણ અશક્ય છે અને તે તો ભોગવવાં જ પડવાનાં. જે કર્મો ગાઢ રસ રેડીને સેવેલાં હોય છે તેનો બંધ એટલો સજ્જડ હોય છે કે તે પુણ્ય ઈત્યાદિ ક્રિયાઓથી ખરી શકતાં નથી અને તેમાં ફેરફાર પણ થઈ શકતો નથી. આ પ્રકારનાં કર્મ તો ઉદયમાં આવવાનાં જ. જો પાપકર્મ હોય તો મહાદુઃખ દેવાનાં અને પુણ્યકર્મ હોય તો મહાસુખમાં મૂકવાનાં.

વળી, જે કર્મો ઉદયના ક્રમમાં આવીને આગળ ખડાં રહી ગયાં છે તે પણ પાછાં નથી ફરવાનાં. આમ, જેને ઉદયાવલિકા કહે છે તેમાં આવીને ઊભેલાં કર્મો ઉદયમાં આવીને તેની અસરો દેખાડ્યા વિના નહીં રહેવાનાં. ભલે આગળ ઉપર આપણે કર્મમાં થતા - કરી શકાતા ફેરફારોની વાત કરી, નિમિત્તો ખસેડી કર્મની અસરોમાંથી બચી જવાની વાત કરી અને વગર ભોગવટે કર્મને ખંખેરી નાખવાના પ્રદેશોદયની વાત કરી પણ મોટે ભાગે જીવો વિપાકથી જ કર્મો ભોગવે છે અને બહુ જ અલ્પ લોકો સભાનપણે કર્મ સાથે રમત રમી શકે છે કે સંઘર્ષ કરી શકે છે. માટે કર્મ ભોગવવાની વાત તો બહુ મહત્ત્વની છે. કર્મબંધ વખતે જેટલી જાગૃતિ રાખવાની હોય છે. તેથીય વધારે જાગૃતિ કર્મના ભોગવટા વખતે રાખવાની છે. આપણે જાણીએ છીએ કે પહાડના ચઢાણ વખતે શ્વાસ ભરાઈ જાય. થાક વધારે લાગે પણ પડવાનો ખતરો ઓછો. જ્યારે

પહાડનો ઢાળ ઊતરતી વખતે સહેલું લાગે, એટલો શ્રમ ન પડે પણ ગબડી પડવાની શક્યતા વધારે – તેમ કર્મના ભોગવટા સમયે ઊતરતો ઢાળ છે જેમાં જો સાવધ ન રહ્યા તો છેક નીચે ગબડી પડવાના. માટે તે સમયે સાવધ રહેવાની ખૂબ જરૂર હોય છે. વિમાનના ચઢાણ અને ઉત્તરાણ બંને સમયે પાઈલૉટને ખૂબ સાવધ રહેવું પડે છે તેમ **કર્મના બંધ સમયે અને તેના ઉદય વખતે એમ બંને સમયે જાગ્રત રહેવાની જરૂર છે.**

કર્મનો બંધ કેવો છે તેનો આધાર વૃત્તિઓ, સંસ્કારો, ભાવો અને મન-વચન-કાયાના યોગો ઉપર રહે છે અને તે વખતે શું સાવધાની રાખવી જોઈએ એ વાત આપણે આગળ ઉપર વિચારી ગયા છીએ. હવે મહત્ત્વની બાબત છે કે કર્મ જ્યારે ઉદયમાં આવે અને તે ભોગવવાં પડે ત્યારે શું સાવચેતી રાખવી? જે ગતિ અને યોનિમાં મનની પ્રાપ્તિ છે ત્યાં જ પ્રાયઃ આવા પુરુષાર્થને અવકાશ રહે છે. સુખ-સંપત્તિ, સુવિધાઓ અને સ્વાસ્થ્ય આપનારાં કર્મોનો ઉદય હોય છે ત્યારે માણસ છકી જાય છે અને બેફામ રીતે વર્તે છે. પરિણામે તે અન્ય જીવોને ઘણી હાનિ પહોંચાડે છે, દુભવે છે, મારે છે, તિરસ્કારે છે અને ઘણી પાપ-પ્રવૃત્તિઓ કરતો રહે છે. તે સમયે પુણ્યકર્મનો ઉદય ચાલતો હોય છે અને અન્ય પાપકર્મો યોગ્ય નિમિત્તોને અભાવે કે સમય ન પાકવાને કારણે પાછળ રહ્યાં હોય છે જેથી માણસ એમ જ માની બેસે છે કે બધું તેના હાથમાં છે અને તે સર્વશક્તિમાન છે. પરિણામે મદાંધ હાથીની જેમ જે સામે આવે તેને કચડતો-ફંગોળતો આગળ વધે છે અને આમ કરવામાં તે એવાં ખરાબ કર્મો કે પાપકર્મોનું ઉપાર્જન કરે છે જે ઉદયમાં આવે ત્યારે જીવ માટે મહાપીડાજનક નીવડે છે અને તેના ભોગવટા વખતે વળી પાછાં ભૂંડાં કર્મ બાંધતો જાય છે. એક બાજુ પુણ્યકર્મ તો ભોગવાઈને પૂરું થઈ ગયું હોય છે અને બીજી બાજુ પાપકર્મનું ચક્કર ચાલુ થઈ જાય છે જે જીવને પરંપરા દુઃખદર્દની ગર્તમાં ઊંડે અને ઊંડે ઉતારતું જાય છે. આ કારણથી પુણ્યકર્મના કાળે તો બહુ જાગ્રત રહેવાની

જરૂર છે. **પુણ્યકર્મનો ઉદય માણસે મમતા વિના ભોગવી લેવો જેથી આ બધાં અનિષ્ટોથી જીવ બચી જાય.** પુણ્ય ભોગવવાની ના નથી. પણ તે મમતા વિના ભોગવવું જેથી અભિમાન ન થાય અને માણસ મત્ત-પ્રમત્ત બની જઈને પુણ્યના ઉદય સમયે પાપનું ઉપાર્જન ન કરી બેસે. પુણ્યનો ઉદય પ્રવર્તે ત્યારે તેને સાધી લેવો અને વધારે ઉદાત્ત કાર્યો કરી શુભ કર્મોનું ઉપાર્જન કરી લેવું જેથી આગળ ઉપર ફરીથી સુખ-સમૃદ્ધિ મળતાં રહે અને જીવ ભવોભવના પ્રગતિનાં સોપાન ચઢતો રહે જેમ શાણો માણસ સમૃદ્ધિના દિવસોમાં બચત કરી લે અને તેનું એવું મૂડીરોકાણ કરી લે જે તેને આગળ ઉપર કામ આવે.

પાપકર્મનો ઉદય આવે છે ત્યારે ચારેય બાજુથી દુઃખ પડે છે, અપમાન થાય છે, નિષ્ફળતાઓ મળે છે, પોતાનાં સ્વજનો પણ વિશ્વાસઘાત કરે છે અને જીવને ઘણી પીડા થાય છે. આવે વખતે માણસ હતાશ-પરેશાન થઈ જાય છે, રો-કકળ કરે છે, લોકોને ગાળો ભાંડે છે, તેમનું ભૂંડું ચિંતવે છે, તેમને વગોવે છે - આ બધાંને પરિણામે જીવ પોતાના ભાવો બગાડી મૂકે છે જેથી પ્રવૃત્તિ અવળી થાય છે અને વળી પાપકર્મનો બંધ પડે છે. આ પાપકર્મ ઉદયમાં આવતાં ફરીથી દુઃખ દારિદ્ર ઊભું થાય છે અને દુઃખની પરંપરા સર્જાતી જાય છે. પાપકર્મના ઉદય વખતે જો માણસ જાગ્રત હોય તો તે અન્યને દોષ દેવાનું ટાળી પોતાનાં જ કર્મોનો વિચાર કરે. તે સમજી જાય કે મારું કોઈએ બગાડ્યું નથી; જે બગડ્યું છે તે મારાં કર્મોને લીધે જ. બીજાઓ તો મારાં પાપકર્મના ઉદયમાં માત્ર નિમિત્ત છે; તેમને શું દોષ દેવો? મેં પૂર્વે પાપકર્મોનું ઉપાર્જન કર્યું હતું જે હવે સામે આવીને ઊભાં છે એટલે કોઈને દોષ દેવાનો અર્થ નથી. **આવા સમયે જીવે સમતાથી, શાંતિથી પાપકર્મોનો ઉદય વેઠી લેવો જોઈએ જેથી વળી પાપકર્મોની પરંપરા ન સર્જાય.** પાપકર્મ પણ પોતાનો પ્રભાવ બતાવીને છેવટે ખરી જ પડવાનું છે માટે જીવે ધીરજ રાખીને ધર્મમાં ચિત્ત પરોવી પોતાની પ્રવૃત્તિ કરતા રહેવી. દેવ-ગુરુની ભક્તિ કરવાથી પોતાના ભાવોમાં જે

પરિવર્તન આવે છે તેનાથી દુઃખ, આપત્તિઓ ઈત્યાદિ પ્રત્યેનો અભિગમ બદલાય છે. પરિણામે નવાં કર્મોના ઉપાર્જનમાં તો અવશ્ય લાભ થાય છે; પણ વર્તમાનમાં ઉદયમાં આવી ચૂકેલાં કર્મોની અસર પણ ઓછી વર્તાય છે.

આમ, સારાં અને નરસાં કર્મોના ઉદય વખતે સાવધ રહેવાની જરૂર છે. જેથી આગળની વાત વધારે ન વણસી જાય. જેમ ઊતરતા જ્વર વખતે ખૂબ સાવધાની રાખવાની હોય છે તેમ કર્મના વિપાક વેળાએ પણ ખૂબ સાવધ રહેવાનું હોય છે. કર્મનો વિપાક એટલે કર્મનું જીવ ઉપરથી ખસવું-ઊતરવું. તે સમયે સુખાનુભવ પણ હોય અને દુઃખાનુભવ પણ હોય. જેવાં કર્મ. જો સુખાનુભવ વખતે મત્ત બની જઈએ અને મર્યાદામાં ન રહીએ તો તે સમયે બીજાં અનેક કર્મો જીવ બાંધી લે છે. દુઃખાનુભવ વખતે જો જીવ રડે, કકળે, હાયવરાળ કરે, હવે હું ક્યારે છૂટીશ, આ બધું ક્યારે ટળશે - એમ વિચારો કર્યા કરે અને વ્યર્થ દોડધામ કર્યા કરે તો પણ વળી પાછાં અનેક કર્મો બંધાઈ જાય છે. **કર્મનો વિપાક ભોગવવાની વેળાએ જીવે ખૂબ સ્વસ્થતા રાખવાની હોય છે.** જો તે સમયે જીવ સ્વસ્થ ન રહી શકે અને તેની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને સંભાળી ન શકે તો એવી પરિસ્થિતિ સર્જાય કે જ્યાં જીવ જેટલાં કર્મ છોડે તેનાથી વધારે બાંધે. કર્મનો ભાર ઉતારે ઓછો અને વધારે ઝાઝો. આમ, સંસાર વધતો જાય.

કર્મના વિપાકની વેળા તો ખૂબ સાચવી લેવાની હોય છે. તે સમયે આત્મબળનો સહારો લઈ ખૂબ સ્વસ્થ રહેવાનું હોય છે. તેથી જ્ઞાનીપુરુષો કહી ગયા છે કે **પુણ્યકર્મનો ઉદય મમતા વિના ભોગવો અને પાપકર્મનો ઉદય સમતાથી ભોગવો.** કર્મસિદ્ધાંતનું આ રહસ્ય આપણે જાણતા હોઈએ અને તે પ્રમાણે પુરુષાર્થ કરીએ તો વર્તમાન જીવતાં આવડ્યો એમ ગણાય અને ભાવિ આપત્તિઓમાંથી અવશ્ય બચી જવાય. કર્મ ભોગવવું એ પણ એક કળા છે.

અહીં એક બીજી બાબતનો ઉલ્લેખ કરી લેવા જેવો છે કે જે ઘણાને

મૂંઝવે છે. એક સામાન્ય માન્યતા પ્રવર્તે છે કે જેવું પ્રારબ્ધ હોય એવો જ પુરુષાર્થ થાય છે; અને તે પરિણામે આપણે સહન કરવું પડે છે. આ વાત સાંભળવામાં સારી લાગે તેવી છે પણ વાસ્તવિકતા જુદી છે. પ્રારબ્ધ એટલે પૂર્વકર્મનો ઉદય અને સ્વાભાવિક છે કે જે તે કર્મ ઉદયમાં આવવા માટે પોતાને અનુકૂળ નિમિત્ત શોધી લે છે. અહીં સુધી કર્મની જ પ્રબળતા પ્રવર્તે છે. જે જીવોને મન નથી મળ્યું, જ્ઞાન નથી મળ્યું તેઓ તો પ્રારબ્ધને આધીન રહીને સુખ-દુઃખ ભોગવવાના; પણ મનુષ્યભવમાં આપણી પાસે મન છે, બુદ્ધિ છે, દેવ-ગુરુ-ધર્મનું સાન્નિધ્ય છે. અહીં જ મળેલા જ્ઞાનનો ઉપયોગ કરીને મનુષ્યે પુરુષાર્થ કરવાનો છે. કર્મને આધીન થવામાં પુરુષાર્થ નથી. પશુ-પક્ષીઓ ખાસ પુરુષાર્થ નથી કરી શકતાં તેથી તેમને તો પૂર્વકર્મના ઉદયને આધીન થયા વિના છૂટકો નથી પણ મનુષ્ય પુરુષાર્થ કરી શકે છે. **કર્મને આધીન ન થવું, તેને રફેદફે કરી નાખવું, એની અસરોને તોડી નાખવી, ભાવિ કર્મોનો અનુકૂળ બંધ પાડવો એ બધામાં પુરુષાર્થ રહેલો** છે. ભૂતકાળનું કર્મ, ગત જન્મોનાં કર્મો એ આપણું પ્રારબ્ધ છે. પણ આજનું કર્મ તે આપણા ભવિષ્યનું - હવે પછીનું પ્રારબ્ધ છે.

કર્મવાદની સમજણ કર્મને આધીન થવા માટે નથી; પણ કર્મથી બચવા માટે છે. જો પુરુષાર્થ જ કરવાનો ન હોય, પુરુષાર્થને અવકાશ જ ન હોય તો પછી કર્મવાદની સમજણ શા કામની? કર્મનો સિદ્ધાંત પુરુષાર્થનો સિદ્ધાંત છે. કર્મમાં જો આખલાનું બળ છે તો **પુરુષાર્થમાં સિંહની શક્તિ** છે. મળેલા મનુષ્યજન્મમાં જો આપણે યથાયોગ્ય પુરુષાર્થ કરી લઈશું તો જ મનુષ્યજન્મ સાર્થક થશે.

-----

# ૧૩. પુરુષાર્થની પ્રધાનતા

કર્મનો સિદ્ધાંત ઘણો ગહન છે. તેનું મોટું ગણિત છે જેમાં આપણે નથી ઊતરતા પણ કર્મ વિષેની ચર્ચા પૂરી કરતા પહેલાં આપણે કર્મ અંગેની એક મહત્ત્વની બાબત વિચારવી રહી. ભારતીય ધર્મધારાઓમાં મોક્ષની વાત કરવામાં આવે છે અને તેને ચરમલક્ષ્ય માનવામાં આવે છે. વિવિધ ધર્મોએ મોક્ષ અંગે જે વિચારો કર્યા છે તેમાં થોડીક ભિન્નતા દેખાય છે પણ એક વાતનું તો સામ્ય છે કે મોક્ષ એ કૃતકૃત્ય અવસ્થા છે. તે પ્રાપ્ત થયા પછી જીવે બીજું કંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. મોક્ષના વિચારને સમજવા માટે કેટલાક વિચારકોએ તેને ભૌગોલિક સ્થળ તરીકે સ્થાપ્યો જ્યાં જીવને માત્ર સુખાનુભવ જ રહે. મોક્ષ ભૌગોલિક સ્થાન છે કે નહીં એની ચર્ચામાં આપણે ન પડીએ તો પણ આપણે એક વાત તો સ્વીકારવી પડશે કે મોક્ષ મુક્ત થવાની વાત કરે છે. મોક્ષ શબ્દનો અર્થ જ મુક્તિનો દ્યોતક છે. જ્યાં બંધન છે ત્યાં સુખાનુભવ કેવો? મુક્ત શેમાંથી થવાનું? મુક્ત કોણે થવાનું? મોક્ષની અભિલાષા, મોક્ષનું લક્ષ્ય એ વાતનો નિર્દેશ કરે છે કે આપણે ક્યાંક બંધાયેલા છીએ અને તેમાંથી આપણે મુક્ત થવાનું છે.

આમ, કર્મવાદ મોક્ષ સાથે ગાઢ રીતે સંલગ્ન છે. જીવ કર્મથી બંધાયેલો છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી બંધન છે અને બંધન છે ત્યાં દુઃખ છે, વેદના છે, પરાધીનતા છે. કર્મનું એવું ચક્કર ચાલ્યા જ કરે છે કે તે ક્યાંય અટકતું નથી. પૂર્વકર્મ ભોગવાતાં જાય અને નવાં બંધાતાં જાય. આમ, કર્મનો સ્ટૉક ક્યારેય ખાલી થતો નથી. કર્મ માત્ર બંધન છે, કારણ કે તેમાં પરાધીનતા છે છતાંય આપણને પુણ્યકર્મ ગમે છે કારણ કે તેમાં સુખાભાષ થાય છે. તત્ત્વજ્ઞોએ તો પુણ્યકર્મને પણ બંધન ગણ્યું છે અને તેનાથી પણ મુક્ત થવાની વાત કરી છે. સુખાનુભવ મુક્તિમાં

છે. સુખાભાસમાં નહીં. આ વાતને ધીરજથી સમજવાની છે. પુણ્યકર્મનો એમાં નિષેધ નથી કારણ કે પુણ્યકર્મને સહારે મનુષ્ય પાપકર્મોને હઠાવે છે. પણ પુણ્યકર્મ અંતે તો છોડી દેવા જેવું છે. કારણ કે તે પણ બંધન તો છે જ. જેમ ઉપર ચડનાર માણસ દોરડાનો સહારો લે પણ નિસરણી ચડી ગયા પછી દોરડું છોડી દે છે, તેને પકડી રાખતો નથી તેમ છેવટે પુણ્યકર્મ પણ છોડી દેવાનું છે. આ બહુ સૂક્ષ્મ વાત છે. રેશમની દોરીથી બાળકને બાંધો કે લોખંડની સાંકળથી બાંધો પણ બંધન એ બંધન એમાં કોઈ શંકા નથી. **પુણ્યને પણ છોડવાની વાત સાધનાના છેલ્લા પગથિયે છે નહીં કે પહેલે પગથિયે.** ઘણી વાર મોટા મોટા ચિંતકોએ પણ આ બાબતે ઉતાવળે અભિપ્રાય આપ્યા છે જેથી તે અંગે ઘણી ગેરસમજ પ્રવર્તે છે.

આમ, મોક્ષ જીવ માત્રનું ચરમ લક્ષ્ય હોવું જોઈએ કારણ કે તેમાં અનંત સુખાનુભવ છે. મોક્ષની નિષેધાત્મક કલ્પના આપણને માન્ય નથી. જો મોક્ષ કંઈ જ ન હોય તો પછી મેળવવા જેવું શું રહ્યું? હવે જો મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો કર્મના બંધનમાંથી છૂટવું જોઈએ. જો આપણને કોઈએ બાંધ્યા હોય તો તે કર્મે. કર્મનું બંધન તૂટતાં જ હંસલો મુક્ત થઈને માનસરોવરને કાંઠે બેસી ક્ષીરનું-અમૃતનું પાન કરવાનો.

**માટે જે કોઈ વિચાર, ભાવ કે ક્રિયા કર્મના વિષચક્રને તોડે તે સાધના છે.** કર્મવાદનો અભ્યાસ આપણને કર્મના કોઠાઓનું જ્ઞાન આપે છે કે જેને સહારે આપણે સાતેય કોઠા જીતી બહાર આવી જઈ શકીએ. આપણે કર્મબંધ વિષે જાણ્યું, કર્મના ભોગવટાનો વિચાર કર્યો, નિમિત્તોની પ્રબળતા સમજ્યા, કર્મનો વિપાકોદય અને પ્રદેશોદય ચર્ચી ગયા એ બધાનો સાર એટલો જ છે કે કર્મ બાંધો થોડાં, પણ તોડો ઘણાં. સાધનાનો અર્થ એટલો જ છે કે ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ બનાવો, નવાં કર્મોને આવવા ન દો, બાંધેલાં કર્મોને ખંખેરી નાખો, ઝાટકી નાખો. ગમે તેમ કરી કર્મને કાઢો. છેવટે ભોગવીને પણ કર્મને કાઢો.

તેથી ઘણી વાર આરાધકો સામે ચાલીને નિમિત્તો આપીને કર્મોને ખેંચી લાવી ભોગવવાનું પસંદ કરે છે. કર્મનું દેવું ચૂકવ્યા વિના કોઈ તેના સામ્રાજ્યની સરહદ ઓળંગી શકે તેમ નથી. તેથી જ્યારે મનુષ્યભવ મળ્યો છે, ધર્મની અનુકૂળતા છે, દેવ-ગુરુની નિશ્રા સુલભ છે ત્યારે કર્મનો હિસાબ ચોખ્ખો કરી નાખો. પણ અહીં એક વાતે સાવધ રહેવાનું છે કે સામેથી કર્મને ખેંચી લાવી ભોગવવાની પ્રક્રિયા ધર્મશૂરાઓએ કરવા જેવી છે, સામાન્ય જીવોએ નહિ, કારણ કે વગર તાકાતે આ પ્રયોગ કરનાર ઊલટાનો કુટાઈ જાય.

જો કર્મ ભોગવીને કાઢવાનાં હોય તો તો કરોડો વર્ષો તો શું કરોડો જન્મો જોઈએ. વળી કર્મના ભોગવટા વખતે નવાં કર્મ બંધાતા જાય તેનું શું? તેથી સાધના એનું નામ કે જે કરોડો વર્ષ ચાલે એટલાં કર્મનો સ્ટૉક બે-ત્રણ જન્મમાં ખતમ કરી નાખે અને મુક્ત થઈ જાય.

આમ જોઈએ તો કાળ ઉપર આપણો બહુ કાબૂ નથી પણ સાધનામાં કાળ બહુ જાગતી ચીજ છે. સાધનામાં તો કર્મની સ્થિતિને-મુદતને ઉત્તરોત્તર તોડીને ટૂંકી કરવાની છે. કર્મની સ્થિતિ જેટલી તૂટે એટલી પ્રગતિ, એટલી ગુણપ્રાપ્તિ વધારે. સાધનામાં જ્યારે પ્રવેગની-એકસીલરેશનની સ્થિતિ સર્જાય છે તેને ક્ષપકશ્રેણી કહેવામાં આવે છે તે કાળનો ઘાત કરીને જ મંડાય છે. તે સમયે કરોડો વર્ષે કે જન્મે જેનો ભોગવટો થઈ શકે તેવાં કર્મોની સ્થિતિ-કાળમર્યાદા, લાખ્ખો નહિ, હજારો નહિ, અરે, સેંકડો નહિ પણ છેવટે બે-ત્રણ ઘડી સુધી આવી જાય છે. ઉત્કૃષ્ટ આરાધના કરનાર તો કર્મોને એક જ જન્મમાં પૂરાં કરી નાખવાની પેરવી કરે છે. આત્માના ગુણો પ્રગટ થતા જાય તેમ કર્મની સ્થિતિ તૂટતી જાય. કર્મની સ્થિતિ તૂટે એટલે તેનો ભોગવટાકાળ તૂટે, પણ તેના પરમાણુઓ તો એટલા ને એટલા જ રહે. જે કર્મ-પરમાણુઓ લાંબા કાળમાં ભોગવવાના હોય તે પછી અલ્પકાળમાં પ્રદેશોદયથી ભોગવાઈ જાય. કર્મ-પરમાણુઓ જીવ સાથે ચોંટેલા હોય છે

જે બે રીતે તેનાથી વિમુક્ત થાય. એક તો કર્મ ભોગવાય એટલે તે ખરી પડે. બીજી રીત છે પ્રદેશોદયની. જેમાં કર્મની અસર ન વર્તાય અને તે ખરી પડે. જેની ચર્ચા આપણે આગળ ઉપર કરી છે.

કરેલાં કર્મો અવશ્ય ભોગવવાં પડે એમ જે કહેવાય છે તે કર્મના પરમાણુઓની અપેક્ષાએ જપ-તપ-વ્રત-દાન-ધર્મ-સદાચાર-ધ્યાન-યોગ-ભક્તિ બધાંનો ગૂઢાર્થ એ છે કે કર્મને તોડો-ખંખેરી નાખો. આ બધાં અનુષ્ઠાનો કર્મની સ્થિતિ અને રસને તોડી નાખવામાં સહાય કરે છે. કર્મનો રસઘાત થતાં કર્મ તાકાત વગરનાં બની જઈને ખરવા લાગે છે. રસઘાતની પ્રક્રિયા તો સ્થિતિઘાત કરતાંય ઝડપી હોય છે. સાધનાની અંતિમ કક્ષાએ સાધક બધા જ કર્મદલિકોને પ્રદેશોદયથી સૂકવીને, તપ્ત કરીને ખંખેરી નાખે છે જેને કેવળી **સમુદ્‌ઘાતને** નામે ઓળખવામાં આવે છે - બસ ત્યાર પછી જીવ મુક્ત થઈ જાય છે - કર્મથી મુકત થઈ જાય છે અને અનંત સુખાનુભવમાં તેની સ્થિતિ થઈ જાય છે.

બીજી એક મહત્ત્વની બાબત છે ચૈતન્યની સતાની. આપણે જોઈ ગયા કે આમ તો કર્મ એક જડ પદાર્થ છે. પદાર્થમાં અનર્ગળ શક્તિ રહેલી છે તો સામે ચૈતન્યમાં અનંત શક્તિ રહેલી છે. કર્મની શક્તિ એટલે જડની શક્તિ. જે ચૈતન્યની શક્તિને આવરીને-દબાવીને બેઠી છે અને તેનો આ સંસાર છે. પણ એ બાબત નિર્વિવાદ છે કે **જડ કયારેય ચૈતન્ય બની શકતું નથી અને ચૈતન્ય કયારેય જડ બની જતું નથી. છતાંય બન્નેનો એકબીજા ઉપર પ્રભાવ છે.** કર્મની જે કંઈ જંજાળ છે, તેનો જે કંઈ વિસ્તાર છે તે જડ અને ચેતનના પરસ્પર થતા સંબંધોને કારણે. કર્મની હાજરીમાં ચૈતન્ય અમુક રીતે વર્તે છે પણ જો કર્મ નષ્ટ થઈ જાય, ચેતનને જડ એવાં કર્મોનો સંસર્ગ ન રહે, તો પછી ચૈતન્ય શુદ્ધ સ્વરૂપે વિલસી રહે છે. જડને પોતાનો સ્વભાવ છે અને તેની આગવી શક્તિ છે તો ચૈતન્યને પણ પોતાનો વિશિષ્ટ સ્વભાવ છે અને તેની પાસે વિશિષ્ટ શક્તિ છે. આમ તો ચૈતન્યની તાકાત, જડની તાકાત કરતાં અનેકગણી છે. પણ ગમે તેવી તાકાતવાળો જંગલને

ધ્રુજાવનાર સિંહ પાંજરે પુરાયો હોય તો પછી તેની તાકાત ક્યાં રહી? **આપણું ચૈતન્ય કર્મરૂપી પાંજરામાં પુરાયેલું છે તેથી અસહાય બનીને કર્મ આપે છે એટલું લે છે અને કર્મ નચાવે તેમ નાચે છે.** પણ એક વાર ચૈતન્ય જાગી ઊઠે, આળસ ખંખેરીને પૂર્ણ બળથી, પૂર્ણ શ્રદ્ધાથી પાંજરાને તોડીને બહાર આવી જાય તો પછી તે પોતના સ્વભાવમાં આવી જઈ શકે છે. મૂળ વાત છે ચૈતન્ય એવા જીવ અને જડ એવા કર્મના સંબંધોને તોડવાની.

ઘણા લોકો એમ કહે છે કે ચૈતન્ય શુદ્ધ-બુદ્ધ છે. તેને જડ એવાં કર્મ કંઈ કરી શકે નહિ. આ વાત સાંભળવામાં સારી લાગે છે, સાંભળવી ગમે તેવી છે પણ વાસ્તવિકતા ઊલટી છે. જો ચૈતન્ય ઉપર કર્મનો પ્રભાવ ન પડતો હોય તો મદારી જેમ રીંછને નચાવે તેમ ચૈતન્ય એવા આપણે, સંસારમાં કર્મના નચાવ્યા કેમ નાચ્યા કરીએ છીએ? જેમ ગળે સાંકળ બાંધેલ કૂતરો, સાંકળની ઢીલ પ્રમાણે ફરતાં ફરતાં કહે કે હું સ્વતંત્ર છું તેના જેવી આ વાત લાગે છે. જો જીવ સ્વતંત્ર છે તો પછી તેને આ સંસાર કેમ? આ પરાધીનપણું, આ અસહાયતા કેવી? મૂળ વાત છે કે જીવે કર્મની ચુંગાલ ફગાવી દઈને સ્વતંત્ર થવાનું છે. **સ્વભાવથી આત્મા શુદ્ધ-બુદ્ધ અને અનંત સામર્થ્યવાળો છે પણ તેના તે ગુણો કર્મથી આવૃત્ત છે** – ઢંકાયેલા છે, કર્મથી દબાયેલા છે જે તેણે પ્રગટાવવાના છે. આ ગુણોનો આવિર્ભાવ કરવા માટે જીવે પુરુષાર્થ કરવાનો છે.

કરોડોની સંપત્તિનો માલિક જ્યાં સુધી પોતાની સંપત્તિથી અજાણ હોય કે જ્યાં સુધી તે મેળવી ન શકે ત્યાં સુધી તો તે દરિદ્ર જ છે. આપણો ઘાટ આના જેવો છે. આપણે અનંતના સ્વામી છીએ પણ અત્યારે તો કર્મના માર્યા અને દોર્યા સંસારમાં અથડાઈએ છીએ – કુટાઈએ છીએ. જ્યાં સુધી કર્મનો ધ્વંસ નહિ કરીએ ત્યાં સુધી આપણા ભાગ્યમાં કુટાવાનું જ છે. પણ આશા એટલી છે કે **ચૈતન્યમાં અનંત શક્તિ છે અને જો તેને જગાડવાનો, જીવ પુરુષાર્થ કરે તો જડ એવા કર્મનો**

**પરાભવ કરીને પોતે અવશ્ય મુક્ત થઈ જાય.**

ઘણા લોકો તો ઠેરથી જ વાત કરે છે કે જડ એવું કર્મ ચૈતન્યને અસર ન કરી શકે. અરે, જડ એવી દવાઓનું સેવન કરવાથી આપણા ઉપર કેટલી બધી અસર થાય છે? દારૂ જડ છે અને બ્રાહ્મી પણ જડ છે; પણ એક બુદ્ધિને ભ્રમિત કરે છે તો બીજું બુદ્ધિને સચેત કરે છે. જડ એવા પદાર્થો ઉપર ચેતનાથી ધબકતો જીવ કેટલી આસક્તિ રાખે છે? જડ પદાર્થો ઉપર જીવ નભે છે અને તેને મેળવવા જીવનભર દોડ્યા કરે છે. મંગળ અને ગુરુના ગ્રહો ઉપર જ્યાં જીવન નથી ત્યાં જડનું અસ્તિત્વ તો છે પણ ત્યાં કોઈ મારા-મારી નથી, કોઈ સંસાર મંડાયો નથી. **જ્યાં જડ છે અને ચેતન છે ત્યાં જ સંસાર છે. સંસાર એટલે જડ અને ચેતનની રમત.** ત્યાં જડની અસર ચેતન ઉપર ન થાય એ વાત ગળે કેમ ઊતરે?

પણ હા, આપણે એટલું અવશ્ય સ્વીકારવું જ રહ્યું કે જડ એ જડ છે, તે ક્યારેય ચેતન બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બનવાનું નથી. બંનેને પોતપોતાની શક્તિ છે તો બંનને પોતપોતાની મર્યાદા પણ છે. જડનું સંસાર ઉપર સાર્વભૌમત્વ નથી તો ચેતનનું પણ સાર્વભૌમત્વ નથી. બંને પોતપોતાની સીમામાં રહી ને જ કામ કરે છે. અને પરસ્પરને અસર કરે છે. કોઈ વખત આપણે જડ એવાં કર્મોની વધારે અસર નીચે આવી જઈએ છીએ તો કોઈ વખત ચેતનાના ગુણોનો પ્રભાવ વધી જાય છે. જડ પાસે પુરુષાર્થની શક્તિ નથી, જે ચેતન પાસે છે. જો ચેતના જાગી ઊઠે અને પુરુષાર્થ આદરે તો આજે નહીં તો કાલે, આ ભવે નહીં તો આવતે ભવે જડ કર્મોને ફગાવી દઈને પોતાના શુદ્ધ-બુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી અનંત સુખમાં સ્થિત થઈ શકે છે.

આ પુરુષાર્થ જગાવવા માટે અને પુરુષાર્થ ક્યાં કરવાનો છે, કેવી રીતે થઈ શકે તે જાણવા માટે તો કર્મની વ્યવસ્થા-સિદ્ધાંત સમજવાનો છે. કર્મના સિદ્ધાંતોનું રહસ્ય સમજીને, તેનો ભેદ જાણીને, તેનો ઘાત કરીને

ચૈતન્ય સ્વભાવમાં આવી જવાનું છે. નવાં કર્મો ન બાંધવાં, બાંધેલા કર્મો તોડવાં તથા ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ કરવાં એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. અહીં ભાગ્યને આધીન નથી રહેવાનું - પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. **આ પ્રક્રિયા ત્રણ રીતે થાય છે.** એક તો કર્મ સમતાથી ભોગવી લેવાં, ઉદયમાં ન આવ્યાં હોય તેને પણ ખેંચી લાવીને નિર્જરવાં-ખંખેરી નાખવાં આ છે **ક્ષાયિક ભાવ** જેમાં કર્મોનો ક્ષય થાય છે. બીજો ભાવ છે **ઔપશમિક ભાવ.** જેમાં કર્મોનું શમન કરી દેવાનું. તેને ટાઢાં પાડી દેવાનાં. આ અવસ્થા લેણદારને સમજાવી - મુદત પાડી પાછો કાઢવા જેવી છે. આજે તો લેણદાર પાછો વળ્યો પણ આગળ ઉપર દેવું તો ઊભું જ છે. ત્રીજો માર્ગ, વચલો માર્ગ છે જેમાં કર્મના રસને તોડતા જવાનો, કર્મની સ્થિતિનો-મુદતનો ઘાત કરતા જવાનો અને કર્મના દલિકોને - પરમાણુઓને નિર્જરતા જવાના - ખેરવતા જવાના અને તેમનું શમન પણ કરતા જવાનું. આ છે **ક્ષાયોપશમિક ભાવ.** જ્યારે **ઔદાયિક** ભાવમાં એટલે કર્મના ઉદયથી પ્રવર્તનાર ભાવમાં તો કર્મને આધીન થવાનું. એમાં તો જીવ ઊંઘતો જ ઝડપાઈ જાય છે. કર્મ જે માગે તે બધું સામે ધરી દેવાનું. પછી ગમે તેટલા રડો કે કકળો તેની કર્મસત્તાને કંઈ પડી નથી. આમ, ક્ષાયિકભાવ અને ક્ષાયોપશમિક ભાવ આરાધનાના ઘરના છે. ઔપશમિક ભાવમાં આરાધના ખરી પણ તે પ્રશ્નનું નિરાકરણ ન લાવે, ફક્ત તાત્કાલિક સમાધાન કરાવે પણ પ્રશ્ન તો ઊભેલો જ રહે; જ્યારે ઔદાયિક ભાવ તો શરણાગતિનો ભાવ છે.

આમ, કર્મસિદ્ધાંતનો અભ્યાસ, કર્મવ્યવસ્થાની સમજણ આ ભવ અને પરભવ બંનેને સુધારી લેવાનો તેમજ ભવભ્રમણમાંથી બહાર નીકળી જઈને અનંત સુખમાં જવાનો માર્ગ બતાવે છે. તેનું પ્રાથમિક લક્ષ્ય છે - કર્મથી બચો, અને કર્મ બાંધો તો સારાં - શુભ કર્મો જ બાંધો અને અંતિમ લક્ષ્ય છે કર્મનું ઉપાર્જન બંધ કરો અને બાંધેલાં કર્મોને ખંખેરી નાખી - નિર્જરી, સ્વરૂપમાં આવી જાવ અને સ્વભાવમાં રમણ કરો.

-----

# ૧૪. કર્મથી વિભિન્ન સત્તાઓનું અસ્તિત્વ

કર્મવાદનાં રહસ્યો સમજવાની સાથે આપણે એ વાત પણ સમજી લેવા જેવી છે કે અમુક બાબતો કર્મસત્તાના ક્ષેત્ર બહારની છે. જેમ રાજકીય સત્તાનું શાસન કે તેનો કાયદો રાજ્ય બહાર ન ચાલી શકે તેમ કર્મસત્તાનું શાસન પણ તેના ક્ષેત્રની બહાર ન ચાલે. કર્મની સત્તા ક્યાં નથી ચાલતી તે વાત પણ જો આપણે જાણી લઈએ તો જ આપણે જીવન પ્રત્યે યથાર્થ અભિગમ રાખી શકીએ. આપણે જોઈ ગયા કે કર્મસત્તા ખૂબ પ્રબળ સત્તા છે અને તેનો આપણા ઉપર જબ્બર પ્રભાવ છે પણ બધે જ કર્મસત્તાનું ચાલતું નથી. એવાં બીજાં પ્રભાવક્ષેત્રો છે કે જ્યાં અન્ય સત્તાઓનું વર્ચસ્વ છે અને ત્યાં કર્મનું ખાસ કંઈ નીપજતું નથી.

કર્મ સિવાય બીજી જે અન્ય સત્તાઓનું અસ્તિત્વ છે એમાં એક પ્રબળ સત્તા કાળની છે. **કાળસત્તા** ખૂબ શક્તિશાળી છે. તેની સામે માથું ઝુકાવી દીધા સિવાય બીજું કંઈ કરી શકવા માટે જીવ સમર્થ નથી. આપણા આર્ષદ્રષ્ટા મુનિઓએ તો કાળનું મહત્ત્વ વર્ષો પહેલાં સમજી લીધું હતું પણ વર્તમાનમાં આલ્બર્ટ આઇન્સ્ટાઇન નામના વિજ્ઞાનીએ કાળની સત્તાનું મૂલ્યાંકન કરી બતાવ્યું. જેનાથી આપણા મુનિઓના ચિંતનને વૈજ્ઞાનિક સમર્થન પણ મળ્યું. કાળનો પ્રવાહ ચાલ્યો જ આવે છે. તેને કોઈ નાથી શક્યું નથી. કાળની અવગણના કરી આપણે જીવનનાં લેખાં-જોખાં માંડીએ તો તે હિસાબ ખોટો આવે. કાળની સમક્ષ ભગવાન સમકક્ષ આત્માઓને પણ નમવું પડે છે. તીર્થંકરોને પણ કાળને આધીન રહી પોતાનો દેહ છોડવો પડે છે. ભગવાન કૃષ્ણને પણ એક સામાન્ય પારધીના બાણથી દેહ છોડવો પડ્યો. અર્જુન જેવા વીર ક્ષત્રિયને પણ સામાન્ય ગણાતા કાબાઓએ લૂંટી લીધો. અહીં કાળ જ પ્રબળ છે.

બાળકના જન્મની સાથે કાળની અસર તેના શરીર ઉપર વર્તાવા માંડે છે. બાળક મટી તે યુવાન થાય છે અને પછી કાળે કરીને તે વૃદ્ધ થાય છે. છેવટે તેનું મૃત્યુ થાય છે. આ બધી કાળની પ્રક્રિયા છે. યૌવન, જરા (ઘડપણ) અને મૃત્યુ કાળનો જ પરિપાક છે. ત્યાં આપણો કંઈ પુરુષાર્થ કામ આવતો નથી. જન્મ કર્મસત્તાને આધીન છે પણ શરીરનો વિકાસ અને પછી તેનું વિસર્જન કાળને આધીન છે. ત્યાં કર્મસત્તાનું કંઈ ચાલતું નથી. આ કાળની અવગણના કોણ કરી શકે. ગમે તેવા મીઠા ફળનું બીજ વાવ્યું હોય પણ તે તત્કાળ ફળ નથી આપી શકતું. બીજમાંથી અંકુર ફૂટશે, છોડ થશે, વૃક્ષ થશે, વેલ થશે. આમ, કાળની એક આખી પ્રક્રિયા થયા પછી જ તેના ઉપર ફળ બેસશે. આમાં કાળની જ પ્રબળતા છે. માતાના ઉદરમાં જીવને અમુક કાળ વીતાવવો પડે છે અને ત્યાર પછી જ બાળકનો જન્મ થાય છે. **કર્મસત્તાનો કોઈ હુકમ કાળ ઉપર નહીં ચાલે.** દિવસ પછી રાત અને રાત પછી દિવસ એમ નિરંતર ચાલ્યા જ કરે છે. હજારો-લાખો અને કરોડો વર્ષ આમ ચાલ્યા જ કરે છે – તે કાળનું ચક્ર છે. કોઈ કર્મ તેમાં ફેરફાર નહીં કરી શકે. આ કાળની સત્તાને સમજીને આપણે તેનો સ્વીકાર કરીશું તો આપણી ગણતરીઓ ખોટી નહીં ઠરે. કાળના ક્ષેત્રમાં, જો આપણે કર્મનો નિયમ લાગુ પાડવા જઈશું તો હતાશા કે નિરાશા સિવાય બીજું કંઈ આપણને નહીં મળે.

કર્મસત્તા સિવાય બીજી પણ એક પ્રબળ સત્તા છે તે **'સ્વભાવ'ની સત્તા** છે. તેના ઉપર પણ કર્મનો કાયદો લાગુ પડતો નથી. સ્વભાવનું પણ એક પ્રભાવક્ષેત્ર છે, જ્યાં તેનો પ્રભાવ પ્રવર્તે છે. આપણે 'સ્વભાવ' સત્તાને સમજીને તેનો પણ સ્વીકાર કરવો રહ્યો. ત્યાં કર્મના નીતિ-નિયમો લાગુ પાડવા ન જવાય. મરચાંનું બીજ વાવનારને તેનો છોડ થયા પછી તીખાં મરચાં જ મળે. તેના ઉપર મીઠાં કેળાં ન બેસે. કેળાં મીઠાં છે. મરચાં તીખાં છે, આંબલી ખાટી છે અને કારેલાં કડવાં છે – તે તેમનો સ્વભાવ છે. કર્મની ગમે એટલી પ્રક્રિયા કરો પણ મરચાં

મીઠાં નહીં થાય અને કેરી તીખી નહીં થાય. માટી ચીકણી છે અને રેતી રૂક્ષ છે - તે તેનો સ્વભાવ છે. તેથી માટીમાંથી ઘડો ઘડી શકાય પણ ગમે એટલું કર્યા કરીએ તો પણ રેતીમાંથી ઘડો નહીં બને. અગ્નિનો સ્વભાવ ગરમ છે અને જળનો સ્વભાવ શીતળ છે. નાનો પણ અગ્નિનો કણીઓ દઝાડે જ અને ગરમ પાણી આગને બુઝાવવાનું કાર્ય કરવામાંથી નહીં જાય. સૂર્યનો તાપ ગરમી જ આપે પછી ભલે તે ઓછીવત્તી હોય અને ચાંદની શીતળ લાગે.

આમ, સૌ સૌને પોતાનો સ્વભાવ છે. ગમે એટલું ધરાઈ ને ખાધું હોય તો પણ અમુક પ્રાણીઓ બાજુની વાડમાં માથું નાખ્યા વિના નહીં રહે. કારણ કે ભૂખ હોય કે ન હોય કંઈક મોઢામાં નાખ્યા જ કરવું તે તેમનો સ્વભાવ છે. ઉપકાર કરનારને પણ વીંછી ડંખ્યા વગર નહિ રહે, ભ્રમર ગુંજારવ કર્યા વિના શાંત નહીં બેસી રહે. આમ, સકળ જીવસૃષ્ટિ પોતાના સ્વભાવમાં રહે છે. તેમાં કર્મ કંઈ કાર્ય કરતું નથી અમુક જીવોને ધર્મની વાત જ નહિ ગમે અને કેટલાક જીવોને ધર્મ પ્રત્યે સહજ લગાવ રહે છે. જેવો જીવનો સ્વભાવ.

જૈન ધર્મનું કથન છે કે અમુક જીવો ભવી છે. જેમનામાં મુક્ત થવાની યોગ્યતા રહેલી છે તો કેટલાક જીવોમાં તે યોગ્યતા હોતી જ નથી. જીવ ગમે તેટલો પુરુષાર્થ કરે પણ તે ભવ્યતાને પ્રાપ્ત ન કરી શકે. આ તેમનો સ્વભાવ છે. કર્મસતાનું સ્વભાવ સામે કંઈ નીપજતું નથી અને કદાચ કંઈ કરવામાં આવે તો પણ તેમાં ઝાઝી સફળતા નહિ જ મળે કારણ કે સ્વભાવ સત્તા કર્મને આધીન નથી. જો કર્મની કંઈ પણ અસર જોવા મળશે તો તે પણ સામાન્ય અને બંને ક્ષેત્રોનાં મિલનસ્થાન ઉપર. સ્વભાવ સત્તાને અવગણીને આપણે એકલા કર્મ ઉપર આધાર રાખીને બેસી રહીએ છીએ તો ખાલી કૂટાઈ જઈએ છીએ.

કર્મસતાથી ભિન્ન એવી ત્રીજી પ્રબળ સતા છે - **ભવિતવ્યતા** જેને નિયતીને નામે પણ ઘણા ઓળખે છે. ભવિતવ્યતા એટલે એવી ઘટના કે તેના અંગે કોઈ કારણ ન આપી શકાય. એ ઘટના કયારે ઘટશે, કયાં

ઘટશે, કેવી રીતે ઘટશે તે વિશે કંઈ કહી શકાય નહિ. આ સૃષ્ટિમાં બધે જ કાર્યકારણનો સંબંધ સ્થાપિત થઈ શકતો નથી. વિશ્વમાં બધું જ સકારણ નથી બનતું - એ વાત પણ સમજવા જેવી છે. વિશ્વમાં આટલી સૂર્યમાલાઓ કેમ છે, કરોડો-અબજો તારઓ-ગ્રહો કેમ છે, આટલા જ કેમ છે - તેનું કોઈ કારણ નથી. આકાશમાં આપણી પૃથ્વીનો ગોળો સૂર્યથી અમુક અંતરે આકર્ષણ અને અપાકર્ષણના બંને વિરોધી ખેંચાણોથી સંતુલિત થઈને લટકી રહ્યો છે તેમાં કોઈ કારણભૂત હોય તો તે ભવિતવ્યતા. આ પૃથ્વી આકાશમાં ફંગોળાઈ જશે કે સૂર્ય તરફ ખેંચાઈને સળગી જશે તે વિષે કંઈ કહી શકાય નહીં. એમાં કર્મને કંઈ લેવાદેવા નહીં. અબજો વર્ષો પછી સૂર્ય ઠંડો થઈ જશે અને કોઈ તારો તૂટી જઈને કોઈ ગ્રહ ઉપર પડીને વિનાશ સર્જશે તો તે માટે ભવિતવ્યતા સિવાય કોઈ ઉત્તર નથી. સંસારમાં ચોર્યાસી લાખ જીવયોનિઓ કહેવાય છે. એમાં એવી કેટલીક યોનિઓ છે જ્યાં એક જ શરીર ધારણ કરી અનેક જીવો પડેલા છે. તેમનામાં સ્પર્શેન્દ્રિયના અલ્પજ્ઞાન વિષે ચેતનાનો બીજો કોઈ અણસાર નથી. સઘન મૂર્ચ્છામાં પડેલા આ જીવો છે તે ત્યાંને ત્યાં જ પડ્યા છે, જેને સ્થાવર જીવો કહે છે. એમાંથી કેટલાક જીવો કોઈ કાળે બહાર આવે છે અને વધારે ઇન્દ્રિયો પ્રાપ્ત કરી હલન-ચલન કરતા થઈ જાય છે. આને અવ્યવહાર રાશિમાંથી જીવોનું વ્યવહાર રાશિમાં આવવું એમ કહેવાય છે. એમાં અમુક જીવો કેમ બહાર આવી ગયા અને અમુક કેમ બહાર ન આવી શકયા તે માટે કોઈ કારણ નથી. ત્યાં કર્મ ખાસ કંઈ કરી શકે નહીં. એ પ્રદેશ કર્મની સત્તાની બહાર રહેલો છે.

પૃથ્વીની ઉપર અને પેટાળમાં સતત ફેરફારો થયા જ કરે છે. લાખો વર્ષ પછી જ્યાં જળ છે - અત્યારે સાગરો ઘૂઘવે છે ત્યાં સ્થળ થઈ ગયું હોય કે પહાડો થઈ ગયા હોય અને જે પર્વતો છે તેના ઉપર સાગરનાં પાણી ફરી વળ્યાં હોય તો તેમાં ભવિતવ્યતા સિવાય બીજું કંઈ કહી શકાય નહીં.

આમ, ભવિતવ્યતાનું સામ્રાજ્ય ઘણું વિશાળ છે. તેની સત્તાને કોઈ પડકારી શકતું નથી. ભવિતવ્યતાની આ અનર્ગળ શક્તિ સાથે કાર્ય-કારણનો કોઈ સંબંધ જોડી ન શકવાથી તેમજ તેનો મર્યાદા વિનાનો વિસ્તાર જોઈ ઘણા વિચારકોએ તો તેને વિષે કંઈ કહેવાનું યોગ્ય ન જ માન્યું. કેટલાકે તેને **અવ્યકતવ્ય** કહી સંતોષ માન્યો તો કેટલાકે **ઈશ્વરેચ્છા** બલિયસી કહી વિરમવાનું પસંદ કર્યું.

ઈશ્વર આમ વિનાશની પ્રક્રિયાનો પ્રયોજક કેવી રીતે હોઈ શકે? અને જો તે તેમ કરે તો તેની પાસે મનુષ્યના સુખની શું કિંમત જ નહીં? મનુષ્યની લાગણી કે આર્તનાદોની તેના ઉપર કંઈ જ અસર નહીં? પણ એ વિષય અત્રે અસ્થાને છે. આપણી મૂળ વાત છે ભવિતવ્યતાની. આપણે જોઈ ગયા કે **કાળસત્તા, સ્વભાવસત્તા** અને **ભવિતવ્યતાની સત્તા–આમ ત્રણ સત્તાઓનું પણ વિશ્વમાં અસ્તિત્વ છે–જેના ઉપર આપણા પુરુષાર્થનો કે કર્મનો પ્રભાવ પડી શકતો નથી.**

હવે જે બાકી રહે છે તે બે સત્તાઓ છે - કર્મસત્તા અને ચૈતન્યસત્તા. કર્મસત્તા તે પૂવકૃત કર્મની સત્તા છે જેને કારણે જીવને જન્મ, શરીર, ગોત્ર, આયુષ્ય મળે છે. પૂર્વકૃત કર્મ એ આપણું ભાગ્ય છે. જેની આપણા જીવન પર પળે પળે અસર વર્તાય છે અને તેની સામે આપણો પુરુષાર્થ તે ચૈતન્ય સત્તા છે. કર્મસત્તા ચૈતન્યને દબાવે છે, આંતરે છે અને ચૈતન્ય સત્તા પોતાના બળથી તેને પાછી ધકેલે છે. આમ જોઈએ તો કર્મની સત્તા એ જડની સત્તા છે–પદાર્થની સત્તા છે અને આપણો પુરુષાર્થ, ચૈતન્ય સત્તા હેઠળ આવે છે. આ જન્મમાં આપણે જે કાંઈ સારું કે ખોટું સહન કરીએ છીએ તે કર્મસત્તાને કારણે, જે–તે કર્મના ગુણ-દોષને કારણે. કર્મસત્તાની પકડની બહાર નીકળીને આપણા મૂળભૂત ગુણો–અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત આનંદનો આવિર્ભાવ કરવા જે પ્રયાસ કરીએ તે ચૈતન્ય સત્તાને આભારી છે.

વાસ્તવિકતામાં આપણે બે સત્તાઓ સાથે જ નિસબત છે કારણ કે બીજી ત્રણ સત્તાઓ સામે આપણું કંઈ નીપજે તેમ નથી. છતાંયે કોઈ

રખે માની લે કે આપણું ક્ષેત્ર ઘણું મર્યાદિત છે. આપણી બહાર રહેલી ત્રણ મહાસત્તોઓનાં પરિણામ માનવ જાતને જવલ્લે જ ત્રાસ આપે છે. વળી જાણતાં કે અજાણતાં આપણે એ ત્રણેય સત્તાઓ સાથે સુમેળ સાધી લીધો છે તેથી તેમનું વર્ચસ્વ પણ આપણને ઝાઝું કઠતું નથી. જે સત્તાઓ સામે આપણે નિરૂપાય છીએ તેનો ઉલ્લેખ કર્યો છે અને તેની ઓળખ આપી છે જેથી આપણને સત્યની સઘળી બાજુઓનું દર્શન થાય. જ્યારે સમગ્રતાની દૃષ્ટિથી સત્યને પકડવામાં નથી આવતું ત્યારે સત્ય પકડમાં આવતું જ નથી. બાકી રહેલી જે બે સત્તાઓ છે - કર્મસત્તા અને ચૈતન્યસત્તા - તેને સમજવા માટે તો આ પુસ્તક લખાયું છે અને તેની વિસ્તૃત ચર્ચા આગળનાં પ્રકરણોમાં કરવામાં આવેલી છે. પણ અન્ય સત્તાઓના અસ્તિત્વ વિષે વિચાર કર્યા વિના જીવનને તેના પૂર્ણ સંદર્ભમાં આલેખી ન શકાય તેથી તે વાતનો આ પ્રકરણમાં થોડો ઉલ્લેખ કર્યો.

-----

## ૧૫. સ્વસ્થ જીવન પ્રતિ

આપણા જીવન ઉપર પ્રભાવ પાડતાં પરિબળોનો વિચાર કરતાં આપણે ત્રણ સત્તાઓનો ઉલ્લેખ કર્યો. કાળસત્તા, સ્વભાવ સત્તા અને ભવિતવ્યતા. એમાં ભવિતવ્યતા તો મહાસત્તા જેવી છે. સૌના હુકમ ઉપર જાણે તેનો વટહુકમ ચાલે છે. કર્મસત્તાનો તો આપણા જીવન ઉપર સીધો જ પ્રભાવ છે. તે નચાવે તેમ આપણે નાચીએ છીએ, દોડીએ છીએ, હસીએ છીએ કે રડીએ છીએ તો પછી ચેતનવાન મનુષ્ય બાપડો ક્યાં રહ્યો? શું તેણે અસહાય થઈને બેસી રહેવાનું છે? તેના હાથમાં શું કંઈ નથી? આમ જોઈએ તો કર્મથી વિભિન્ન જે ત્રણ સત્તાઓ છે તે એટલી પરોક્ષ રીતે કામ કરે છે કે આપણને તેનું અસ્તિત્વ બાધક લાગતું નથી. વાસ્તવિકતામાં આપણે એ સત્તાઓને સ્વીકારી લીધી છે.

આપણે જે સંઘર્ષ છે તે કર્મસત્તા સાથે છે. કર્મને લીધે આપણું જીવન આમ-તેમ ફંગોળાયા કરે છે અને તે આપણા સાચા અને શાશ્વત સુખમાં બાધક છે તેથી તેની સાથે સંઘર્ષ કરવાનું પ્રયોજન છે અને તે શક્ય પણ છે. જેની સાથે સંઘર્ષ ન થઈ શકે તેમ હોય, જે સત્તા પરોક્ષ રહીને કાર્ય કરતી હોય તેની સાથે યુદ્ધ કેવી રીતે થાય? હવામાં મુક્કાબાજી કર્યા કરવાનો કંઈ અર્થ ખરો? એ સત્તાઓના સ્વીકારમાં જ શાણપણ છે. એમના પ્રભાવને સહજ ગણી માણી લેવામાં જ સુખ છે - શાંતિ છે. સ્વસ્થ અને શાંતિપૂર્ણ જીવન જીવવાની ચાવીઓ આપણી પાસે છે. કઈ ચાવી ક્યાં લગાડવી તે આપણે નક્કી કરી લેવાનું છે. ખોટી ચાવીથી તાળું ન ખૂલે. જીવનને આપણે જીતવું છે અને સારી રીતે જીવવું છે.

આપણને જે મળ્યું છે અને આપણી પાસે જેટલો સમય છે તેનો આપણે ઉત્તમ રીતે ઉપયોગ કરી લેવાનો છે. આ માટેનાં ત્રણ સૂત્રો

ઘણાં મહત્ત્વનાં છે - **સ્વીકાર, પ્રતિકાર અને પરિવર્તન.** પાંચ સત્તાઓના પ્રભાવ હેઠળ આપણે છીએ. **એ પાંચે સત્તાઓ છે - કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ.** એમાં પ્રથમ ત્રણ સત્તાઓનો તો આપણે સ્વીકાર કરી લેવો જ રહ્યો. એ માટે આપણે જેટલા તૈયાર હોઈશું એટલું આપણું જીવન વધારે સ્વસ્થ રહેશે. સમજીને આપણે ત્રણ સત્તાઓને શરણે જઈએ કે રડી-ઝઘડીને છેવટે હારીને તેમને આધીન થઈએ. પણ તે સિવાય આપણો છૂટકો નથી. વળી આ ત્રણ પરોક્ષ સત્તાઓ આપણી સામે નથી પડી. તેમની સાથે આપણે જેટલે અંશે સંવાદિતા સાધી લઈએ એટલા પ્રમાણમાં આપણું જીવન આનંદભર્યું અને તાણ વિનાનું થઈ જશે. જે લોકો આ માટે તૈયાર નથી તેમણે આ માટે તૈયારી કરી લેવી પડશે. દાર્શનિકો અને જ્ઞાનીઓએ આ માટે કેટલાક માર્ગો પણ સૂચવ્યા છે જે અપનાવવાનું એટલું કઠિન નથી.

હવે બાકી જે બે સત્તાઓ છે તેમની સાથે આપણે સીધો સંબંધ છે. આપણાં સુખ-દુઃખ, આનંદ-શોક, આપણા જય-પરાજય બધાં આ બે સત્તાઓ સાથે સંલગ્ન છે. આપણે કર્મવાદનાં રહસ્યોનું જે વિશ્લેષણ કર્યું તે કંઈ ખાલી અભ્યાસ માટે કર્યું છે? માર્ગ પૂછીએ, માર્ગ વિશે જાણકારી મેળવી લઈએ અને તેના ઉપર આગળ વધીએ જ નહીં તો બધી જાણકારી વ્યર્થ ગઈ. વિશાળ સીમાઓ વાળા રાજ્યની સરહદો ઉપર ઠેર ઠેર પડોશી કે દુશ્મન દેશોના સૈનિકો ગોઠવાયેલા હોય છે તેમ આપણા જીવનમાં કર્મસત્તા અને ચૈતન્ય સત્તા બંનેના સૈનિકો આમને-સામને ગોઠવાઈને ઊભેલા છે. અરે એટલું જ નથી, બંને પ્રદેશોમાં એકબીજી સત્તાના ગુપ્તચરો ફરે છે અને જેવી તક મળે કે તુરત જ ભાંગફોડ કરીને એ સત્તાને નબળી કરી મૂકે છે. બસ, આ જ એક એવું રણક્ષેત્ર છે કે જ્યાં આપણે કંઈ કરી શકીએ તેમ છીએ. દુશ્મનને ઓળખો અને તેને ડારો. જ્યાં જ્યાં તક મળે ત્યાં ત્યાં તેના ઉપર હુમલો કરી તેનો નાશ કરી નાખો - તેને હણી નાખો જેથી તમે કાયમ માટે સુખે સૂઈ શકો.

કર્મસત્તા સામે આપણે ઝૂકવાનું નથી. તેનો પ્રતિકાર કરવાનો છે. તેને પડકારવાની છે. આ માટે તો આપણે કર્મવાદનાં રહસ્યો વિશે આટલો વિચાર કર્યો છે. એમાં આપણે જોઈ ગયા અને જાણી લીધું કે કર્મસત્તાનું બળ ક્યાં ક્યાં છે. તેના અડ્ડાઓ ક્યાં છે અને તેનો સાધન-સરંજામ ક્યાં છુપાયેલો છે. જેવી તક મળે કે આપણે કર્મસત્તા ઉપર હુમલો કરવાનો છે અને તક ન મળે તો આપણે એવી તકો ઊભી કરવાની છે. અહીં લખાય છે કે તમને દેખાય છે એટલી આ વાત સરળ નથી કારણ કે આ **આંતરિક સંઘર્ષ** છે. મોહ અને મૂર્છા સામે જાગરૂકતાની આ લડાઈ છે. સામે આવેલા શત્રુ સાથે યુદ્ધ કરવાનું હજી સહેલું છે પણ અંદર છુપાઈને બેઠેલા દુશ્મનને શોધી કાઢી તેને નષ્ટ કરવાનું કામ ઘણું અઘરું છે - કપરું છે. છતાંય એ કાર્ય અશક્ય તો નથી જ. આ છે પ્રતિકારનો માર્ગ. આગળ કર્મનાં રહસ્યો દર્શાવતા આ માર્ગનું વિવિધ પ્રકારે નિર્દેશન કરેલું છે.

ત્યાર પછી આવે છે પરિવર્તનનું સૂત્ર. સંજોગોના સ્વીકારનો માર્ગ સહેલો તો નથી પણ તે એટલો વિકટ પણ નથી કારણ કે ત્યાં યુદ્ધે ચડવાનું નથી. ત્યાં વાત સમજવાની છે અને મનને મનાવવાનું છે. જ્ઞાનથી-સમજણથી મનને અમુક રીતે તૈયાર કરી શકાય તે માટે અભ્યાસ કરવો પડે - ટેવ પાડવી પડે. ભક્તિથી પણ આ વાત સિદ્ધ થઈ શકે. જ્યારે પ્રતિકારના માર્ગમાં તો સંઘર્ષ છે અને તે પણ આંતરિક સંઘર્ષ. આ માર્ગમાં ક્યાંક દમન પણ કરવું પડે. વૃત્તિઓને દબાવવી પડે - શોષવી પડે. વૃત્તિઓ નાબૂદ ન થાય તો તેનું ઉપશમન પણ છેવટે કરવું રહ્યું. **કર્મસત્તાના બે મહત્ત્વના ગઢ છે. એક છે કષાયોનો - આવેગોનો.** ક્રોધ, માન, માયા, લોભ આ મૂળ કષાયો છે અને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા આ તેના સહચારી ભાવો છે. **બીજો ગઢ છે ચંચળતાનો.** આપણે સ્થિર નથી. પણ પળે પળે વ્યગ્ર રહીને ચંચળ બની જઈએ છીએ. મન-વચન અને કાયાની ચંચળતા એ કર્મસત્તાનો બીજો મહત્ત્વનો ગઢ છે. આ બે ગઢ ઉપર જોરદાર હુમલો

આપણે કરીએ તો કર્મસત્તા ઘણી નબળી પડી જાય તેમ છે.

કર્મસત્તા સામેનો આ હુમલો એ જ આપણી સાધના. આપણી **સમગ્ર સાધનાની ધારા બે તટ વચ્ચે વહેવી જોઈએ. એનો એક તટ છે સ્થિરતાનો અને બીજો તટ છે સમતાનો. ચંચળતા મન, વચન અને કાયાના યોગો સાથે વધારે સંબધિત છે.** તેથી ત્યાં સાધના સ્થિરતાની કરવાની છે. **જ્યારે કષાયોને સંબંધ છે રાગ અને દ્વેષ સાથે,** તેથી રાગ-દ્વેષની અલ્પતા કે વીતરાગતા તે કષાયો સામેની સાધના છે. ચંચળતાને સમજવામાં તો મોટા મોટા દાર્શનિકો પણ થાપ ખાઈ ગયા છે. **ચંચળતાને આપણે રખેને કર્મયોગ ગણી લઈએ?** જ્યાં આમ બને છે ત્યાં ખોટી આત્મવંચના થાય છે. યોગોની સ્થિરતા કે અકર્મની અવસ્થા એ પલાયનવાદ નથી. એ તો કર્મને ક્ષીણ કરવાનો ઉપાય છે. કર્મ ભયાવહ છે જ્યારે અકર્મ ભયમુક્ત કરે છે. **કર્મયોગ કરતાં અકર્મયોગ વધારે મહત્ત્વનો છે. નિષ્ક્રિયતા કે પલાયનવાદ કરતાં તે સાવ જુદો છે.** કર્મ હટાવવા માટે અકર્મ જેવું કોઈ શક્તિશાળી સાધન નથી.

આપણી સાધનાનો બીજો તટ છે સમતાનો. એમાં સમભાવની વાત છે, સામાયિકની વાત છે. સાધનાનું સૂત્ર છે પરિવર્તન. જેને નષ્ટ ન કરી શકાય તેનું પરિવર્તન કરી નાખો. શત્રુને મિત્ર બનાવી દો. આપણી જે વૃત્તિઓ નીચે લઈ જનારી હોય છે તેની દિશા બદલી નાખો; પછી તે જ વૃત્તિઓ આત્માના ઉત્થાનમાં સહાયક બની જશે. પરિવર્તન બે રીતે થઈ શકે છે. માર્ગાન્તિકરણ કરીને કે ઉદાત્તિકરણ કરીને. દમનની વાત સાધનાની વાત નથી. મૂળ વાત લક્ષ બહાર ન રહી જાય કે **આત્માનો વિકાસ કર્મથી નથી થતો પણ કર્મ માત્રને હટાવવાથી થાય છે.** કર્મ માત્રને હટાવવાની વાત - કર્મને નષ્ટ કરવાની વાત કર્મના ક્ષયીકરણની વાત છે. જેમાં ક્ષાયિક ભાવ ઘણો મહત્ત્વનો છે. તે મોટી સાધનાની અપેક્ષા રાખે છે. **કર્મને તાબે થવું તે ઔદાયિક ભાવની અવસ્થા છે.** એમાં સાધના જેવું કંઈ નથી. તે તો શત્રુની શરણાગતિ

સ્વીકારવા જેવું છે. આ બેની વચ્ચેનો માર્ગ આપણને કામ લાગે તેવો અને પુરુષાર્થ કરીને સાધી શકાય તેવો છે. તેમાં જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં કર્મને તોડો, નબળાં પાડો. કર્મનો પ્રતિકાર કરો. જ્યાં તે શક્ય ન હોય ત્યાં તેને દબાવો અને તેની દિશા બદલી નાખો. જે સ્ત્રીને જોઈને કામવાસના ભડકે તે જ સ્ત્રી બહેન નીકળે કે તેનામાં બહેનનો ભાવ આરોપિત કરી દઈએ તો તેના તરફ વાત્સલ્ય ભાવ થશે કે પૂજય ભાવ થશે. આ માર્ગ છે માર્ગાન્તિકરણનો. વિરોધીને મિત્ર બનાવી લો. પછી વિજયકૂચ થંભાવી દેવાની નથી. કર્મ નષ્ટ થાય ત્યાં સુધી આગળ તો વધતા જ રહેવાનું છે. આમ, ચેતનાનું રૂપાંતર ન થાય તો કર્મનો મર્મ ચૂકી જવાય. **પરિવર્તન – વૃત્તિઓનું પરિવર્તન, જીવનના અભિગમનું પરિવર્તન એ મોટી સાધના છે.** અને તે આપણને વધારે સુલભ છે. આમ **કર્મવાદ પરિવર્તનનું સૂત્ર છે – પલાયનવાદનું નહીં.**

કર્મશાસ્ત્ર આપણને એ બતાવે છે કે આપણને શું થયું છે? આપણે દુઃખી કેમ છીએ? તે રોગનાં લક્ષણો બતાવે છે અને તેનું નિદાન કરી આપે છે. પણ રોગ મટાડવાનો માર્ગ અધ્યાત્મશાસ્ત્ર બતાવી આપે છે. આમ, કર્મશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્ર બંને આ એક બિંદુ ઉપર ભેગાં થઈ જાય છે. જે રોગને બરોબર જાણે – ઓળખે તે જ તેનો ઉપચાર કરી શકે. અપાયને જાણ્યા વિના ઉપાય ન થઈ શકે. કર્મવાદનાં રહસ્યો સમજવાની આવશ્યકતા એટલે માટે છે કે આપણે સ્વસ્થ અને સુખી જીવન પ્રતિ જવું છે. કર્મ છેવટે તો જડની સત્તા છે. જડની ઘણી તાકાત છે. છતાંય ચૈતન્યની અનર્ગળ શક્તિ સામે જડની શક્તિ ઓછી પડે. મુશ્કેલ એ છે કે ચૈતન્યની શક્તિ ઢંકાયેલી છે – આવૃત્ત છે. ચૈતન્યની શક્તિ જગાડવામાં પુરુષાર્થ જ કામ આવે. **કર્મના મર્મને સમજ્યા વિના સાધનાના મર્મને ન સમજી શકાય. સાધના વિના સિદ્ધિ મળે નહીં અને સાધના પુરુષાર્થનો વિષય છે.** જ્યાં સુધી ચેતન કર્મથી લેપાયેલું છે – આવૃત્ત છે ત્યાં સુધી તે બહારના પ્રભાવોથી

મુક્ત નથી. તે સ્વતંત્ર નથી. જે ક્ષણે ચેતન કર્મથી મુક્ત થઈ જાય છે તે જ ક્ષણથી તેનામાં અનંતનો આવિર્ભાવ થઈ જાય છે. કર્મવાદનાં રહસ્યો જાણીને - સમજીને આપણે સ્વસ્થ જીવન પ્રતિ જવાનો પુરુષાર્થ કરવાનો છે પણ તેનું અંતિમ લક્ષ્ય તો ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે આપણે પૂર્ણ જીવનના માર્ગે પળીએ. પૂર્ણ જીવન એટલે કર્મરહિત અવસ્થા. અનંતનો આવિર્ભાવ. ત્યાં આત્મા પરમાત્મા બની જાય છે; જીવ શિવ થઈ જાય છે. ત્યાં પરમ આનંદ વિલસે છે.

**કર્મશાસ્ત્રના અભ્યાસનું મૂળ પ્રયોજન અતીતને તોડી, વર્તમાનને સાધી, સુખદ ભાવિને ઘડવાનું છે.** પણ આપણો અતીત કર્મના અખૂટ સંચયથી ભરાયેલો છે જે વર્તમાનને પ્રભાવિત કરે છે. આપણો વર્તમાન આપણા ભાવિને પ્રભાવિત કરે છે. વર્તમાન જ એક એવો સમય છે કે જ્યારે આપણે અતીતને ઉલેચી - સુખી, સ્વસ્થ અને સમૃદ્ધ ભાવિનું સર્જન કરી શકીએ. કર્મવાદ ભૂત-ભવિષ્ય અને વર્તમાન સાથે અભિન્ન રીતે સંકળાયેલો છે. કર્મવાદનાં રહસ્યો સમજીને જ આપણે સ્વસ્થ જીવન પ્રતિ ડગલાં માંડી શકીશું.

-----

आकाशमुत्पततु गच्छतु वा दिगन्तममाभोनिधिं
विशतु तिष्टतु वा यथेष्टम;
जन्मान्तरार्जित शुभाशुभकृन्नराणां, छायेव
न त्यजति कर्मं फलानुबन्धि ॥

આકાશમાં ઊડી જાવ, દિશાઓની પેલે પાર જાવ, દરિયા તળિયે જઈને બેસો; મરજીમાં આવે ત્યાં જાવ પણ જન્માન્તરમાં જે શુભાશુભ કર્મ કર્યાં હોય છે તેનાં ફળ તો છાયાની જેમ તમારી-પાછળ જ આવવાનાં. એ તમારો ત્યાગ નહીં કરે.

# કથાનુયોગ

## ૧. વસૂલાત
### (કર્મનાં લેખાં-જોખાં)

ગૌરીનાં લગ્ન વિનાયક સાથે ઘણી ધામધૂમથી થયાં હતાં અને બન્નેને પરસ્પર ઘણી પ્રીતિ હતી. એકની હા તો બીજાની હા અને એકની ના તો બીજાની ના. વિનાયકનાં માતા-પિતા તો સારી એવી મિલકત વિનાયકને વારસામાં આપી મરણ પામ્યાં હતાં. યુવાન વયમાં વિનાયકે બાપીકો ધંધો સંભાળી લીધો હતો એટલું જ નહિ પણ નવા વિચારો, સાહસ અને ચોકસાઈથી તેમાં સારો એવો વધારો કરી સધ્ધર કર્યો હતો. સમાજમાં પણ વિનાયકે યુવાન વયે સારો એવો મોભો મેળવ્યો હતો અને ઘણી સંસ્થાઓ સાથે તે સંકળાયેલો હતો. પોતે યુવાન હતો છતાંય લોકો તેની સફળતા અને સાહસિકતા જોતાં લોકો તેને પૂર્વકાળની જેમ 'શેઠ' કહીને સંબોધતા જે વિનાયકને અંદરથી ગમતું હતું પણ બહાર તો વિવેકથી ના જ કહેતો હતો. પરિણામે યૌવનના પગથાર ઉપર માંડ પગલાં ભર્યાં હતાં ત્યારે ગૌરી પણ શેઠાણી કહેવાતી.

ગૌરી તેનાં માતા-પિતાનું વહાલસોયું સંતાન હતી. વર્ષો સુધી કુટુંબમાં સંતાનપદે તે એકલી જ હતી તેથી થોડી હઠીલી અને માની હતી. માતા-પિતા પણ પોતાની રીતે સુખી હતાં અને યથાયોગ્ય સંપત્તિનાં માલિક હતાં. લગ્ન થયાં ત્યારે ગૌરી એક માત્ર સંતાન હતી પણ પાછળથી તેની માને ઉત્તરાવસ્થામાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. આમ ગૌરી માટે પિયરનું બારણું હંમેશ માટે ખૂલી ગયું. ભાઈ-બહેન વચ્ચે ઉંમરનો સારો એવો તફાવત હતો અને ભાઈના જન્મતાં પહેલાં જ ગૌરીનાં લગ્ન થઈ ગયાં હતાં તેથી બંનેને સાથે રમવા-ઝઘડવાનો મોકો મળ્યો હતો નહિ. ગૌરી પોતાનાં લગ્નજીવનમાં મસ્ત હતી તેથી પિયેરમાં

પ્રસંગ સિવાય ઝાઝું આવતી નહિ. ગૌરીનાં માતા-પિતાને ગૌરી અને વિનાયકની ઓથ લાગતી હતી છતાંય તેમને પાછલી અવસ્થામાં આવી મળેલ પુત્રની ચિંતા રહ્યા કરતી હતી અને વારંવાર તેઓ તેમના પુત્ર કુમારની ગૌરી અને વિનાયકને ભાળવણી કરતાં હતાં. દૈવયોગે પિતા આગળ ચાલ્યા અને વિયોગમાં ઝૂરતી માતાએ પણ જીવનની લીલા ટૂંકમાં સંકેલવા માંડી. કુમાર તો હજી માંડ આઠ-દસ વર્ષની ઉંમરનો થયો હતો પણ તે પરિસ્થિતિની ગંભીરતા સહજ રીતે સમજી ગયો હતો અને નાનપણથી તે શાણો અને ગંભીર બની રહ્યો હતો.

માતાના મૃત્યુ પછી કુમાર માટે ગૌરી અને વિનાયક સિવાય કોઈ સહારો હતો નહિ. આટલી નાની વયના છોકરા માટે પિયરનું ઘર ખુલ્લું રખાય તેમ હતું નહિ તેથી ગૌરી ભાઈને પોતાને ત્યાં લઈ આવી અને વિનાયકે કુમારની બધી મિલકતજ સંભાળી ઘર બંધ કરી દીધું. કુમાર એકચિતે ભણતો હતો. એ ભણવામાં આગળ રહેતો હતો. આમ તો ગૌરીના ઘરમાં કુમારની સારી એવી સંભાળ લેવાતી હતી. પણ વધતી જતી સંપત્તિ અને મોભાને લીધે તેમજ યુવાનીના જોશમાં ગૌરી અને વિનાયકને સારું એવું હરવા-ફરવાનું અને બહાર જમવાનું રહેતું હતું. લગભગ રોજ ને રોજ સાંજે બંનેને કંઈ જવાનું હોય અને પ્રસંગ પ્રમાણે ગૌરી બની-ઠનીને નીકળતી. એક વાર બંને તૈયાર થઈને બહાર જવા નીકળતાં હતાં ત્યાં કુમાર આવી પહોંચ્યો. તેણે નિયમ મુજબ બંનેને આવજો વગેરે કહ્યું. ગૌરીએ તેના પ્રત્યે થોડુંક વહાલ દર્શાવ્યું ત્યાં કુમારની નજર ગૌરીના ગળામાં પહેરેલા હાર ઉપર પડી અને સહજ ભાવે કુમાર બોલ્યો, "બહેન, આ હાર તો મારો છે ને?"

ભાઈના પ્રશ્નથી ગૌરી જરા વિચારમાં પડી ગઈ અને કંઈ ઉત્તર આપે તે પહેલાં વિનાયક બોલી ઊઠયો, ના, એ તારો નથી. એ તો ગૌરીનો છે.

કુમારે કહ્યું, "જીજાજી આ હાર તો મારાં બાનો છે અને તે મારી વહુ માટે બાએ રાખ્યો હતો. ભલે બહેન અત્યારે હાર પહેરે,. પણ તે છે મારો."

ગૌરીને આ હાર બહુ ગમતો હતો તેથી વિનાયકે વિચાર્યું હતું કે હાર તેઓ રાખી લેશે અને જરૂર લાગશે તો તેના બદલામાં આછી પાતળી વસ્તુ કુમાર માટે કરાવી લેશે. આમેય ગૌરીને એમ હતું કે ભાઈને તો હારની ઝાઝી ખબર નથી અને તેના લગ્ન વખતે ભળતો હાર કરાવી કુમારની વહુને આપીશું. પણ ઓચિંતાના આ હારની વાત નીકળી પડી અને કુમારે તેને દોહરાવ્યા કરી. એક બાજુ તેઓ ઉતાવળમાં હતાં અને કુમાર વાત છોડતો ન હતો તેથી ગૌરી અને વિનાયક બંને ચિડાઈ ગયાં અને કહ્યું, "આ હાર તો અમારો છે. અમે શું તારી મિલકત ખાઈ જવાના છીએ? આટલો નાનો છે અને અમારા ઉપર આક્ષેપ મૂકે છે તો આગળ જતાં તો કોણ જાણે શુંય કરશે?"

કુમાર હતાશ થઈને ઉપર ચાલ્યો ગયો. તેણે કંઈ ખાધું-પીધું નહીં. એકલો ડૂસકાં ભરતો માને યાદ કરતો સૂઈ ગયો. મોડી રાતે પાછા ફર્યાં પછી ગૌરીએ તપાસ કરી તો ખબર પડી કે તેણે કંઈ ખાધું નથી. તે કુમાર પાસે જવાનું કરતી હતી ત્યાં વિનાયકે કહ્યું, "આટલી રાતે તેને શું કરવા ઉઠાડે છે? આમને આમ તો આપણું જીવન ચૂંથાઈ જાય છે."

ગૌરીને આમેય કુમાર માટે ઝાઝી પ્રીત હતી નહિ. થોડેક અંશે ફરજના ખ્યાલથી અને એક રીતે લોકલાજે અને કંઈક અંશે માતા-પિતાના સંતાન તરીકે જે સાહજિક પ્રીતિ હતી તેનાથી કુમારને પોતાને ત્યાં રાખ્યો હતો. એમાં અત્યારે વિનાયક ચીડાયેલો હતો તેથી ગૌરી પણ પાછી વળી ગઈ અને પોતાના શયનખંડમાં ચાલી ગઈ.

બીજે દિવસે કુમાર જમવા માટે નીચે ન આવ્યો. નિશાળે પણ ન ગયો. ગૌરીએ બોલાવ્યો તો તેણે કહ્યું, "બહેન, હું કંઈ તમારા દયા-દાન ઉપર નથી જીવતો. તમે મારી પાછળ જે કંઈ ખર્ચો કરો છો તે મારી મિલકતમાંથી ગણી લેજો પણ હાર તો મારો છે અને તે તો મને મળવો જ જોઈએ."

આમ સાંજ સુધીમાં વાત ઘણી વધી પડી. આડોશી-પાડોશી ભેગાં થઈ ગયાં. પાડોશમાં રહેતી વિધવા ડોશીને તો જાણે કામ મળી ગયું. તે

સૌને ગૌરી-વિનાયકની ભલમનસાઈની અને કુમારની છોકરવાદની વાત બધાને રસપૂર્વક કહેતી જાય. આમ કરતાં કુમારે ભૂખે-તરસે ત્રણ દિવસ કાઢ્યા. હવે તો વાતને પૂરો વળ ચઢી ગયો. છેવટે વિનાયકે ગુસ્સામાં કહી દીધું, "તેને મરવું હોય તો તેને ત્યાં મરે. આપણે ખોટા બદનામ થવું નથી." ગૌરીએ પિયરનું ઘર ખોલી સાફસૂફી કરાવી અને ત્યાં કુમારની બધી વ્યવસ્થા કરી, પાડોશીને ભાળવણી કરી અને અશ્રુભીની આંખે જતી હતી ત્યાં કુમારે કહ્યું, "બહેન, ભલે તું હાર રાખે. મને તેનો વાંધો નથી પણ હાર તો મારો છે એ વાત તો તું જાણે છે."

ગૌરી કંઈ બોલ્યા વિના ઘરની બહાર નીકળી. તેણે કુમારના જમવાની વ્યવસ્થા પડોશી સાથે કરી દીધી હતી અને સાંજે તે આંટો મારી જશે તેમ પાડોશીને કહીને ગઈ. બપોરે કુમારની હાલત બગડી. પાડોશીએ રાબ પિવડાવી તો તેણે થોડીક પીધી. પછી તેણે પાડોશીને કહ્યું, "તમે મારી પાસે બેસી હું જે લખાવું તે લખી લો. હવે હું જીવવાનો નથી. પણ તમે મારું એક આટલું કામ કરજો. ભગવાન તમારું ભલુ કરશે."

કંઈક ઉત્સુકતાથી તો કંઈ દયાથી પાડોશી વાણિયાએ કુમારે કહ્યું તે બધું લખી લીધું અને તેના કહ્યા પ્રમાણે કરવા ખાતરી આપી. બધું લખાવી દીધા પછી કુમારે દેહ છોડી દીધો. ગૌરીની પડોસણ પેલી વિધવા ડોશી તો બધાને ઉત્સાહથી કહેતી રહી, "જોયું, ભલાઈનો જમાનો છે! ભાઇને રાખ્યો, આટઆટલું કર્યું - સાચવ્યું તોય છેવટે અપજશ આપીને ગયો."

થોડાક મહિનામાં વાત વિસારે પડી ત્યાં ગૌરીને સારા દિવસો છે એવી ખબર પડી. આનંદ-મંગળ વર્તાઈ રહ્યાં. એમાં પણ પેલી ડોશીએ પાછી વાત કાઢી : જો ભાઈનું લીધું હોય તો આવો સારો દિવસ આવે ખરો? આ તો ભગવાને જાણે ભલાઈનો બદલો આપ્યો.

ગૌરીના સીમંતને દિવસે પોળમાં-પડોશમાં બધે ધામધૂમ હતી ત્યાં જ ખબર પડી કે ઉતાવળમાં નિસરણી ઊતરતાં પડોશી ડોશી પડી ગયાં અને

પલવારમાં તેમનો પ્રાણ નીકળી ગયો. રંગમાં ભંગ પડ્યો પણ ડોશી કંઈ સગાં ન હતાં તેથી માંડેલો પ્રસંગ થોડીક સાદાઈથી ઉકેલ્યો. દરમ્યાન કુમારના પડોશી ભાઈના આ બાજુના હેરા-ફેરા વધી ગયા હતા. જૂના સંબંધને દાવે અને કુમારની અંતિમ સાર-સંભાળ લેવાના હકથી કે ગમે તે રીતે તેણે ગૌરી અને વિનાયક સાથે ઘરોબો કરી દીધો હતો.

પૂરે દિવસે ગૌરીને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. વિનાયક અને સૌ આનંદમાં આવી ગયાં. ઉત્સાહથી ધર્મક્રિયાઓ કરાવી, સગાંસંબંધીઓને પ્રીતિભોજન માટે નોતર્યાં. આનંદની છોળોમાં કુમાર તો ક્યાંય ભૂલાઈ ગયો. કાળનો પ્રવાહ તો આગળ વધતો જ રહ્યો. ગૌરીનો પુત્ર નિશાળે ગયો, સારી રીતે ભણી રહ્યો અને પિતાની જેમ નાની વયે પેઢીએ પણ જવા લાગ્યો. દરમ્યાન ગૌરી અને વિનાયકનો સંસાર સ્થિર અને સમૃદ્ધ થઈ ગયો હતો. સારી કન્યા જોઈને વિનાયક અને ગૌરીએ પુત્રની સગાઈ કરી અને થોડાક સમયમાં તેનાં લગ્ન પણ લેવાયાં. મોભા પ્રમાણે લગ્નની તૈયારી થવા લાગી, કન્યા માટે ઘરેણાં-આભૂષણો લેવાયાં, ઘર રંગાવ્યાં. યથા સમયે ઘરને આંગણે મંડપ બંધાવ્યો અને ગામના અગ્રણીઓને નોતર્યાં. જોશીએ કાઢી આપેલ મહુરતે વરઘોડો ચડ્યો અને વાજતેગાજતે જાન કન્યાને માંડવે આવી. લગ્ન કરાવીને જાન ધૂમ-ધડાકા કરતી પાછી ફરી અને હવેલીના મુખ્ય દ્વારે ગૌરી, સોળે શણગાર સજીને, પુત્ર અને પુત્રવધૂને પોંખી લેવા તૈયાર થઈને ઊભી છે. વરરાજા-નવપરિણીત વહુને લઈને આંગણે આવીને ઊભા છે. માએ વર-વધૂના જોડાને પોંખી લેતાં વરઘોડિયું માને પગે પડ્યું. માએ બંનેને ઊભાં કરી છાતીસરસા ચાપ્યાં. ત્યાં પુત્રની નજર માના ગળામાં શોભતા હાર ઉપર પડી. હાર જોતાં પુત્રની આંખો પાસેથી જાણે ભૂતકાળનાં પડળ ઓગળી ગયાં અને તે બોલ્યો, "બા, આ હાર તો મારો."

માતાએ પૂર્ણ સ્નેહથી કહ્યું, "ભાઈ, આ હાર તારો જ છે. લે અત્યારથી જ તને આપ્યો." એમ કહી ગૌરીએ પુત્રવધૂની કોટમાં હાર પહેરાવી દીધો.

બસ એટલાંમા જાણે શું બની ગયું કે ધબાક કરતોને પુત્ર ઊમરા ઉપર જ ફસડાઈ પડ્યો. હજુ તો વર-વહુના છેડા પણ છૂટ્યા નથી અને કોઈ કંઈ સમજે કે ઉપચાર કરે તે પહેલાં તો પુત્રનું પ્રાણપંખેરું ઊડી ગયું.

મંડપમાં હાહાકાર વર્તાઈ ગયો. શરણાઈના સૂર બંધ કરાવવામાં આવ્યા. નિકટનાં સગા-સંબંધી ટોળે મળ્યાં અને દૂરના માણસો કુટુંબીજનોને અનુકૂળતા આપવા વિખરાવા લાગ્યાં. વિનાયક સૂનમૂન થઈ ગયો. ગૌરી પછાડો ખાતી હૈયાં-માથાં કૂટે છે. નવી વહુ તો ઓચિંતાના આવી પડેલા આઘાતથી સ્તબ્ધ થઈ ગઈ. તેનામાં ન રહ્યા રડવાના હોશ કે કંઈ કહેવાના હોશ. વિસ્ફારિત નેત્રે તે નીચે પડેલા પોતાના સૌભાગ્યને જોઈ રહી. રોકકળ વધી રહી હતી ત્યાં કુમારનો પેલો પડોશી ભીડ વચ્ચેથી માંડ માર્ગ કાઢતો ગૌરી પાસે પહોંચ્યો અને તેના કાન પાસે જઈને બોલ્યો,

''બહેન, હવે રડે શું વળે? આ તો તમારો ભાઈ કુમાર જ પુત્ર થઈને હાર લેવા આવ્યો હતો. આ નવી વહુ તે બીજું કોઈ નહીં પણ તમારી પાડોસણ વિધવા, જે સીમંતને દિવસે મરી ગઈ હતી. તેણે તમારી બંનેની વાતમાં વગર લેવા-દેવાની વચ્ચે ટાપસી પૂરી કુમારને ખૂબ દુઃખી કર્યો હતો. ચોપડે હિસાબ માંડી જુઓ. પુત્રના ઉછેરમાં, ભણાવવામાં અને છેવટે આ લગ્નમાં જે પૈસા ખચાર્યા છે તેમાં પેલા હારની કિંમત આવી ગઈ અને વ્યાજ વસૂલ કરવા આ વહુ મૂકતો ગયો.'' આમ કહી પાડોશીએ કુમારે અંતિમ સમયે લખાવેલ કાગળ ગૌરીના હાથમાં આપ્યો અને ધીમેથી ભીડમાંથી બહાર નીકળી ગયો.

કર્મના હિસાબ ચોખ્ખા થતાં થોડી વાર લાગી પણ છેવટે હિસાબ થઈ ગયો. લેણું વસૂલ કરવાની કર્મની રીત બહુ આગવી છે. કોઈ કર્મનું લેણું ચૂકવવામાંથી છટકી શકતું નથી. આ કંઈ એકલાં નાણાંની વસૂલાત નથી પણ તેમાં વેદના અને દુઃખના પણ હિસાબ થઈ ગયા. કુમારનો વિશ્વાસઘાત થવાથી તેને જે માનસિક ત્રાસ થયો હતો અને તેના જીવને

જે વેદના સહેવી પડી હતી તેનો પણ આમાં હિસાબ આવી ગયો. ગૌરી અને વિનાયક પુત્રના આમ અકાળે થયેલા અવસાનથી જીવનભર હવે જે ત્રાસ અને વેદના સહેશે એમાં કુમારની વેદનાની બાદબાકી થઈ. હવે ગૌરી અને વિનાયકને જીવનમાં કોઈ રસ-કસ રહ્યો નહીં. સમૃદ્ધિ અકારી થઈ પડી. આમ, દુઃખનું ખાતું સરભર થયું અને પેલી પાડોશણ ડોશી આ જન્મે કુંવારી વિધવા થઈ તેનાં કર્મ જીવનભર ભોગવશે.

કર્મના સિદ્ધાંતથી જે માહિતગાર ન હોય, જેને કર્મની વસૂલાત નીતિ-રીતિનો ખ્યાલ ન હોય તેને તો ભાગ્યે જ ખબર પડે કે આ હિસાબ કેવી રીતે મંડાયો અને કેવી રીતે ચૂકતે થયો. કુમારના મૃત્યુ પછી ગૌરીને ચડતા દિવસ રહ્યા અને જતે દિવસે પુત્રનો જન્મ થયો ત્યારે કોણ સમજી શકે કે આ તો કર્મ બાજી ગોઠવી રહ્યું છે. લેણું લેવા પણ પુત્ર આવે. લગ્નની પહેલી રાત્રિ પણ જોયા વિના લગ્નના દિવસે વરનું અવસાન અને કુમળી કન્યાનું વૈધવ્ય જોતાં લોકોને કર્મની વ્યવસ્થા જાણ્યા વિના કેવી રીતે સમજાય કે કુદરત ક્રૂર નથી. ભગવાન કોઈનું સારું-માઠું કરતો નથી. આ તો બધાં આપણે કરેલાં કર્મોનાં લેખાં-જોખાં છે. અને પૂર્વજન્મનાં લેણાં-દેણાંની વસૂલાત છે.

-----

## ૨. વિચિત્ર દેહાકૃતિ અને કારમી વેદના
### (નામકર્મ અને અશાતા વેદનીય)

પૃથ્વીલોકને પાવન કરતા ભગવાન સદેહે વિચરી રહ્યા હતા. સાથે તેમના પટ્ટશિષ્ય ઈન્દ્રભૂતિ અને અન્ય મુનિઓ હતા. સંજોગોની અનુકૂળતા જોઈને મૃગાવતી નગરીની બહાર આવેલા ઉદ્યાનમાં સાધુગણે આશ્રય કર્યો. મૃગાવતી નગરીમાં ધર્મની ધારા વહેવા લાગી અને સૌ પ્રજાજનો તેમાં સ્નાન કરી પાવન થઈ રહ્યા હતા.

સવાર-સાંજ ઈન્દ્રભૂતિ ગોચરી માટે નીકળતા હતા અને નિર્દોષ આહાર-પાણીનો જ્યાં જોગ હોય ત્યાંની આવશ્યક ચીજવસ્તુઓ સ્વીકારતા હતા. મધુકરી એકત્રિત કરીને ઈન્દ્રભૂતિ નગરીમાંથી પાછા ફરી રહ્યા હતા ત્યાં તેમણે એક અતિ વૃદ્ધ અને અંધ કોઢિયાને જોયો. ડગુમગુ ડગુમગુ થતો તે ચાલતો હતો. હાથમાં ભીખની ખાલી હાંડલી હતી. રોગગ્રસ્ત શરીરને ઢાંકતું વસ્ત્ર પણ જીર્ણ-શીર્ણ થઈ ગયેલું હતું. મુખ અને નાકમાંથી કફનો સ્રાવ થતો હતો અને તેને લીધે મોં ઉપર માખીઓ બણબણતી હતી. ભિક્ષુકની આ વેદનાપૂર્ણ અવસ્થા જોઈ ઈન્દ્રભૂતિ ક્ષુબ્ધ થઈ ગયા. ઉપવનમાં આવી ભગવાન સમક્ષ ગોચરીનાં પાત્રો મૂકતાં તેમણે કહ્યું:

"પ્રભુ આજે મેં એવા દુ:ખી અને રોગી માણસને જોયો જેના જેવું જગતમાં બીજું કોઈ દુ:ખી નહિ હોય."

ભગવાને કંઈ ઉતર ન આપ્યો તેથી ઈન્દ્રભૂતિએ તેમની સામે જોયું તો ભગવાન દૂર-દૂર કંઈ જોઈ રહ્યા હોય તેમ લાગ્યું. તેમણે થોડીક વાર રહીને કહ્યું,

"જગતમાં દુ:ખનો કંઈ પાર નથી પણ કરુણા એ છે કે માણસ દુ:ખના ડુંગર ખોદીને સુખ કાઢવા મથે છે. ઈન્દ્રભૂતિ તારે ખરા રોગી

અને દુઃખી માણસને જોવો હોય તો કાલે રાણી મૃગાવતીના કુમારને જોઈ આવજે. શરૂમાં તે અન્ય રાજકુમારોને બતાવશે પણ તું વિનંતી કરજે કે તારે તો દુઃખથી પીડાતો જે રાજકુમાર નીચે ભૂતળના ખંડમાં રાખેલો છે તેને જોવાની ઈચ્છા છે. આજે તેં જોયું તે એ રાજકુમારની વેદના પાસે કંઈ નથી.''

બીજે દિવસે ઈન્દ્રભૂતિ રાજગૃહે પહોંચી ગયા અને રાણી મૃગાવતીને મળવાની ઈચ્છા દર્શાવી. થોડી વારે રાણી પધાર્યાં. તેઓ પૂર્ણ રીતે સ્વસ્થ દેખાતાં હતાં. મુનિની વિનંતીનો તેમણે સાશ્ચર્ય સ્વીકાર કર્યો અને પોતાના રાજકુમારોને બોલાવ્યા. રૂડા-રૂપાળા રાજકુમારોએ આવીને વિનયથી મુનિને વંદન કર્યાં. મુનિએ યથાયોગ્ય આશીર્વચનો કહ્યાં. રાજકુમારોના વિદાય થયા પછી ઈન્દ્રભૂતિએ કહ્યું,

''રાણીજી, મારે તો ભૂતલના ખંડમાં રહેલા આપના કુમારને જોવો છે. ભગવાને મને તે વિષે માહિતી આપી છે.''

મૃગાવતી સહેજ વિચારમાં પડ્યા પછી તેમણે દાસીઓને બોલાવી ભોંયરામાં જવાનું દ્વાર ખોલવા કહ્યું. નિસરણી ઊતરીને નીચે આવતાં રાણીએ કહ્યું.

''મહારાજ, આપના નાક ઉપર વસ્ત્ર ઢાંકી દો. દાસી જેવો ખંડ ખોલશે કે તેમાંથી અસહ્ય દુર્ગંધ આવશે જે તમે જીરવી નહિ શકો.''

ભોંયરાનું દ્વાર ખુલતાં જ અસહ્ય દુર્ગંધ ફેલાવતી હવા બહાર આવી. પગથિયાં ઊતરી રાજરાણી, મુનિ, અન્ય વિશ્વાસુ દાસદાસી ભૂતળના ખંડમાં પહોંચ્યાં. ત્યાં જતાં ઈન્દ્રભૂતિએ જે દશ્ય જોયું તેવું તેમણે જીવનમાં ક્યારેય જોયું તો ન હતું પણ તેની તેઓ કલ્પના પણ ન કરી શકે.

માંડ શરીરનો આકાર ધારણ કરેલો એક માંસલ પિંડ મુલાયમ મખમલ ઉપર પડ્યો હતો. તેમાંથી પાચ-પરુ-રુધિર અને અન્ય પ્રકારના ગંદા સ્રાવો થઈ રહ્યા હતા. અન્ય લોકોના આગમનથી, અવાજથી માંસના લોચા જેવો પેલો પિંડ સહેજ આમતેમ ગબડ્યો અને તેમ થતાં

તેને જે અસહ્ય વેદના થઈ તેનાથી તે વિચિત્ર અવાજ કાઢીને કણસવા લાગ્યો. પાંચે કર્મેન્દ્રિયોની જગાએ પાંચ છિદ્રો હતાં. તેનાં અંગ-ઉપાંગ તો શું પણ કોઈ ઇન્દ્રિયોનો પણ વિકાસ થયો ન હતો અને વિધિની વિચિત્રતા કહો કે તે વળી જીવંત હતો. દાસીઓએ રાણીની સૂચનાથી દૂધ અને જળ જેવા પ્રવાહી પદાર્થો જેને માંડ મુખ કહી શકાય તેવા પિંડના છિદ્ર ઉપર રેડ્યા. તે શરીરમાં ઊતરતાં થોડીક વારમાં જ તેના નિહારના દ્વારો જેવાં છિદ્રોમાંથી દુર્ગંધ મારતું પ્રવાહી નીકળવા લાગ્યું. રાણીએ દાસીને તે પુત્ર-પિંડને બાજુની મખમલની ગાદી ઉપર ખસેડવા સૂચના આપી. દાસીએ અતિ વિવશતાથી આજ્ઞાનું પાલન કર્યું પણ આ હલન-ચલન દ્વારા એ માંસપિંડને કારમી વેદના થઈ જેનાથી તે ચિત્ર-વિચિત્ર અવાજ કાઢીને કણસવા લાગ્યો.

રાણી મૃગાવતી સજળ નેત્રે પાછાં ફર્યાં. ઇન્દ્રભૂતિ અને અન્ય દાસ-દાસીઓ પણ ભોંયરાનું દ્વાર બંધ કરી નિસરણી ચડી બહાર આવી ગયાં. આ જુગુપ્સાભર્યા દશ્યનો એટલો બધો ભાર સૌનાં હૈયાં ઉપર હતો કે કોઈ કંઈ બોલી શક્યું નહીં.

ઇન્દ્રભૂતિ ઉતાવળે પગલે ઉપવનમાં આવીને ભગવાનના પગ પકડીને બેસી ગયા. પછી કંઈક કળ વળતાં બોલ્યા, "પ્રભુ! અસહ્ય યાતનાને મેં આજે સદેહે જોઈ. ભગવાન, આ જીવ આવું ઘોર દુઃખ કેમ વેઠે છે અને તેનો છૂટકારો પણ થતો નથી - તેનું કારણ?"

"ઇન્દ્રભૂતિ, આ જીવ પૂર્વના એક ભવમાં લોહખુમાણ નામે એક જાગીરદાર હતો. તેના તાબામાં પાંચસો ગામ હતાં. તે દુરાચારી, વ્યસની અને ઘાતકી હતો. તે પ્રજાજનો ઉપર અનેક અત્યાચારો ગુજારતો હતો. કરપીણ રીતે તે માણસોનાં આંખ-કાન-નાક અને અન્ય અંગ-ઉપાંગો છેદી નાખતો હતો અને તેની અસહ્ય વેદના ભોગવતા જીવોને ઉકરડા ઉપર ફેંકી દેતો હતો. કારમી પીડાથી આ માણસો ચીસો પાડતા ત્યારે લોહખુમાણ અતિખુશ થઈ જતો હતો. વેદનાભરી ચીસો સાંભળીને તેને મજા આવતી હતી. આમ, તેણે ઘણાં ભયંકર પાપકર્મોનો સંચય કર્યો.

પરિણામે મૃત્યુ પછી લોહખુમાણ નરકમાં ગયો. ત્યાં લાબો કાળ પસાર કરીને તે આ ભવમાં મૃગાવતી રાણીની કૂખે ઉત્પન્ન થયો. તેનાં પૂર્વભવના ઘાતકી ને ક્રૂર કર્મોનો ઉદય અત્યારે પ્રવર્તે છે, જેને લીધે તે અંગ-ઉપાંગ વગરનો આ ભવમાં જન્મ્યો. તેનાં માતા-પિતાએ પણ આગળના ભવોમાં અન્યની અસહ્ય પીડામાં ક્યાંક આનંદ લીધેલો તેથી તેમને પણ પુત્રની આ અવસ્થા જોઈ દુઃખી થવાનો સમય આવ્યો. પણ રાજા-રાણીએ બીજાં ઘણાં પુણ્યકર્મો કર્યાં હતાં તે પણ અત્યારે ઉદયમાં આવેલાં છે તેથી બીજી બધી રીતે તેમને સુખ-સંપત્તિ વગેરે મળ્યાં. આજે તેઓ, પોતાના પુત્રની આ પરિસ્થિતિ જોઈને જે અસહ્ય માનસિક યાતના ભોગવે છે તે પણ તેમના યથાતથા પાપકર્મને લીધે જ ભોગવે છે."

વિકૃત અંગ-ઉપાંગો, દેહાકૃતિ, રૂપ-રંગ, ત્વચા, શરીરનું બંધારણ એ બધું પોતાનાં જ પૂર્વકર્મ પ્રમાણે મળે છે. જન્મની સાથે મળેલા રોગો કે આગળ જતાં ઊભા થતા વારસાગત રોગો પણ પૂર્વકર્મના ઉદયે આવી મળે છે. જ્યાં સુધી એ દુઃખો અને વેદના ભોગવવા માટે અનુકૂળ ભવ ન મળે, કાળ ન પાકે ત્યાં સુધી એ કર્મો સક્રિય થયા વિના પડી રહે છે એટલે કે સત્તામાં રહે છે. આમ, સત્તામાં પડેલાં કર્મો પોતાનો પ્રભાવ તાત્કાલિક બતાવતાં નથી પણ પોતાને સક્રિય થવાની તકની પ્રતીક્ષા કરતાં હોય છે.

શરીરનાં અંગ-ઉપાંગ, દેહાકૃતિ, રૂપ-રંગ ઈત્યાદિની રચના કરનાર કર્મને નામકર્મ કહે છે. (અહીં નામનો અર્થ આપણા વ્યવહારમાં જેને નામ કહીએ છીએ તે નથી) નામકર્મને આપણા સમગ્ર વ્યકિતત્વ સાથે સંબંધ રહેલો છે. આપણને મળેલી દેહાકૃતિ ઈત્યાદિ માટે આપણે કોઈને દોષ દેવાની જરૂર નથી. તે આપણાં જ કરેલાં કર્મોનો પરિપાક છે.

જો દિલમાં કરુણાના ભાવો ભર્યા હોય, કોઈની હિંસા ન કરી હોય, અન્ય જીવોને ઔષધ આદિ કરી-કરાવી રોગથી મુકત થવામાં સહાય કરી

હોય તો જીવ પોતે શુભ નામકર્મ બાંધે છે જેને પરિણામે તે સુંદર અને નિરોગી શરીર પ્રાપ્ત કરે છે અને સપ્રમાણ અંગ-ઉપાંગો મેળવે છે.

કર્મનો નિયમ અટલ છે માટે અન્ય જીવોની હિંસા કરતા પહેલાં, અન્ય જીવોના અંગ-ઉપાંગોનાો વિચ્છેદ કરવા પહેલાં જો જીવ ચેતી જાય અને પોતાની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને બદલી નાખે તો તે ઘણા મોટા અનિષ્ટમાંથી બચી જાય.

-----

## ૩. બહાર આદર, ઘરે અનાદર
### (કર્મની કુંડળી)

એક મોટા રાજજ્યોતિષી હતા. રાજ દરબારમાં તો તેમનું સારું માન-પાન હતું ને વળી આસપાસના પ્રદેશનાં બીજાં રાજ-રજવાડાંઓ પણ તેમનું સન્માન કરતાં હતાં. ખભે મલમલનું અંગરખું, ચારખેડે ચીપીને પાટલી વાળેલું ધોતિયું, માથે ચકરી પાઘડી અને પગમાં દક્ષિણી પગરખાં પહેરીને જોશીજી બહાર નીકળે ત્યારે સામે મળનાર સૌ તેમને વંદન કરે. જે દિવસે રાજ-દરબારમાં જવાનું હોય ત્યારે પંડિતજી મોટા કસબી તોલાવાળી પાઘડી પહેરે અને જરીના તારવાળો ખેસ ખભે નાખે. તેમને લેવા માટે રાજ્યનું કોઈ વાહન પણ આવે. રાજ્યસભામાંથી આ પ્રખર જ્યોતિષી પાછા ફરે ત્યારે તેમના સાથમાં મોટા આબરૂદાર માણસો હોય. તેઓ પણ પંડિતજીને ઊતરતી વખતે ખૂબ આદરથી 'પધારજો' કહી વિદાય આપે. શેરીના લોકો પંડિતજીના આ સન્માનથી ગૌરવ અનુભવે પણ મેડીની ઝીણી જાળીમાંથી જોતી તેમની પત્ની ક્રોધથી સળગી જાયઃ મુઓ ગપ્પાં હાંકીને સૌને છેતરે છે. કોણ જાણે કયા પાપે મારા કરમમાં લખાયો હશે?

જોશી જેવા ઘરમાં પ્રવેશ કરે કે તુરત જ તેમનાં પત્ની તેમને લબડ-ધક્કે લઈ લે અને ન કહેવાય એવાં કેટલાંય વેણ કાઢે. જોશી મીઠું મરકીને પત્નીની ગાળોને અવગણીને જાતે જ હાથ-પગ ધોઈને પાટલો ખેંચીને જમવા બેસી જાય. ભોજન દરમિયાન જોશી જમતા જાય અને બીજી બાજુ ગોરાણી તેમને ઠપકાર્યા કરે. પાકાં નળિયાંવાળા છાપરા ઉપર વરસાદની કડેડાટી બોલે તેમજ ગોરાણીના મુખમાંથી શબ્દો નીકળતા રહે. આમ તડાકા-ભડાકા વચ્ચે બેસીને ધાનના પાંચ-પચીસ કોળિયા ગળે ધકેલીને ઊભા થઈ જાય.

પરણ્યા ત્યારથી જ જોશીનો ઘરસંસાર લગભગ આમ ચાલતો હતો. પણ બહાર ઝાઝા લોકોને તેની ખબર નહીં. પત્નીની હાડ-છેડ, તિરસ્કાર, અપમાન અને ગાળો બધુંય જાણે જોશીને કોઠે પડી ગયું હતું. જે આ વાત જાણતા તેમને થતું કે લગ્ન સમયે તો જોશી નાના હતા પણ તેમનાં મા-બાપે આ બંને જણની જન્મપત્રી નહીં મેળવી હોય? ગામ આખાના જન્માક્ષર કાઢી આપનાર અને વર-કન્યાના મેળાપનો કોઠો જોઈ સલાહ આપનાર જોશી અને તેમનાં પત્ની વચ્ચે જ કોઈ મેળ નહીં. બીજી રીતે કહીએ તો તેમને ઊભા રહે બને નહીં.

આ રાજ જ્યોતિષી જેવો સહનશીલ માણસ રાજ્યમાં બીજો નહીં હોય. ઘરમાં આવું ભારે દુઃખ છે તે વાત તે કોઈને કરતો નહીં. પણ ઘરે કોઈ આવી ગયું હોય તો તેને જોશીના સંસારનો ખ્યાલ આવ્યા વગર રહે નહીં. કારણ કે ગોરાણી કંઈ ને કંઈ બોલ્યા વિના રહે નહીં. જોશી પત્નીના કહેવા પ્રમાણે કરે તોય તકરાર થાય અને કહ્યા પ્રમાણે ના કરે તો તો ભારે ઝઘડો થાય. ગોરાણીને તો જોશીના બોલે બોલે ઝઘડો. જોશીનું મોં જુએ અને ગોરાણીને ક્યાંની ક્યાં વાત યાદ આવી જાય અને પછી તેની રામકહાણી શરૂ થઈ જાય. તેથી જોશી વર્ષમાં ઘણા દહાડા પરગામનો પ્રવાસ ગોઠવી કાઢે અને વાર-તહેવારે ક્યાંક નાની-મોટી યાત્રાએ ચાલ્યા જાય.

આમ તો જોશીનો ઘરસંસાર બધાથી અજાણ્યો હતો પણ મંત્રી, શ્રેષ્ઠી અને રાજ્યના થોડાક ઉચ્ચ અધિકારીઓને આ વાતની ખબર પડી ગઈ હતી. એક દિવસ રાજા, મિત્રો જેવા મંત્રીમંડળમાં મોજથી વાતો કરતા હતા ત્યાં કોઈએ ટીખળ કરતાં કહ્યું, 'રાજાસાહેબ, તમે એક વખત જોશીને તેમની પોતાની જન્મકુંડળી બતાવી પૂછો કે તેઓ પોતે જ ત્રાસમાંથી ક્યારે મુક્ત થશે?' શરૂમાં રાજા આ વાત સમજ્યા નહીં પણ પછી જોશી પ્રત્યેની લાગણીથી અન્ય મિત્રોએ રાજાને જોશીના ઘરસંસારની વાત કરી. રાજા પોતાના રાજ-જ્યોતિષીના દુઃખે ભારે દુઃખી થઈ ગયા. રાજા શાણા અને સમજુ હતા તેથી તેમણે તત્કાળ આ વાત ઝાઝી ઉખેડી નહીં પણ બીજે

દિવસે જોષીને એકાંતે પૂછીને બધી વાતની માહિતી મેળવી, પોતાનાથી બનતી બધી સહાય કરવા તત્પરતા બતાવી. જોશીએ ગંભીર થતાં કહ્યું :

'રાજન! તમારી લાગણી માટે આભાર. પણ હું આ પત્નીના ત્રાસમાંથી જીવનભર છૂટી શકું તેમ નથી. પણ મારા મૃત્યુ પહેલાં તમે જોશો કે મારી પત્ની સમજુ અને શાણી થઈ ગઈ હશે અને મને રંજાડ્યા બદલ તે ભારે પસ્તાવો કરશે. આમ તે કંઈ ખરાબ નથી. મારા સિવાય તે અન્ય કોઈ સાથે લડતી-ઝઘડતી નથી. પણ મને જુએ છે કે તુરત જ તેના મનમાં તરંગ ઊઠે છે અને પછી ક્રોધ અને જીભ બંને તેના કાબૂમાં રહેતાં નથી. ઘણી વાર મારી પાછળ પોતાના વર્તન માટે પસ્તાવો પણ કરે છે અને ફરીથી મને કંઈ ન કહેવાનો નિર્ધાર કરે છે – પણ મને જોતાં જ તેના મનમાં કંઈ થઈ જાય છે અને તે બોલ્યા વિના રહી શકતી નથી.'

રાજા વિમાસણમાં પડી ગયા. પછી કંઈ વિચાર કરતા બોલ્યા, 'પણ આનો કંઈ ઉપાય નહીં હોય? તમારી જન્મપત્રિકા ઝીણવટથી જુઓને ક્યાં સુધી તમારે આ સહેવું પડશે?'

રાજ-જ્યોતિષી ગંભીર થતાં બોલ્યા, 'રાજન! શું કહું? આ વાત ગ્રહોની નથી. ગ્રહો બિચારા શું કરે? તેમને તો આગળના ભવોનાં કર્મો જ્યાં ફેંકે તે ઘરમાં પડવું પડે અને ત્યાંથી તેમનો પ્રભાવ વર્તાય. વાસ્તવિકતામાં ગ્રહો ભવિષ્ય ઘડતા નથી; ગ્રહો ભવિષ્ય ભાખે છે. લોકો કમનસીબે આ વાતને અવળી પકડીને દુઃખી થાય છે.'

રાજા કર્મની વાત આવતાં ઘણો ગંભીર બની ગયો. જ્યોતિષીએ કર્મની ગહન વ્યવસ્થા સમજાવતાં કહ્યું, 'પૂર્વે એક જન્મમાં મારી આ પત્ની ગાય હતી. અને તે ભવમાં હું ક્રૂર કાગડો હતો. ગાયની ગરદન ઉપર ક્યાંકથી ગુમડાનો કોહવાટ થયો હતો જે દૂઝતો હતો. ગાયની વિશાળ પીઠ ઉપર બેસીને હું તેની ગરદન ઉપર પડેલા ઘાવમાંથી લોહી ચૂસતો હતો. જ્યારે લોહી ન મળે ત્યારે અવારનવાર માંસ પણ ખોતરી ખાતો હતો. ગાયને ઘણી વેદના થતી. પગ પછાડે, શિંગડાં ઉછાળે, પૂંછડું આમતેમ ફેરવે પણ મને ઉડાડવાનું તેના માટે આસાન ન હતું. કોઈ જતું-આવતું જોઈ જાય

અને દયા આવે તો મને ઉડાડી મૂકે અને એટલી વાર ગાયને રાહત રહે. આમ મેં ગાયનું ઘણું લોહી પીધું. મારા લોહી પીવાથી તેનો કોહવાટ ઘણો ઊંડો ઊતર્યો હતો. ત્યાં કોઈને દયા આવી. તેણે ગાયને પાંજરાપોળના રક્ષણમાં ખસેડી. ત્યાં તેને મલમપટા થતાં ઘાવ રૂઝાયો. ગાય ન મળતાં હું પણ ઊડીને બીજે ક્યાં જતો રહ્યો હતો.

જોશીએ આગળ ચાલતાં કહ્યું, "હવે એ ગાય આ ભવમાં મારી પત્ની થઈ ગઈ છે અને હું તેનો પતિ થયો છું. મેં આગલા ભવમાં તેનું જેટલું લોહી પીધું છે, તેને જેટલી પીડા આપી છે તેનો હવે હિસાબ થઈ રહ્યો છે. તે હિસાબ ચૂકતે થશે એટલે મારી પત્ની શાણી થઈ જશે અને પછી એકદમ તેનામાં પરિવર્તન આવશે. મને દુઃખ આપવા બદલ તેને ખૂબ પસ્તાવો થશે. મારા ગ્રહો પ્રમાણે હજુ ઘણો કાળ આમ ચાલશે પણ મારા મૃત્યુ પહેલાં મારી પત્ની બદલાઈ જશે અને મારા અંતિમ દિવસો સુધરી જશે. આટલુંય ઓછું છે? રાજા, કર્મસત્તાથી ભાગીને હું કેટલે દૂર જઈ શકું? કરેલાં કર્મ સામે આવીને ઊભાં રહ્યાં છે ત્યારે સમતાથી તેને ભોગવી લેવામાં જ શાણપણ છે. જો હુંય તેના જેવો જ થઈ જાઉં તો પછી મારામાં અને એનામાં ફેર શું રહ્યો? જો હું પણ સામે ઉત્તર આપું કે મારઝૂડ કરું તો વાત વધી જાય એટલું જ નહીં પણ પછી તો વેરની અને બદલાની પરંપરા ચાલે અને એમાંય કેટલાય ભવો નીકળી જાય."

આમ, વિપાકમાં આવેલું કર્મ તો ભોગવવું જ પડે. ભલે હસીને ભોગવો કે પછી રડીને ભોગવો. તેથી તો ધર્મપુરુષો જેઓ કર્મશાસ્ત્રના જ્ઞાતા હતા તેમણે વખતોવખત કહ્યું છે કે પાપકર્મના ઉદયથી નીપજેલું દુઃખ સમતાથી વેઠી લો અને પુણ્યકર્મના ઉદયથી આવેલું સુખ મમતા વિના (જેથી અભિમાન ન થાય) ભોગવી લો. સમતા અને મમતા વિના આમ કર્મોનો વિપાક જે ભોગવી જાણે છે તે કર્મની પરંપરાથી બચી જાય છે. આ રીતે ભોગવેલાં કર્મ જીવ ઉપરથી ખરી જાય છે અને નવાં બંધાતાં નથી. કરેલા કર્મો ઉદયમાં આવે ત્યારે તેને ભોગવવાની ક્ષમતા કેળવવી એ પુરુષાર્થ છે.

-----

## ૪. વીણ ખાધે વીણ ભોગવે....
### (ભવોની પરંપરા)

સુનંદા એક રાજપુત્રી હતી. હજુ તો તે પૂર્ણ વયમાં આવે તે પહેલાં તેણે એક જગાએ પતિને તેની પત્નીને મારઝૂડ કરતો જોયો. આ જોઈને તે છળી ઊઠી અને તેણે મનોમન પોતે ન પરણવાનો નિર્ધાર કર્યો. લગ્નની વાત નીકળે ત્યાં જ તે ખૂબ બેચેન બની જતી હતી તેથી પરિવારમાં સૌ કોઈ તેની પાસે લગ્નની વાત જ કરતાં નહિ. પણ સુનંદા સોળ વર્ષની ઉંમર વટાવી ગઈ અને તેના ભાવો પલટાવા લાગ્યા. એવામાં તેણે અટારીમાંથી એક નવપરિણીત યુગલને પ્રેમચેષ્ટાઓ કરતું નિહાળ્યું અને મુખમાંથી નિઃસાસો નીકળી ગયો. થોડાક સમયમાં સુનંદાનું યૌવન આકારો ધારણ કરતું નિખરવા લાગ્યું અને એકાદ વર્ષ જતામાં તો સુનંદા કન્યામાંથી સ્વરૂપવાન તરુણી બનવા લાગી. હૃદયમાં નવા ભાવો જાગતા અને પગ જાણે કંઈ ઊડવા માગતા હોય તેવો તનમનાટ તેના શરીરમાં વ્યાપી રહ્યો.

એવામા સુનંદાએ રાજમાર્ગ ઉપર ઊભા રહેલા એક સુંદર અને શરીર સૌષ્ઠવવાળા યુવાનને જોયો અને તેને જોઈને તેનું મન વિહ્વળ થઈ ગયું. હૈયું હાથમાં ન રહેતાં તેણે એક ચિઠ્ઠી લખીને દાસી સાથે તે યુવાનને મોકલાવી :

निरर्थकं जन्म गतं नालिन्या : यया न द्रष्टं तुहिनोंशु बिम्बभ्।

જેણે ચંદ્ર જોયો નથી તે કમલિનીનો જન્મ નિરર્થક છે.

દાસીએ એ સુંદર યુવાનને સુનંદાની ચિઠ્ઠી આપી. જોગાનુજોગ એ યુવાનનું નામ રૂપસેન હતું અને તે રસિક પણ હતો. સામે ઝરૂખામાં ઊભી રહેલી સ્વરૂપવાન નમણી રાજકુમારીને જોતાં રૂપસેન મોહી ગયો અને તેણે ઉત્તર પાઠવ્યો.

उत्पत्तिरिन्दोरपि निष्फलैव द्रष्टा विनिद्रानलिनी न येन ॥
જેને જોઈને નલિની વિકસ્વર થઈ નથી તે ચંદ્રની ઉત્પત્તિ પણ નિષ્ફળ છે.

પછી તો આમ પરસ્પર પત્રોની આપ-લે થવા લાગી અને દૂરથી ભાવભરી આંખોનાં મિલન થતાં હતાં પણ પ્રત્યક્ષ મળવું મુશ્કેલ હતું. બંને પ્રેમીઓના દિલમાં મિલનની ઝંખના વધતી ગઈ પણ કોઈ માર્ગ મળતો ન હતો. એવામાં કૌમુદી ઉત્સવ આવ્યો અને રાયથી રંક સુધીના સૌ તેમાં ભાગ લેવા ઉમંગે ઉમંગે તૈયાર થઈને સાંજના પ્રહરે ગામ બહાર આવેલા ઉદ્યાને જવા લાગ્યા. આ પહેલાં સુનંદા અસ્વસ્થ તબિયતનું બહાનું કાઢી ઘરે રહી અને રૂપસેન પણ એ જ રીતે ઘરે રોકાઈ ગયો હતો. રાજમહેલમાંથી સૌ ગયા પછી સુનંદાએ પ્રકાશ સહેવાતો નથી એમ બહાનું કાઢી પોતાના ખંડોના દીવા બુઝાવી નાખ્યા અને રૂપસેન માટે મહેલની અટારીએથી દોરડાની એક નિસરણી લટકાવી. વિશ્વાસુ દાસીઓ રૂપસેનના આવવાની રાહ જોવા લાગી અને સુનંદા અંધકાર ભરેલા પોતાના શયનકક્ષમાં પ્રિયતમની રાહ જોતી પલંગ ઉપર બેસી રહી.

યોગાનુયોગ એવામાં ત્યાંથી મહાલવ નામનો એક ચોર નીકળ્યો અને તેણે મહેલની પાછળના ભાગમાં અંધકાર જોયો. વળી અટારીએથી લટકતી નિસરણી પણ જોઈ. મહાલવ તે દિવસે જુગારમાં ઘણું હાર્યો હતો એટલે કોઈ મોટી ચોરી કરવા ફાંફાં મારતો હતો. તે ચૂપકીદીથી નિસરણી પાસે આવી - ઉપર ચડવું કે ન ચડવું - તેમ વિચાર કરતો હતો ત્યાં તો દાસીએ ઉપર આવવા ઈશારો કર્યો. ચોરે આવેલી તક ઝડપી લીધી અને ઉપર ચડી ગયો.

દાસીએ ધીમેથી કહ્યું: રૂપસેન, તમે કંઈ બોલશો નહિ. રાણીસાહેબા હમણાં જ આવીને ગયાં છે. હજુ બહાર નીકળ્યાં નથી. અને દાસી રૂપસેનને સુનંદાના શયનકક્ષમાં દોરી ગઈ. ખંડમાં પૂર્ણ અંધકાર હતો. વળી અવાજ ન થાય તેની કાળજી રાખવાની હતી તેથી કામાતુર

સુનંદાએ કંઈ પણ બોલ્યા વિના રૂપસેનનો હાથ પકડી લીધો અને ગાઢ આલિંગન આપ્યું. મહાલવ તો કંઈ પણ વાત સમજે તે પહેલાં તે વિશિષ્ટ પરિસ્થિતિમાં આવી પડ્યો. સામેથી આવી મળેલી સ્ત્રીની અવગણના કરવા જેટલું સત્ત્વ તો તેનામાં હતું નહિ. પળવારમાં બંને વચ્ચે સમાગમ થઈ ગયો અને પછી સત્વરે વિદાય આપતાં સુનંદા ખૂબ ધીમેથી બોલી, 'હાલ તો પધારો. ફરી મળીશું ત્યારે નિરાંતે બીજી બધી વાતો કરીશું.' વિધિનો વિચિત્રયોગ થઈ ગયો. ધનની ચોરી કરવા આવેલા ચોરના હાથમાં અનાયાસે રાજકુંવરીનું યૌવનધન આવી પડ્યું. મહાલવ તો આનંદથી નિસરણીનાં પગથિયાં ઊતરીને પળમાં ક્યાંય સરકી ગયો.

હવે આ બાજુ તો રૂપસેન પૂર્વસંકેત પ્રમાણે ઘરેથી નીકળ્યો. હજુ તો રાત્રીની શરૂઆત થઈ હતી. ગામ આખું બહાર ઉપવનમાં કૌમુદી મહોત્સવ માણવા ગયું છે. રાજકુંવરી સાથે થનારા પ્રથમ મિલનના વિચારોમાં તે આગળ જઈ રહ્યો છે ત્યાં તો બાજુમાં આવેલા ઘરની એક નોંધારી જીર્ણ ભીંત તેના ઉપર તૂટી પડી અને તે તેની નીચે દબાઈને મરી ગયો. તે સમયે રૂપસેનનું ચિત્ત સુનંદામાં આસકત હતું. હવે તો પળવારમાં પરસ્પર મળીશું, પ્રેમગોષ્ઠિ કરીશું, વિષયસુખ માણીશું એવા તીવ્ર રાગવાળા ભાવોમાં રૂપસેન રમતો હતો અને તે સમયે જ તેનું મૃત્યુ થયું તેથી આયુષ્ય કર્મના યોગે તે સુનંદાની કૂખમાં જ ઉત્પન્ન થયો. જેની શરૂમાં તો સુનંદાને ખબર પણ ન પડી. કૌમુદી મહોત્સવના બીજે દિવસે સુનંદાને રૂપસેનના ભીંત નીચે દટાઈને થયેલા મૃત્યુની વાતની ખબર પડતાં તે ખૂબ ચિંતામાં પડી ગઈ. તેણે તો એમ જ માની લીધું કે મને મળીને પાછા જતાં રૂપસેનને આ અકસ્માત નડ્યો અને તે મૃત્યુ પામ્યો.

કર્મની ગતિ ઘણી વિચિત્ર છે. રૂપસેનનો જ જીવ સુનંદાની કૂખમાં ગર્ભરૂપે આવ્યો છે અને દિવસે દિવસે ગર્ભ વિકસી રહ્યો છે. થોડાક સમયમાં સુનંદાને ગર્ભનાં એંધાણ વર્તાયાં અને ચતુર દાસીની સહાયથી

તેણે ગર્ભપાત કરી નંખાવ્યો. આમ, અજાણતાં જ **સુનંદાના હાથે જ રૂપસેનના જીવનો, જન્મ લેતા પહેલાં જ ઘાત થઈ ગયો.**

સુનંદાના ઉદરમાંથી ગર્ભ પડી જતાં રૂપસેનનો જીવ પછીના જન્મમાં **સાપ** થયો. આ બાજુ સુનંદાનાં લગ્ન બાજુમાં આવેલા પ્રદેશના એક રાજવી સાથે થઈ ગયાં. સુનંદા પૂર્વકાળની આ વાતને ભૂલીને સુખે પોતાના દિવસો રાજવીના સાથમાં પસાર કરી રહી છે. હવે સાપ થયેલો રૂપસેનનો જીવ સુનંદા તરફની તીવ્ર આસક્તિને લીધે સુનંદાના મહેલમાં તેના જ શયનખંડમાં આવી પહોંચ્યો અને સુનંદાને જોતાં આનંદમાં આવી જઈ તેની સામે પોતાની ફણા ઊંચી કરી ડોલવા લાગ્યો. સુનંદાએ ગભરાઈને ચીસ પાડતાં ચોકીદારો ધસી આવ્યા અને તેમણે **સાપને પકડી લીધો અને મારી નાખ્યો.**

સાપનો ભવ અકાળે જ પૂરો થઈ જવાથી પાછો એ જ જીવ **કાગડો** થઈ સુનંદાના મહેલના બગીચામાં રહેવા લાગ્યો. જ્યારે જ્યારે તે સુનંદાને જુએ ત્યારે તે ખૂબ આનંદમાં આવી જઈને કા-કા-કા-કરતો સુનંદાની પાસે આવી જતો હતો. એક વખતે વસંતોત્સવ વેળાએ મહેલના બગીચામાં સંગીતની મહેફિલ યોજવામાં આવી હતી. મહેફિલ શરૂ થઈ અને સુનંદા પોતાના પતિ સાથે મહેફિલમાં આવી ત્યાં તો કાગડાએ તેને જોઈ. સુનંદાને જોતાં જ કાગડાએ ઉલ્લાસમાં આવી જઈ કાગારોળ મચાવી મૂકી. સંગીતસભામાં વિક્ષેપ પડવા માંડ્યો. વળી કાગડો ઊડી ઊડીને સુનંદા પાસે આવી જતો હતો. સેવકોએ કાગડાને ઉડાડવા ખૂબ કોશિશ કરી પણ કાગડો ત્યાંથી ખસે જ નહિ. **છેવટે રાજાએ ગુસ્સે થઈને કાગડાને વીંધી નાખ્યો.**

હવે રૂપસેનનો જીવ કાગડાના ભવમાંથી **હંસના ભવમાં** આવે છે પણ રહે છે તો સુનંદાના રાજમહેલના ઉદ્યાનમાં આવેલા જળાશયના તીરે. ગ્રીષ્મ ઋતુમાં રાજા-રાણી નમતી સંધ્યાએ જળાશયની પાસે આવીને બેસે ત્યારે આ હંસ સુનંદાની સામે જોતો જોતો પાણીમાં સરકયા કરે અને વખતોવખત હર્ષની કિકિયારી કરે. હવે અહીં તેને સુનંદા કે તેના

પતિ તરફથી ભય ન હતો. પણ થવા કાળ એવો કે એક વખત જળાશયની પાળે રાજા-રાણી બેઠાં હતાં અને ઉપરથી પસાર થતું કોઈ પક્ષી ચરકયું - જેની ગંદકી રાજા ઉપર પડી. રાજાએ ચીડાઈને પક્ષીનો વેધ કરવા નિશાન તાકયું પણ યોગ જ એવો ગોઠવાયો કે જળાશયને સામે તીરે બેઠેલું પક્ષી ઊડી ગયું અને વીંધાઈ ગયો હંસ. સુનંદા સામે જોતાં જોતાં તરફડીને હંસે પ્રાણનો ત્યાગ કર્યો.

પૂર્વભવની પ્રીતિની વાસનાથી તે પાસેના જ જંગલમાં હરણ થઈને જન્મયો. એક વખતે રાજા સુનંદાના સાથમાં અન્ય રસાલા સાથે શિકારે નીકળ્યા હતા ત્યાં તેમણે હરણોનું એક વૃંદ જોયું. કોમળ ઘાસ અને નવપલ્લવો ચરતાં સુંદર હરણાંઓને જોઈ રાજાએ શિકાર માટે અનુસંધાન કરવા માંડ્યું. માણસોના અણસારથી બધાં હરણાં ઠેકડા ભરતાં નાઠાં પણ રૂપસેનના જીવવાળું હરણ તો સુનંદાને જોતાં જ ગેલ કરવા માંડ્યું. હરણ લુબ્ધ નજરથી સુનંદાને જોવામાં તલ્લીન થઈ ગયું હતું તે જ સમયે રાજાએ તીરથી હણી નાંખ્યું. આ હરણ હજુ તો કુંમળું અને નાનું હતું તેથી તેનું માસ ખૂબ મીઠું લાગશે એમ સમજીને તેના મૃતદેહને સાથે લઈ લીધો. શિકારેથી પાછા ફર્યા પછી રસોઈયાએ એ હરણના માંસની સ્વાદિષ્ટ વાનગી બનાવીને રાજા-રાણીને નાસ્તામાં આપી. ઉદ્યાનમાં હીંચકા ઉપર બેસીને રાજા-રાણી આ નાસ્તો કરી રહ્યાં હતા ત્યાં બાજુમાંથી બે જ્ઞાની મુનિઓ નીકળ્યા. આ દશ્ય જોઈને મોટા મુનિથી અ-રે-રે એમ સહેજ ચીસ પડાઈ ગઈ અને તેમણે રાજા-રાણી તરફથી પોતાનું મુખ ફેરવી લીધું. મુનિ ભૂત અને ભવિષ્ય જોઈ શકતા હતા. તેમને અવધિ જ્ઞાન થયેલું હતું.

રાજા અને રાણીને મુનિ મહારાજનું આ વર્તન વસમું લાગ્યું. તેમણે તેમને ઊભા રાખી પૃચ્છા કરી. વાત કહેવાથી આ જીવોને લાભ થશે એમ ખાતરી થતાં મુનિએ કહ્યું, 'તમારા અતિ આગ્રહથી હું વાત કરું છું તે તમે જીરવી જાણજો. તેનો સાર ગ્રહણ કરી બાકી રહેલું જીવન સુધારી લેજો.' આમ, બંનેને સાવધ કરી મુનિએ રૂપસેનના છ ભવ કેવી રીતે

થયા અને દરેકનો અંત કેવી રીતે આવ્યો તે જણાવ્યું. વાત બરોબર મળતી આવી જતાં રાજા-રાણીને વિશ્વાસ પડ્યો. સંસારના આવા સ્વરૂપનું ચિંતન કરતાં બંનેને વૈરાગ્ય આવ્યો. **સુનંદાએ** ગદ્-ગદ કંઠે રાજાની માફી માગી અને સાધ્વી થવાની તૈયારી કરી. તેણે **જ્ઞાની મુનિને પૂછ્યું, "રૂપસેને તો મને ભોગવી પણ નથી અને મારે કારણે તેના છ-છ ભવ થયા અને તેના મૃત્યુનું કારણ દરેક વખત હું જ બની છું.** મારું હૃદય આ વિષમતા જીરવી શકતું નથી અને વેદનાથી ચીરાઈ જાય છે. મુનિ મહારાજ! મને કહો કે અત્યારે હવે તેનો જીવ ક્યાં છે? અને તેને હું કેવી રીતે મોહના આ વલયમાંથી મુકત કરું?"

મુનિ મહારાજે ધીરજથી ઉપદેશ આપી સુનંદાને શાંત કરી અને આવા વિષમ સંસારમાંથી બહાર નીકળવાનો માર્ગ સમજાવીને કહ્યું, 'અત્યારે રૂપસેનનો જીવ વિંધ્યાચળના સુગ્રામ પાસે આવેલી **અટવીમાં હાથી થયો છે.'**

સુનંદાને સંસાર અકારો તો લાગી જ ગયો હતો પણ તેના મનમાં એક ભાવ પ્રબળ હતો કે **જેણે મારા માટે સાત સાત ભવ કર્યા** તેને કોઈ રીતે ઉગારી લઉં. તેથી તે ચારિત્ર અંગીકાર કરી સાધ્વી થયા પછી પણ ગુરુની આજ્ઞા લઈ વિંધ્યાચળની આ અટવીમાં જવા નીકળી. સુગ્રામ તો નાનકડું જ ગામ હતું અને તેના પાદરમાંથી જ જંગલ શરૂ થઈ જતું હતું. ગામના લોકોએ આમ જંગલમાં ન જવા સુનંદાને સમજાવવા પ્રયાસ કર્યો પણ સુનંદા માની નહિ. સુનંદા સૌની સલાહ અવગણીને આગળ ચાલી અને હજુ જંગલમાં માંડ પ્રવેશ કરે છે ત્યાં તો પેલા હાથીએ તેને જોઈ.

સુનંદાને દૂરથી જોઈને જ હાથી એકદમ ગેલમાં આવી ગયો. આનંદથી ચિચિયારીઓ કરતો તે સુનંદા તરફ દોડતો આવવા લાગ્યો. ગામલોકોએ આમ હાથીને પાગલની જેમ દોડતો આવતો જોઈ નાસભાગ કરી મૂકી. લોકોએ સુનંદાને નાસી જવા, બચી જવા ઘણું કહ્યું પણ તે તો અડગ

ઊભી જ રહી. હાથીએ પાસે આવીને પોતાની સૂંઢ લાંબી કરીને સુનંદાના ગળાની આસપાસ વીંટાળી. હાથીની આંખોમાં તૃપ્તિનો આનંદ વર્તાતો હતો જે સુનંદાએ જોયો. સાધ્વી બનેલી સુનંદાએ પૂર્ણ આત્મબળથી કરુણાથી આર્દ્ર બનતાં હાથીને સંબોધતાં કહ્યું, **"રૂપસેન યાદ કર. મારા મોહને લીધે તેં સાત સાત ભવ કર્યા.** તું પશુ બન્યો, પંખી બન્યો, સાપ બન્યો. એમ મારા કાજે તું ભવભ્રમણ કરતો જ રહ્યો. છતાંય તું મને મેળવી તો શકયો નહીં ઊલટાનો મારા પ્રત્યેના સ્નેહ-મોહથી તું વીંધાતો જ ગયો. **મને ભોગવ્યા વિના મારા માટેની વાસનાથી જ તારા આ હાલ થયા છે** તો વળી કોઈ ભવમાં મને ભોગવવા મળશે તો પછી તારા શુંય હાલ થશે! હવે તો સમજ. મારા પ્રત્યેનો રાગ છોડીને પાછો વળી જા. બસ હવે અહીં જ અટકી જા અને આગળનો ભવ સુધારી લે. જો મેં તો સંસાર છોડી દીધો છે તો તું હવે નહિ સમજે?"

સુનંદાના શબ્દોથી હાથી ઉપર ધારી અસર થઈ. તેને પૂર્વભવનું જાણે જ્ઞાન થયું અને સુનંદાની વાત માની ગયો. શાંત થઈ ગયો. તેણે સૂંઢ નીચી કરીને સુનંદાને નમસ્કાર કર્યા. હાથીની આંખો સજળ બની ગઈ અને તે ધીમા પણ દૃઢ પગલાં ભરતો જંગલમાં પાછો વળી ગયો. જંગલમાં જઈ જળાશયને કાંઠે તેણે લંબાવ્યું અને અન્નજળનો ત્યાગ કરી મનોમન સંસારના સ્વરૂપનું ચિંત્વન કરતો સમતાપૂર્વક આરાધનાના ભાવમાં સ્થિર થઈ ગયો. કથાનક કહે છે કે શુભ ભાવ અને તપશ્ચર્યાને પરિણામે હાથી પછીના ભવમાં દેવગતિને પ્રાપ્ત કરે છે અને ઉત્તરોત્તર તે આગળ વધતો જશે.

આગમોમાં નિરૂપાયેલી આ કથા ખૂબ સૂચક છે. જીવ ભોગવીને તો કર્મ બાંધે અને તેના યથા-તથા વિપાકથી દુઃખો વેઠે પણ ભોગવવાની માત્ર વાસના જ કેટલાં ભયંકર પરિણામો લાવી શકે છે તેનો આ કથાનક સચોટ ખ્યાલ આપે છે. ભોગની વાસનાને લીધે જેને માટે રૂપસેને સાત સાત ભવ કર્યા તે સુનંદાનો તો હજુ એનો એ જ ભવ

ચાલે છે. કર્મની કેવી વિચિત્રતા? કર્મવાદનાં રહસ્યો આ રીતે ઘણાં ગહન છે. જીવ, તીવ્ર રાગ અને તીવ્ર દ્વેષના ભાવોને લીધે ભવોની જન્મોની પરંપરા કરતો રહે છે. જીવનમાં કયારેય તીવ્ર રાગ કે દ્વેષ કરવા નહિ અને જો કર્યાં હોય તો તેનો પશ્ચાત્તાપ કરી દિલમાંથી કાઢી નાખવા જેથી જન્મોની પરંપરા તો ન ચાલે.

વળી, આ કથાનક બીજી પણ એક મહત્ત્વની વાત કહી જાય છે જેને શાસ્ત્રોમાં **અનર્થ દંડ**ને નામે ઓળખવામાં આવે છે. અનર્થ એટલે કે જેનો કોઈ અર્થ નથી; જેનું કોઈ પ્રયોજન નથી તેવી વાત માટે દંડ ભોગવવો પડે. પાપકર્મનો દંડ તો જીવ ભોગવે એ સમજી શકાય એવી વાત છે પણ જે પાપ આપણે કર્યું નથી, જેનો આપણે કંઈ લાભ લીધો નથી તેના માટે જીવ દંડાય એ કોઈ સમજુ માણસ ચલાવી લે? રૂપસેનની વાત બહુ જુદા જ પ્રકારની છે. જે ભોગ તેણે ભોગવ્યો નથી, જે નારીનો તેણે સંપર્ક પણ કર્યો નથી તે નારી માટે તેણે સાત સાત ભવ કર્યા તે નાનીસૂની વાત નથી. જ્યારે સુનંદાને અનાયાસે ભોગવનાર જીવ તો કયાંય બાજુએ રહી ગયો. પાપનો દંડ તેને ભોગવવો પડ્યો હશે પણ તે વાસનારહિત-આસક્તિરહિત રહ્યો હશે તેથી તેણે સુનંદાની આસપાસ ભવભ્રમણ કર્યું નથી. આમ, **ભોગ ભયંકર છે તેના કરતાં તેની વાસના વધારે ભયંકર છે. બચવાનું તો બંનેથી** છે. પણ વાસના સૂક્ષ્મ છે તેથી માણસો ભ્રમમાં રહી જાય છે અને તેનું મહત્ત્વ ઓછું આંકે છે. કર્મના વ્યવસ્થા તંત્રનો જેને ખ્યાલ હોય તે તો વાસનાનો સળવળાટ થતાં જ ચોંકી ઊઠે અને સાવધ થઈ જાય અને અનર્થ દંડમાંથી સહેલાઈથી બચી જાય.

જીવનમાં આપણે કેટલીય વાર વગર ફોગટનાં આવાં કે આને મળતાં કર્મો બાંધીએ છીએ જે આપણને ભાવિ જન્મોમાં અસહ્ય દંડ આપે છે કે દુઃખ આપે છે. માટે સવેળા ચેતી જઈએ. જાગ્યા ત્યાંથી સવાર.

-----

## ૫. ગમો અને અણગમો
### (ભવાંતરના સંસ્કાર)

ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ગૌતમ સ્વામી ભગવાનની આજ્ઞા-અનુસાર એક વાર કેટલાક જીવોને બોધ આપવા નીકળ્યા હતા. દરમ્યાન તેમને એક ખેડૂતનો ભેટો થઈ ગયો. ખેડૂત હતો તો નિરક્ષર પણ જીવ હળુકર્મી (ચીકણાં ભારે કર્મ વિનાનો) હતો. ગૌતમ સ્વામીના માત્ર સાન્નિધ્યથી પણ આ ખેડૂતને મનોમન ખૂબ શાંતિ મળતી અને આનંદ થતો હતો તેથી તેણે ગૌતમ સ્વામીને દીક્ષા આપવા વિનંતી કરી. ગૌતમ સ્વામીને જીવનો ભાવિ-ભાવ સારો લાગ્યો તેથી તેમણે તેને દીક્ષા આપી અને જણાવ્યું કે હવે હું તને મારા ગુરુનાં દર્શન કરાવું. તેઓ સાક્ષાત્ ભગવાન છે. તેમને જોતાં જ તને અદ્ભુત આનંદ આવશે અને અપૂર્વ શાંતિ લાગશે.

ખેડૂતને તો બહુ નવાઈ લાગી – આવા મહાજ્ઞાનીને વળી પાછા ગુરુ છે? આ સાધુ પાસે પણ મને આટલી શાંતિ અને આનંદ મળે છે તો તેમના ગુરુ પાસે તો કેટલીયે વધારે શાતા અને સુખ મળશે. વળી, કહે છે કે તેઓ ભગવાન છે. ભગવાનનાં દર્શન કરવા મળશે તો પણ ક્યાં? આમ વિચારતાં ખેડૂત ગૌતમ સ્વામીના ગુરુ-ભગવાન મહાવીર પાસે જવા તૈયાર થઈ ગયો. પોતાનું ખેતર સ્વજનોને ભળાવી અને જરૂરી સલાહ-સૂચનો આપી, માયા-મમતા છોડી તે ગૌતમ સ્વામી સાથે ચાલી નીકળ્યો. માર્ગમાં પણ તે ભગવાન કેવા છે, કેવું બોલે છે, કેવી રીતે ચાલે છે – એવા અનેક પ્રશ્નો પૂછતો પૂછતો ઉત્સાહથી જાણે દોડતો જાય.

આમ, વિહાર કરતા કરતા ગૌતમ સ્વામી પોતાના ઉત્સાહી અને નવા શિષ્યને લઈને ભગવાન જ્યાં બિરાજતા હતા તે સ્થળની નજીક આવી

પહોંચ્યા. તે સમયે ભગવાન ધર્મપર્ષદામાં બિરાજમાન હતા. દુઃખ માત્રથી જગતના જીવો કેવી રીતે મુકત થઈ શકે એ વિષે ભગવાન મધુર વાણીમાં સમજાવતા હતા અને સંયમમાર્ગની મહતા સમજાવતા હતા. તેમની વિશાળ અને વૈભવપૂર્ણ સભા દૂરથી દેખાતી હતી અને તેમના શબ્દોનો મધુર ધ્વનિ વાતાવરણમાં ગુંજતો હતો. ગૌતમસ્વામીએ દૂરથી આ ખેડૂતને સભા બતાવી અને મધ્યમાં અશોકવૃક્ષ નીચે ત્રણ છત્રથી શોભતા સિંહાસન ઉપર બેઠેલા ભગવાન મહાવીરને બતાવતાં કહ્યું, "જો, પેલા મારા ગુરુ બેઠા છે. જોયોને એમના આત્માનો અપૂર્વ વૈભવ! હું તને તેમની પાસે લઈ જાઉં છું. તેમનાં દર્શન અને શ્રવણથી ભવોભવનાં તારાં બંધન તૂટી જશે. તને અપૂર્વ શાંતિ અને આનંદ થશે."

આ હાલી ખેડૂત પણ ધર્મસભાની દૂરથી પણ રોનક જોઈને વિસ્મય પામ્યો હતો. ધીમે ધીમે તેઓ પાસે આવી રહ્યા હતા. એમ કરતાં થોડી વારમાં તેઓ ભગવાનની પર્ષદા (સભા)ની નજીક આવી પહોંચ્યા. હવે તો ભગવાનની વાણી સ્પષ્ટ સંભળાતી હતી અને તેમની સૌષ્ઠવપૂર્ણ દેહાકૃતિનાં દર્શન પણ થતાં હતાં. જેમ જેમ ખેડૂત નજીક આવતો ગયો તેમ તેમ તેને કંઈ ન સમજાય તેવી મૂંઝવણ થવા લાગી હતી અને નજીક આવતાં જેવા તેણે ભગવાન મહાવીરને જોયા કે તેના મનમાં તેમના પ્રત્યે જબ્બર અણગમો થયો. ગૌતમ સ્વામી તો ઉત્સાહમાં ને ઉત્સાહમાં આગળ ડગલાં ભરતા હતા પણ ખેડૂત તો હવે લથડવા લાગ્યો હતો.

ગૌતમ સ્વામી ધર્મસભાનાં પગથિયાં જેવા ચડવા જતા હતા ત્યાં તો ખેડૂત વીફર્યો, "શું આ જ માણસ તારો ગુરુ છે? તું આનાં વખાણ કર્યા કરતો હતો? આ જ તારો ગુરુ હોય તો મારે તેની પાસે નથી આવવું. લે આ તારો ઓઘો. (જૈનસાધુચર્યા માટેનું આવશ્યક સાધન) હું તો આ પાછો ચાલ્યો." ખેડૂતને પાછો જતો જોઈ ઈન્દ્ર વગેરે સભાજનો હસી પડયા અને ગૌતમ સ્વામી ખસિયાણા પડી ગયા. ગૌતમ સ્વામીએ તેને ઘણુંય સમજાવ્યો પણ તે માન્યો નહિ અને તેણે ઓઘો ફેંકી દેતાં કહ્યું,

"લે રાખ આ તારો ઓઘો. તારા ભગવાન તારી પાસે. અને ખેડૂત નાસી ગયો."

આવી વિષમ વાત ગૌતમ સ્વામીના જીવનમાં તો પહેલી વાર જ બની તેથી તે તો સ્તબ્ધ થઈ ગયા. ત્યાં તો મંદ મંદ સ્મિત કરતાં ભગવાન બોલ્યા, "ગૌતમ! હવે તેને જવા દે. પણ તારો ફેરો ફોગટ ગયો નથી. તે જીવ પામી ગયો છે. તારા ઉપદેશનું જે બીજ તેનામાં પડયું છે તેમાંથી કાળે કરીને અંકુરો ફૂટશે અને ફૂલશે-ફાલશે."

ધર્મસભા પૂર્ણ થઈ. ગૌતમ સ્વામી તેમના જીવનમાં આજે બનેલા અપૂર્વ પ્રસંગથી વ્યથિત થઈ ગયા હતા. વળી તેમને એ વાત સમજાતી ન હતી કે જે માણસ મારાથી રીઝ્યો તે ભગવાનને જોતાં જ આટલો નારાજ કેમ થઈ જાય અને નાસી જાય! ભગવાન સમક્ષ આવનાર વ્યક્તિ તો ઉલ્લાસમાં આવી જાય તેના બદલે આજે એ ખેડૂત તો ભગવાને જોઈને ભાગી ગયો. કેવી વિચિત્રતા!

ભગવાન ગૌતમ સ્વામીના મનમાં રમતી વાત પામી ગયા હતા. તેમણે તેમને પાસે બોલાવીને કહ્યું, "ગૌતમ! તને યાદ નથી પણ એ તારા, મારા અને તેના પૂર્વભવની કથની છે. જે ભવમાં હું ત્રિપૃષ્ટ વાસુદેવ હતો તે સમયે ઉપદ્રવ કરી રહેલા સિંહને દંડ દેવા આપણે રથમાં નીકળ્યા હતા. તું રથનો સારથિ હતો. જંગલમાં સિંહ સામે મળ્યો અને આપણને જોઈ ત્રાડ નાખી. વાસુદેવ હોવાથી મારામાં અપૂર્વ બળ હતું. મેં સિંહને ગરદનમાંથી પકડ્યો અને તેનાં મોંમાં બંને હાથ નાખી તેને હાથથી જ ફાડી નાખ્યો. ચીસ પાડીને સિંહ નીચે પડ્યો. હું તો મારા પરાક્રમમાં મસ્ત બનીને આસપાસ આંટા મારતો હતો. તરફડતા સિંહને જોઈને તારા દિલમાં ખૂબ કરુણા થઈ. પાસેના જળાશયમાંથી તું પાણી લઈ આવ્યો અને તે સિંહને પાણી પિવડાવ્યું. તેના શરીર ઉપર હાથ ફેરવી તેં તેને સાન્ત્વના આપી જેનાથી સિંહના જીવને થોડી શાતા(શાંતિ-સુખ) થઈ અને તેણે દેહ છોડ્યો.

"કેટલાય ભવો પહેલાંની આ વાત છે. મેં એક ભવમાં તેને ક્રૂર રીતે

મારી નાખ્યો હતો તેથી મને જોતાં તેને મારા પ્રત્યે ભારે અણગમો થઈ ગયો અને તે નાસી ગયો. પણ તેં તે જીવ સાથે માયાળુ અને દયાપૂર્ણ વ્યવહાર રાખ્યો હતો, તેને અંતિમ સમયે સાન્ત્વન આપ્યું હતું -શાતા આપી હતી જેથી તને જોતાં જ ખેડૂતને ખૂબ શાંતિ લાગી, તને સાંભળતા ખૂબ આનંદ થઈ ગયો અને તારામાં તેને વિશ્વાસ બેઠો. તારી સાથે રહેવા મળશે તે વિચારથી તે સંસાર છોડવા તૈયાર થઈ ગયો પણ મને જોતાં જ નારાજ થઈ ગયો. તેને મારામાં વિશ્વાસ ન પડ્યો. મારા તરફ તેને દ્વેષ થયો."

કર્મની આવી વાતો આપણા જીવનમાં અજાણી નથી પણ આપણે તેની ઉપર યથાયોગ્ય ધ્યાન આપતા નથી. સૌ કોઈને અનુભવ છે કે કેટલીક વ્યક્તિઓને જોતાં આપણને અકારણ આનંદ થાય છે તો કોઈને જોતાં જ આપણને અણગમો થઈ જાય છે. કોઈ વ્યકિત સૌને ગમતી હોય, બધા તેનાં વખાણ કરતાં ધરાતા ન હોય પણ આપણને તે ન ગમે, ત્યાં તેની પ્રશંસાની તો વાત જ ક્યાં રહે? કેટલીક વ્યક્તિઓ પ્રતિ આપણે ઉદાસીનતાનો ભાવ અનુભવીએ છીએ. તેમને જોઈને આપણા દિલમાં તેમને માટે નથી ગમો થતો કે નથી અણગમો થતો. આ બધાની પાછળ ગત જન્મોના તે જીવો સાથેના આપણા સંબંધો મહત્ત્વનો ભાગ ભજવે છે.

જે જીવે આપણને કોઈ ભવમાં શાંતિ-સુખ આપ્યાં હોય તે જીવવાળી વ્યક્તિ આપણને જોતાં જ ગમી જાય છે. જે જીવે આપણને કોઈ ભવમાં પીડા આપી હોય, દુઃખ આપ્યું હોય તે જીવવાળી વ્યક્તિને આ ભવમાં જોતાં જ આપણા મનમાં એક પ્રકારની ઘૃણા, દ્વેષ થઈ આવે છે અને તેનાથી દૂર જતા રહેવાનું આપણને મન થાય છે.

અરે વ્યક્તિઓ તો શું સ્થળ માટે પણ આપણને આવા અનુભવો થાય છે. કોઈ સ્થળ આપણને જોતાં જ ગમી જાય છે. મન થાય છે તો કોઈ સ્થળ ગમે એટલું સુંદર હોય તો પણ તે જોતાં જ આપણે ઉચાટમાં પડી જઈએ છીએ. ક્યારેક તો અમુક સ્થળેથી આપણને જતા

રહેવાનું મન થાય છે. કોઈ ભવમાં એ સ્થળે આપણા જીવનના જે સારા-માઠા પ્રસંગો બન્યા હોય છે તેની આ ભવમાં પણ સૂક્ષ્મ અસર વર્તાય છે અને તે જોતાં જ આપણા મનમાં વિવિધ પ્રકારના ભાવો જાગે છે.

આ બધાંની પાછળ કર્મ રહેલું છે. જે કર્મના ગાઢ સંસ્કાર આપણા ઉપર પડ્યા હોય છે તે ભવાંતરે-બીજા ભવમાં જે-તે નિમિત્ત મળતાં ઊભરાય છે. આ ભવમાં અકારણ થતા ગમા-અણગમાનું કારણ આમ ભવાંતરના સંસ્કારમાં છે અને સંસ્કારનું કારણ તે ભવના કર્મમાં રહેલું છે.

ગૌતમ સ્વામીના દર્શનથી-સહવાસથી ખેડૂતને શાતાનો અનુભવ થયો અને મહાવીરને જોવા માત્રથી અશાતાનો (અશાંતિનો) અનુભવ થયો એની પાછળ પૂર્વભવનાં શાતા વેદનીય અને અશાતા વેદનીય કર્મ રહેલાં હતાં.

-----

# ૬. તુલાનો શનિ પણ શૂન્ય
## (કર્મનો વિપાક)

કર્ણાવતીનો પ્રખર જ્યોતિષી સવારના પ્રહરમાં દેવમંદિરથી દર્શન કરીને આવી રહ્યો હતો ત્યાં તેના આંગણામાં જ એક દુઃખી જણાતો માણસ પગમાં પડ્યો અને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. જ્યોતિષીએ માણસને સ્નેહથી ઊભો કર્યો અને રડવાનું કારણ પૂછ્યું પણ તેના ડૂસકાં અટકતાં ન હતાં. જ્યોતિષી તેને ઘરમાં લઈ ગયા અને આગ્રહ કરી જળપાન કરાવ્યુ. થોડી વારે શાંત થતાં પેલા દરિદ્રી માણસે જ્યોતિષી સામે પોતની જન્મપત્રિકા પાથરી દીધી અને કહ્યું, "મહારાજ, મારા ગ્રહો જોઈને કહો કે મારા દુઃખનો અંત આવશે ખરો? મને ક્યારે સુખ-શાંતિ મળશે?"

જોશીએ જન્મકુંડળી ઉપર નજર નાખી. ચલિતનું ચક્ર જોયું. દશાઓના આવાગમનનું નિરીક્ષણ કર્યું, ગ્રહોની દૃષ્ટિઓનો કયાસ કાઢી લીધો. જન્મકુંડળી જોતાં શરૂઆતમાં જોશીના મુખ ઉપર ઉત્સાહ વર્તાયો હતો તે ધીમે ધીમે ઓસરી ગયો. તેમની વેધક નજરે કોઈ સૂક્ષ્મ વાત પકડી લીધી. સામે બેઠેલો માણસ તો પૂર્ણ ઉત્સુકતાથી જ્યોતિષી સામે મીટ માંડીને બેઠો હતો. જોશીએ પ્રેમપૂર્વક તેને પૂછ્યું, "ભાઈ, તમે શું ધંધો કરો છો? તમારી આજીવિકાનો આધાર શું છે? તમારા જન્માક્ષર જોઈ લીધા છે. તમારો પ્રશ્ન કહો. મારી સૂઝ મુજબ હું તેનો ઉતર આપીશ."

દરમ્યાન આગુંતકે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી હતી. તેણે શાંતિથી વાત કરીઃ "મહારાજ! મેં કેટલાયને મારી જન્મપત્રિકા બતાવી. સૌ મને કહે છે કે તમારી કુડળીમાં શનિ ઉચ્ચનો છે. તુલાના શનિવાળો રાજસાહેબી ભોગવે. વર્ષોથી હું એ શનિ સામે મીટ માંડીને બેઠો છું. રાજ્ય તો શું,

પણ સામાન્ય સુખનાંય મારા જીવનમાં ઠેકાણાં નથી. જ્યોતિષ વિદ્યા ખોટી છે કે મારી કુંડળી ખોટી છે? આપના ચુકાદા ઉપર મારા જીવનનો આધાર છે. આમ, ઝાંઝવાનાં જળથી તૃષા કેવી રીતે છીપે?''

જ્યોતિષીએ મર્માળુ સ્મિત કરતાં પૂછ્યું, ''હાલ તમે શું ઉદ્યમ કરો છો ? તમારી આજીવિકા કેવી રીતે ચાલે છે?''

''સવારથી ફેરી કરવા નીકળું છું. કયાંક કંઈ હટાણું કરીને આખા ગામમાં ફરીને નાનીમોટી વસ્તુઓ વેચતો ફરું છે. બપોરે તો બે લોટા પાણી પીને પેટની આગ બુઝાવું છું. દિવસે જે મળ્યું હોય તેમાંથી દાણો-પાણી લઈ ઘરે જાઉં ત્યારે મારી પત્ની રોટલા ઘડીને બેઠી હોય છે. સાથે દાળ કે શાક જેનો જોગ હોય તે તેણે બનાવ્યું હોય. સાંજે પેટનો ખાડો પૂરીને નિસાસા નાખતાં પેલા તુલાના શનિનો વિચાર કરતાં રાત ગુજારું છું.''

''હવે તમારો મુખ્ય પ્રશ્ન છે તે કહો. તમારે શું જાણવાની ઈચ્છા છે?'' જોશીએ કહ્યું.

''ગરીબી તો છે પણ મોટી મૂંઝવણ મને એ થાય છે કે બધા જોશીઓ કહે છે કે મારા નસીબમાં રાજસુખ છે પણ આજ સુધી મને તેનો ઓછાયો પણ જોવા મળતો નથી. તુલાનો શનિ મારા ઉપર કેમ રીઝતો નથી? બસ, તમે ફેંસલો કરી આપો પછી કુંડળીની પૂજા કરું કે તેને બાળી નાખી રાખ કરી દઉં.''

જ્યોતિષીએ ધીરજ આપતાં કહ્યું, ''બંનેમાંથી કંઇ પણ કરશો નહિ. વિવેકબુદ્ધિ રાખી પુરુષાર્થ કરતા રહેશો તો રોટલામાંથી તો નહિ જાવ, પણ કાળક્રમે દાળ-ભાત-રોટલી અને શાક સહિતની થાળી મળશે. બાકી સુખ-સાહેબીની વાત મને બેસતી નથી.''

''પણ સાહેબ, મારી કુંડળીમાં તો તુલાનો શનિ છે. ઉચ્ચનો શનિ ફક્ત રોટલી આપીને બેસી રહેશે? તુલાના શનિવાળા તો ન્યાલ થઈ જાય છે.''

જોશીએ ગંભીર થતાં થોડાક દુ:ખ સાથે કહ્યું, ''તમને તુલાનો શનિ

નહિ ફળે. તમારી કુંડળીમાં તેનો શૂન્ય યોગ થઈ ગયો છે. ઉચ્ચનો શનિ મૃતપ્રાય થઈને તમારી કુંડળીમાં પડ્યો છે. ઉચ્ચ સ્થાનમાં બેઠો છે; પણ છે બળ વિનાનો, તેથી તેનું કંઈ નીપજતું નથી."

"કારણ... ?" રડું રડું થતાં માણસે પૂછયું.

"કારણકે આ યોગ વિશિષ્ટ છે. લખ્યા લેખ ભોગવવાના છે-પણ તે વાંચતાં આવડે તે કહી શકે."

"પણ જોશીજી, આવા વિશિષ્ટ યોગનું કંઈ કારણ હશે કે નહિ?"

"ખરુંને, ગત જન્મનાં કર્મ, જેને કારણે આવો વિશિષ્ટ યોગ પડે છે." જોશીએ સમજાવતાં કહ્યું.

"મેં એવાં તો શું કર્મ કર્યાં હશે કે મારે આવો શૂન્ય યોગ પડ્યો?" માણસે અધીરા થઈને પૂછયું.

જ્યોતિષી કર્મશાસ્ત્રના પણ અભ્યાસી હતા, તેમણે એક શ્લોક ટાંકતાં કહ્યું કે "ગત જન્મમાં તમે તમારી કન્યાનો વિક્રય કર્યો છે. પૈસા લઈને તમે કોમળ કોડભરી કન્યાને કોઈ વૃદ્ધ અને બીમાર માણસ સાથે પરણાવી હતી. રોજ રાત્રે ખાંસી ખાતા, દમના વ્યાધિથી પીડાતા એ વૃદ્ધ વરને જોઈને કન્યા બેસી રહેતી. કુટુંબના સંસ્કાર અને તત્કાલીન સમાજવ્યવસ્થાથી તે અસહાય હતી. તેના જીવનની દરેક રાત તેણે નિસાસા નાખી નાખી વિતાવી છે. તેના નિસાસે નિસાસે તમે કર્મ બાંધ્યું છે જેને પરિણામે તમારી આ ભવની કુંડળીમાં શનિનો શૂન્યયોગ થઈ ગયો છે."

"તો હવે શું થાય? આ કર્મ કેમ છૂટે?" માણસે ખૂબ દર્દ સાથે પૂછ્યું.

"હવે તો આ કર્મ ઉદયમાં આવી ગયું છે. તેનો વિપાક તમારે ભોગવવો જ રહ્યો. નિસાસે નિસાસે આ કર્મ તૂટશે. જે દિવસે ફેરી નહિ ફરો તે દિવસે ભૂખ્યા સૂવાનો પણ વારો આવે."

"તો પછી શનિ...?"

"હવે શનિની વાત ભૂલી જાવ. જીવનમાં સુખ-સોહેબીનાં ખાલી

સ્વપ્નો સેવવાને બદલે, મળ્યામાં સંતોષ માનીને ધર્મ તરફ વળી જાવ અને પુરુષાર્થ કરતા રહો. આ ભવ તો બગડ્યો પણ આવતો ભવ તો સુધારી લો.'' જોશીએ તત્ત્વની વાત કરી .

આવાં છે કર્મનાં રહસ્યો. જ્યોતિષ વિદ્યા સાચી પણ તે તો કર્મના પડછાયા જેવી. પૂર્વ જન્મોનાં કર્મ પ્રમાણે જન્મની કુંડળી પડે. ગ્રહો જાતે કોઈનું સારું ખોટું કરતા નથી. તે તો ગતજન્મોનાં કર્મનાં આ જન્મે કેવાં ફળ મળશે એ જ બતાવે છે. કર્મસત્તાને કોઈ થાપ આપી શકતું નથી. કન્યાના નિસાસે નિસાસે જે કર્મ બાંધ્યું તે નિસાસે નિસાસે જ ભોગવવું રહ્યું. એ કોણ મિથ્યા કરે?

સંત તુલસીદાસે કહ્યું છેઃ તુલસી હાય ગરીબકી કભી ન ખાલી જાય, મુએ ઢોરકે ચામસે લોહા ભસ્મ હો જાય. તુલસીદાસના દુહાનો અર્થ ખૂબ સૂચક છે. લોખંડની છરીથી કસાઈએ ઢોરને મારી નાંખ્યું. મરેલા ઢોરના ચામડામાંથી લુહારની કોઢમાં ધમણ બની. કોઢમાં લોઢાને ઓગાળવા માટે લુહાર ધમણ ફૂંકતો જાય અને તેના પવનથી અગ્નિ તેજ થઈને લોઢાને ઓગાળી નાખે. તુલસીદાસને ધમણના ફૂંકાતા અવાજમાં પેલા મરેલા ઢોરના નિસાસા સંભળાય છે. એ નિસાસાના પવનથી અગ્નિ તેજથી જલી ઊઠે છે. અને જે લોઢાની છરીએ ઢોરને મારેલું તે જ લોઢાને એ નિસાસા ઓગાળી નાખે છે - લોખંડને ભસ્મ કરી નાખે છે.

વિપાકમાં આવેલા કર્મના ભોગવટામાંથી નાસભાગ કરવાનો કંઈ અર્થ નથી. એમાંથી બચી ન શકાય. જે કર્મનો વિપાક થઈ ચૂક્યો છે તે તો વેઠવું જ પડે. પણ ધર્મ આપણા હાથની વાત છે. **અર્થપ્રાપ્તિ માટે પ્રારબ્ધ જોઈએ. પણ ધર્મ કરવામાં પુરુષાર્થ જોઈએ** એ વાત ઘણા ભૂલી જાય છે. જે બગડી ચૂક્યું છે તેને સુધારવાનું આપણા હાથમાં નથી. પણ હવે બીજું તો ન બગડે તે વાત તો આપણા હાથની છે - આપણા ઉદ્યમની છે.

-----

# ૭. આસક્તિ ત્યાં ઉત્પત્તિ
## (આયુષ્ય કર્મ)

ભગવાન મહાવીરના સમયની વાત છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ભગવાન જીવોનો ઉદ્ધાર માટે જુદા જુદા પ્રદેશોમાં વિહાર કરી રહ્યા છે. સામાન્ય રીતે તેઓ જ્યાં જાય ત્યાં ગામની બહાર આવેલા ઉદ્યાનમાં થોડોક સમય સ્થિર વાસ કરે અને લોકોને ઉપદેશ આપી ધર્મમાં જોડે. આસપાસના બધા પ્રદેશોમાં અહિંસાનો જયઘોષ થઈ રહ્યો હતો. લોક તેમની મધુર વાણી સાંભળી મુગ્ધ થઈ જતા હતા અને દિવસે દિવસે ચતુર્વિધ સંઘ વૃદ્ધિ પામતો હતો. સામાન્ય ગ્રામજનોથી માંડીને પ્રખર જ્ઞાનીઓ, શ્રેષ્ઠીઓ અને રાજા-મહારાજાઓ પણ જૈન ધર્મ અંગીકાર કરવા લાગ્યા હતા. વિહાર કરતા કરતા મહાવીર રાજગૃહી નગરી પાસે આવી પહોંચ્યા અને બહાર આવેલા ઉદ્યાનમાં તેમણે રોકાણ કર્યું.

એ પ્રદેશનો રાજવી શ્રેણિક તો ક્યારનોય ભગવાનનો ઉપાસક બની ગયો હતો અને મહાવીરના આગમનથી તેનું રોમેરોમ આનંદથી ઊભરાઈ રહ્યું હતું. સવારે તેમની દેશના સાંભળવા માણસોનો પ્રવાહ ઉદ્યાન તરફ વહી રહ્યો હતો. મહારાજ શ્રેણિક પણ પોતાના તેજસ્વી અશ્વ ઉપર બેસીને આ ધર્મસભામાં આવી પહોંચ્યા અને ભગવાનના ચરણ પાસે બેસી એકચિત્તે ભગવાનની વાણીનું શ્રવણ કરવા લાગ્યા.

ભગવાનની વાણીની એક વિશિષ્ટતા હતી કે તેઓ ધર્મનાં ગહન રહસ્યો સરળ રીતે રજૂ કરતા હતા. સૌને જાણે એમ જ લાગે કે ભગવાન તેને જ અનુલક્ષીને વાત કરી રહ્યા છે. આખું ઉદ્યાન શ્રોતાઓથી ખીચોખીચ ભરાયેલું હતું. અને લોક ભારે તૃષાથી તેમના એકેક શબ્દનું પાન કરતા હતા ત્યાં ભગવાનના મુખમાંથી શબ્દો સર્યા :

**''પરિચય ત્યાં પ્રીતિઃ પ્રીતિ ત્યાં આસક્તિ અને આસક્તિ ત્યાં**

ઉત્પત્તિ.'' પ્રીતિ પણ રાગનો જ પ્રકાર છે માટે દેવાનુપ્રિયો રાગને ઓળખો. રાગથી બચો.

મહારાજ શ્રેણિકે ઊભા થઈ, નતમસ્તકે વિનીતભાવે પૂછ્યું: ''ભંતે! આ વાત નથી સમજાતી. પ્રીતિ તો સંસારની ધરી જેવી છે. પ્રીતિ વિના વ્યવહાર કેવી રીતે નભે? વળી પ્રીતિ નિર્મળ હોય તો તે સંસારનું કારણ કેવી રીતે બને?''

મધુર સ્મિત કરતાં મહાવીર બોલ્યા : ''શ્રેણિક, આજે અત્યારે અહીં મારું પ્રવચન સાંભળવા માટે તું આવતો હતો ત્યારે તારાથી એક જીવનો ઘાત થયો છે. તેની તને ખબર છે?''

શ્રેણિક મહારાજા પોતાનાથી હિંસા થઈ છે તે વાત જાણી કંપી ઊઠ્યા. તેમનું મોં ખિન્ન થઈ ગયું. તેમણે અપરાધ ભાવે કહ્યું, ''ભંતે! હું આ હિંસાથી અજાણ છું. મારાથી જો કોઈ જીવનો પ્રમાદવશ પણ ઘાત થયો હોય તો હું પ્રાયશ્ચિત્ત માગું છું.''

''શ્રેણિક, અહીં આવવાની ઉતાવળમાં તારો અશ્વ તેજ ગતિએ આવતો હતો ત્યારે એક દેડકો પણ ઉત્સાહથી કૂદતો કૂદતો વાવની બહાર આવી આ સભામાં આવવા નીકળ્યો હતો. ઘોડાની તેજ ગતિ અને તારા બેધ્યાનપણામાં એ દેડકો તારા ઘોડાના પગ નીચે આવી ગયો અને મૃત્યુ પામ્યો. હજુ એ દેડકાનું મૃતશરીર એ વાવની પાસે જ પડેલું છે.'' આ વાત સાંભળી શ્રેણિકના મુખમાંથી અરેરાટી નીકળી ગઈ. ભગવાનની વાણી તો અસ્ખલિત વહી રહી હતી.

''શ્રેણિક તંને નવાઈ લાગશે પણ એ દેડકાનો જીવ અત્યારે આ સભામાં ઉપસ્થિત છે. તે અહીં આવી પહોંચ્યો છે અને પૂર્ણ રસથી આ વ્યાખ્યાન શ્રવણ કરી રહ્યો છે.''

શ્રેણિક રાજા વિસ્મયથી ચારે બાજુ જોવા લાગ્યા. ત્યાં ભગવાનની મુખ ઉપર જાણે સહેજ સ્મિત ફરક્યું, ''શ્રેણિક! મારી આ બાજુ ચિર યૌવનને ધારણ કરેલા સુકુમાર જેવા દેવો બેઠા છે તેમાં એ દેડકાનો જીવ અત્યારે દેવના દેહમાં શોભી રહ્યો છે.''

આખી સભા સ્તબ્ધ થઈને સાંભળી રહી, "આ દેડકો ગયા ભવમાં આ જ પ્રદેશમાં મનુષ્યના ભવમાં એક પ્રતિષ્ઠિત મણિયાર હતો. ધર્મના વિવિધ અનુષ્ઠાનો તે ભાવપૂર્વક કરતો હતો. એક દિવસ તેણે નિર્જળા - પાણી પીધા વિના ઉપવાસ કર્યો હતો. તે રાત્રીએ તેને ખૂબ તરસ લાગી, કંઠે શોષ પડતો હતો છતાંય તેણે રાત્રીમાં પાણી ન જ પીધું. પણ રાત્રી દરમિયાન તેના મનમાં પાણીના જ વિચારો આવ્યા કર્યા અને તેણે મનોમન એક સુંદર વાવ બંધાવવાનો વિચાર કર્યો. દિવસ ઊગતાં યથાવિધિ તેણે જળપાન કર્યું. તેણે ઉપવાસ છોડ્યો પણ તેના મનમાંથી વાવના વિચાર ન છૂટ્યા. થોડાક દિવસ પછી તેણે વાવનું આયોજન કરી, વાવ બંધાવવાનું શરૂ કર્યું. પોતે ખૂબ રસથી આ કામ કરાવતો હતો અને જાતે દેખરેખ રાખતો હતો. તેથી વાવ પણ સુંદર બંધાઈ ગઈ. કેટલાય લોકો તેમજ પશુ-પંખી એ વાવના પાણીથી પોતાની તૃષા છીપાવતા હતાં. વાવનાં ખૂબ વખાણ થતાં હતાં અને સાથે સાથે એ વાવ બંધાવનાર નંદ મણિયારની પણ ખૂબ પ્રશંસા થતી હતી. મણિયારની પાણી તરફની પ્રીતિ, વાવ માટેની આસક્તિમાં પરિણમી. પરિણામે નંદ મણિયાર મરીને એણે જ બંધાયેલી વાવમાં દેડકા તરીકે ઉત્પન્ન થયો."

"આજે વાવમાં પાણી ભરવા આવેલી પનિહારીઓ અહીંના મારા આગમનની અને વ્યાખ્યાનની વાતો કરતી હતી. તે સાંભળીને દેડકાને પૂર્વ ભવનું જ્ઞાન થયું. તેને થયું: અરેરે... મેં અમૂલ્ય મનુષ્યભવ વાવની આસક્તિમાં ગુમાવી દીધો. એ દેડકાને હવે મારું ધર્મપ્રવચન સાંભળવાની તીવ્ર ઈચ્છા થતાં છલાંગ મારીને વાવની બહાર આવ્યો. ઉત્સાહમાં આવીને કૂદતો કૂદતો તે માર્ગ ઉપર દોડવા લાગ્યો ત્યાં તારા ઘોડાની હડફટમાં આવી ગયો. તે સમય તેના મનમાં ધર્મ સાંભળવાનો- દેશનામાં - વ્યાખ્યાનમાં - આવવાનો તીવ્ર ભાવ હતો. તેથી તે ઉચ્ચ દેવગતિ પામ્યો. પળમાં તે દેવલોકમાં ઉત્પન્ન થયો અને દેવભવને પ્રત્યક્ષ અવધિજ્ઞાનથી તેણે આ સભા જોઈ અને તુરત જ અહીં આવીને અત્યારે

તે સભામાં ઉપસ્થિત થઈ ગયો છે. હજુ તો તેના પૂર્વભવ દેડકાનું શબ વાવની પાસે માર્ગ ઉપર પડ્યું છે.''

નંદ મણિયારના બંને ભવોની કથા કર્મવાદના ગૂઢ રહસ્યને સ્પર્શે છે. જીવ જ્યાં પ્રીતિ કરે છે ત્યાં સ્વાભાવિક રીતે તેને આસક્તિ બંધાય છે. અને જો તે સમયે તેના આયુષ્યનો બંધ પડી જાય તો ત્યાં જ તેની ઉત્પત્તિ થાય છે. આયુષ્ય કર્મનો બંધ જીવનમાં એક જ વાર પડે છે; બાકી બીજાં બધાં સાતેય પ્રકારના કર્મોના બંધ જીવનભર સતત પડતા રહે છે. પ્રીતિ-ગાઢ પ્રીતિ આસક્તિનું કારણ છે અને આસક્તિ ઉત્પત્તિનું કારણ છે. કર્મના મર્મને જાણનાર જીવો આસક્તિથી સજાગ બની જાય છે - સાવધ થઈ જાય છે. પાણી કે વાવમાં કંઈ ખોટું ન હતું. પાણીનો સૌ જીવોને ખપ છે અને વાવ તેના માટેનું સરસ સાધન હતું. પણ વાંધો હતો આસક્તિનો. દેડકાને ધર્મશ્રવણનો ભાવ થયો તે પણ એક પ્રકારે આસક્તિ તો કહેવાય. તેને પણ રાગ કહી શકાય; પણ તેને પ્રશસ્ત-પ્રશંસાને પાત્ર ગણવામાં આવે છે કારણ કે છેવટે તે જીવને આગળ લઈ જાય છે. આમ તો રાગ માત્ર છોડવાનો છે પણ પ્રશસ્ત રાગને સાધન તરીકે સ્વીકાર્ય ગણ્યો છે. સાધન કદીય સાધ્ય ન બની જાય તેની જીવે અહર્નિશ જાગૃતિ રાખવાની છે.

જેમ તીવ્ર રાગ તેમ તીવ્ર દ્વેષ પણ ઉત્પત્તિનું કારણ બને છે. જીવ વેરની વસૂલાત કરવા પણ અમુક સંબંધે જન્મે. નિકટના સંબંધોમાં જ વધારે સુખ કે દુઃખ આપવાની શક્તિ રહેલી હોય છે.

-----

# ૮. પાપનું પુણ્યમાં પરિવર્તન
## (કર્મનું સંક્રમણ)

ફૂલની વાડીનો માલિક એક માળી હતો. રોજ વહેલી સવારે ગામની બહાર આવેલી પોતાની વાડીએ આવે. વાડીમાં તેણે ભાતભાતનાં સુગંધી-રંગબેરંગી પુષ્પો ઉગાડેલાં. જે ફૂલો સવારે ખીલી ઊઠ્યાં હોય તે બધાં તે સાચવીને ચૂંટીને ફૂલોથી છાબો ભરીને ઘરે લાવે. પછી ઘરનું દરેક જણ એકેક છાબ લઈને શહેરમાં આવેલાં દેવ-મંદિરોએ પહોંચી જાય અને પગથિયાં પાસે ઊભા રહીને ફૂલ વેચે. મંદિરમાં દેવ-સેવા માટે આવનાર ભાવિક ભક્તો ભગવાનની પૂજા માટે આ પુષ્પો ખરીદીને અંદર જઈ ભગવાનને ફૂલ ચઢાવે. કેટલાક એ ફૂલોથી ભગવાનની સુંદર અંગરચના કરે. ફૂલપૂજાથી શોભતી ભગવાનની મૂર્તિનાં દર્શન કરતાં કેટલાય માણસોના હૈયામાં આનંદની હેલી ઊઠે. આખા શહેરમાં આ માળીની વાડીનાં ફૂલ વખાણાય અને શહેરના કેટલાંય મંદિરો-દેરીઓ ઇત્યાદિ ધર્મસ્થળોમાં એ ફૂલ વપરાય. પણ આ માળી પોતે એક ફૂલ પણ ભગવાનને ન ચડાવે. પોતે તો ભગવાનની પૂજા માટે એક પણ ફૂલ મફત ન આપે પણ ઘરમાંથીય કોઈને એમ ફૂલ આપવા ન દે.

ઉનાળાના દિવસો હતા. તાપ વધારે પડતો હતો. વાડીમાં ફૂલ ઓછાં ઊતરતાં હતાં. એમાં એક દિવસ તેને મોડું થયું. યોગાનુયોગ તે દિવસે મંદિરમાં કોઈએ ફૂલપૂજાનો મનોરથ કરેલો અને સમય થઈ ગયો હતો. તેથી તે ઉતાવળે ઉતાવળે ફૂલની છાબ લઈને જતો હતો. ત્યાં અડફટમાં કંઈક આવ્યું. જેથી તેણે સમતુલા ગુમાવી. તેનો પગ સહેજ લથડ્યો અને ફૂલની છાબ વાંકી વળી ગઈ અને કેટલાંક ફૂલો નીચે કાદવમાં પડી ગયા. નીચે પડેલાં પુષ્પો આમેય દેવસેવા માટે લેવાય નહીં અને આ તો વળી કાદવમાં ખરડાયેલાં હતાં. માળીનો

જીવ તો ઘણો બળી ગયો પણ હવે શું થાય?

છેવટે તેને વિચાર આવ્યો : આટલા બધા લોકો ભગવાનની ફૂલોથી પૂજા કરે છે તો લાવને હું પણ આજે ભગવાનને ફૂલો અર્પણ કરું. આમ જે ફૂલો નીચે પડી ગયાં છે તે પણ કામમાં આવી જશે. વળી મંદિરની બહાર તે બેસી રહેતો હતો તેથી કથા-વાર્તાના ચાર શબ્દો પણ તેને કાને પડેલા કે ભગવાનની પૂજામાં ભાવ જ બહુ મહત્ત્વનો છે. તે પૂર્ણ ભાવથી બોલવા લાગ્યોઃ આ ફૂલો હું ભગવાનને અર્પણ કરું છું. 'કૃષ્ણાર્પણ'. આમ બોલીને તે આગળ વધ્યો અને મંદિરમાં પહોંચી બાકીનાં બધાં પુષ્પો વેચી દીધાં. ફૂલો વેચીને તે ઘરે પાછો આવ્યો પણ પેલાં પડી ગયેલાં પુષ્પો તેના મનમાંથી ખસે નહીં તેથી વારે વારે 'કૃષ્ણાર્પણ-કૃષ્ણાર્પણ' એમ બોલતો જાય અને મનોમન ભાવ કરે કે હે ભગવાન આ ફૂલ મેં તમને અર્પણ કર્યાં.

કાળે કરીને માળી મૃત્યુ પામ્યો અને યમદૂતોએ તેને ધર્મરાજાના દરબારમાં ખડો કર્યો. ચિત્રગુપ્તે ચોપડો કાઢી તેના પાપ-પુણ્યનો હિસાબ જોયો તો ત્યાં પાપથી જ પાનાં ભરાયેલાં. ક્યાંય પુણ્યનું નામનિશાન મળે નહીં. છેવટે છેક છેલ્લે પાને થોડુંક પુણ્ય જમા થયેલું દેખાયું. તે દિવસે જમીન ઉપર પડી ગયેલાં ફૂલો તેણે કૃષ્ણાર્પણ કરેલાં એટલું જ પુણ્ય. પણ વારંવાર ભાવથી 'કૃષ્ણાર્પણ-કૃષ્ણાર્પણ' એમ બોલેલો તેથી પુણ્યનો ગુણાકાર થઈ ગયો હતો.

ધર્મરાજાએ નિર્ણય જણાવ્યો - 'માળીને પૂછી લો કે તેણે પહેલાં પુણ્ય ભોગવવું છે કે પહેલાં પાપ ભોગવી લેવું છે?'

માળીને વિચાર આવ્યો કે પાપ તો ઘણું છે. કોણ જાણે ક્યારેય પૂરું થાય? એક વાર પુણ્ય ભોગવી લઉં તો પછી પાપ ભોગવતી વખતે બીજો કંઈ વિચાર ન આવે. - નિરાંતે પાપ ભોગવાય. માળીએ પ્રથમ પુણ્ય ભોગવવાનું પસંદ કર્યું. ધર્મરાજાએ માળીના પુણ્યનું ફળ દર્શાવ્યુંઃ 'આ માળીને દેવલોકના સુંદર ઉદ્યાનમાં - બગીચામાં લઈ જાઓ. બે ઘડી તે દેવલોકના બગીચાનું સુખ ભોગવે. પછી પાપ ભોગવવા તેને

દરિદ્રલોકમાં મોકલી આપો.'

દેવના દૂતો માળીને સ્વર્ગના ઉદ્યાનમાં લઈ આવ્યા. મૂળેય માળી અને વળી દેવોનો બગીચો. રંગબેરંગી પુષ્પો અને તેની દિવ્ય સુગંધથી માળી તો જાણે ગાંડાતુર થઈ ગયો. વળી બગીચામાં વહેતાં નાનાં ઝરણાંઓ અને ભાતભાતના ફુવારાઓમાંથી જળનો જે છંટકાવ થાય તેનાથી માળીનું તપ્ત અંગ શીતળતા અનુભવવા લાગ્યું. શીતળતા, સુગંધ, રમણીયતા આ બધાંથી માળીનું મન શાંત થઈ ગયું. ત્યાં તેના મનમાં વિચાર ઝબક્યોઃ જો ભોંય ઉપર પડેલાં ચાર-છ ફૂલો કૃષ્ણાર્પણ કર્યાનું આટલું બધું સુખ મળે તો આ આખાય બગીચાનાં ફૂલો કૃષ્ણાર્પણ કર્યાં હોય તો તો કેટલુંય સુખ મળે!

બસ પછી તો માળીએ છોડો ઉપરથી, લતાઓ ઉપરથી બાચકે બાચકે ફૂલ તોડવા માંડ્યાં અને '**કૃષ્ણાર્પણ-કૃષ્ણાર્પણ**' એમ બોલી નીચે ફેંકવા માંડ્યાં. થોડીક વારમાં તો માળી આખા બગીચામાં ફરી વળ્યો અને ફૂલોના ઢગલેઢગલા પૂર્ણભાવથી કૃષ્ણાર્પણ કરી દીધા. સ્વર્ગનું ઉદ્યાન બે ઘડીમાં તો જાણે ઉજ્જડ થઈ ગયું અને બગીચામાં ચોગરદમ ફૂલોના ઢગલેઢગલા થઈ ગયા. દેવદૂતો આવ્યા ત્યારે ઉદ્યાનની દશા જોઈ અચંબામાં પડી ગયા અને તેને ધર્મરાજા પાસે પુનઃ રજૂ કરતાં કહ્યુંઃ 'આ માણસે સ્વર્ગનો બગીચો ઉજ્જડ કરી નાખ્યાનું મહાપાપ કર્યું છે. જેની સજા પણ લખી આપો.'

ધર્મરાજાએ પાછો ચોપડો ઉઘાડ્યો તો તેમાંથી પાપનાં પાનાં લગભગ ભૂંસાઈ ગયેલાં અને પુણ્યનાં પાનેપાનાં ભરાઈ ગયાં હતાં. ધર્મરાજાએ હિસાબ માંડી ચુકાદો આપ્યોઃ 'હવે આ માળીને દરિદ્રી લોકમાં નહીં મોકલાય. તેને સારે ઠેકાણે પૃથ્વી ઉપર મોકલી આપો જ્યાં તેને ઈશ્વરસેવાની તક મળે. હવે તે એક તકનો અધિકારી બન્યો છે.'

વાસ્તવિકતામાં દેવલોકમાં કોઈ ચિત્રગુપ્ત બેસતો નથી. અને આમ ન્યાય થતો નથી; પણ આ પૌરાણિક કથામાં કર્મવાદનું એક મહાન રહસ્ય છુપાયેલું છે. સામાન્ય રીતે કોઈ પણ જીવ-મનુષ્ય એકલું જ

પાપ જ નથી કરતો કે કેવળ પુણ્ય જ નથી કરતો. પુણ્ય અને પાપ સાથે ચાલે છે. બંને એકબીજાને ધક્કો મારી પોતાની જગ્યા કરી લે છે. જે પ્રબળ હોય તે આગળ આવી જાય; જે નબળું પડે તે પાછળ રહી જાય અને તેની અસર ખાસ ન વર્તાય.

વળી આ કથા એ તરફ નિર્દેશન કરે છે કે જ્યારે અનુકૂળ સમય હોય - સંજોગો હોય ત્યારે પુણ્ય કરી લેવા જેવું છે. પુણ્યનું ભાથું ભરી લીધેલું હશે તો ભવાટવીમાં ગમે ત્યારે કામ આવી શકશે. જ્યાં સુધી મોક્ષમાર્ગ સીધો ન મળે ત્યાં સુધી પુણ્યકર્મનો સહારો આવશ્યક છે. પુણ્યે પાપ ઠેલાય તે લોકોક્તિમાં ઘણું તથ્ય છે.

-----

# ૯. સંપન્ન દરિદ્રી
## (ભોગાંતરાય)

મગધનો રાજવી તેના મહેલના ઝરૂખામાં ઊભો ઊભો વર્ષાના ભયંકર તાંડવને નિહાળી રહ્યો છે. દુશ્મનના દળ જેવા કાળાં ડીબાંગ વાદળાંઓનો ક્યાંય છેડો દેખાતો નથી અને બારેય મેઘ વિના રોક-ટોક અનરાધાર વરસી રહ્યા છે. આકાશને ચીરી નાખતી વીજળીના કડાકાથી જાગી ઊઠેલી રાણીએ જોયું કે પતિ પલંગમાં નથી. એટલે તે પણ ઝરૂખામાં આવીને ચિંતિત પતિને ખભે માથું નાખી ઊભી રહીને પ્રકૃતિના આ મિજાજને જોઈ રહી છે. ત્યાં વીજળીનો એક મોટો લિસોટો થયો અને તેણે પાથરેલાં અજવાળામાં રાજા-રાણીએ સામે ઊછળતી શોણ નદીના પાણીમાં એક માણસને કંઈક શોધતો જોયો. ગાંડીતૂર બનેલી નદીના વહેણમાં તણાઈ આવેલાં લાકડાંને, આ માણસ નદીમાં ઊતરીને બહાર લઈ આવી કિનારા ઉપર ભેગાં કરતો હતો. આ માણસની હાલત જોઈ રાણીથી બોલ્યા વિના નં રહેવાયું.

'રાજન્! તમે તો કેવા રાજવી! આવી ભયંકર મેઘલી રાતે તમારો એક પ્રજાજન નદીમાં પડીને લાકડાં એકઠાં કરે છે. તેને કેવું દુઃખ હશે? કેટલો દરિદ્રી હશે?'

રાજાએ નીચે ફરતા ચોકીદારને હાક મારી બોલાવી એ માણસને લઈ આવવા સૂચના આપી. કેડે નાની પોતડી વીંટિલો પાણીથી ભીંજાયેલો એ માણસ સામે હાથ જોડીને ઊભો રહ્યો. રાજાએ પૂછપરછ કરતાં તેણે જણાવ્યું, 'મારી પાસે બે બળદ છે. એમાં એક બળદ તો બરોબરનો છે. પણ બીજો બળદ બરાબર નથી. તેથી બળદની જોડ જામતી નથી. મારી એ ખંડિત જોડી પૂર્ણ કરવા - સરખી કરવા માટે આ કાળી રાતે મજૂરી કરવી પડે છે. હમણાં લાકડાં મોંઘા છે અને પૂરમાં ઘણાંય તણાય છે.

જો તે ભેગાં કરી લઉં તો થોડો ખર્ચ બચે અને બળદની જોડી બરોબરની કરવાની મારી ઈચ્છા પાર પડે.'

રાજાએ કહ્યું, 'વૃદ્ધ, તમે ફિકર ન કરો. કાલે તમે રાજ્યની પશુશાળામાં આવીને જોઈએ તેવો વૃષભ લઈ જજો. પણ હવે આવી ભયંકર અઘોર રાત્રીએ નદીમાં લાકડાં ભેગાં કરવા ન પડશો.'

બીજે દિવસે એ દરિદ્ર દેખાતો માણસ આવીને ઊભો રહ્યો. રાજસેવક તેને રાજ્યની પશુશાળામાં લઈ ગયા અને એકેકથી ચડે તેવા બળદો બતાવ્યા પણ પેલા માણસે એકેય બળદ પસંદ ન કર્યો. સેવકોએ પાછા આવી રાજાને કહ્યું, 'મહારાજ! આ માણસને તો પશુશાળામાંનો એકેય બળદ પસંદ પડતો નથી.'

રાજવીએ વૃદ્ધપુરુષ સામે જોયું તો તેણે પોતાની મુશ્કેલી જણાવતાં કહ્યું, 'મહારાજ! મારા ઘરે જે બળદો છે તે સુવર્ણમય અને રત્નજડિત છે. એક બળદ તો મેં પૂરો સજાવ્યો છે. બીજો પણ આમ તો પૂરો થવા આવ્યો છે પણ તેનાં શિંગડાં માટે થોડાં રત્નો ખૂટે છે.'

રાજા-રાણીએ આ માણસનો બળદ જોવાનું નક્કી કર્યું. તેઓ ગરીબ લાગતા આ માણસની હવેલીએ આવ્યા. હવેલી વિશાળ હતી. પેલો માણસ રાજા-રાણીને ઉપરને માળે લઈ ગયો. ત્યાં તેણે બે બળદ ઊભા કરેલા હતા. તેણે બળદો ઉપરનું આચ્છાદિત કપડું દૂર કર્યું ત્યાં તો આખા ખંડમાં ઝગમગાટ થઈ ગયો. સુવર્ણથી મઢેલા બળદો તેજના પુંજ સરખા હતા. વળી આ બળદો ઉપર વિચિત્ર પ્રકારનાં રત્નો જડેલાં હતાં. એક બળદના શિંગડાં ઉપર કેટલાંક રત્નો જડેલાં હતાં. પણ થોડાં બાકી હતાં. એ બળદને બતાવતાં પેલા માણસે કહ્યું, 'મહારાજ! આ શિંગડાં પૂર્ણ કરવાની મારી અભિલાષા છે. તેના માટે મારે થોડાં રત્નોની જરૂર છે.'

રાજાએ ઝવેરીઓને બોલાવી એ રત્નોની પરીક્ષા કરાવી તો તેમણે બળદની કિંમત કરોડો સોનૈયાની કરી. રત્નો પણ અમૂલ્ય છે તેમ જણાવ્યું. રાજા ઊંડા વિચારમાં ગરક થઈ ગયો છે ત્યાં પેલા માણસે

રાજાને પગે પડતાં કહ્યું, 'મહારાજ! જો રાજભંડારમાંથી ખૂટતાં રત્નો મળી જાય તો પછી મારે કંઈ મહેનત કરવાની જરૂર ન રહે. બસ, પછી બધો વ્યવસાય બંધ કરીને શાંતિથી રહું.'

રાજાએ કહ્યું, 'તમારા બળદોની જોડી પૂર્ણ કરવા મારા રાજભંડારમાં રત્નો નથી. તમારી ધન-દોલત જોઈ મને ખુશી થાય છે. પણ કાળી રાતે પૂરે ચઢેલી નદીમાં લાકડાં ભેગા કરતા એવા તમારો વિચાર કરતાં મારું મન મૂંઝવણમાં પડી જાય છે.'

ત્યાં તો આ કંજૂસ માણસના ચાકરો રાજા-રાણી માટે કંઈ હળવો પેય પદાર્થ લઈને આવ્યા. રાજવી પાસે તેમણે એ કટોરા મૂક્યા અને બીજા એક વાસણમાં તેમના શેઠ માટે બાફેલા ચોળા અને થોડુંક તેલ મૂક્યું. રાજાને આ વિચિત્ર વ્યવહાર જોતાં નવાઈ લાગી. ત્યાં તેણે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'રાજન્! મારી પાચનશક્તિ વિચિત્ર છે. બાફેલા ચોળા અને તેલ સિવાય હું બીજું કંઈ લઈ શકતો નથી. મારા જીવનમાં એવી બીજી પણ વિષમતાઓ છે. કોઈ કીમતી વસ્તુનો ઉપભોગ કરું છું તો હું અસ્વસ્થ થઈ જાઉં છું. જો કઠિન શારીરિક શ્રમ ન કરું તો મને નિદ્રા નથી આવતી. પણ જ્યાં હાથ નાખું ત્યાંથી મને લક્ષ્મી મળે છે. ધન-સંપત્તિ જોઈને મને અપૂર્વ આનંદ આવે છે. ઘણી વાર મને મારા જીવનની વિષમતાઓ વિશે વિચાર આવે છે પણ ત્યારે તે વાત મને સમજાતી નથી.'

મગધના રાજવીને આ માણસની વિષમતા વિશે જાણવાની ઉત્કંઠા થઈ. યોગાનુયોગ પૃથ્વીને પાવન કરતાં ભગવાનનાં પગલાં તેજ ભૂમિ ઉપર પડતાં હતાં. રાજવીએ ભગવાન પાસે જઈને પ્રશ્ન કર્યો, 'પ્રભુ! આ માણસ એક બાજુ અઢળક સંપત્તિનો માલિક છે. અને બીજી બાજુ તે બાફેલા ચોળા સિવાય કંઈ ખાઈ શકતો નથી, કંઈ ભોગવી શકતો નથી અને પરિશ્રમ કર્યા વગર સૂખે સૂઈ શકતો નથી - તેનું રહસ્ય શું ?'

ત્રિકાળને જોઈ શકતી ભગવાનની દૃષ્ટિમાં તો સૌ વાત હસ્તામલક હતી. તેમણે આ ધનસંપન્ન માણસના આગળના ભવો જોયા : એક

ભવમાં તે પૂરા પ્રેમથી - ભાવોલ્લાસથી સાધુ મહાત્માઓને ગોચરીમાં લાડુ આપે છે. ક્યાંકથી આવેલા બધા જ લાડુ તે સાધુ મહાત્માના પાત્રમાં ઠાલવી દે છે. પછી વાસણમાં ચોંટી રહેલ લાડુના ભૂકાને તેણે મોમાં મૂક્યો તો તે તેને ખૂબ સ્વાદિષ્ટ લાગ્યો. તેના સ્વાદમાં તે એટલો તો ક્ષુબ્ધ થઈ ગયો કે તે દોડતો દોડતો સાધુ મહારાજની પાછળ ગયો અને તેમની પાસે એક લાડુ પાછો માગ્યો. સાધુએ તેને સમજાવ્યું કે એક વખત ભિક્ષાપાત્રમાં પડેલું અન્ન પાછું આપવાનો તેમનો આચાર નથી. વળી ગુરુની આજ્ઞા વિના ભિક્ષાન્ન કોઈને અપાય નહીં - તેનો ઉપયોગ પણ ન થાય. એક વાર દાન દીધા પછી તે અન્ન હવે સાધુનું થઈ ગયું. જે હવે ગૃહસ્થ લઈ શકે નહીં. તેને આ રીતે પાછું આપવાનો શાસ્ત્રોમાં નિષેધ છે. પણ આ માણસ કંઈ વાત માન્યો નહીં. છેવટે તેણે સાધુના પાત્ર ઉપર તરાપ મારી એમાંથી લાડુ લઈ લેવા કોશિશ કરી.

કોઈ રીતે આ માણસે લાડુ પાછો લેવાની જીદ ન છોડી એટલે ન છૂટકે સાધુએ પાત્રમાંથી લાડુ કાઢીને હાથથી મસળી નાખી તેનો ચૂરો કરીને ધૂળમાં ભેળવી દીધા. આ જોઈને ઓ માણસ ખૂબ ગુસ્સે થઈ ગયો. અને સાધુની નિંદા કરતો, તેમના આચારને વખોડતો પોતે આપેલા દાન અંગે ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. આ વાત તેના મનમાંથી દિવસો સુખી ખસી નહીં. તેણે સાધુને આપેલા દાન માટે ખૂબ પસ્તાવો કર્યો અને સાધુઓના આચારની નિંદા કરી.

આ જીવે ખૂબ પ્રેમથી અને ભાવથી સાધુને સરસ આહારનું દાન દીધું હતું તેથી તેણે અઢળક પુણ્ય બાંધ્યું હતું તેને પરિણામે તેને આ જન્મમાં અઢળક સંપત્તિ મળે છે પણ તેણે સાધુને આપેલું દાન પાછું લેવા જે ઉત્પાત્ત કર્યો હતો અને સાધુને ભિક્ષાન્નથી વંચિત કર્યા હતા તેના પરિણામે તે આ ભવમાં હવે કંઈ ભોગવી શકતો નથી. એમાંય વિશેષ કરીને સારું ભોજન કરી શકતો નથી અને જીરવી શકતો નથી.

પૂર્ણ ભાવથી દાન આપી તેની અનુમોદના-પ્રશંસા કરવાથી લાભાંતરાય કર્મ તૂટે છે તેથી જીવને જ્યાં હાથ નાખે ત્યાંથી લાભ જ

થાય. પણ પ્રાપ્ત થયેલા લાભને ભોગવવા માટે ભોગાંતરાય કર્મ તૂટેલું હોવું જોઈએ. મળતા લાભને ભોગવવા માટેનો હવાલો ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મ પાસે છે.

**વસ્તુનો લાભ એક વાત છે અને તેનો ભોગવટો બીજી વાત છે. ભોગાંતરાય કે ઉપભોગાંતરાય કર્મ નડતું ન હોય તો જીવ વસ્તુ ભોગવી શકે પછી ભલેને વસ્તુની માલિકી તેની ના હોય તો બીજી બાજુ જો લાભાંતરાય કર્મ તૂટેલું હોય તો લાભ મળે અને ધન-દોલતના ઘરે ઢગલા થાય.**

કર્મની આ સૂક્ષ્મ વાત છે. વસ્તુ પ્રાપ્ત કરવાનું કર્મ અને વસ્તુ ભોગવવાનું કર્મ એ બે ભિન્ન પ્રકારનાં કર્મ છે. બંનેની પ્રાપ્તિ માટેનું પુણ્ય પણ જુદા પ્રકારનું છે. જો આ વાત એક વાર સમજમાં આવી જાય તો સંસારમાં જોવા મળતી આવી અનેક વિષમતાઓનો તાળો મળી જાય.

નોકર-ચાકરને ખાતાં ઉઠાડીએ, પશુઓને ખાતાં હાંકી કાઢીએ, પક્ષીઓને ચણતાં ઉડાડી મૂકીએ, કોઈના હાથમાં આવેલો કોળિયો મુકાવી દઈએ તો આવાં ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મ બંધાય. આ વાત એકલા ભોજનની જ નથી. કોઈને સુખે પહેરવા-ઓઢવા ન દઈએ તો આપણે કોઈ ભવમાં પાસે કપડાંથી પટારા ભરાયેલા હોય પણ તે પહેરવાનો આપણને જોગ જ ન થાય. કોઈની નિદ્રામાં વિક્ષેપ પાડીએ તો આપણે સુખે નિદ્રા ન લઈ શકીએ. કર્મની આ ગહન વાતો સમજીને આપણે આપણો વ્યવહાર રાખીએ તો આવી અનેક વિષમતાઓ આપણા જીવનમાં ન આવે.

જૈનશાસનમાં આ કથા મમ્મણ શેઠની કથા તરીકે જાણીતી છે.

-----

## ૧૦. વહાલાંનો વિયોગ
### (અંતરાય કર્મ અને તેનો અનુબંધ)

વીરસિંહ એક મોટો ગિરાસદાર હતો. તેના ઘરે સુખ-સંપત્તિ હતાં પણ ખોળાના ખૂંદનાર વિના રાજગઢ સૂનો હતો. વળતી ઉંમરે એ વાતની પણ ખોટ ભગવાને ભાંગી પણ તે પુત્રીથી. કન્યારત્નને પણ વીરસિંહ અને રાણીએ વધાવી લીધું. રાજ-જ્યોતિષીએ જન્મકુંડળી માંડી પણ ભવિષ્ય ભાખતાં જરા વિચારમાં પડી ગયા. વીરસિંહ રજપૂત હતો. તેણે જોશીને કહ્યું, 'ગમે તે હોય પણ મને સ્પષ્ટ વાત કરજો. વીરસિંહનું હૈયું વજ્જરનું છે.' જોશીએ કહ્યું, 'બાપુ, એવી ચિંતાનો વિષય નથી. કન્યા બધી વાતે સુખી થશે, પણ વચ્ચે વિયોગનો જરા વિચિત્ર યોગ દેખાય છે. વિચિત્ર એટલા માટે કે વિયોગ કાયમનો નથી. અખંડ ચૂડી-ચાંદલે બહેનબા જાય તેવો યોગ છે. તેથી સાર એટલો છે કે લગ્ન કરવામાં કાળજી રાખજો.'

વાતને વર્ષો વીતી ગયાં. અંજલિનો કન્યાકાળ વહી રહ્યો હતો અને યૌવનને પગથાર તેણે પગલાં માંડ્યાં હતાં. વીરસિંહે પુત્રી માટે સમોવડિયા કુંટુંબમાંથી જન્મપત્રિકાઓ મંગાવવા માંડી અને રાજપુત્રોનાં ચિત્રો મંગાવ્યાં. એમ કરતાં બે રાજકુમાર અંજલિને યોગ્ય લાગ્યા. રાજ-જ્યોતિષીએ આવીને એ બંનેની કુંડળીઓ માંડી ગ્રહોનું ગણિત ગણવા માંડ્યું. છેવટે તે બોલ્યા, 'રાજન! બંને રાજકુમાર કુંવરી માટે આમ તો યોગ્ય છે. સુજાનસિંહ વધારે ધર્મજ્ઞ છે પણ તેનું આયુષ્યબળ મને અલ્પ લાગે છે. જ્યારે બીજા પવનસિંહનું આયુષ્ય લાંબું છે પણ જરા ઉતાવળીયો નીવડશે. બાકી તો બંને લગભગ સરખેસરખા ઊતરે છે. તેથી આપણે પવનસિંહને પસંદ કરીએ તો વધારે સારું રહે. વળી, અત્યારે કન્યાના લગ્નનો પ્રબળ યોગ છે. તે ચૂકી જઈએ તો પછી

ઘણો કાળ રાહ જોવી પડે એમ લાગે છે.'

વીરસિંહની આણ અને શાન સારી હતી. પવનસિંહનાં માતા-પિતાએ આનંદ સાથે અંજલિનું કહેણ સ્વીકારી લીધું અને ઘડિયાં લગ્ન લેવાયાં. પવનસિંહે અંજલિના રૂપ-ગુણ વિષે ઘણી વાતો સાંભળી હતી તેથી તેને કન્યા જોવાનું મન થયું. પણ તે કાળના રજપૂત રિવાજો મુજબ તે વાત સ્વીકાર્ય બને તેમ હતી નહીં. તેથી ઘરે કોઈને ખબર આપ્યા વિના એક મિત્રને લઈને વિરસિંહના ગામમાં આવી પહોંચ્યો. રાજગઢમાં જતાં-આવતાં કન્યાને જોઈ લીધી. કન્યાને જોઈને પવનસિંહ ઘણો મોહિત થઈ ગયો તેથી વધારે રોકાઈ ગયો. સાંજે અંજલિ તેની સખી સાથે ગામની બહાર આવેલા મંદિરે જવા નીકળી ત્યારે બંને મિત્રો છુપાઈને તેની પાછળ પાછળ ગયા. ભગવાનનાં દર્શન કરી બંને સખીઓ પાસે આવેલા બગીચામાં વિશ્રામ કરવા બેઠી ત્યારે પણ આ બંને મિત્રો ઝાડવાંની ઓથે છુપાઈને ઊભા રહ્યા. હમણાં વિવાહ થયેલા હોવાથી અંજલિની સખીએ મોકળાશ જોઈ વાત કાઢી :

'બહેનબા, સાંભળ્યું છે કે તમારા હાથ માટે સુજાનસિંહ અને પવનસિંહ બંનેની વાત ચાલતી હતી. એમાં સુજાનસિંહ વધારે ગુણિયલ, જ્ઞાની અને શીલ-સંસ્કારમાં આગળ હતો પણ તેને અલ્પ આયુષ્યનો યોગ હતો તેથી તમારા પિતાએ તેને પસંદ ના કરતાં પવનસિંહને પસંદ કર્યો.'

પવનસિંહે ઉત્તર સાંભળવા કાન સરવા કર્યા ત્યાં અંજલિ તો સહજભાવે બોલીઃ 'બહેન અમૃતનાં તો ચાર ટીપાંયે ક્યાં? બે બિંદુ અમૃતની મીઠાશે તો આયખું ભરાઈ જાય, જ્યારે કૂવાને કાંઠે તો રોજ પાણી ભરવું પડે.' સામાન્ય અભિપ્રાય તરીકે બોલાયેલા શબ્દો સાંભળી પવનસિંહ સળગી ઊઠ્યો અને બંને મિત્રો ઝાડની ઓથેથી નીકળી પોતાના ગામ તરફ જવા નીકળી પડ્યા.

આમેય આ મુલાકાત ખાનગી હતી અને વાત કોઈને કહેવાય તેવી હતી નહિ. વળી લગન ઠેલવા માટે આ કારણ વજૂદવાળું ગણાય નહીં

તેથી લગ્ન તો લેવાઈ ગયાં પણ પવનસિંહને અંજલિના શબ્દોની જે ઝાળ લાગી હતી હતી તેથી તે લગ્નની રાતે જ અંજલિનો ત્યાગ કરી દેશાટને જવા નીકળી ગયો. પુત્રના આમ એકાએક જતા રહેવાનુ કારણ અંજલિ જ છે – એવું પામી જવામાં શ્વસુર કુંટુંબને ઝાઝી વાર ન લાગી. આમ, અપશુકનિયાળ ગણાયેલી વહુને કેટલા કાળ પછી ગામને છેવાડે આવેલું એક ઘર લઈ આપી જુદી કાઢી અને તેની સાથેનો સંબંધ તોડી નાખ્યો. અંજલિએ પિયેરથી આ વાત શરૂઆતમાં ગુપ્ત રાખી હતી પણ એવામાં વીરસિંહનો દેહાંત થયો અને થોડાક કાળમાં તેમનો ગિરાસ પણ જતો રહ્યો. આ આઘાત ન જીરવી શકવાથી અંજલિની મા પણે સ્વર્ગે સિધાવી. આમ, અંજલિને માટે પિયરનાં દ્વાર પણ બંધ થઈ ગયાં. દુઃખ આવે ત્યારે ચારેય બાજુથી આવે – એ વાત બની.

પવનસિંહ ઘણો કાળ દેશાટન કરતો ફર્યો પણ મનમાં કયાંય શાંતિ ન લાગતાં હિમાલયનાં તીર્થસ્થળોમાં ભ્રમણ કરવા લાગ્યો. એક દિવસ સરોવરને કાંઠે સાંજ વીતી ગયા પછી તે ગમગીન થઈને બેઠો હતો ત્યાં તેણે એક પક્ષીને આક્રંદ કરતું જોયું. ભોમિયાને પૂછતાં તેને જાણ થઈ કે રાત્રી પડતાં હવે પોતાનો પ્રીતમ ચક્રવાક નહિ મળે તેથી આ ચક્રવાકી વિલાપ કરે છે. આ પ્રસંગથી પવનસિંહને અંજલિદેવી યાદ આવી. વિયોગનો ભોગવટાકાળ પૂરો થવા આવ્યો હશે તેથી તેને વિચાર આવ્યોઃ વિના વાંકે ત્યજાયેલી મારી પ્રિયા અંજલિ આમ જ વિલાપ કરતી હશે. આમ વિચારતાં તેનું હૃદય ભરાઈ આવ્યું અને સ્વદેશ પાછા ફરવાનો તેણે નિર્ણય કર્યો.

પવનસિંહ ગામ પહોંચ્યો ત્યારે સંધ્યાના ઓળા ઊતરી ચૂક્યા હતા. ઘરે આવ્યો ત્યારે ખબર પડી કે અંજલિને ગામને છેવાડે નાનું મકાન ફાળવવામાં આવ્યું છે અને તે ત્યાં રહે છે. પોતે અંજલિનો ત્યાગ કર્યો તેમાં અંજલિનો કંઈ દોષ નથી પણ પોતાની જ ભૂલ હતી તે વાત સૌને સમજાવી તે અંજલિના ગૃહે પહોંચ્યો. અંજલિની સ્થિતિ જોઈ તેને ખૂબ

દુઃખ થયું અને તેણે અંજલિની ક્ષમા માગી. અંજલિને તો જાણે વર્ષોની તપશ્ચર્યા ફળી. પતિની પુનઃપ્રાપ્તિ તેને મન મહત્ત્વની હતી. પોતાના ભાગ્યના દોષે જ તે દુઃખી થઈ છે - એમ કહી અંજલિ પવનસિંહને પગે પડી. રાતભર વાતો કરી બંનેને વિરહી હૈયા હળવાં થઈ ગયાં. સવારે મંદિરે જઈ ભગવાનને પગે લાગી પછી ઘરે જવાનું નક્કી થઈ ગયું. સૂર્યનું પ્રથમ કિરણ નીકળ્યું ત્યાં તો બંને જાણ મંદિર પહોંચી ગયાં. ભગવાનને પગે લાગી ગદ્ગદ કંઠે સ્તુતિ કરતાં તેઓ બહાર નીકળતાં હતાં ત્યાં તેમણે મંદિરના પ્રાગણમાં વહેલી સવારે ધર્મકથા કરતા એક તેજસ્વી મહાત્માને જોયા. તેમની વાણી પ્રભાવશાળી હતી અને યોગાનુયોગ તેઓ કર્મની જ વાત કરતા હતા. એમાં ક્યાંય વિયોગની વાત સાંભળી બંનેને કથા સાંભળવાનું મન થઈ ગયું અને ત્યાં જ બેસી પડ્યાં.

મહાત્માજી કહેતા હતાઃ જીવ હસીને કર્મ બાંધે છે પણ તે સમયે તેને ખ્યાલ નથી હોતો કે એ કર્મ રડીને ભોગવવાં પડશે. ક્યારેય કોઈને તેના ઈષ્ટ જનથી વિયોગ ન કરાવવો. પશુ-પક્ષીને પણ છૂટાં ન પાડવાં. કોઈને કંઈ ગમતું હોય, કંઈ ઈષ્ટ લાગતું હોય તો તેનાથી તેનો વિજોગ ન કરાવવો. કોઈને ગમતી વસ્તુ લઈ લેવામાં ચોરીનો તો દોષ લાગે છે પણ ઈષ્ટના - પ્રિયના વિયોગથી જીવને જે દુઃખ થાય છે. તેનું ભારે કર્મ બંધાય છે અને પરિણામે કોઈ ભવમાં વિરહની ભારે વેદના વેઠવી પડે છે.

કર્મના વિપાક કેવી રીતે થાય છે તે બાબતમાં સમજાવતાં મહાત્માએ કથાનુયોગમાં આવતી સતી અંજનાની કથા કહી. અંજના પૂર્વભવમાં કોઈ ધનવાનની પત્ની હતી. તેની સાથે તેની શોક્ય પણ રહેતી હતી જે ખૂબ ધાર્મિક હતી. તે તેની પાસે દેવસેવા રાખતી હતી અને દેવની સેવા-પૂજા કર્યા વિના મોંમાં અન્નનો કણ કે પાણીનું ટીપુંય મૂકતી નહિ. અંજના પોતે કંઈ ખાસ ધર્મિષ્ઠ હતી નહિ, વળી, તે પતિને પ્રિય હતી તેથી ઘરમાં તેનું જ ચલણ હતું. શોક્યની ઈર્ષ્યાથી અને કંઈ ટીખળથી તેણે શોક્યની દેવસેવાની પ્રતિમા ગુમ કરી દીધી અને વાડામાં એક

ખૂણામાં મૂકી ઉપર ધૂળ વાળી દીધી. સવારે ઈષ્ટદેવની પ્રતિમા ન જોતાં અંજનાની શોક્ય ખૂબ દુઃખથી આક્રંદ કરવા લાગી. તેને દુઃખી થતી જોતાં અંજના વિશેષ આનંદમાં આવી ગઈ. પ્રતિમાનું પૂજન કર્યા વિના પેલી સ્ત્રીએ મોંમાં અન્નનો દાણોય ન મૂક્યો અને જળ પણ ન પીધું. આમ ને આમ બાર મુહૂર્ત નીકળી ગયાં. છેવટે શોક્યને ભૂખી-તરસી જોઈ અંજનાને દયા આવી અને તેણે દેવની પ્રતિમા બતાવી દીધી. દેવના ઉપર લાગેલી ધૂળ દૂર કરી તેનું પૂજન-અર્ચન કરી છેવટે તે સ્ત્રીએ અન્ન-જળ લીધાં. બાર મુહૂર્ત સુધી તે સ્ત્રીને તેના ઈષ્ટદેવનો-પ્રિયનો વિયોગ કરાવી અંજનાએ તેને જે માનસિક ત્રાસ આપ્યો અને તેની પીડા જોઈ વળી જે આનંદ લીધો તેને લીધે વિયોગના કર્મનો એવો સજ્જડ બંધ પડ્યો પરિણામે બીજા જન્મમાં તેને તેના પતિથી બાર મુહૂર્ત નહિ પણ બાર વરસ વિયોગ વેઠવો પડ્યો અને ઝૂરવું પડયું.

મહાત્માની વાત સાંભળીને અંજલિ અને તેના પતિને પોતાના મનમાં ઘોળાતા પ્રશ્નનો જાણે ઉત્તર મળી ગયો. તેમણે મનમાં નક્કી કર્યું કે હવે ક્યારેય કોઈ વહાલાંમાં વિજોગ ન પડાવવો. કોઈની પ્રિય વસ્તુ ઓળવવી નહીં. અરે મશ્કરીમાં પણ કોઈને તેની પ્રિય કે ઈષ્ટ વ્યક્તિથી અથવા વસ્તુથી પણ વિખૂટું પાડવું નહિ. હવે તેમના મનમાં કોઈના પ્રત્યે કંઈ કડવાશ રહી નહિ.

કર્મના ગણિતમાં ભાવથી કે રસથી આવા ગુણાકાર થાય છે. કોઈને દુઃખ આપ્યું કે તુરત જ યથાતથા કર્મ બાંધતી વખતે જેટલો તેમાં રસ રેડ્યો, જેટલું રાચ્યા-માચ્યા તેના ઉપર કર્મના ભોગવટાની તીવ્રતા અને સમય નક્કી થાય છે. કર્મ તો ચાસણી જેવું છે. સાકર જેટલી વધારે ઊકળે તેટલી ચાસણી કડક થાય અને વધારે તાર કાઢે.

કર્મના ગણિતમાં જેમ ગુણાકાર થાય છે તેમ ભાગાકાર પણ થાય છે. કર્મ કર્યા પછી પશ્ચાત્તાપ થાય, તેનું પ્રાયશ્ચિત્ત થાય અને સાચા દિલથી દુઃખ થાય તો કર્મનો ભાગાકાર પણ થઈ જાય. માટે જ્ઞાનીઓ કહે છે કે દુષ્કર્મનો પસ્તાવો કરો પણ સદ્કર્મની પ્રશંસા કરો - અનુમોદના કરો.

-----

## ૧૧. ધ્યાનની બદલાતી ધારા
### (કર્મની વિદારણા)

પોતનપુર રાજવી પરમ તત્ત્વને પામવા સંસારને અસાર ગણી રાજપાટનો ત્યાગ કરી વનની વાટે ગયો છે. બાળકુંવરનો રાજ્યાભિષેક કરી રાજ્યની ધુરા મંત્રીઓના હાથમાં સોંપી છે. રાજ્ય બહાર આવેલા ઉપવનમાં સૂર્યની આતાપના લેતાં ધ્યાનમાં લીન થઈને ઉભો છે. રાજાએ સંસારમાંથી ચિત્ત ખસેડી લીધેલું છે અને આત્માભિમુખ કર્યું છે. ત્યાં બાજુની કેડી ઉપરથી બે સૈનિકો પસાર થઈ રહ્યા છે. રાજવીને સાધુના વેશમાં કષ્ટદાયક આસને ઊભેલો જોઈ એક સૈનિક બોલ્યો, ‘અહો! ધન્ય છે. આ મુનિ ભારે તપ કરી રહ્યા છે. તેમને માટે દેવલોક તો શું, મોક્ષ પણ દૂર નહિ હોય.’

ત્યાં બીજો સૈનિક મુનિને જોતાં બોલ્યો, ‘અરે! આ તો પોતનપુરના રાજા પ્રસન્નચંદ્ર છે. નાના બાળક પુત્રને માથે આખા રાજ્યનો ભાર નાખી, મંત્રીઓને કારભાર સોંપી પોતે ભગવાનને મેળવવા નીકળી પડ્યા છે. આમ કંઈ મોક્ષ મળશે? ત્યાં રાજ્યમાં તો મંત્રીઓ ખટપટ કરી રહ્યા છે. ચંપાનગરના રાજા દધિવાહન સાથે કંઈક રંધાય છે. થોડાક દિવસમાં કંઈ નવાજૂની થશે. રાજ્ય તો જવાનું જ પણ રાજકુમારનો જાન બચે તો પણ ઘણું.’

ધ્યાનસ્થ અવસ્થામાં પણ મુનિને ઊંડે ઊંડે આ વાત સંભળાઈ. પોતે સંસારનો ત્યાગ કર્યો છે છતાંય પોતાના પુત્રનો ઘાત થઈ જશે એવી વાત સાંભળતાં તેમની ધ્યાનની ધારા તૂટી અને સંસાર પ્રતિ વહેવા લાગી :

‘અરે, હજુ હમણાં તો રાજ્યની ધુરા મેં મંત્રીઓને સોંપી છે. મંત્રીઓએ વફાદારીપૂર્વક રાજ્યનો વહીવટ કરવાનું અને કુમારને

સંભાળવાનું વચન આપ્યું છે અને ચાર દિવસમાં આ વાત આટલે આવી પહોંચી! આ મંત્રીઓને ધિક્કાર છે. હું રાજસિંહાસન ઉપર હોત તો એક એકને ભારે દંડ દેત અને પાંશરા કરી નાખત.'

ત્યાં વળી તેમના કાનમાં પેલા શબ્દોનો જાણે પડઘો પડ્યો-મંત્રીઓ કુમારનો ઘાત પણ કરે. રાજકુમારનો જાન બચે તો પણ ઘણું-બસ પછી તો રાજવી મનોમન ઊકળી ઊઠ્યાઃ હજુ તો હું અહીં જીવતો બેઠો છું. મંત્રીઓ સમજે છે શું? તેમને તો ઠેકાણે જ પાડવા રહ્યા. અને આમ ને આમ પ્રસન્નચંદ્ર મનોમન મંત્રીઓ સાથે યુદ્ધે ચડ્યા. બાહ્ય રીતે તો તેઓ ધ્યાનની કષ્ટમય મુદ્રામાં જ સૂર્યની આતાપના લઈ રહ્યા છે. પણ અંદર તો ધ્યાનની ધારા બદલાઈ ગઈ. મનથી તો રાજવી મંત્રીઓ સાથે ધમસાણ યુદ્ધ કરે છે.

ત્યાં રાજમાર્ગ ઉપરથી મહારાજા શ્રેણિક પોતાના રસાલા સાથે ભગવાન મહાવીરને વંદન કરવા જઈ રહ્યા હતા. તેમની નજર પ્રસન્નચંદ્ર ઉપર પડી અને તે વિચારવા લાગ્યાઃ "ધન્ય છે આ રાજવીને. હું તો હજુ રાજકાજમાં લબ્ધાયેલો પડ્યો છું જ્યારે તેમણે તો પળવારમાં કુટુંબ, સમૃદ્ધિ, વૈભવ બધું છોડી દીધું. આમ, મુનિની પ્રશંસા કરતાં શ્રેણિક મહારાજાએ તેમને વંદન કર્યા અને આગળ વધ્યા. ભગવાન પાસે આવીને વંદન કરીને બેઠા પછી શ્રેણિકે સહજ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો,

'પ્રભુ! માર્ગમાં આવતાં મેં પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોયા. તેઓ આકરું તપ કરતા ધ્યાનમાં લીન હતા. તેઓ જો એ જ અવસ્થામાં મૃત્યુ પામે તો તેમનો જીવ ક્યાં જાય?'

'સાતમી નરકે'. પ્રભુએ ટૂંકો ઉત્તર આપ્યો. શ્રેણિકને લાગ્યું કે ક્યાંક ગેરસમજ થઈ છે કારણકે સાધુને તો નરક ગમન સંભવે જ નહિ. તેથી થોડીક વાર રહીને તેમણે ફરીથી પ્રશ્ન કર્યો,

'હે ભગવાન! પ્રસન્નચંદ્ર ઋષિ જેમણે સંસાર છોડ્યો છે, રાજ્યનો ત્યાગ કર્યો છે અને અત્યારે તપ તપી રહ્યા છે તેમની વાત હું કરું છું કે તેઓ અત્યારે કાળ કરે (મૃત્યુ પામે) તો તેમનો જીવ કઈ ગતિમાં જાય?'

ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો, 'સર્વાર્થસિદ્ધ નામના ઉચ્ચતમ દેવલોકમાં જાય.'

શ્રેણિક ભગવાનની પરસ્પર વિરોધી લાગતી વાતોથી મૂંઝાઈ ગયા તેથી તેમણે સ્પષ્ટતા કરવા ભગવાનને ફરીથી પૂછયું, 'ભગવંત, આપે થોડીક વારના અંતરમાં આમ પરસ્પર બે વિરોધી વાત કહી તેથી મને સમજ નથી પડતી કે મારે શું માનવું?'

ભગવાને સ્પષ્ટતાં કરતાં કહ્યું, 'શ્રેણિક તેં જ્યારે પ્રથમ વાર પ્રશ્ન કર્યો ત્યારે એ રાજવીના મનમાં ઘમસાણ ચાલતું હતું. તેઓ મનોમન તેમના મંત્રીઓ સાથે યુદ્ધે ચડેલા હતા અને તેમનો વધ કરવા તત્પર થયા હતા. આવા રૌદ્ર ધ્યાનમાં જીવ મરે તો તે સાતમી નરકે જાય. તેં બીજી વાર પ્રશ્ન કર્યો ત્યાર તે રાજવીના મનોભાવ પલટાઈ ગયા હતા. મંત્રીઓ સાથે માનસિક યુદ્ધ કરતાં તેમનાં બધાં શસ્ત્રો પૂરાં થઈ ગયાં. તેથી છેવટે તેમણે પોતાના માથા ઉપર રહેલો મુગટ કાઢી તેનાથી દુશ્મનો સાથે લડવા માથા ઉપર હાથ મૂક્યો; ત્યાં તેમને ભાન થયું કે માથું તો મુંડિત છે-મુંડાયેલું છે. તેઓ તો સાધુ થયેલા છે અને તેમણે રાજ-પાટનો ત્યાગ કરેલો છે. તેમને અને રાજ્યને શો સંબંધ? પોતાનું કોણ અને પારકું કોણ? માટે સાધુને વળી શત્રુ કેવા? અને યુદ્ધ કેવું? કષાયો-રાગ અને દ્વેષ-એ જ મારા શત્રુઓ. મારે તો તેમની સાથે લડવાનું છે. પેલા સૈનિકની વાત સાંભળીને હું ક્યાં વળી દુર્ધ્યાનમાં ચડી ગયો?

અરર! હજુ તો મારા મનમાં સંસાર દબાઈને-છુપાઈને પડેલો છે. છેક ઊંડાણમાં હજુ રાગ અને દ્વેષના અગ્નિના કણિયા પૂરા બુઝાયા નથી. તેના ઉપર રાખ વળેલી છે પણ અંદર તો અગ્નિ સળગે છે જેમાંથી નિમિત મળતાં ભડકો થયો. આમ ચિંતન કરતાં તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. મનથી કરેલા યુદ્ધની નિંદા કરતાં તેમના ધ્યાનની ધારા પલટાઈ અને આત્મા તરફ વળી ગઈ. પછી આત્માના ગુણોનું અને સંસારના સ્વરૂપનું ચિંતન કરતાં ધર્મ ધ્યાનની ધારાએ ઊંચે ચડવા લાગ્યા તેથી પરિસ્થિતિ તદન બદલાઈ ગઈ. તે સમયે સાધક મૃત્યુ પામે તો ઉચ્ચતમ દેવલોકમાં

જાય. તેથી મેં તે પ્રમાણે ઉત્તર આપ્યો. આમ, થોડીક વારમાં તને જુદા જુદા બે ઉત્તરો મળ્યા એટલે તું મૂંઝાઈ ગયો પણ તેનું કારણ તેમની અંદર પલટાતા ભાવો અને બદલાતા ધ્યાનની ધારા છે.'

મહારાજા શ્રેણિક હજુ તો ભગવાને કરેલી વાતનો વિચાર કરે છે એટલામાં તો જરા દૂર દેવ-દુંદુભિ વાગ્વા લાગ્યાં. આમ અચાનક દિવ્ય ધ્વનિ સાંભળતાં શ્રેણિકે વિસ્મયથી પ્રશ્ન કર્યો, 'ભગવાન! આ બધું શું બની રહ્યું છે? આ દિવ્ય ધ્વનિ ક્યાંથી આવી રહ્યો છે?'

પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આત્માના ગુણોનો ઘાત કરનારાં તમામ ઘાતી કર્મોનો તેમણે નાશ કરી નાખ્યો તેથી દેવો મહોત્સવ મનાવી રહ્યા છે.' ભગવાને ગંભીર વાણીમાં વાત સમજાવી.

પ્રસન્નચંદ્ર રાજર્ષિનો પ્રસંગ કર્મની એક ગહન વાત સમજાવે છે. કરોડો જન્મોનાં કર્મ ભોગવીને પૂરાં ન થાય. કર્મોના આ અખૂટ સંચય તોડવા માટે, ખાલી કરવા માટે ધ્યાન જેવું કોઈ સફળ સાધન નથી. જેમ અગ્નિનો એક કણિયો આખા જંગલને સળગાવી શકે છે તેમ ધ્યાનાગ્નિ પ્રજ્વલિત થતાં અનેક જન્મોનાં કર્મો પળવારમાં ભસ્મીભૂત થઈ જાય છે. પણ તે ધ્યાન ઉચ્ચ કોટીનું હોવું જોઈએ અને આત્માનાં પરિણામ સતત વિશુદ્ધ થઈને ચઢતાં રહેવાં જોઈએ. પ્રસન્નચંદ્ર રાજર્ષિની ધ્યાનની ધારા જેવી પલટાઈ કે તુરત જ તેમના આયુષ્ય બંધની યોગ્યતામાં ઘણા મોટા ફેરફારો થઈ ગયા. ધ્યાનધારા કલુષિત બની હતી ત્યારે તેઓ સાતમી નરકનું આયુષ્ય બાંધતા હતા. પણ ધ્યાનધારા જેવી વિશુદ્ધ બની ગઈ ત્યારે આયુષ્યના કર્મબંધની યોગ્યતા ઉચ્ચતમ દેવલોકની થઈ ગઈ. વળી વિશુદ્ધ ધ્યાનની ધારા એટલી પ્રબળ બનતી રહી કે છેવટે ઉચ્ચતમ આયુષ્યબંધની ક્ષમતાને પાર કરીને તેથીયે આગળ ઊંચે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને વિરમી પ્રસન્નચંદ્ર કૃત્યકૃત થઈ ગયા.

*

આ પ્રસંગને સમાંતર કહી શકાય એવી બીજી એક વાત જીરણ શેઠની આવે છે. ભગાવાન મહાવીર ચાતુર્માસ ઉપવાસ છોડે ત્યારે તેઓ પોતાને

ત્યાં પારણાં કરે તેવો તેમને ભાવ છે. આ માટે તેઓ રોજ ભગવાનને વિનંતી કરવા જાય છે અને ઘરે આવી પોતાના કુટુંબ સાથે, ભગવાનનાં પારણાં સમયે શું-શું કરીશું તેની ઉલ્લાસપૂર્વક ચર્ચા-વિચારણા કરે છે. આમ, વાતો કરતાં કરતાં એક વખતે તેમના મનમાં ભગવાન, ભગવાનનો પ્રરૂપેલો ધર્મ, સંસારનું વિષમ સ્વરૂપ, ભગવાનનું તપ અને પોતાને ત્યાં ભગવાન જેવા ભગવાન પારણાં કરવા પધારશે એમ ચિંતવન કરવા લાગ્યા. ચિંતન કરતાં કરતાં તેમની ભાવધારા શુદ્ધ-વિશુદ્ધ થવા લાગી અને આત્માનાં પરિણામો ઉત્તરોત્તર ચઢતાં હતાં.

ત્યાં ભગવાનનાં પારણાં બીજે ક્યાંક થઈ ગયાનો સૂચક દેવદુંદુભિ નાદ તેમને કાને પડતાં તેમના ધ્યાનની ધારા તૂટી. કથાકાર કહે છે કે જીરણ શેઠની એ ધ્યાનધારા ન તૂટી હોત તો થોડીક વારમાં તેમને કેવળજ્ઞાન થઈ ગયું હોત એટલા તેમના ભાવો શુદ્ધ હતા અને આત્માનાં પરિણામો ચડતા હતા. આ ધ્યાનધારા તૂટવાને લીધે તેમણે બારમા દેવલોકનું આયુષ્ય બાંધ્યું. આમ, એક બાજુ ધ્યાનની ધારા સહેજ તૂટી અને પલટાઈ ત્યાં બીજી બાજુ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અસંખ્ય વર્ષોનું આંતરું પડી ગયું.

*

કર્મ જ સંસારમાં રખડાવે છે. કર્મસત્તા ખૂબ પ્રબળ છે. પણ તેનો પરાજય કરવા માટે ધ્યાન જેવું કંઈ અસરકારક નથી. પણ આ વાત છે ધર્મધ્યાનની. ધર્મથી ધ્યાનની ધારાએ ચઢેલો જીવ છેવટે શુક્લ ધ્યાનની ધારા પકડી લે છે અને પછી તો મોક્ષ ઘણો નજીક આવી જાય છે. આમ જોઈએ તો અવશ્ય લાગે કે ધ્યાનનો માર્ગ ટૂંકામાં ટૂંકો છે પણ તે દેખાય છે એટલો સરળ નથી. ધ્યાન માર્ગ ખૂબ દુર્ગમ છે. અહીં અત્યારનાં પ્રચલિત ધ્યાનોની વાત નથી. એવા ધ્યાનોથી શરીરની ક્ષમતા વધે કે મન ઉપરની તાણ ઓછી થાય અને મન શાંત તેમજ સ્વસ્થ બની શકે. પણ કર્મનો ગઢ જીતવા માટે એ ધ્યાનોની તાકાત ઘણી ઓછી પડે. આપણે આ વિવાદમાં નથી પડવું પણ તેનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે આપણે ધ્યાનના ભ્રમમાં રહીને ક્યાંક ભવભ્રમણ વધારી ન દઈએ. ધ્યાન મોટે ભાગે તો

અપવાદ માર્ગ છે. બાકી રાજમાર્ગ તો છે પંચાચારના પાલનનો.

*

પંચાચાર શબ્દ જૈન પરિપાટીનો છે. જ્ઞાન, ધ્યાન, ઈત્યાદિ માર્ગો કઠણ, પરિશ્રમ, આત્માનું બળ અને અપૂર્વ શુદ્ધિ માગી લે છે જે સૌ જીવો માટે સુગમ નથી. તેથી જૈનાચાર્યોએ પંચાચારનો આગ્રહ રાખ્યો છે; અને તેનું ખૂબ મહત્ત્વ આંક્યું છે. **પંચાચાર પાંચ છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. જ્ઞાનાચાર**માં આત્મા, કર્મ, બંધન, મુક્તિ, ધર્મ એ બધા વિષયો જાણવા માટે અભ્યાસ કરવાનો હોય છે અને ગુરુની નિશ્રામાં કે દોરવણી હેઠળ આ બધું યોગ્ય રીતે જાણવામાં આવે તો પછી આગળ વધવું મુશ્કેલ ન રહે. **દર્શનાચાર**માં ભગવાનનાં દર્શન-વંદન-પૂજન ઈત્યાદિ હંમેશાં કરતા રહેવાનું હોય છે. જેથી વિવેકપૂર્વકની ધર્મ ઉપર શ્રદ્ધા થાય અને દર્શનની શુદ્ધિ થાય. તેથી આપણે ત્યાં દેરાસર બંધાવવામાં આવે છે અને દર્શનનાં વિધિ-વિધાનો ગોઠવવામાં આવ્યાં છે. જાણ્યું, જોયું, માન્યું પણ તેનું આચરણ ન કર્યું તો બધું વ્યર્થ નીવડ્યું, માર્ગ જાણીએ પણ તેના ઉપર ચાલીએ જ નહીં તો પછી હતા ત્યાં ને ત્યાં જ રહી જવાના. આ છે **ચારિત્રાચાર**. તેમાં આચરણ અને સંયમના પાલનનું મહત્ત્વ છે. જૈન ધર્મ કર્મરહિત અવસ્થાને મોક્ષ ગણે છે. અને કર્મને તોડવા માટે, કર્મથી મુક્ત થવા માટે તપ જેવું કોઈ સુલભ સાધન નથી. તેથી જૈન ધર્મે **તપાચાર**નું પાલન આવશ્યક ગણ્યું છે. જ્યારે છેલ્લો આવે છે - **વીર્યાચાર**. અહીં વીર્યાચાર શબ્દ, પુરુષાર્થ, ઉત્સાહ, પ્રવર્તન એવા અર્થમાં વપરાય છે. જાણવા માટે, જાણેલું દ્રઢ કરવા માટે, આચરણ કરવા માટે અને તપ કરવા માટે - એમ ચારેય આચારનું પાલન કરવા માટે વીર્ય (શારીરિક અર્થમાં નથી) ફોરવવાનું છે. એટલે ઉત્સાહ રાખવાનો છે, પુરુષાર્થ કરવાનો છે. આમ, **પંચાચારનું પાલન એ જૈન ધર્મનો રાજમાર્ગ છે.** ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કર્યા વિના, પંચાચારની અવગણના કરનાર મોટે ભાગે ભટકી જાય છે. પોતાની ભૂમિકા ઊંચી છે. એમ માનનારા ઘણુંખરું આત્મવંચના કરતા રહી જાય છે.

-----

# ૧૨. સુવર્ણપુરુષ?
## (કર્મનો ઉદયકાળ)

આશરે બસો ત્રણસો વર્ષ પહેલાંની વાત છે. અંગ્રેજોના શાસનની શરૂઆત થઈ ન હતી. દેશ અનેક રાજ્યોના સીમાડાઓથી ઉતરડી ગયેલો હતો. તે સમયનાં રાજ્યોમાં શેઠ શ્રીમંતોની ભારે વગ ચાલતી હતી. રાજદરબારમાં તેમનું સ્થાન મહત્ત્વનું બની રહેતું કારણ કે રાજા કહો કે જાગીરદાર કહો તેમને આ મહાજનોની મદદની વારે-કવારે મદદની જરૂર પડતી હતી. એવા કાળમાં એક વચલા વગાના શહેર જેવા ગામમાં એક કંજૂસ શેઠ રહેતો હતો પણ તેનો વેપાર દૂર દેશાવર સુધી પથરાયેલો હતો. ઘરે અઢળક સંપત્તિ હતી પણ સગા છોકરા-વહુને પણ કંઈ આપતાં તેનો જીવ કચવાતો હતો.

યોગાનુયોગ એ ગામમાં કોઈ સંત-મહાત્મા ચાતુર્માસ માટે રોકાયા હતા. શેઠ વ્યવહાર ખાતર રોજ તેમના વ્યાખ્યાનમાં ધર્મશ્રવણ માટે જતા હતા. ત્યાં સંત ઘણી વાર દાન-ધર્મનો મહિમા સમજાવે. ચોમાસું પૂરું થવાની તૈયારી હતી એટલે સંતે ગામમાં કોઈ સદાવ્રત ખોલવાની ભલામણ કરી. આખી સભામાં સૌએ આ શેઠનું નામ આગળ કર્યું. આમ, બીજી બાજુ શેઠના મનમાં પણ હવે થોડી લોકેષણાની ભૂખ જાગી હતી. વળી રોજ કથા સાંભળતા દાન કરવાનો થોડો ભાવ પણ થયો હતો. લોકોએ તો મશ્કરી ખાતર જ શેઠનું નામ આગળ કર્યું હતું. પણ શેઠે તો સાચેસાચ સદાવ્રત ખોલવાની 'હા' ભણી. શેઠે સંતના હાથે સદાવ્રતનું ઉદ્‌ઘાટન કરાવ્યું.

હવે તો ગામમાં રોજ સવારથી સાંજ સુધી સદાવ્રતમાં જે જાય તેને દાળ-રોટી મળી રહેતી હતી. સદાવ્રતના પ્રભાવે શેઠની આબરૂ વધી ગઈ અને લોકો વાહ-વાહ કરવા લાગ્યા. કીર્તિ એ પણ નશો છે - જેનો

શેઠને પાસ લાગી ગયો. અને શેઠે સદાવ્રત માટે મોટી સખાવત કરી. પણ મૂળમાં તો શેઠે આ બધું કીર્તિ માટે અને વધારે તો કંજૂસાઈનું કલંક ધોવા માટે કર્યું હતું. બાકી તેમના હૃદયમાં કયાંય કરુણાનો વાસ ન હતો. મૂળ સ્વભાવ તો એવો ને એવો જ કૃપણ રહ્યો હતો.

એક વાર સદાવ્રતનો સમય પૂરો થઈ ગયો હતો ત્યાં પરગામથી આવેલો કોઈ ભિખારી આવી પહોંચ્યો. શેઠે બીજા દિવસે આવવા જણાવ્યું. ભિખારી ત્રણ દિવસનો ભૂખ્યો હતો. ઘણું કરગર્યો પણ શેઠ સમયપાલનના તેમના નિયમમાં અડગ રહ્યા. કારણે કે તેમના દિલમાં દયા તો હતી નહીં. તેમના દાન પાછળનો ભાવ નામનો -કીર્તિનો હતો. ભૂખ્યો નિર્બળ ભિખારી લથડી પડ્યો અને ભોંય ઉપર પડતાં જ રામ-શરણ થઈ ગયો. પણ ત્યાં તો એક કૌતુક થયું. ભિખારીના પડવાનો ધડીમ કરતાકને જે અવાજ થયો તે વિચિત્ર લાગતાં શેઠે પાસે જઈ જોયું તો ભિખારીનું શબ સોનાનું થઈ ગયેલું લાગ્યું. શેઠે ખાતરી કરી શબમાંથી બનેલ સુવર્ણપુરુષને સદાવ્રતની નીચેના ભંડકિયામાં મૂકી દીધો. કેટલાક દિવસો પછી વળી આવો જ બનાવ બન્યો અને સદાવ્રતના આંગણામાં મરી જનાર ભિક્ષુકનો સુવર્ણપુરુષ બની ગયો હતો. પછી તો શેઠને લોભ લાગ્યો. સદાવ્રતને આંગણે પડીને કોઈ મરે તેની તેઓ આતુરતાથી રાહ જોવા લાગ્યા. પણ દિવસો સુધી કોઈ મર્યું નહીં. તેથી એક વખત શેઠે સાંજને પહોરે એક દૂબળા પાતળા ભિખારીને કોઈ જોતું નથી તેનો ખ્યાલ રાખી લાકડીથી પાડી મારી નાખ્યો અને તે પણ મરીને સુવર્ણપુરુષ થઈ ગયો. શેઠે તેને પણ ભંડકિયામાં ભંડારી દીધો.

પણ યોગાનુયોગ શેરીના વળાંક ઉપર આવી રહેલા એક માણસે આ બનાવ જોયો. સુવર્ણપુરુષની તો તેને ખબર ન હતી. પણ શેઠના આ અત્યાચરથી તેનું દિલ કકળી ઊઠ્યું: 'હે ભગવાન! આવા પાપીને ત્યાં ધનના ભંડારો ભરાય છે. કોઈ તેનું નામ પણ લેતું નથી અને ઊલટાની લોકોમાં-રાજદરબારમાં તેની કીર્તિની - સખાવતની વાતો થાય છે. બીજી બાજુ ધર્મી અને સીધા માણસને ત્યાં જાણે ધાડ પડે છે અને

રાજ્ય પણ તેને રંજાડે છે. ધર્મ-સદાચાર અને નીતિથી રહેનારને ત્યાં ખાવાના સાંસા પડતા હોય છે. વળી લોકો પણ તેનો અનાદર કરે છે.'

તેવામાં ગામની ભાગોળે આવેલા એક અવાવરુ મંદિરમાં એક બાવાજી ધૂણી ધખાવીને બેઠા હતા. તે કોઈની સાથે ઝાઝી વાત કરતા નહિ પણ લોકોમાં તેમના ચમત્કારની વાતો થતી હતી. બીજે દિવસે પેલો માણસ બાવાજી પાસે જઈને બેસી રહ્યો. સાંજે અવરજવર બંધ થઈ એટલે તેણે બાવાજી પાસે સરકીને શેઠની અને સદાવ્રતની વાત કરી. છેવટે તેણે નજરે જોયેલો શેઠનો અત્યાચાર કહેતાં પૂછ્યું, 'બાપજી! આ જગતમાં ભગવાન-બગવાન જેવું કંઈ રહ્યું જ નથી. આમ ને આમ ચાલે તો અમારા જેવા જે થોડેકે ધર્મ કરતા હશે તેમનો પણ ધર્મમાંથી વિશ્વાસ ઊઠી જશે.'

બાવાજી ગંભીરતાથી આ માણસની વાત સાંભળી રહ્યા હતા. થોડીક વારમાં તેમણે આંખો મીંચી દીધી અને સમાધિ લગાવી. કેટલાક સમય પછી સમાધિમાંથી બાવાજી બહાર આવ્યા. સામે પડેલા કુંડમાંથી થોડી રાખ કાઢીને તેમણે આ માણસના કપાળમાં લગાડી શક્તિપાત કરતાં કહ્યુંઃ 'બેટા અબ દેખો-કયા દિખતા હૈ?' માણસે થોડીક વારમાં ધ્યાનમાં ઊતરતાં કહ્યું, 'બાપજી, ઘીથી ભરેલો એક સાગર મેં જોયો અને તેને કાંઠે નાનો દીવો ટમ-ટમ થતો બળે છે-જાણે હોલવાઈ જવાની તૈયારીમાં છે.'

'બસ, યે બાત હૈ. પુણ્યકા દીપક બુઝનેવાલા હૈ ઓર પાપકા સાગર જલ ઉઠેગા.' બાવાજી બોલ્યા.

થોડાક દિવસ ગયા ત્યાં પેલા કૃપણ શેઠે વળી કોઈને મારીને ભંડકિયામાં સુવર્ણપુરુષને મૂકી દીધો. હવે તો શેઠ ખુશ-ખુશાલ રહેતા હતા. તેમણે સદાવ્રતમાં છૂટે હાથે દાન દેવા માંડ્યાં. હવે તો રાત સુધી સદાવ્રત ખુલ્લું રહેતું હતું અને લાગ આવે ત્યારે કોઈને મારીને સુવર્ણપુરુષ મેળવી લેતા હતા. એક બાજુ શેઠના દાનની ધારાનો પટ વિસ્તરતો ગયો તેથી લોકોમાં તેમની વાહ-વાહ થવા લાગી. બીજી બાજુ

ગામમાં ગને-હને વાત ફેલાવા લાગી કે માનો ન માનો સદાવ્રત પાસે કંઈ કૌતુક થાય છે અને ત્યાં ગયેલો માણસ ઘણી વાર પાછો ફરતો નથી. જાણે સદાવ્રત તેને ગળી જાય છે. આમ કેટલોક સમય ચાલ્યું.

ત્યાં એક દિવસ સદાવ્રત ખુલતાં ભિક્ષુકોએ નાક આડે કપડું દબાવી દીધું. કર્મચારીઓને પણ સમજ ન પડી કે આ અસહ્ય દુર્ગંધ કયાંથી આવે છે? છેવટે બધાને લાગ્યું : માનો કે ન માનો પણ દુર્ગંધ સદાવ્રતની નીચેના ભોંયરામાંથી આવે છે. છેવટે ભિક્ષુકોએ ભોંયરાના બારણાં તોડી નાંખ્યાં તો દુર્ગંધનો જાણે ધોધ વછૂટ્યો. શેઠે અંદર મૂકેલા બધા સુવર્ણપુરુષનાં વળી પાછાં શબ થઈ ગયેલાં અને તેમાંથી અસહ્ય દુર્ગંધ નીકળતી હતી. ગામમાં હો-હો થઈ ગઈ. થાણેદાર આવ્યો. સિપાઈઓ આવ્યા. શેઠના હાથમાં કડીઓ નાખીને તેમને કેદમાં નાખ્યા. રાજ્યે તેમના આ ક્રુર કૃત્ય માટે આકરી સજા કરી અને તેમની બધી મિલકત જપ્ત કરી લીધી.

ત્યાં પેલો માણસ દોડતો બાવાજી પાસે ગયો અને તેણે શેઠની આ બધી લીલા વર્ણવી. બાવાજીએ સ્મિત કરતાં વળી તેના કપાલમાં ભભૂતિ લગાવી તો તેને દેખાયું કે ઘીનો દીવો હોલવાઈ ગયો છે અને બાજુમાં રહેલો ઘીનો આખો સાગર સળગી ઊઠ્યો છે અને તેમાંથી ભીષણ જ્વાળાઓ ભભૂકી રહી છે.

આ છે પાપકર્મ અને પુણ્યકર્મના ઉદયની આંટીઘૂંટી જે ઘણા સમજતા નથી. અને તેને કારણે તેમને ધર્મ, નીતિ અને સદાચારની સફળતામાં શંકા જાગે છે. જનસમાજમાં એક મોટી ભ્રામક માન્યતા પ્રવર્તે છે કે કરેલા કર્મનું પરિણામ તુરત જ આવે. અમુક ગણ્યાગાંઠ્યા અપવાદો સિવાય કરેલાં કર્મો ભાગ્યે જ તે જન્મમાં ઉદયમાં આવે છે. કર્મોને ઉદયમાં આવવાની અવધિ આમ તો કરોડો વર્ષો અને કરોડો જન્મોની છે પણ જો બહુ જ જલદીથી તે ઉદયમાં આવે તો પણ બે-ત્રણ ભવ નીકળી જાય કે સહેજમાં સો-બસો વર્ષ નીકળી જાય. આપણે પહેલા ભાગમાં તેની ચર્ચા કરી છે કે કર્મ બંધાતી વેળાએ તે ક્યારે

ઉદયમાં આવશે તેના કાળની અવધિ નક્કી થઈ જાય છે. ક્યારે તે સત્વરે ઉદયમાં આવે અને ક્યારે વર્ષો પછી તેનો પરિપાક થાય તેનું ગણિત છે. તે ન જાણતા હોવાને કારણે આપણે ઉતાવળા થઈને અભિપ્રાય બાંધી દઈએ છીએ કે જગતમાં ન્યાય જેવું કંઈ નથી. કર્મસત્તા બિલકુલ નિષ્પક્ષ રહીને તેનો ન્યાય કરે છે; પણ તેની વ્યવસ્થા વિષે જો આપણને જ્ઞાન ન હોય તો આપણે ખોટે રવાડે ચડી જઈએ.

આ કથાનકમાં પણ શેઠનું જે પાપકર્મ ઉદયમાં આવ્યું તે મોટે ભાગે આ જન્મના પાપનું ન હોય, અનેક જન્મોનાં પાપકર્મ, કોઈ પ્રબળ પુણ્યકર્મના ઉદયથી પાછળ રહી ગયાં હતાં. પુણ્યકર્મ ભોગવાઈ જતાં પાપકર્મ ઉદયમાં આવ્યાં. અને જેનો પરચો આપણે જોયો. જે સમયે જે કર્મના ઉદયનો પ્રવાહ જોરદાર હોય તેમાં અન્ય કર્મો ખેંચાઈ પણ જાય અને તેની ખાસ અસર ન વર્તાય. પુણ્યકર્મનો પ્રવાહ જ્યારે ધસમસતો વહી રહ્યો હોય ત્યારે પાપકર્મો કાં તો તેમાં તણાઈ જાય કે કાં તો કિનારે ફેંકાઈ જાય. ગ્રીષ્મમાં શોષાઈ ગયેલ નદીની જેમ જેવો પુણ્યપ્રવાહ પાતળો પડે કે તુરત જ પાપકર્મોનો ઉદય વર્તાવા લાગે. આવી જ વાત પાપકર્મના પ્રવાહ માટે પણ ખરી ઠરે. **કર્મવાદનું રહસ્ય એના ઉદયના કાળની અવધિમાં** છે. કર્મને ઉદયમાં આવતાં વર્ષોનાં વર્ષો અને જન્મોના જન્મો થાય છે. જે **કર્મનો પ્રબળ ઉદય પ્રવર્તતો હોય તેમાં નબળું કર્મ પોતાનો પ્રભાવ ન દેખાડી શકે.**

એક વાત ખાસ સમજવા જેવી છે કે આ જન્મમાં કરેલાં કર્મોને આપણે ભાગ્યે જ આ જન્મમાં ભોગવીએ છીએ. તેમાં એક બે અપવાદ છે પણ તેનું ગણિત જૂદું છે – જેની વાત અહીં અસ્થાને છે. આપણને જ્યારે લાગે કે આપણી દશા પલટાઈ રહી છે ત્યારે પણ તે ગત જન્મોનાં કર્મોના ઉદયની અદલાબદલી થવાને કારણે હોય છે. આ જન્મમાં કરેલાં પુણ્યકર્મનું કે પાપકર્મનું ફળ આ જન્મમાં ભાગ્યે જ મળે છે. આ જન્મના કર્મનો ઉદય તો Rarest of rarest દુર્લભમાંય દુર્લભ છે.

-----

# ૧૩. આંતરિક પુરુષાર્થ
## (વછૂટતાં કર્મો)

પૂર્વે યજ્ઞદેવ નામનો એક બ્રાહ્મણ હતો જેને પોતાના જ્ઞાનનો ખૂબ ઘમંડ હતો. ધર્મ અંગે વાદ કરવા તે હંમેશાં ઉત્સુક રહેતો હતો. તેની એ શરત હતી કે જે મને વિવાદમાં હરાવશે તેનો હું શિષ્ય થઈ ને રહીશ અને જો સામી વ્યક્તિ હારે તો તેણે મારા શિષ્ય થવું પડશે. યોગાનુયોગ તેને એક બાળસાધુ સાથે મિલાપ થયો. તેની તેણે અવહેલના કરતાં બાળસાધુએ કહ્યું, 'તમે મારા ગુરુ સાથે વિવાદ કરો. મને નાનો જાણી શા માટે રંજાડો છો?' યજ્ઞદેવ આમ અન્ય ધર્મના વયસ્ક સાધુ સાથે વિવાદ કરવા ગયા. લાંબો સમય તેણે પોતાના મતનું મંડન કર્યું અને અન્ય મતનું ખંડન કર્યું છતાંય તે વાદવિવાદમાં હારી ગયો. શરત પ્રમાણે તેણે અન્ય ધર્મની દીક્ષા અંગીકાર કરી અને હરાવનાર ગુરુ પાસે શિષ્ય થઈને રહેવા લાગ્યો.

કાળક્રમે તેને અન્ય ધર્મની વાતો યથાર્થ લાગી અને પૂર્ણ ઉત્સાહથી તે યતિ ધર્મ પાળવા લાગ્યો. પણ યજ્ઞદેવના સાધુ થવાથી તેની સ્ત્રી ઘણી નારાજ હતી. તે યજ્ઞદેવનો વિરહ સહન ન કરી શકી તેથી તેણે યજ્ઞદેવને પુનઃ પ્રાપ્ત કરવા તેના કામણ-ટૂમણનો પ્રયોગ કર્યો. દુર્ભાગ્યે તેની અવળી અસર થઈ અને યજ્ઞદેવ મૃત્યુ પામ્યો. પતિના મૃત્યુની પીડાથી અને પસ્તાવાથી એ સ્ત્રી પણ છેવટે સાધ્વીનું જીવન જીવવા લાગી અને સમય જતાં તે મૃત્યુ પામી.

પૂર્વ ભવનો સ્નેહ અને આસક્તિ હોવાથી આ બંને જણ ત્રીજે ભવે એક જ નગરમાં જન્મ્યાં. સ્ત્રીનો જીવ નગરના શ્રેષ્ઠીની પત્નીની કુખે પાંચ પુત્રો પછી કન્યા તરીકે જન્મ્યો.

પાંચ પુત્રો પછી જન્મેલી કન્યા, માતા સુભદ્રા અને સૌને ખૂબ પ્રિય

હતી. અને તેનું નામ સુષમા રાખવામાં આવ્યું. પૂર્વ સંબંધોને કારણે આયુષ્યનો જે યોગ પડ્યો હતો તેથી શેઠની પડોશમાં જ રહેતી એક દાસીના ઉદરમાં યજ્ઞદેવનો જીવ ઉત્પન્ન થયો હતો. તેને લોકો દાસીના નામથી ચિલાતીપુત્ર તરીકે ઓળખતા હતા. સુભદ્રાએ આ ચિલાતીપુત્રને કંઈક દયાથી પોતાની લાડકી કન્યા સુષમાને રમાડવા રાખ્યો. દાસી, શેઠના તેમજ આસપાસનાં ઘરોનું કામ કરતી હતી અને તેના પુત્રને શેઠને ત્યાંથી ખાવા-પીવાનું તેમજ વસ્ત્ર આદિ મળી રહેતાં હતાં. સુષમાને આ છોકરા સાથે સારું ગોઠતું હતું. ક્યારેક સુષમા રડવા લાગે ત્યારે આ દાસીપુત્ર તેના ગુપ્તાંગો ઉપર હાથ ફેરવતો જેથી સુષમા રડતી બંધ થઈ જતી હતી અને આનંદમાં આવી જતી. એક વખત શેઠને આ વાતની ખબર પડી જતાં તેમણે દાસી અને તેના પુત્રને ઘરમાંથી કાઢી મૂક્યાં.

કાળે કરીને રખડતાં રખડતાં આ ચિલાતીપુત્ર ચોરી ઉપર નભનારા લોકોની પલ્લીમાં આવી પહોંચ્યો અને ત્યાં ઠરીઠામ થઈ ગયો. એવામાં ચોરોનો સરદાર મૃત્યુ પામ્યો અને આ ચિલાતીપુત્ર શરીરે રુષ્ટ-પુષ્ટ અને હિંમતવાળો હોવાથી લોકોએ તેને સરદાર તરીકે સ્થાપ્યો. ચિલાતીપુત્ર યૌવનમાં આવી ગયો હતો. પણ બાળપણની સખી સુષમા તેનાથી ભુલાતી ન હતી. એક વખતે તેણે સુષમાના ગામે જઈ તેના શ્રેષ્ઠી પિતાનું ઘર લૂંટવાની યોજના બનાવી જે ચોરોને ખૂબ પસંદ પડી. તેણે ચોરોને કહી દીધુંઃ 'શેઠની જે કંઈ મિલકત તમે લૂંટી લો તે તમારી. મારે તેમાંથી કંઈ ભાગ જોઈતો નથી. હું તો ફક્ત સુષમાને જ લઈશ અને તેને મારી પત્ની બનાવીશ.' ચોરોને આ ગોઠવણ સામે કંઈ વાંધો હતો નહીં.

બરાબર યોજના કરી ચોરોની ટોળકી ઓચિંતાના સુષમાના ગામ ઉપર રાત્રે ત્રાટકી. તેમનું નિશાન શ્રેષ્ઠીનું ઘર હતું. ભાગંભાગ અને ચીસાચીસ થઈ ગઈ. તેની વચ્ચે ચિલાતીપુત્ર સુષમાને લઈને ત્વરિત ગતિએ નાસી ગયો. અન્ય ચોર લુંટાય એટલી મિલકત લઈને નાઠા. શેઠે સુષમાને લઈને નાસી જતા ચિલાતીપુત્રને જોયો એટલે તેમણે કોલાહલ કરી મૂક્યો. તેનાથી જાગી ઊઠેલા નગરરક્ષક તેમજ શેઠ સહિત તેમના પાંચેય પુત્રો

સુષમાને બચાવવા ચિલાતીપુત્રની પાછળ પડ્યા. પાછળની કુમક મોટી હતી. અને તેમની પાસે વેગીલા અશ્વો હતા. તેથી ચિલાતીપુત્ર પકડાઈ જવાની અણી ઉપર આવી ગયો. તેને લાગ્યું કે હવે સુષમાને ગુમાવવી જ પડશે અને પછી તો તે તેને ક્યારેય નહીં મળે તેથી તેણે હતાશામાં આવી જઈને પોતાની પાસેના ખડગથી સુષમાનું માથું કાપી નાખી સાથે લઈ લીધું અને ધડ છોડી દીધું. સુષમાનું આવું કમકમાટી ભરેલું મૃત્યુ જોઈને શેઠ અને તેમના પુત્રો ધડ લઈને પાછા ફર્યા. હવે ચિલાતીપુત્રની પાછળ પડવાનો કંઈ જ અર્થ હતો નહીં.

ચિલાતીપુત્રે આવેશમાં અને હતાશામાં ભલે સુષમાનું મસ્તક કાપી નાખ્યું. પણ છેવટે તો તેને સુષમા માટે અનહદ રાગ હતો. સુષમાની હત્યાથી તે પોતે મનથી સાવ ભાંગી પડ્યો. પોતાની જાત ઉપર તેને ધૃણા થઈ. તેના હાથમાં હજુ તો સુષમાનું લોહી નીગળતું મસ્તક હતું. શરીર ઉપરનાં વસ્ત્રો લોહીથી ખરડાયેલાં હતાં. માથાના વાળ આમ-તેમ ઊડતા હતા અને આખું શરીર લોહીથી અને ધૂળથી ખરડાયેલું હતું. હવે શું કરવું તે તેને સમજાતું હતું નહીં ત્યાં તેની નજર એક ધ્યાનસ્થ મુનિ ઉપર પડી. નિર્જન પ્રદેશમાં મુનિ ધ્યાન કરી રહ્યા હતા. તેણે મુનિને હલાવી નાખ્યા અને બોલ્યો, 'મને માર્ગ બતાવો, મને ધર્મ કહો. જલદી બોલો, નહીં તો આ સુષમા જેવા જ તમારા હાલ કરી નાખીશ.'

ધ્યાન તૂટતાં મુનિ જાગી ગયા. સામે વિચિત્ર હાલતમાં લાલચોળ આંખોવાળો વિહ્વળ ચિલાતીપુત્ર જોયો. તેના હાથમાં હજુ તો સુષમાનું લોહી નીગળતું મસ્તક હતું. બીજા હાથમાં ખડ્ગ હતું. કોણ જાણે કેમ પણ મુનિને લાગ્યું કે હવે આ જીવને બોધ આપવાની ક્ષણ આવી પહોંચી છે. જીવ યોગ્યતાવાળો છે. તેમણે શાંત ચિત્તે કહ્યું, **'ઉપશમ-વિવેક-સંવર'** ચિલાતીપુત્ર કંઈ સમજે તે પહેલાં તો મુનિ આકાશગામિની વિદ્યાનું ઉચ્ચારણ કરીને ત્યાંથી ચાલ્યા ગયા.

હવે ચોરોના સરદાર ચિલાતીપુત્ર પાસે કંઈ માર્ગ ન હતો. તેણે સુષમાનું મસ્તક નીચે મૂકી દીધું. મુનિ જયાં ઊભા હતા ત્યાં જ ઊભો

રહીને **'ઉપશમ-વિવેક અને સંવર'** શબ્દો ઉપર વિચાર કરવા લાગ્યો. તપેલા લોખંડ ઉપર પડેલું પાણીનું ટીપું જેમ પળવારમાં શોષાઈ જાય તેમ આ શબ્દો તેના ચિત્તમાં ઊંડા ઊતરી ગયા. ધીમે ધીમે તેને શબ્દોના અર્થ સમજાવા લાગ્યા. 'ઉપશમ'-શાંત થા. તે શાંત થવા માંડ્યો. ત્યાં બીજો શબ્દ આગળ આવ્યો. 'વિવેક.' વળી અંદરથી પ્રકાશ રેલાયો. કરવા જેવું શું છે અને છોડવા જેવું શું છે તે સમજ. તે જ વિવેક. તેની સમક્ષ પોતાની આખી જિંદગીનો ચિતાર ખડો થયો. સંસાર છોડવા જેવો લાગ્યો અને મોહ ઓસરવા લાગ્યો. ત્યાં ત્રીજો શબ્દ આગળ ઊપસ્યો - 'સંવર.' સંવર એટલે રોકવું. શું રોકવાનું? વિચારધારા આગળ વધી. સામે માર્ગ દેખાયો. મન-વચન અને કાયાના બધા વ્યાપારોને રોકી લે. સ્થિર થઈ જા. તે ધ્યાનની ધારાએ ચડ્યો. શરીરનું શું થઈ રહ્યું છે તેની તેણે ચિંતા ન કરી. લોહીથી ખરડાયેલા શરીર ઉપર કીડીઓનું કટક ચડી આવ્યું હતું અને તેને ચટકા ભરતું હતું. પણ હવે તેની ચેતના દેહાતીત થઈ ગઈ હતી. તે તો ધ્યાનની ધારાએ ઉપર ચડ્યો. વેદનાને તેણે ન ગણકારી. આમને આમ શરીરની અસહ્ય વેદનાની ઉપેક્ષા કરતો તે અઢી દિવસ ઊભો રહ્યો. અને 'ઉપશમ-સંવર-વિવેક' ઉપર ચિંતન કરતો રહ્યો. અઢી દિવસ સુધીમાં કીડીઓએ તેના શરીરને ચટકા ભરી ચાળણી જેવું કરી નાખ્યું હતું. અને ભૂખ્યો તરસ્યો દેહ છેવટે ઢળી પડ્યો અને તે મૃત્યુ પામ્યો. આમ, અસહ્ય શારીરિક પીડા સ્થિરતાથી - સમતાથી સહન કરતાં, 'ઉપશમ-વિવેક અને સંવર'નાં ત્રણ પદોનું ચિંતન કરતાં ચિલાતીપુત્રે પોતાનો દેહ છોડ્યો અને આ અંતિમ પણ **પ્રબળ આંતરિક પુરુષાર્થ**ને પરિણામે દેવલોકમાં ઉત્પન્ન થયો.

આ રોચક કથા કર્મના સિદ્ધાંતના ઘણા મહત્ત્વના મુદ્દાઓને સ્પર્શે છે. એક તો પૂર્વ ભવનો રાગ ચિલાતીપુત્ર અને સુષમાને નવા ભવમાં નજીકમાં જ લાવી મૂકે છે અને બંનેને પરસ્પર સહજ સ્નેહ રહે છે. વળી, યજ્ઞદેવના મૃત્યુનું કારણ તેની પત્નીએ કરેલું કામણ હતું. તેથી

ચિલાતીપુત્ર પણ બીજા ભવમાં સુષમાના મૃત્યુનું કારણ બન્યો હોય. પૂર્વભવમાં જે કંઈ બન્યું તેમાં સ્નેહ અને વિરહ જ મહત્ત્વનાં પરિબળ હતાં. તે પણ આ ભવમાં અસ્તિત્વમાં છે. પૂર્વભવમાં ચિલાતીપુત્રે સાધુધર્મ અંગીકાર કર્યો હતો અને પાછળથી તો પુરા મનથી પાળ્યો હતો. તેથી તેના જીવના ઉત્કર્ષનાં બીજ વવાઈ ચૂક્યાં હતાં. સુષમાનો માર્ગ પણ ઉજ્જવળ રહ્યો હશે એમ માની શકાય કારણ કે ગત ભવમાં તેને પોતાના કામણ પ્રયોગ માટે પશ્ચાત્તાપ કર્યો હતો અને સાધ્વી ધર્મ અંગીકાર કર્યો હતો. કથાકારે આ બાબતને સ્પર્શ નથી કર્યો. તેથી આપણે એ વાત છોડી દઈએ છીએ.

કર્મની ખૂબ મહત્ત્વની વાત છે. ચિલાતીપુત્રના 'ઉપશમ-વિવેક અને સંવર' એ ત્રિપદીના ચિંતનની - ધ્યાનની. દાસીપુત્ર તરીકેનું તેનું જીવન ચોરી-જૂઠ આદિ પાપોથી ભરેલું છે. વળી નિર્દોષ સ્ત્રીની કારમી હત્યાનું પાપ તે કરી ચૂક્યો છે છતાંય અઢી દિવસની તપશ્ચર્યા અને ધ્યાનથી તે કેટલાંય કર્મોને તોડી નાખે છે અને ખેરવી નાખે છે. પરિણામે તે સ્વર્ગે સિધાવે છે - દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

અહીં ચૈતન્યની અનર્ગળ શક્તિની પ્રતીતિ થાય છે. જો ચૈતન્ય જાગી ઊઠે તો ગમે તેવાં કર્મોના ભૂક્કા બોલાવી તેનાથી મુક્ત થઈ જવાની ચૈતન્યમાં તાકાત છે. પછી તે એક શું અનેક જન્મોનાં કર્મો તોડી નાખી શકે છે પણ તે માટેનું સબળ સાધન છે 'ધ્યાન'. ધ્યાનની ધારામાં ઉપર ચડતો જીવ એક વાર તો સઘળાં કર્મોને સળગાવી મૂકવાની તાકાત ધરાવે છે - જો ધ્યાનની ધારા ક્યાંય ન તૂટે તો. અને આ ધ્યાન એ આંતરિક પુરુષાર્થની વાત છે. અભ્યંતર પુરુષાર્થમાં ઘણું બળ હોય છે એની આ કથાનક પ્રતીતિ કરાવે છે.

-----

## ૧૪. વિચક્ષણ સુકાની
### (કર્મના ભોગવટાની કથા)

આ સદીના પૂર્વાર્ધની વાત છે. ભારતમાં બ્રિટિશરાજે પોતાના પગ મજબૂત કરી દીધા હતા. પીંઢારા-ઢગો વગેરેનો ઉપદ્રવ શાંત થયો હતો. લોકોને શાંતિ અને સલામતીનો અહેસાસ લાગવા માંડ્યો હતો. સૌરાષ્ટ્રના ખૂણે આવેલા નાના ગામનો એક મોટો શેઠ દેશ-દેશાવર સાથે વેપાર ખેડતો હતો. નાના ગામમાં શેઠની મોટી પેઢી ચાલે પણ શેઠની શાખ દેશના સીમાડાઓ સુધી પહોંચેલી હતી. રોજ ગામ-પરગામથી વાણોતરો આવે અને શેઠના ગુમાસ્તાઓ આખી સાલ ખેપ કરતા રહે. બહોળો વેપાર કરનાર શેઠનો એક વિચિત્ર નિયમ હતો.

સવારે શેઠ ભાગોળે જવા નીકળે ત્યારે સાથે એક સોનાની ઈંટ લેતા જાય. આ સોનાની ઈંટ ચામડાથી મઢેલી. ઉપર વળી કંતાનનું બારદાન, ઈંટ ઉપર, ચામડા ઉપર અને બારદાન ઉપર શેઠની પેઢીનું નામ-સરનામું વગેરે લખેલાં. શેઠ સવારે ભાગોળેથી પાછા ફરતાં આ ઈંટ માર્ગમાં ક્યાંક નાખી દે. પછી ઘરે જઈ સ્નાનાદિ કરી દેવ-દર્શન જાય. ત્યાંથી કથા વાર્તા સાંભળવા જાય અને છેવટે ગુરુભગવંતને વંદન કરીને નિરાંતે પેઢીએ જાય. પેઢી ઉપર જઈ ભગવાનનું નામ-સ્મરણ કરતા ગાદી-તકિયે બેસે. એક પછી એક ગુમાસ્તા આવતા જાય. સૌ ભગવાનની છબીને વંદન કરી પોત-પોતાની જગ્યાએ બેસે પણ પેઢીનું કામ શરૂ ન થાય. શેઠ ગાદી ઉપર બેસી ઈશ્વરનું નામ-સ્મરણ કરતા બેસી રહે. એવામાં કોઈને કોઈ ગામમાંથી કે પરગામમાંથી આવી પહોંચે અને કહે,

'શેઠ, આ તમારી ઈંટ રસ્તામાં પડી હતી. ઉપર તમારી પેઢીનું નામ વાંચ્યું એટલે લેતો આવ્યો.'

શેઠ ઈંટ લાવનારનો આભાર માને અને બક્ષિસ આપે. પછી મુનિમને

બોલાવી ઈંટને તિજોરીમાં મુકાવે. ઈંટ તિજોરીમાં મુકાઈ જાય પછી શેઠના હુકમો છૂટે. પેઢીનું બધું કામકાજ શરૂ થઈ જાય. શેઠ દેશ-દેશાવરના સોદા પાડે. ચોપડા જોવાય, હિસાબો થાય. માણસોની અવર-જવર શરૂ થઈ જાય. આખી પેઢી ચહલ-પહલથી જાણે ધમધમી ઊઠે. જો કોઈ દિવસ ઈંટ પાછી ફરતાં વાર લાગે તો શેઠ ગાદી ઉપર બેસી રહે પણ પેઢીનો કારભાર શરૂ ન થાય. ઈંટ આવી જાય પછી જ કામકાજ શરૂ થાય અને ઈંટ રોજ પાછી આવી જ જાય.

એક દિવસ શેઠ મધ્યાહ્ન સુધી બેસી રહ્યા પણ ઈંટ લઈને કોઈ આવ્યું નહીં. મુનિમો, ગુમાસ્તા, નોકરચાકર બધા શેઠની સામે જોઈને બેસી રહ્યા હતા. બપોર થતાં શેઠ મૂંગા મૂગાં જમવા ગયા. પેઢીમાં આજે સોપો પડી ગયો હતો. બપોરે જમીને આવ્યા પછી શેઠે ઈંટ માટે પૂછ્યું. જવાબમાં મુનિમે માથું ધુણાવ્યું. શેઠ ઊભા થયા. દરેકની જગ્યા પાસે જઈને ક્રમની સૂચનાઓ આપવા લાગ્યા. પણ આ બધી સૂચનાઓ વેપાર કાપવાની હતી. કોઈ નવો સોદો શેઠે કર્યો નહીં. વિશ્વાસુ મુનિમે એકાંતમાં જઈને શેઠને કહ્યું, 'શેઠ, ચડતો બજાર છે. અત્યારે તો કમાવાનો સમય છે. અને તમે કેમ પાછા પડો છો?'

શેઠે શાંતિથી કહ્યું, 'આજે સોનાની ઈંટ પાછી નથી ફરી. પેઢીની દશા બદલાઈ. ધંધો કાપો. ઉઘરાણી ઘરભેગી કરો. નવું જોખમ લેશો નહીં. હવે ઉધાર પણ બંધ. સોડ સંકોરીને બેસી જાવ.'

મુનિમે આજ્ઞાનો આદર કરતાં પૂછ્યું, 'તો પછી દાન-ધર્મ-સદાવ્રત એ બધાના ખર્ચા ટુંકાવીશું કે બંધ કરીશું?'

શેઠે ઉત્તર આપ્યો, 'દાન-ધર્મની ધારા ન અટકવી જોઈએ. એમાં કોઈએ મન મોળું કરવાનું નથી.'

પેઢીમાં સૌને લાગ્યું કે શેઠ હાથમાં આવેલી બાજી ગુમાવે છે. સોનાનાં નળિયાં થાય એવી બજારની રૂખ છે ત્યારે શેઠ પાણીમાં બેસી ગયા. પણ શેઠને કહે કોણ? અને કોઈ કહે તો શેઠ માને ખરા? આમ કેટલાક મહિનાઓ સુધી પેઢીનો કારભાર આ રીતે જ ચાલ્યા કર્યો. શેઠની નીતિ

પગ મજબૂત કરવાની જ રહી. જોખમ માત્ર લેવાનું નહીં. આમ ને આમ આખું વર્ષ નીકળી ગયું. ખર્ચા મોટા અને ધંધા છોટા જેવો ઘાટ થયો હતો. સૌ અકળાયા કરે. કામ વિના બધા મોટે ભાગે બેસી રહે પણ શેઠ સહેજેય ટસના મસ ન થાય.

એમ ચાલ્યા કરતું હતું ત્યાં એક દિવસ શેઠ રોજના નિયમ પ્રમાણે કથા-વાર્તા, દેવ-દર્શન ઈત્યાદિ પતાવીને પેઢીએ આવીને બેઠા ત્યાં એક માછીમાર જેવો અર્ધો નાગો-પૂગો માણસ આવ્યો. તેના હાથમાં પેલી ઈંટ હતી. બારદાન ઉપરનું નામ ધોવાઈ ગયું હતું; ચામડું ફૂલી ગયું હતું પણ તેના ઉપરનું નામ થોડું વંચાતું હતું. પેલો માછીમાર કહેઃ 'આ ઈંટ મને પાણીમાંથી મળી હતી. ઘરમાં લાવીને મૂકી હતી. ક્યાંક ભાર મૂકવાનો હોય ત્યાં અમે તેનો ઉપયોગ કરતા હતા. પણ આજે કોઈ ભણેલો છોકરો આવ્યો હતો. તેણે તમારી પેઢીનું નામ વાંચ્યુ અને કહે કે આ તો આપણા ગામના દાતાર શેઠ. જેવી ખબર પડી કે દોડતો ઈંટ લઈને આવી પહોંચ્યો. શેઠ માફ કરજો, કોણ જાણે કેટલાય સમયથી તમારી આ ઈંટ અમારી પાસે પડી હતી. અભણ અને આંધળા બેય સરખા તેના જેવી વાત થઈ.'

શેઠે હસીને ઈંટ લઈને બાજુએ મૂકી. મછેરાને સારી એવી બક્ષિસ આપી વિદાય કર્યો. બસ, પછી તો બંદૂકમાંથી ગોળી વછૂટે તેમ શેઠના મોમાંથી હુકમો છૂટવા લાગ્યા. આ સોદો કરો. પેલો ધંધો સુલટાવો. નવો માલ ખરીદો અને ગોદામો ભરવા માંડો. દેશાવરમાં સંદેશાઓ મોકલો. થોડીક વારમાં તો આખી પેઢી કામકાજથી ધમધમી ઊઠી. મુનિમ શેઠની સામે જોઈ મરક-મરક હસી રહ્યો હતો. શેઠ મુનિમના સ્મિતનો મર્મ સમજી જતાં બોલ્યા, 'મુનિમ, આજે સોનાની ઈંટ પાછી ફરી છે. દશા ઘરે આવી. હવે પગ સંકેલીને બેસવાનો વખત નથી.' આમ, શેઠ, મુનિમ, વાણોતર, ગુમાસ્તા, નોકર-ચાકર સૌ ઉત્સાહમાં આવી ગયા. શેઠે ધંધાની લગામ ઢીલી કરી દીધી અને સૌને ઉદાર હાથે આપવા માંડ્યું.

સોનાની ઈંટની કથામાં કર્મનો મહત્ત્વનો એક મર્મ છુપાયેલો છે. શેઠ વિચક્ષણ હતા, ધર્મિષ્ઠ હતા અને કર્મના નિયમોના જાણકાર હતા. કરેલાં કર્મને બદલવાં એક વાત છે અને તે ઘણી મુશ્કેલ છે. પણ ઉદયમાં આવેલાં કર્મ તો ભોગવવાં જ પડે. શેઠ સોનાની ઈંટના એંધાણથી ઉદયમાં આવી રહેલાં કર્મોને પારખી જતા હતા. પુણ્યકર્મનો ઉદય આવે ત્યારે ચારે બાજુ વાહ-વાહ થાય, ભૂલ થાય તો પણ તે લાભમાં ઊતરે. પાપકર્મનો ઉદય આવે ત્યારે બધું અવળું પડે.

શેઠ ઈંટ પાછી ફરે છે કે નહીં તેને આધારે પોતાની બદલાતી દશાનો અંદાજ લગાવી લેતા હતા અને તે પ્રમાણે પોતાની પ્રવૃત્તિમાં વધઘટ કરી લેતા હતા. તેથી સારી દશાનો તેમને વધારે લાભ મળતો હતો અને ખરાબ દશામાં નુકસાન ઓછું થતું હતું. વળી, તેઓ જાણતા હતા કે કર્મના ઉદય પ્રમાણે દશા પલટાય છે. તેથી દાન-ધર્મ જેવી પુણ્ય-પ્રવૃત્તિઓમાં ઓટ ન આવવા દેતા. આમ, માઠી દશામાં પણ તેઓ પુણ્ય તો એકઠું કરતા રહેતા. કર્મના ઉદયથી માહિતગાર હોવાને કારણે ગમે તે દશામાં પણ તેઓ સ્વસ્થ રહી શકતા હતા. તેથી દશા પણ તેમને ઝાઝી હેરાન કરી શકતી નહીં. આમ શેઠ સારી દશાનો પૂરો લાભ લઈ લેતા અને માઠી દશાની વેળાએ સાવધ હોવાથી મોટા નુકસાનમાંથી બચી જતા હતા.

આમ શેઠ બહુ વિચક્ષણ હતા. કર્મના મર્મને તેઓ સમજતા હતા તેથી જેમ કુશળ સુકાની સાગરની સફરમાં પવનને પારખીને નાવના સઢ ખોલી નાખે કે ઉતારી લે તેમ શેઠ આવતી દશાનાં એંધાણ વર્તી પોતાની પ્રવૃત્તિનો દોર લંબાવતા કે ટૂંકો કરતા. **આપણે જો કર્મની નીતિ-રીતિ સમજીને કામ કરીએ તો આપણી આપત્તિઓ અલ્પ થાય અને સંપત્તિ વિપુલ થાય. આપત્તિનો ઘા ઓછો લાગે અને સંપત્તિ સમતાથી જીરવાય. કર્મનો ભોગવટો એ પણ એક કળા છે. એમાંય પુરુષાર્થને અવકાશ છે.**

-----

# ૧૫. मा प्रमादि निशात्यये
## (નિમિત્તની પ્રબળતા)

રાજનગરીમાં નટમંડળી આવી છે અને રાત્રે ચોરે-ચૌટે હેરતભર્યા પ્રયોગો કરે છે – એ વાત નગરજનોમાં ખૂબ ચર્ચાતી હતી. સાંજ પડી નથી અને નગરનાં આબાલવૃદ્ધ સૌ વહેલા વહેલા તૈયાર થવા લાગે અને આજે કઈ જગ્યાએ નટોના ખેલો થવાના છે તેની તપાસ કરી ત્યાં વેળાસર પહોંચી જઈને સારી જગ્યા મેળવી લઈને ગોઠવાઈ જાય. અંગભંગિના વિવિધ પ્રયોગો કરનાર ઘણીય નટમંડળીઓ દર સાલ નગરમાં આવતી હતી પણ આ નટમંડળીએ તો આખા નગરને ઘેલું કરી મૂક્યું હતું. તેમના ખેલોમાં કૌશલ્ય હતું, સાહસ હતું પણ નટો જે નજાકતથી પ્રયોગો કરતા હતા તેનાથી લોકો ખૂબ પ્રભાવિત થઈ જતા હતા. આટલું જાણે ઓછું હોય તેમ આ મંડળીમાં વળી એક રૂપાળી નટી પણ હતી. તે જાતે ખેલ તો ક્યારેક જ કરતી હતી પણ હંમેશાં મૃદંગ બજાવતી અને વચ્ચે વચ્ચે મીઠા લહેકાથી નટને ઉત્સાહ આપતી હતી. આ નટીના સૂરના વહેણમાં યુવાનો તો શું પણ વૃદ્ધોય જાણે વહી જતા હતા.

પુરુષોની ક્યાં વાત કરવી? આ નટકન્યાને જોવા, સૂરમાં સાંભળવા અને તેની મોહક અદાઓને નિહાળવા નગરની સ્ત્રીઓ પણ ચોકમાં આવી જતી હતી. નગર આખું આ નટમંડળીના ખેલ-કૂદના પ્રયોગો જોવા હેલે ચડ્યું હતું. ચોરાયાની વચ્ચે ખોડેલા વાંસના થાંભલા ઉપરના દોરડા ઉપર સરકતા નટ સામે આંખમિચોલી કરતી નટકન્યા, મૃદંગ ઉપર થાય આપતી ત્યારે દોરડા ઉપર નર્તન કરતા નટના પગમાં કંઈક અનોખા બળનો સંચાર થતો હતો અને તે અવનવી કળાઓ દેખાડતો હતો. નટી વાંસની આણ સાચીને ઊભી રહેતી હતી પણ તેની નજર તો દોરડા ઉપર સરકતા નટ

ઉપર જ રમ્યા કરતી હતી. બીજી બાજુ ખેલ જોવા ભેગા થયેલા લોકોની આંખો નટના ખેલ જોવા કરતાં વધારે તો નટકન્યાના દેહલાલિત્ય ઉપર મંડાયેલી રહેતી હતી. તરુલતા જેવા હાથની મૃદંગ ઉપર પડતી થપાટે થપાટે લોકોનાં હૈયાં નાચી ઊઠતાં હતાં. મધરાત પછી દોરડા ઉપર નાચતો રૂપાળો નટ નીચે ઊતરે ત્યારે નટીની આંખો જાણે તેને ભેટી લેતી હોય તેમ આનંદથી છલકાઈ જાય. નટકન્યાના મુખમાંથી એક વેણ ન નીકળે પણ તેની આંખો નટની સફળતા અને સલામતીના રંગથી જાણે રંગાઈ જાય.

દિવસે પણ નગરજનો આ નટમંડળીના અદ્‌ભુત ખેલો અને નટીની નજાકતની વાતો કરતાં થાકતા નહિ. નટમંડળીની ચર્ચાનો શોર એટલો મોટો અને વ્યાપક હતો કે છેવટે તે રાજગઢની ઊંચી દીવાલો કૂદીને પણ વયોવૃદ્ધ રાજવી સુધી પહોંચી ગયો. સામાન્ય રીતે અફીણના પાસમાં અને સત્તાના કેફમાં ડૂબેલો રાજવી નગરજનોની વાતો ઉપર ઝાઝું ધ્યાન આપતો નહિ પણ આ નટમંડળીના અજાયબ પ્રયોગો અને નટીના અદ્‌ભુત સૌન્દર્યની વાતોથી એટલો તો પ્રભાવિત થઈ ગયો કે તેને આ પ્રયોગો જોવાનું અને ખાસ તો નટીને નીરખવાનું મન થયું. રાજદરબારનું આમંત્રણ મળતાં નટમંડળી તો ખુશખુશાલ થઈ ગઈ. રાજગઢમાં ખેલ કરવાનો દિવસ નક્કી થયો. તે દિવસ માટે નટમંડળીએ સૌને માટે રંગ-બેરંગી વસ્ત્રો અને આભૂષણો ખાસ તૈયાર કરાવ્યાં. વધારે હેરતભર્યા પ્રયોગો કરી રાજાને રીઝવવા બે-ચાર ખૂબ જોખમી ખેલો પણ તૈયાર કર્યા. પેલા રૂપાળા નટે તે માટે કેટલીય રિયાઝ કરી લીધી. નમણી નટડી રિયાઝમાં મૃદંગને તાલ આપી સહયોગ કરતી હતી પણ તેનું મન આનંદને બદલે કોઈ અગમ્ય ભીતિથી ભરાઈ જતું હતું. જ્યારે બીજી બાજુ નટમંડળીના સભ્યો તો આનંદથી થનગની રહ્યા હતા અને રાજગઢમાં છેલ્લો ખેલ પાડી રાજાને રીઝવી ભારે ઇનામ મેળવી આ નગરીમાંથી વિદાય થવાની તૈયારીઓ પણ કરતા હતા.

રાજગઢની અંદર થનારા ખેલની પૂર્વતૈયારી રૂપે નટમંડળીએ એક

સપ્તાહ પહેલાં અન્ય સ્થળોએ ખેલ કરવા જવાનું બંધ કરી દીધું હતું, પણ ગામની બહાર પડેલા નટોનો તંબુઓ તો દિવસ-રાત રિયાઝની ચહલપહલથી ભરાયેલા રહેતા હતા. ભાંગી રાતે પણ મૃદંગ પડતી મૃદુ થપાટોના તાલનો નાદ દૂર દૂર સુધી રેલાતો હતો. જે લોકોને રાજગઢમાં ખેલ જોવાનું આમંત્રણ મળ્યું હતું તેઓ પોતાને નસીબદાર માનતા હતા અને જે રહી ગયા તે આમંત્રણ મેળવવાની પેરવીઓ કરતા હતા.

નટમંડળીના નગરનિવાસનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો. રાજગઢમાં દીપમાલાઓ ઝળહળી ઊઠી અને મહેલની આગળના વિશાળ ચોકમાં વાંસ ખોડાઈ ગયા. રંગ-બેરંગી વસ્ત્રો લહેરાવી નટમંડળીએ રાજગઢમાં પ્રવેશ કર્યો. બધી ગોઠવણો થઈ ગયા પછી નટકન્યાએ મૃદંગ ઉપર રોશથી થાપ મારી અને રાજાને જાણે લલકાર્યો. દરબારીઓ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા હતા. રાણીવાસ ચકની પાછળ આવીને બેસી ગયો હતો. છેવટે વયોવૃદ્ધ રાજવી યૌવનને પકડીને ચાલતા હોય તેમ આવીને ઝરૂખામાં બેઠા. કેફથી તેમની આંખોના ખૂણામાં લાલ ટસરો તરી આવેલી દેખાતી હતી.

નટમંડળીના નટોએ ઝૂકીને રાજાનું અભિવાદન કર્યું શંખ-કોડીઓ અને છીપલાંના દાગીનાઓ પહેરીને રંગીન આભૂષણોથી સજ્જ થયેલી નમણી નટીએ જ્યાં પોતાનું મસ્તક સહેજ નમાવીને રાજાને વંદન કર્યું ત્યાં રાજાની આંખમાં જાણે એક ભડકો થયો. આ ભડકો જોઈને દૂરથી પણ આ નટી જાણે દાઝી ગઈ. પણ ઈનામ અકરામ મેળવવાની આશામાં નાચતા-કૂદતા નટોને તો તેનો અણસાર ન આવ્યો. રાત્રિ જામતી ગઈ અને નટમંડળીના ખેલો થતા ગયા અને દરબારીઓ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેતા હતા. એમ કરતાં કરતાં મધરાત વીતી ગઈ. કેટલીક રાણીઓ તો ઊઠીને સૂવા પણ ચાલી ગઈ. દરબારીઓ પણ હવે ઊંઘે ભરાવા લાગ્યા હતા, નટો પણ થાકતા જતા હતા પણ રાજા એકલો અણનમ હતો. જાણે ખેલથી ખુશ થયો ન હોય તેમ તે નટોના મુખીયાને કંઈક અવનવા ખેલ બતાવવા સૂચના કરતો હતો. છેવટે નટકન્યા ફરી

આગળ આવી અને મૃદંગ ઉપર રોશ અને જોશથી થાપ મારી ત્યારે તેની આંખોમાં તેજનો કોઈ અંગારો હોય તેમ લાગ્યું. પેલો સોહામણો નટ ફરી પાછો બે વાંસ વચ્ચે ઝૂલતા દોરડા ઉપર ચડી ગયો અને લોકોએ કયારેય જોયા ન હોય તેવા અદ્‌ભુત ખેલ કરવા લાગ્યો પણ રાજા રીઝતો નથી.

રૂપાળા નટે વળી વધારે જોખમી ખેલ કરી રાજા સામે જોયું પણ રાજાની નજર તો નટડીના અંગ ઉપર જ ફરતી હતી. નટ પામી ગયો કે રાજા તેનાથી રીઝવાનો નથી. દોરડા ઉપરથી આમ તેમ સરકતા નટે, નીચે ઊભેલી નટી સામે જોઈ ઈશારાથી કંઈ પૂછ્યું. બધા તો ઈશારાની આ ભાષા ન સમજ્યા પણ દોરડા ઉપર નર્તન કરતા પગની વાત મૃદંગ ઉપર રમતા કોમળ હસ્તની નાજુક અંગુલીઓ સમજી ગઈ. નટડીએ રોશમાં આવી મૃદંગ ઉપર થાપ મારી તાલ બદલ્યો અને મીઠા કંઠે લલકાર્યું

**मा प्रमादि निशात्यये...**

નટડીએ પંક્તિના પ્રત્યેક અક્ષરને સૂર સાથે એવો તો વહાવ્યો કે રાત્રિ જાણે કરુણાથી ભરાઈ ગઈ. નટે ઈશારામાં પૂછ્યું હતું કે હવે રાજા ખેલથી રીઝે તેમ નથી કારણ કે તેની નજર તારા રૂપ ઉપર છે. તેના ઉત્તરમાં મૃદંગનો તાલ બદલી સૂરમાં નટકન્યાએ સંભળાવ્યું કે હવે તો રાત્રિ પૂરી થવા આવી છે તું પ્રમાદ ન કરીશ. રાતનો અંત નજીકમાં છે આ ખેલ પણ છેલ્લો છે. તું આટલો ખેલ આળસ કર્યા વગર કરી લે. પછી આપણે બધું સંકેલી લઈશું. હવે રાજા રીઝે કે ન રીઝે તેની સામે જોઈશ નહિ. થોડીક વારનો જ ખેલ છે. ઉતાવળ ન કરીશ. રાત્રિ પૂરી થવાની તૈયારીમાં છે અને પ્રભાત નજીકમાં જ છે.

નટકન્યાનો કંઠ રેલાયા કરે છે અને રાત્રિના નીરવ વાતાવરણમાં સૂરના પ્રત્યેક આરોહ-અવરોહ સાથે મૃદંગ તાલ-મેલ સાધી રહ્યું છે. ત્યાં અચરજ થયું. રાજાની બાજુના ઝરૂખામાંથી સોહામણા રાજકુંવરે હાથ ઉપરથી વીંટી ઉતારીને નટોએ પાથરેલા ઉપરણા ઉપર નાખી. એ વીંટી ઉપરનું પાનું દીપમાલાઓના તેજથી ચમકી રાતના અંધકારમાં તેજકિરણો ફેલાવતું હતું. આ વીંટી કોણે નાખી એ સૌ જાણે એ પહેલાં તો બાજુના

ઝરૂખામાંથી સ્વરૂપવાન રાજકન્યાએ પોતાના હાથ ઉપરથી ઉતારીને સુવર્ણનું કડું નીચે ફેંક્યું. કડા ઉપર જડેલાં રત્નો દીપમાલાઓના તેજથી ઝબકી રહ્યાં. રાજાએ ચમકીને બંને તરફ પૃચ્છાની નજરે જોયું ત્યાં તો દીવાલની ઓથે છુપાયેલા એક સંન્યાસીએ આગળ આવીને પોતાની કંથામાંથી એક હીરો કાઢીને નટોની આગળ ધરી દીધો. ખેલ જોવા ભેગા થયેલા દરબારીઓ અને રાજકુટુંબના અન્ય સભ્યો આશ્ચર્યથી, ઓચિંતા પડેલી ભેટોને વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યા. ત્યાં તો રાજાએ પોતે ગળે લટકતો હીરાનો હાર કાઢીને નટમંડળીએ બિછાવેલા ઉપરણા ઉપર નાખ્યો.

સૌ દિગમૂઢ થઈ ગયા. ખેલ સમાપ્ત થયો. દોરડા ઉપરથી નટ નીચે ઊતર્યો. નટડીની આંખો હર્ષનાં આંસુથી છલકાઈ ગઈ. નટોનો મુખીયો અમૂલ્ય રત્નો અને દરબારીઓએ પણ નાખેલી ભેટ-સોગાદોથી ભરાયેલા ઉપરણાને સમેટતાં સૌને ઝૂકી-ઝૂકીને સલામો કરતો હતો. ત્યાં રાજાએ સૌને રોક્યા અને રાજપુત્રને પૂછ્યું, 'હું તો રાજા છું સૌથી પ્રથમ ભેટ આપવાનો અધિકાર મારો છે પણ એ શિરસ્તાનો ભંગ કરી તેં મારાય પહેલાં વીંટી કેમ નાખી.'

રાજકુમારે કહ્યું, 'પિતાશ્રી તમે આટલા વૃદ્ધ થયા છો, છતાંય રાજ્યની ધૂરા મારા હાથમાં સોંપતા નથી. મારી કંઈ સત્તા નથી. કોણ જાણે ક્યારેય મરશો અને હું ક્યારેય રાજા થઈશ. ક્યારે મારો હુકમ ચાલશે-આમ કેટલાય વખતથી હું વિચાર કર્યા કરતો હતો. કાલે સવારે બળવો કરી તમને મારીને રાજગાદી કબજે કરી લેવાનો છેવટે મેં વિચાર કર્યો હતો. ત્યાં નટપુત્રીના આ ગીત અને મીઠી હલકે મને ઢંઢોળ્યો કે પિતાશ્રી જીવી જીવીને કેટલું જીવશે? થોડાક સમય માટે પિતાની હત્યા કરી શા માટે તેમના લોહીથી હાથ રંગવા? રાત્રિ પૂરી થવાની છે અને સવાર પડવાની તૈયારી છે - એમ સૂચવતી પંક્તિ સાંભળી મારો વિચાર બદલાઈ ગયો. આમ, આ નટીનો મોટો ઉપકાર છે તેથી મેં ઉત્સાહમાં આવી જઈને વીંટી ફેંકી.'

રાજાએ રાજકુંવરી સામે જોયું તો તેણે આંસુભરી આંખોએ રાજાને પગે પડતાં કહ્યું, 'બાપુજી! મને માફ કરો. મારો યૌવનકાળ વહી ગયો છે પણ તમે ક્યાંય મારાં લગ્ન નથી કરાવતા. જ્યાં જ્યાં કંઈ પ્રયાસ થાય ત્યાં કંઈને કંઈ તમે વાંધા-વચકા કાઢો છો અને મારા વિવાહની વાત અટકી પડે છે. તમને તમારા વટનો ખ્યાલ છે પણ વીતી રહેલા મારા યૌવનનો ખ્યાલ નથી રહ્યો. તેથી મેં મારા પ્રેમી સાથે નાસી જવાની ગોઠવણ કરી હતી. મારો પ્રેમી રજપૂત અત્યારે ગઢની બહાર ઘોડાં તૈયાર રાખીને જ ઊભો હશે. આ નટકન્યાના ગીતે અને મધુર કંઠે મને વિચાર કરતી કરી મૂકી- હવે પિતાશ્રી કેટલું જીવશે? મારા આ કૃત્યથી તેમની શાન ધૂળમાં મળી જશે અને તેઓ આ આઘાત નહિ જીરવી શકે. આમ વિચારતાં મેં મારો નિર્ણય બદલ્યો ને સવેળા એક અપકૃત્ય કરવામાંથી બચી ગઈ તેની ખુશીમાં મેં મારા હાથ ઉપરનું કડુ નટી તરફ ફેંક્યું.'

રાજાએ છેવટે પેલા સાધુ તરફ જોયું તો તે પગે લાગીને બોલ્યો, 'રાજાજી, મારી તો વાત જ ન કરશો. નાનો હતો ત્યારથી સંસાર છોડીને સંન્યાસી થયો છું પણ ક્યાંય ભગવાન દેખાયા નહિ. વળી હવે ઘડપણ થતાં આમ ભટકી-ભીખીને ખાવાનું અને ગમે ત્યાં પડ્યા રહેવાનું વેઠાતું નથી. તેથી કાલે સવારે સાધુનો ભેખ ઉતારીને હું સંસારમાં પાછો વળવાનો હતો. ત્યાં નટડીના ગીતથી હું ચોંકી ઊઠ્યો - રે જીવ, હવે કેટલા સારુ આ ભવ બગાડવો અને ઉત્તમ સાધુપણું-ચારિત્ર ગુમાવવું? થોડુંક વેઠી લે. હવે ઝાઝું જીવન બાકી નથી. મોહની રાત પૂરી થવાની તૈયારીમાં છે ત્યારે પ્રમાદ ન રાખીશ - આળસ ન કરીશ. આમ, આ નટકન્યાના ગીતે અને તેની મીઠી હલકે મને બચાવી લીધો. આમ તેના લીધે મારું સાધુજીવન બચી ગયું - જે થોડીક વાર રાહ ન જોવાને કારણે ગુમાવી બેઠો હોત. મારી પાસે બચાવી રાખેલ એક હીરો હતો જે મેં કંથામાં-ગોદડીમાં છુપાવી રાખ્યો હતો. અમૂલ્ય સાધુપણું બચી ગયું તેની ખુશીમાં મેં તે હીરો આવીને નટપુત્રીની આગળ ધરી દીધો.'

પરોઢના સમયે દરબારગઢમાં એક પછી એક આશ્ચર્ય બહાર પડતાં

હતાં. છેવટે સૌની નજર રાજા સામે મંડાઈ. રાજાએ ગંભીર અવાજે કહ્યું: 'સાચું પૂછો તો હું આ નટડીના રૂપ ઉપર મુગ્ધ થઈ ગયો હતો. આ નટપુત્રી દોરડા ઉપર નાચતા-રમતા નટના પ્રેમમાં છે તે મને દેખાતું હતું તેથી મને થયું કે જો આ નટ ઉપરથી પડીને મરી જાય તો પાછળથી સામ-દામથી લોભાવીને આ નટીને મારી બનાવી શકીશ. ત્યાં મૃદંગની હળવી થપાટો સાથે રેલાવેલા ગીતના શબ્દોએ મને ઢંઢોળ્યો કે હવે આટલી તો ઉંમર થઈ. મોત તો મારાં બારણાં ખટખટાવે છે.હું તો આ નટીના પિતાતુલ્ય છતાંય મારી નજરમાં આ ઝેર ભળ્યું. મને તેના ગીતના શબ્દોની ચોટ વાગી કે હવે તો મારે મોતની તૈયારી કરવી જોઈએ. જીવન પૂરું થવા આવ્યું છે. આગળના જીવનનું સુંદર પ્રભાત જોવું હોય તો મારે હવે વિષય-કષાયોમાં ન રમતાં મારા આત્માના હિતનો વિચાર કરવો જોઈએ અને બાકીનું જીવન જપ-તપ-દાન-ઈત્યાદિ પ્રવૃત્તિઓ તરફ વાળી લેવું જોઈએ. મારી પાસે હવે સમય ઓછો છે, મારે ધર્મ સાધીને બાકીના જીવનનો ઉત્તમ ઉપયોગ કરી લેવો જોઈએ. ઘેરી મોહનિદ્રામાંથી મને જગાડનાર આ નટકન્યા છે. આપણા સૌ ઉપર આ નટકન્યાનો મોટો ઉપકાર છે. હવે હું પૂરો જાગી ઊઠ્યો છું. રાજકુમારના રાજયાભિષેકની તૈયારી કરવાનો હું આદેશ આપું છું. રાજકુમારીના પ્રેમીને સન્માન સાથે લઈ આવો. હું તેનાં ઘડિયાં લગ્ન કરાવું છું.'

ત્યાં પૂર્વ દિશામાં પ્રભાતનો બાળસૂર્ય સુરભીભર્યું પોતાનું મોં કાઢી બહાર આવી રહ્યો હતો. એક પછી એક આવી પડેલાં આશ્ચર્યોથી બધાં સ્તબ્ધ થઈ ગયાં હતાં. નટમંડળી અવાક્ થઈ ગઈ હતી. છેવટે નટપુત્રીએ આગળ આવી રાજાને વંદન કર્યાં. રાજાએ પેલા રૂપાળા નટને પાસે બોલાવ્યો. તે રાજાને પગે લાગ્યો. રાજાએ ખુશ થઈને તેના ગળામાં પોતાની મોતીની માળા નાખી અને રાજ્ય તરફથી તેમનાં લગ્ન કરાવી આપવાની ઘોષણા કરતાં નટકન્યાને કહ્યું, 'બેટી આજથી આ દરબારગઢને તારું પિયેર માનજે. તું તો અમારી જનની જગદંબા જેવી છે. તારી કૃપાથી અમે સૌ બચી ગયાં.

કર્મના ઉદયમાં નિમિત્તની પ્રબળતા દર્શાવતી આ કથા છે. નિમિત્ત એક જ છે. નટકન્યાએ ગાયેલી પંક્તિ मा प्रमादि निशात्यये... પણ તેની સૌના ઉપર કેવી અસર થઈ તે આપણે જોઈ ગયા. હા, પૂર્વભૂમિકા સૌની પોતપોતાની હતી. ઉપાદાનમાં બળ હતું જે પ્રબળ નિમિત્ત મળતાં છતું થઈ ગયું. બળવાન નિમિત્ત શું નથી કરી શકતું? કર્મના ઉદયમાં નિમિત્તનું ખૂબ મહત્વ છે. આજ-કાલ ઘણા લોકો નિમિત્તનું મૂલ્ય નથી ગણતા પણ નિમિત્તની અવગણનામાં કેટલું મોટું જોખમ છે તે આ કથા ઉપરથી સમજાય છે. અરે! નિમિત્ત તો એટલું બળવાન છે કે તે ઘણી વાર અંદર પડેલા કર્મને સમય પહેલાં ખેંચી લાવીને ઉદયમાં લાવે - જેને કર્મની ઉદ્દીરણા કહે છે. યોગ્ય નિમિત્તને અભાવે સારું કર્મ પણ બાજુએ પડ્યું રહે છે અને તેનો પ્રભાવ બતાવી શકતું નથી. સારાં નિમિત્તો શુભ કર્મના ઉદયની અનુકૂળતા કરી આપે અને જીવ ઉપર સારા સંસ્કાર પણ પાડે જ્યારે ખરાબ નિમિત્તો અશુભ-ખરાબ કર્મના ઉદયની અનુકૂળતા કરી આપે અને જીવ ઉપર તેની ભૂંડી છાપ છોડતું જાય. આપણી દરેક ધર્મક્રિયાઓ અને અનુષ્ઠાનો સારાં નિમિત્તો પૂરાં પાડે છે. તેથી તો લગભગ બધા જ ધર્મોએ દેવ - દર્શન - પૂજન - અર્ચન - વંદન - કીર્તન - પ્રાર્થના ઈત્યાદિનો આગ્રહ રાખ્યો છે. એમાંય સત્સંગનું તો બહુ જ મહત્ત્વ છે. સત્સંગ જેવું કોઈ પ્રબળ નિમિત્ત નથી.

બીજી પણ એક મજાની વાત - નિમિત્તના પ્રભાવથી કોઈ પુણ્યકાર્ય ઉદયમાં તેના સમય પહેલાં આવી ગયું હોય અને તે જ સમયે બીજા પાપકર્મનો કાળ પાકી ગયો હોય અને તે પણ ઉદયમાં આવે તો પુણ્યકર્મના ઉદયમાં, પાપકર્મના ઉદયને ભળવું પડે જેથી પાપકર્મનો પ્રભાવ ઘણો ઘટી જાય. વળી એ પુણ્યકર્મનો ઉદય પ્રબળ હોય તો પાપકર્મને પોતાનો ખાસ પ્રભાવ બતાવ્યા વિના આત્માથી વિખૂટા પડી જવું પડે જેને પ્રદેશોદયથી ભોગવાયેલ કર્મ કહે છે. કર્મવાદનાં આવાં ગહન રહસ્યોને જો આપણે સમજ્યા હોઈએ તો નિમિત્તોને આપણે સહેજ પણ અલ્પ ન આંકીએ.

-----

## શબ્દ-સમજ

કર્મબંધ = કર્મ પરમાણુઓનું આત્મા સાથે જોડાવું.
કર્મનો ઉદય = બંધાયેલા કર્મની અસર વર્તાવા માંડે.
વિપાકોદય = ફળની જેમ અમુક સમય પછી પાકીને કર્મનું ઉદયમાં આવવું. કાર્યરત થવું. બાંધેલા કર્મનું પરિણામ આવવું.
પ્રદેશોદય = કર્મનું ઉદયમાં આવીને અસર કર્યા વિના ખરી પડવું.
સ્વપ્રકૃતિ = જે પ્રકૃતિનું કર્મ બંધાયું હોય એ જ પ્રકૃતિમાં કર્મનું ઉદયમાં આવવું.
પરપ્રકૃતિ = કર્મ ઉદયમાં આવે પણ અન્ય પ્રકૃતિના કર્મના ઉદય સાથે તે ભળી જાય જેથી તેની અસર-તાકાત ઘટી જાય.
સત્તામાં રહેલું કર્મ = જે કર્મ ઉદયમાં આવ્યું નથી પણ સમય થતાં ઉદયમાં આવવાનું. સત્તામાં પડેલા કર્મમાં ફેરફાર થઈ શકે.
પ્રકૃતિબંધ = બંધાયેલ કર્મ કયા પ્રકારની અસર કરશે.
સ્થિતિબંધ = બંધાયેલાં કર્મ આત્મા સાથે કેટલો સમય રહેશે.
રસબંધ = બંધાયેલ કર્મ કેટલી તીવ્રતાથી અસર કરશે.
અનુબંધ = કર્મની પરંપરા નકકી કરનાર કર્મબંધ
મિથ્યાત્વ = વસ્તુનું સ્વરૂપ હોય તેનાથી વિપરીત દેખાવું.
અવિરતી = સંયમમાં ન રહેવું.
કષાય = ક્રોધ, માન, માયા, લોભ વગેરે વૃત્તિઓ.
નોકષાય = હાસ્ય, રતિ (ગમો), અરતિ(અણગમો), ભય, શોક, જુગુપ્સા ઈત્યાદિ સહચારી ભાવો.
યોગ = મન, વચન અને કાયાની પ્રવૃત્તિ
જ્ઞાનાવરણીયકર્મ = જ્ઞાનશક્તિ-જાણવાની શક્તિને આવરનાર કર્મ.
દર્શનાવરણીય કર્મ = દર્શનશક્તિ-જોવાની શક્તિને આવરનાર કર્મ.

મોહનીય કર્મ = જેને કારણે જીવને રાગ-દ્વેષની પરિણતી થાય અને સંસાર વધે.

વેદનીય કર્મ = જે કર્મ ઉદયમાં આવતાં જીવને સુખ દુઃખનું સંવેદન થાય.

આયુષ્ય કર્મ = મનુષ્ય, તિર્યંચ (પશુ-પક્ષી), દેવ અને નારકી એમ ચાર ગતિમાંથી જીવ કઈ ગતિમાં જશે તે નકકી કરી આપનાર કર્મ.

નામકર્મ = અંગ-ઉપાંગ, દેહાકૃતિ, રૂપ-રંગ વ્યકિતત્વ, જશ-અપજશ, સ્વર ઈત્યાદિ આપનાર કર્મ.

ગોત્રકર્મ = ઉચ્ચ કે નીચ કુંટુંબમાં, જ્ઞાતિમાં, જાતિમાં જન્મ આપનાર કર્મ.

અંતરાયકર્મ = ભોગ-ઉપભોગ, લાભ, દાન, ઉત્સાહ, બળ ઈત્યાદિની આડે આવનાર કર્મ.

દર્શનમોહનીયકર્મ = સાચા-ખોટાનો ખ્યાલ ન આવવા દે તેવું કર્મ.

ચારિત્રમોહનીયકર્મ = જે ખરું લાગે તેનું આચરણ ન થવા દે તેવું કર્મ. સંયમ ન લેવા દે.

ઘાતી કર્મ = આત્માના ગુણોનો ઐશ્વર્યનો ઘાત કરનાર કર્મ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને વેદનીય.

અઘાતી કર્મ = આ જન્મના શરીર સાથે સંલગ્ન કર્મ. વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મ.

સંક્રમણ = બંધાયેલ કર્મમાં અન્ય કર્મનું ભળવું જેનાથી તેની તાકાતમાં વધ-ઘટ થાય. આ ફેરફાર સજાતીય પ્રકૃતિમાં જ થઈ શકે. પરિણામે તેની અસરમાં ફેરફાર થઈ જાય.

ઉદીરણા = ઉદયમાં આવવાની વાર હોય તેવા કર્મને વહેલા ઉદયમાં લાવવું.

નિકાચીત = જે કર્મમાં ફેરફાર ન થઈ શકે એવું ગાઢ કર્મ.

ઉદયાવલિકા = ઉદયમાં આવવા આગળ આવીને ગોઠવાયેલું કર્મ જેનો ઉદય રોકી શકાય નહિ.

રસઘાત = બંધાયેલ કર્મની અસરને ઓછી કરવી.

સ્થિતિઘાત = બંધાયેલ કર્મની ઉદયમાં આવવાની મુદતને ઓછી કરવી.

અનર્થ દંડ = વગર લેવા-દેવાએ બાંધેલ કર્મ જેનાથી આત્મા ફોગટનો દંડાય.

ઉપશમ = કર્મના પરમાણુઓનું ઠરીને નીચે બેસવું જેથી તેની તાત્કાલિક અસર ન થાય.

વિવેક = સારા ખોટાની પરખ.

સંવર = આત્મા સાથે જોડાવા આવતા કર્મ પરમાણુઓને રોકવા.

નિર્જરા = જીવ સાથે જોડાયેલ કર્મ પરમાણુઓને ખેરવી નાખવા.

મોક્ષ = આત્માની કર્મ રહિત અવસ્થા. અનંત આનંદમાં શાશ્વત સ્થિતિ.

ઔદાયિક ભાવ = કર્મના ઉદય વખતે પ્રવર્તતો ભાવ.

ઔપશમિક ભાવ = જે ભાવથી કર્મનું શમન થાય જેથી તેની તાત્કાલિક અસર ન થાય.

ક્ષાયિક ભાવ = જે ભાવને કારણે કર્મોનો ક્ષય થાય-કર્મો તૂટીને આત્માથી અલગ થઈ જાય.

ક્ષાયોપશમિક ભાવ = જે ભાવને કારણે થોડાં કર્મોનો ક્ષય થાય અને આત્માથી અલગ થાય તો કેટલાંક કર્મો શમી જાય.

ક્ષપક શ્રેણી = ઉત્તરોત્તર વધતો ભાવોલ્લાસ જે સમગ્ર કર્મોને આત્માથી અલગ કરીને જ રહે.

અવધિજ્ઞાન = અમુક મર્યાદા સુધીના ક્ષેત્રમાં અને કાળમાં જોઈ શકવાની શક્તિવાળું જ્ઞાન.

કેવળજ્ઞાન = આત્માની ફક્ત જ્ઞાનમય અવસ્થા-કૃતકૃત્ય અવસ્થા. જેમાં આત્માની અનંત સંપદાનો આવિર્ભાવ થાય.

-----

## કર્મવાદની માર્મિકતાનો ગ્રંથ

" 'કર્મવાદનાં રહસ્યો' ચંદ્રહાસ ત્રિવેદીનું માર્મિક અને મૌલિક કહી શકાય તેવું વાચનક્ષમ સરળ પુસ્તક છે. પુસ્તકની શરૂઆતમાં કર્મના સિદ્ધાંતની સરળ ભાષામાં ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. પછીના ભાગમાં રસાળ કથા દ્વારા કર્મવાદના મહાન અને સર્વસ્વીકૃત સિદ્ધાંતને ખુલ્લા કરી આપવામાં આવ્યા છે. લેખકની આ રીત રોચક છે તેમજ વાંચકને ખબર પણ ન પડે તેમ સિદ્ધાંતના મર્મને તેના મનમાં ઉતારી દે છે. વિદ્વાન તેમજ સામાન્ય ભણેલા સૌને સમજાય, ગમી જાય અને મર્મ અંદર ઊતરે તેવું આ પુસ્તક છે. આ દૃષ્ટિએ આ ગ્રંથ કર્મવાદની માર્મિકતાનો એક સર્વજનભોગ્ય ગ્રંથ બની રહે છે."